ઈન્દિરા ગાંધી
નેશનલ ઓપન યુનિવર્સિટી

ડૉ.બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

# CHR-02

## સર્ટિફિકેટ ઈન હ્યુમન રાઈટ્સ
## માનવ હક અને ભારત

## વિભાગ

# 1

## માનવ હક-ભારતનો વારસો


એકમ ૧
પ્રાચીન અને મધ્યકાલીન ભારત 04

એકમ ૨
અર્વાચીન ભારત 14

## Expert Committee

Prof. Rajni Kothari
Sh.r Shankar Sen
Prof. G.Hargopal
Prof. V.S.Mani
Dr. R. M. Pal
Dr. A.S. Narang
Justice Ranganath Mishra
Sh.H.Hanumanthappa
Prof.Imtiaz Ahmed
Dr. D. Gopal
Prof. Ram G. Takwale
Prof. Ashwini Ray
Dr.Asghar All Engineer
Sh. Rajmohan Gandhi
Dr. Nandita Haksar
Sh. R. V. Pillai
Sh. Joseph Gathia
Prof. Pandav Nayak
(Chairman and Convenor)


## Progamme. Coordinator and Editor : Prof. Pandav Nayak

**Block Preparation Team :**

| Unit No. | Writer | Editor | Acknowledgement | IGNOU faculty (Political Science) |
|---|---|---|---|---|
| 1 | Dr. R.M.Pal | | Sh.S.Venkatesh 1 | Dr. A.S.Narang |
| 2 | Dr. R.M.Pal | | Prof .Gopal Guru | Dr.D.Gopal |
| | | | | Dr.Anurag Joshi |
| | | | | Dr. S.V. Reddy |
| | | | | Sh. S.Venkatesh |
| | | | | Dr. Jagpal Singh |
| | | | | Prof Pandav Nayak |

**Block Coordinator :** Sh.S.Venkatesh

**Assitance :** Sh. Ashutosh Chandra
Sh.Jagjeet Singh

**Block Editors :** Dr. Salil Misra
Sh.Moses Michael

**Project Coordinator:** Prof. A.S. Narang

**Material Production :** Prof.A.S.Narang


May 2002, (Reprint) Human Rights, Project, IGNOU.


© Indira Gandhi National Open University 2000


ISBN-81-266-0005-5


AH rights reserved. No part of this work may be reproduced in any form, by mimeograph or any
other means, without permission in writing from the Indira Gandhi National Open University.


Further information on the Indira Gandhi National Open University course may be obtained from the University's office at Maidan Garhi, New Delhi-110 068.
Printed and Published on behalf of the Indira Gandhi National Open University New Delhi by Director (School of Social Sciences)]

**Laser type set and Printed at :** **Sudarshan Graphics,**
Kankaria, Ahmedabad - 380 028. Ph. : 079-25430560.
Year : 2010



આ પુસ્તિકામાંની અભ્યાસ - સમાગ્રી મૂળ ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી
નવી દિલ્હી દ્વારા તૈયાર કરવામાં આવી છે. તેની સંમતિથી
ડૉ. બાબાસાહેબ આંબેડકર ોપન યુનિવર્સિટી (અમદાવાદ) એ
તેનો ગુજરાતી અનુવાદ કરાવી આ પુસ્તિકા પ્રસિદ્ધ કરી છે.

# એકમ ૧ : પ્રાચીન અને મધ્યકાલીન ભારત

## (Ancient and Medieval India)

રૂપરેખા


૧.૦ ઉદ્દેશ
૧.૧ પ્રાસ્તાવિક
૧.૨ પ્રાચીન કાળમાં આપણો વારસો
  ૧.૨.૧ વૈદિક સંદર્ભો
  ૧.૨.૨ બૌદ્ધ ધર્મ
  ૧.૨.૩ જૈન ધર્મ
  ૧.૨.૪ લોકાયત
  ૧.૨.૫ અશોક
૧.૩ મધ્યકાલીન કાળમાં આપણો વારસો
  ૧.૩.૧ મધ્યકાલીન શાસકો
  ૧.૩.૨ ભક્તિ અને સૂફી સંતો અને તેમનું પ્રદાન
૧.૪ પર્યાવરણવાદી પરંપરા
૧.૫ સારાંશ
૧.૬ 'તમારી પ્રગતિ ચકાસો' ના જવાબ : સ્વાધ્યાય


## ૧.૦ ઉદ્દેશ (Objectives)

આ એકમ વાંચ્યા પછી તમને નીચેની બાબતોનો ખ્યાલ આવશે :

- ભારતના સાંસ્કૃતિક વારસાનો પ્રકાર;
- પ્રાચીન ભારતમાં સહિષ્ણુતા અને સંવાદિતતાનાં તત્ત્વો;
- માનવહક પરિપ્રેક્ષ્ય પ્રત્યે ભારતના ઇતિહાસના મધ્યકાલીન સમય દરમિયાન આપેલાં પ્રદાન;
- માનવહક પરિપ્રેક્ષ્યને ઘાટ આપવામાં ભક્તિ અને સૂફી જેવા પ્રવાહોની કામગીરી;
- ભારતીય પરંપરામાં પર્યાવરણ માટે ચિંતા; અને
- માનવ હક પરિપ્રેક્ષ્ય માટે ભારતની પરંપરા અને વારસાની પ્રસ્તુતા

## ૧.૧ પ્રાસ્તાવિક (Introduction)

માનવહક શિક્ષણ અને ભારતીય ઐતિહાસિક પરંપરા વચ્ચે સંબંધ સ્થાપવાનો પ્રશ્ન જટિલ છે. માનવહકની વિભાવના તાજેતરની બીજા વિશ્વયુદ્ધ પછીની ઉત્પત્તિ છે. તે કોઈ માનવહક પ્રવૃત્તિના પાયા તરીકે વ્યક્તિઓની ચિંતા અને મુક્તિ વિશિષ્ટ રીતે નિયત કરે છે. તમામ વ્યક્તિઓની સમાનતાનો વિચાર સીધો માનવહક પરિપ્રેક્ષ્યમાં આવ્યો છે. વ્યક્તિવાદ ખુદ સિદ્ધાંત તરીકે તદ્દન આધુનિક વિચાર છે. તેથી, આજે માનવહક પરિપ્રેક્ષ્ય માટે પ્રેરણાના શક્ય સ્રોત તરીકે ભારતના પરંપરાગત વારસાને જોવા માગતા હો, તો ઉપરચોટિયા તપાસથી ઝાઝું વળશે નહિ. આવી શોધ સરળ કે શક્ય હોતી નથી. માનવહકની વિભાવનાનું વિભાજન કરવાનું તેને છૂટા પાડવાનું અને તેને સમગ્ર બનાવે તેવાં રચનાત્મક તત્ત્વો લઈ લેવાનું જરૂરી છે. ત્યાર પછી જ ભારતીય પરંપરામાં પાછળ જઈ આજના માનવહકને ખરેખર રચતાં તે તત્ત્વો મુકરર કરી શકાશે. બીજા શબ્દોમાં, તમને વ્યક્તિવાદ, સાર્વત્રીકરણ અથવા સમતાવાદના કોઈ બૌદ્ધિક પ્રવાહ દૂરના ભૂતકાળમાંથી સહેલાઈથી નહિ મળે. પરંતુ માનવતાવાદ નીચલાં સામાજિક જૂથ માટે ચિંતા, તેમની મુક્તિ માટે માન, તેમના વિરોધ કરવાના હકનો સ્વીકાર, રહેમ, અહિંસા જેવા માનવહક પરિપ્રેક્ષ્યના કેટલાંક લક્ષણો વિપુલ પ્રમાણમાં જોવા મળશે. આવો વ્યાયામ જોખમી નીવડી શકે તે નોંધવું મહત્ત્વનું છે. વિદ્વાનોને સમગ્ર ભારતીય પરંપરાનો મહિમા ગાવા અને માનવહક પરિપ્રેક્ષ્ય સીધો ત્યાંથી જ આવ્યા હોવાનું આલેખવા સહેલાઈથી લલચાવી શકાય અથવા વિકલ્પે તેઓ ભારતીય પરંપરાને તડાં, જ્ઞાતિની જોહુકમી અને અસમાનતાથી ભરપૂર એવી તદ્દન નકારાત્મક સ્વરૂપમાં જુએ અને બે વચ્ચેના કોઈપણ સંબંધને ઈન્કારે. બે અભિગમમાં સમાવિષ્ટ જોખમ નિવારવા, વ્યાપક સમાન વલણ ભવ્ય કે જુલમીના સમાન, સંવાદી, એકરેખીય પ્રગમન તરીકે ભારતીય ઇતિહાસ અને પરંપરાને ન જોવાનું ખૂબ મહત્ત્વનું છે. તેના બદલે, ભારતીય પરંપરાને જુદા જુદા પ્રકારનાં તત્ત્વો, માન્યતાઓ,

| અનુવાદક | |
|---|---|
| ડૉ. બાબુલાલ મ. શાહ | ૩એ, જીવન જ્યોત સોસાયટી,<br>મનીષ હોલ સામે, નારણપુરા<br>અમદાવાદ - ૩૮૦ ૦૧૩. |

| પરામર્શક (વિષય) | |
|---|---|
| શ્રી સી.એમ. શાહ | ૩, આદીશ્વર એપાર્ટમેન્ટ,<br>ઝવેરીપાર્ક, નારણપુરા,<br>અમદાવાદ - ૩૮૦૦૧૩ |

| પરામર્શક (ભાષા) | |
|---|---|
| ડૉ. બાબુલાલ મ. શાહ | ૩એ, જીવન જ્યોત સોસાયટી,<br>મનીષ હોલ સામે, નારણપુરા<br>અમદાવાદ - ૩૮૦ ૦૧૩. |

| સંયોજન સહાય | |
|---|---|
| ડૉ. હરીશ દેસાઈ | કુલસચિવ<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,<br>અમદાવાદ |


પ્રકાશક
ડૉ. હરીશ દેસાઈ, રજિસ્ટ્રાર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ
આર.સી.ટેકનિકલ કંપાઉન્ડ, ગુજરાત હાઈકોર્ટ સામે, સોલા, અમદાવાદ


સર્વ હક્ક સ્વાધીન. આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈ પણ ભાગને ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમતિ વગર મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈ પણ રીતે પુનઃ મુદ્રિત કરવાની મનાઈ છે.

તેની પ્રતિષ્ઠા અને માણસનાં આ પૃથ્વી પરનાં કામ માટે રસ જાગ્યો. આ પૃથ્વી આંસુઓની ખીણ હોવાથી, તે વિચારક સ્ત્રી-પુરુષોની પ્રાથમિક ચિંતા બની. બુદ્ધે જ્ઞાતિપ્રથાને નકારી કાઢી, કેમકે તે અસમાનતા પર આધારિત હતી અને તે કેટલીક વ્યક્તિઓને ફક્ત જન્મના કારણસર નૈતિક રીતે ચડિયાતી ગણતી હતી. બુદ્ધની વાત સૌ જાણે છે. માણસોનાં દુઃખ જોઈને રાજકુમાર ગૌતમ સિદ્ધાર્થ બની ગયા અને માણસોનાં તમામ દુઃખ અને આ દુનિયા પરની પીડાના ઉપાયોની શોધમાં રાજમહેલ અને બધી સુખ સુવિધા અને સાહ્યબી છોડી દીધી. બૌદ્ધ ધર્મના મુખ્ય સિદ્ધાંતો અહિંસા, પ્રેમ અને બધાં સાથે મૈત્રી હતાં. બુદ્ધના ભક્ત અનુયાયી અશોકે બૌદ્ધ ધર્મનું અહિંસાનું અને માનવતાનું તત્ત્વજ્ઞાન સ્વીકાર્યું. વળી તે સ્વતંત્રતા અને સહિષ્ણુતાનો મહાન હિમાયતી બન્યો. સાર્વત્રિક સહિષ્ણુતાનો પ્રચાર કર્યો. બૌદ્ધ ધર્મનું એક ખૂબ મહત્ત્વનું પ્રદાન તમામ માટે શિક્ષણ - બિનસાંપ્રદાયિક શિક્ષણ દાખલ કરવાનું અને ફેલાવવાનું હતું. વિશ્વવિદ્યાપીઠ સ્થપાઈ. બુદ્ધે (ઈ.સ. પૂર્વે ૫૬૪-૪૮૦) વેદ તેમજ બ્રાહ્મણની વિશ્વનીયતાને નકારી કાઢી, તેના સિવાય બ્રાહ્મણ-ઉપનિષદોના આધિપત્યનો વિરોધ કરી શકાય તેમ ન હતું. તેમણે આ જ દુનિયામાં નિર્વાણ (જન્મ-મૃત્યુના ચક્રમાંથી મુક્તિ) પ્રાપ્ત કર્યું. સારું વર્તન આચરનાર દરેક સ્ત્રી-પુરુષ આ નિર્વાણ પ્રાપ્ત કરી શકે છે. તેઓ પશુઓના બલિદાનવાળા બ્રાહ્મણ ક્રિયાકાંડો સામે અહિંસા અને તમામ પ્રત્યે લાગણીના કારણસર મજબૂત બનીને બહાર પડ્યા. બૌદ્ધ ધર્મનું મહત્ત્વનુ તત્ત્વજ્ઞાન પ્રદાન કોઈપણ માનવહક કર્મશીલને પ્રેરણા આપે તેવું છે તે બાબત બુદ્ધે તેમના જીવનને લગતી પ્રખ્યાત વાર્તામાં તેમના શિષ્યોને જણાવી હતી. તે નીચેના શબ્દોમાં છે :

**બુદ્ધ અને હંસ**

હું કપિલવસ્તુમાં જન્મ્યો હતો. મારા પિતા રાજા શુદ્ધોધને મારો ઉછેર ઐશઆરામમાં કર્યો હતો. એક દિવસ હું બાગમાં ફરતો હતો. એકાએક એક સફેદ હંસ આકાશમાંથી મારા પગ આગળ આવીને પડ્યો. તેની પાંખમાં બાણ ખૂંપી ગયું હતું. તેને શ્વાસ લેવામાં મુશ્કેલી પડતી હતી. તેની આંખો આંસુથી ભરાઈ આવી હતી. તે તેની પાંખો ફફડાવવાના વૃથા પ્રયત્નો કરી રહ્યો હતો. મને તેના પર દયા આવી. મેં તેને મારી ગોદમાં લીધો અને સંભાળપૂર્વક બાણ ખેંચી કાઢ્યું. હું તેની પાટાપિંડી કરતો હતો ત્યાં મારો પિતરાઈ દેવદત્ત આવી પહોંચ્યો. તેણે કહ્યું, "મેં હંસને બાણ માર્યું છે. જે શિકાર કરે તેનો તે શિકાર ગણાય. તે મને આપી દે." મેં કહ્યું, "આ હંસ મારી આગળ પડ્યો હતો. તેના ઘા રૂઝાઈ જાય ત્યાં સુધી હું તેની સંભાળ રાખીશ, જેથી તે ફરીથી ઊડી શકે." દેવદત્ત ખૂબ ગુસ્સે થયો. તેણે રાજાને ફરિયાદ કરી કે મેં તેનો હંસ ચોરી લીધો છે. રાજાએ અમને બન્નેને બોલાવ્યા. મેં આખી વાત કરી. રાજાએ કહ્યું, "જીવનો નાશ કરનાર કરતાં તેને બચાવનાર મહાન છે." તેથી હંસ તારી પાસે રહેશે. અહીં એકત્રિત થયેલા ઉમદા જીવો આ વાત યાદ રાખો. લોહી વહેવડાવશો નહિ, જીવનનો નાશ કરતા નહિ, તમારા વડીલોને માન આપો, તમારા ગુલામો પર દમન ગુજારશોનહિ. કોઈપણ બલિદાન કરતાં સારું વર્તન વધારે અર્થપૂર્ણ છે. તમે એટલા એશઆરામમાં ન પડી જશો કે તમારા મિત્રોની અને પ્રકૃતિની સહભાવના ગુમાવી દો. સાથોસાથ ભૂખ્યા રહીને અને વધારે કામ લઈને તમારા દેહને નાહક શિક્ષા કરશો નહિ. મધ્યમ માર્ગને અનુસરો.

## ૧.૨.૩ જૈન ધર્મ

બૌદ્ધની સાથસાથ જૈન ધર્મે બીજી સમાંતર બિનસંસ્કૃત પરંપરા ઊભી કરી. તેણે માનવજાત માટે આ રહેમ આગળ વધારી. તેણે દલિતો ઉપરાંત છોડ અને પ્રાણીઓનું અસ્તિત્વ પણ સ્વીકાર્યું. દરેક પ્રાણીને જીવ હોય છે અને દુઃખ અને આનંદથી સંવેદનશીલતા બધાને સમાન રહે છે. જૈન ધર્મે 'પાપ'ની વ્યાખ્યા બીજાના જીવવાના હક પર હિંસા અને તરાપ એવી કરી. માનવ ઈતિહાસમાં પ્રથમવાર જીવન જીવવાના હકને માનવહક તરીકે નિયત કરવામાં આવ્યો. તે જ પ્રમાણે, કોઈ બીજા આ હકનો ભંગ કરે તેને હિંસા અને ખરેખર પાપ ગણવામાં આવ્યું. આમાં મહત્ત્વની બાબત એ છે કે જૈન ધર્મે આ હકને બધી વ્યક્તિઓ ઉપરાંત પ્રાણીઓ અને તમામ જીવંત પ્રજાતિઓ સુધી લંબાવ્યો.

સત્યની શોધમાં જૈન પરંપરાએ આપેલું બીજું મહત્ત્વનું પ્રદાન 'સ્યાદવાદ' તરીકે ઓળખાતી તત્ત્વજ્ઞાન પદ્ધતિ વિકસાવી તે હતું. 'સ્યાદ' શબ્દનો અર્થ 'કદાચ' થાય છે. સ્યાદવાદની દલીલ એવી છે કે કોઈપણ વ્યક્તિ સત્યને સંપૂર્ણપણે જોઈ શકે નહિ. તેથી આપણે સત્યની જુદી સમજ અને જુદા અર્થઘટનની શક્યતા માટે હંમેશાં પૂરતો અવકાશ રાખવો જોઈએ. સાત આંધળા માણસો અને હાથીની પ્રખ્યાત વાર્તા આ સમજ ઘણી સારી રીતે આપે છે.

**સાત આંધળા માણસો અને હાથી**

એક દિવસ એક હાથી સાત આંધળા માણસો સમક્ષ આવ્યો. તેઓ સમગ્ર હાથીને જોઈ શક્યા નહિ. પણ તેનાં અંગને સ્પર્શથી ઓળખી શક્યા. પહેલાં આંધળા માણસે હાથીના પગને સ્પર્શીને જાહેર કર્યું કે આ અજાણી વસ્તુ થાંભલો છે. બીજા આંધળા માણસે હાથીની સૂંઢને સ્પર્શી જાહેર કર્યું કે તે સાપ

વલણ અને માળખાંના મહાસાગર તરીકે જોવાની અને સમજવાની જરૂર છે. જટિલ માન્યતાઓ અને પ્રથાઓ પરસ્પર વિરોધી રહી છે અને બહુકક્ષાએ એકબીજા સાથે આંતરક્રિયા કરી રહી છે.

ભારતના સાંસ્કૃતિક વારસાની આ જટિલતાએ વિધેયાત્મક અને નકારાત્મક પરંપરાઓને સાથે રહેવાનું શક્ય બનાવ્યું છે. આ સહઅસ્તિત્વે ભારતના પરંપરાગત વારસાને બહુદર્શી (કેલિડોસ્કોપિક) સ્વરૂપ આપ્યું છે. ભારતીય પરંપરાએ પરિવર્તન અને પુનઃ ચુપકીદી બન્ને પ્રત્યેનું વલણ દર્શાવ્યું છે. તેથી કહી શકાય કે ભારતી પરંપરામાં કેટલાંક લક્ષણો ચાલુ રહ્યાં છે, જ્યારે બીજાં કેટલાંકમાં પરિવર્તન આવ્યુ છે. સ્પષ્ટપણે આ અર્થમાં જ આપણી સદીઓ જુની પરંપરાઓ હજી આપણી સાથે છે. આપણા સાંસ્કૃતિક વારસામાં વિધેયાત્મક અને નકારાત્મક અથવા અનિચ્છનીય લક્ષણો રહેલાં છે. શક્ય લક્ષણો યાદ રાખવાનું અને તેમાં ગૌરવ હોવાનું મહત્ત્વનું હોવા છતાં, આપણી સ્મૃતિમાંથી નકારાત્મક પાસાં ભૂંસી નાખવાનું ઠીક રહેશે નહિ. પરંતુ સહિષ્ણુતા, બહુવિધતા પ્રત્યે માન, સમાજના નીચલા સ્તરના વિભાગોના ઉત્કર્ષને લગતાં આપણી પરંપરાનાં કેટલાંક લક્ષણોને આધુનિક સમયનાં માનવહક પરિપ્રેક્ષ્યના અગ્રગામી તરીકે વિચારી શકાય. આ એકમ આમાંના કેટલાંક પાસાં અંગે સંશોધન કરવાનો છે.

## ૧.૨ પ્રાચીન કાળમાં આપણો વારસો (Our Heritage in Ancient Times)

માનવહક અંગે વાત કરતી અને લખતી વખતે કેટલાક ભારતીય વિદ્વાનો અને માનવહક બૌદ્ધિકો ભારતના ૫૦૦૦ વર્ષના જુનાભવ્ય અને સોનેરી ભૂતકાળનો ઉલ્લેખ કરી એવી છાપ ઉભી કરે છે કે નૂતન ભારતમાં કામ કરવા તેને પુનર્જીવિત કરવા જોઈએ. તેમાંથી સહિષ્ણુતા, અહિંસા તમામ સાથે મૈત્રીભાવ, સમાનતા, માનવ અને માનવની પ્રતિષ્ઠા માટે સન્માન તથા હક અને સ્વતંત્રતાનું પાલન થશે અને તેના પ્રત્યે ભાવ રખાશે. જોકે, કયા ભવ્ય ભૂતકાળને પુનર્જીવિત કરવાનો અને કયાને નહિ તે અંગે તે આપણને અંધારામાં રાખે છે. દેખીતી રીતે, ભારત આધુનિક સંસ્કૃતિના આશીર્વાદના વારસા માટે દાવો કરવામાં ભારતને મદદરૂપ નીવડે તેવા ભૂતકાળને આપણે પુનર્જીવિત કરવા માગીએ છીએ. કોઈ પ્રાચીન ભૂતકાળ દ્વિધાભર્યા પ્રકારનો છે. ખ્યાતનામ ઇતિહાસવિદ્, રોમિલા થાપરે તેમના પુસ્તક 'પ્રાઈડ અને પ્રેજ્યુડીસ'માં આ બાબત પ્રત્યે યોગ્ય રીતે અંગુલિનિર્દેશ કર્યો હતો.

ભૂતકાળની આ સૂચિત પૂર્ણતાએ આપણી સામાજિક પ્રક્રિયાઓ ઉપરાંત આપણી પોતાની સાંસ્કૃતિક ઓળખ અંગે પણ અનુરોધ ઊભા કર્યા છે. આજે ભારતી સમાજની સંપૂર્ણતાએ થતી વિવિધ સંક્રાંતિ અને આદિજાતિ જૂથ, ખેડૂત જૂથ અને ખૂબ જ સ્પષ્ટ રીતે ઉદ્યોગીકરણમાં ફેરફાર. આ ફેરફારના પ્રકારમાં સામાજિક મૂલ્યોના મૂળભૂત ફેરફાર સમાવિષ્ટ છે. આપણી ચિંતા ફક્ત આધ્યાત્મિક બાબતો સાથે અથવા ભૂતકાળમાં છટકી જવાની હતી એવા સિદ્ધાંતની હોવાથી, આ સંઘર્ષ વધુ સમય માટે ટાળી શકાય નહિ. પરંતુ વાસ્તવિક મૂલ્યાંકન પરથી તારવીને ભૂતકાળની જાણકારી મેળવી પ્રક્રિયા સરળ બનાવી શકાય. આ જાણકારીથી જ સમગ્ર લોકોને ભૂતકાળને તેની નક્કર વાસ્તવિકતા સમજાવવામાં વધારે નજીક લાવી શકે તેવી સમગ્ર પ્રવૃત્તિઓથી ઇતિહાસ બને છે. તો આ જ ઐતિહાસિક શોધ તપાસનો આખરી હેતુ છે. તેથી આપણે આપણા ભૂતકાળમાં કેટલાંક એવાં પાસાં જોઈએ, જે આજના માનવહકના ક્રિયાશીલોને કંઈક આપે છે. દુનિયામાં સૌથી વધુ જૂના ઉપલબ્ધ ગ્રંથ ઋગ્વેદથી શરૂ કરીએ.

### ૧.૨.૧ વૈદિક સંદર્ભો

ઋગ્વેદનાં બે કથન સૌએ સત્ય અને ન્યાય અનુસરવાના પ્રકારમાં કોઈ પણ તપાસ કરવાની મહત્ત્વની ચાવી છે. "સત્ય અનેક છે. બુદ્ધિશાળી માણસો તેનું જુદી રીતે અર્થઘટન કરે છે." અને 'ઉમદા વિચારોને ગમે ત્યાંથી આવવા દો." આ બે કથન સાર્વજનિક સત્યનું અર્થઘટન કરી શકાય અને સમજી શકાય તે માર્ગોની બહુવિધતાનો સૌથી પ્રાચીન તત્ત્વજ્ઞાનીય સ્વીકાર સારી રીતે દર્શાવે છે. દ્વિતીય કથન વધારામાં બુદ્ધિનો સંચય ઊભો કરવા પ્રયત્ન કરે છે. તેમાં દરેકે પોતાનો ફાળો આપવો જોઈએ. અને એ બધાને લાભદાયી છે. કોઈ માનવહક કર્મશીલ વ્યક્તિ ઋગ્વેદમાં જણાવેલી આ બે બાબતો અંગે પોતાની તપાસ સારી રીતે શરૂ કરી શકે.

પંરતુ વૈદિક પાઠમાં એક સમસ્યા છે. તે બ્રાહ્મણી પ્રકારના હોવાથી, દરેક માટે, ખાસ કરીને નીચી જાતિઓ અને જૂથ માટે તે કંઈ જણાવતા નથી માનવહક પરિપ્રેક્ષ્યના આ ફાળા માટે આપણે બૌદ્ધિક અને જૈન પાઠ અને તેના સ્ત્રોત તરફ જવું પડશે.

### ૧.૨.૨ બૌદ્ધ ધર્મ

બૌદ્ધ ધર્મ બ્રાહ્મણેત્તર અને બિનસંસ્કૃત પરંપરાઓનો મહત્ત્વનો ભાગ છે. તે સમાજના દલિતો માટે રહેલો છે. બુદ્ધે જાતે જન્મના આધારે કોઈ આધ્યાત્મિક સર્વોપરિતાના બ્રાહ્મણવાદના દાવાને નકારી કાઢ્યો હતો. બુદ્ધ સમય દરમિયાન, દેવદેવીઓમાં રસ, મૃત્યુપછી સ્વર્ગમાં સારા જીવનથી ઊલટું માણસો,

હતો. ત્રીજા માણસે હાથીના દંતશૂળને સ્પર્શી તારણ કાઢ્યું કે અજાણી વસ્તુ ભાલો હતો. ચોથા આંધળા માણસે હાથીના મસ્તકને સ્પર્શીને બધાંને જણાવ્યું કે તે મોટી ભેખડ હતી. પાંચમાં આંધળા માણસે હાથીના કાન તપાસ્યા અને બધાને કહ્યું કે તે પંખો હતો. છઠ્ઠા આંધળા માણસે હાથીના પૂંછડાનો સ્પર્શ કરી જાહેર કર્યું કે તે ખરેખર દોરડું હતું. પરંતુ સાતમાં આંધળા માણસે અંશતઃ તપાસના આધારે તારણ કાઢવાની ના પાડી. તે અજાણી વસ્તુને ઉપર અને નીચે, ડાબી અનેજમણી અને બીજા બધા શક્ય ખૂણાથી સ્પર્શ ક્યો. તેણે આખરે સમાપન કર્યું કે અજાણી નવી વસ્તુ ખરેખર થાંભલા જેવી ખડતલ, સાપ જેવી લવચીક, કરાડ જેવી પહોળી, ભાળા જેવી તીક્ષ્ણ, પંખા જેવી હવાદાર અને દોરડા જેવી દોરીવાળી જરૂર છે. પરંતુ સમગ્રતયા જોતાં તે કંઈ થાંભલો, સાપ, કરાડ, ભાલો, પંખો કે દોરડું નથી પરંતુ હાથી છે. બીજા બધા આંધળા માણસ પણ સંમત થયા કે અંશતઃ જાણવાથી અંશતઃ સત્ય મળે, પરંતુ સાચું ડહાપણ સમગ્ર જોવાથી આવે.

### ૧.૨.૪ લોકાયત

બૌદ્ધ ધર્મના ઉદયના ઘણા સમય પહેલાં ભારતીય સમાજમાં લોકાયત તરીકે જાણીતી બીજી તત્ત્વજ્ઞાન પદ્ધતિ અમલમાં આવી હતી. તેણે વાસ્તવિકતાનું ભિન્ન અને ઘણું આમૂલ પરિવર્તનશીલ અર્થઘટન આપ્યું. તેણે તેની પદ્ધતિમાં કર્તા (Creator) અને આ બાબતમાં એક કે બીજા સ્વરૂપમાં તેની અગાઉ પ્રર્વતતી કોઈપણ બાબતની વિભાવનાનો સતત ઈન્કાર કર્યો. તેમ છતાં, તેણે રોજિંદા જીવનમાં સાદાં ધાર્મિક માન્યતા, ક્રિયાકાંડ અને સંપ્રદાયને સાથે રાખ્યાં.

લોકાયત વિચારધારા (School of Though)ના સ્થાપક ચાર્વાક હતા. તેમણે સ્પષ્ટપણે કર્મ, પુનર્જન્મ, મોક્ષ અને વર્ણપ્રથાને વખોડી કાઢ્યાં. લોકાયત-દર્શનનાં કેટલાંક સૂત્રો તેમનો માનવતાવાદ અને બુદ્ધિગમ્ય પ્રકાર દર્શાવે છે. “બધા માણસોનાં શરીર, મુખ અને બધા અવયવો સમાન હોવાથી, વર્ણ અને જ્ઞાતિના ભેદભાવ અવૈજ્ઞાનિક છે અને તેનો બચાવ રી શકાય નહિ.” લોકાયતે બીજા પર બ્રાહ્મણ વિધિવિધાન કાર્યોની સર્વોપરિતાને ઈન્કારી કાઢી. “કૃષિ, પશુપાલન, વેપાર, રાજ્ય સેવા ડાહ્યા માણસોના વ્યવસાય છે. તેને અનુસરવું. પરંતુ જેઓ ભભૂત ચોળીને અગ્નિહોમ અને બીજા ધાર્મિક ક્રિયાકાડ કરે છે તેમનામાં બુદ્ધિ અને માનવતા નથી.” લોકાયતે મોક્ષ (આ સંસારમાંથી મુક્તિ) ના બીજા દુન્યવી અર્થઘટનને બદલે માનવતાવાદી અર્થઘટન આપ્યું. ખરું બંધન ભોગાધિકારમાં રહેલું છે.

“સાચું મોક્ષ સ્વતંત્રતામાં રહેલું છે.” લોકાયતનો પ્રેરક આવેગ તત્ત્વજ્ઞાન નહિ, પણ સામાજિક હતો તેના પુરાવા ઘણી રીતે મળે છે. તેમનાં ઘણાં સૂત્રો ચતુર્વર્ણની વિભાવના અંતર્ગત બ્રાહ્મણી આધિપત્ય સામેનાં હતાં. નાથ, યોગ, સિદ્ધ જેવા બીજા ઘણા વેદેતર સંપ્રદાયના હતા. તેમણે બૌદ્ધ ધર્મ જેમ તમામ ધાર્મિક રહસ્યોની ચાવી ખુદ માનવ શરીરમાં શોધી. હિંદુ સમાજના નાથપંથી સિદ્ધ અને જોગીઓનું સ્થાન સમજવાની જરૂર છે. ઘણાખરા નાથપંથી સિદ્ધ અને જોગી હલકી જ્ઞાતિના હતા. તેમણે જ્ઞાતિ-આધારિત અસમાનતાનો વિરોધ કર્યો. બ્રાહ્મણોએ સ્વીકારેલ ધર્મને વખોડી કાઢ્યો અને મૂર્તિપૂજાની તરફેણ ન કરી. આ સંપ્રદાયોનું બીજું મહત્ત્વનું લક્ષણ આ સંપ્રદાયમાં, ખાસ કરીને તંત્રમાં સ્ત્રીઓએ મહત્ત્વની કામગીરી કરી હતી.

### ૧.૨.૫ અશોક

માનવહક અને ભારતીય પરંપરામાં તેના મૂળની ચર્ચા સમ્રાટ અશોકના ઉલ્લેખ સિવાય અધૂરી રહે. સહિષ્ણુતાના તત્ત્વજ્ઞાનને બધાએ અપનાવવાના વલણમાં ઉતારવામાં તેનો નોંધપાત્ર ફાળો રહેલો છે. સંપૂર્ણ યુદ્ધવિરોધી પરિપ્રેક્ષ્ય વિકસાવનાર અશોક કદાચ પ્રથમ રાજા છે. સમગ્ર ઈતિહાસમાં શાસકો લડાઈ લડ્યા હતા અને સામાન્ય રીતે વિજેતાઓનો મહિમા ગવાતો હતો. અશોક યુદ્ધ છોડી દેવા ઉપરાંત યુદ્ધનું વલણ પણ છોડનાર રાજા તરીકે ઈતિહાસમાં ઊભરી આવ્યો હતો. તેણે યુદ્ધનું સમીકરણ વિજય અને કીર્તિ સાથે નહિ, પણ દુઃખ અને માનવોની યાતના સાથે કર્યું. અશોકે વિજેતાનો નહિ પણ પરાજિતાના દૃષ્ટકોણથી યુદ્ધ પ્રત્યે જોયું અને યુદ્ધોથી થયેલ સર્વનાશ અને યાતનાઓ પ્રત્યે તીવ્ર સંવેદનશીલતા દર્શાવી. યુદ્ધ પ્રત્યેનું તેમનું વલણ ૧૩મા મુખ્ય શિલાલેખમાં કોતરીને વર્ણવ્યું છે. આ શિલાલેખ સૌથી જૂનું યુદ્ધ વિરોધી નિવેદન છે અને તેને ખરેખર સૌથી વધુ જૂના અને ઘણા મહત્ત્વના માનવહકના એક દસ્તાવેજ તરીકે ગણવું જોઈએ.

**અશોકનો ૧૩મો મોટો શિલાલેખ**

આ પ્રભુને પ્રિય રાજા પ્રિયદર્શીએ (રાજા અશોક) આઠ વર્ષ માટે ઘેરો ઘાલીને કલિંગને જીતી લીધું. તેમાં ૧૫૦ હજાર માણસોને દેશવટો અપાયો, એક્સો હજાર માર્યા ગયા અને તેટલા નાશ પામ્યા. પાછળથી

કલિંગને ભેળવી દીધા પછી પ્રભુને પ્રિય રાજાએ સહૃદય ધમ્મનું પાલન કર્યું. ધમ્મની ઇચ્છા કરી અને ધમ્મ શીખવ્યો. કલિંગ જીતાતાં, પ્રભુને પ્રિય રાજાને પશ્ચાત્તાપ થયો. સ્વતંત્ર દેશ જીતાતાં નરસંહાર, મૃત્યુ અને લોકોની હદપારીથી પ્રભુને પ્રિય રાજાને અનહદ દુ:ખ થયું અને તેમના મગજ પર તેનો ઘણો બોજ રહ્યો. પ્રભુને પ્રિય રાજાને ઘણું વધારે દુ:ખદાયી એ લાગ્યું કે બ્રાહ્મણ, શ્રમણ અથવા અન્ય પંથના જે લોકો ત્યાં રહેતા હતા તેઓ તેમના ઉપરીની આજ્ઞા પાળતા હતા. તેમના ગુરુની આજ્ઞા પાળતા હતા અને તેમના મિત્રો, ઓળખીતા, સાથીઓ સંબંધીઓ, ગુલામો અને નોકરો સાથે સારી રીતે અને ભક્તિભાવથી વર્તતા હતા. તે બધા હિંસા, ખૂનરેજીનો ભોગ બન્યા અને તેમના પ્રેમાળ સ્વજનોથી અલગ થઈ ગયા. જેઓ નાસી છૂટવામાં સદ્‌ભાગી થયા અને જેમનો પ્રેમ યુદ્ધની પાશવી અસરથી ઘટ્યો નથી તેઓ તેમના મિત્રો, ઓળખીતા, સાથી અને સગાસંબંધીઓના દુર્ભાગ્યની પીડા ભોગવી રહ્યા છે. આ દુ:ખમાં બધા માણસોને ભોગવવું પડ્યું છે. તેની આ પ્રભુપ્રિય રાજાના મગજ પર ભારે અસર થઈ છે. પ્રભુપ્રિય રાજા માને છે કે ખોટું કરનારને માફી આપવાનું શક્ય હોય ત્યાં સુધી માફી આપવી. પ્રભુપ્રિય રાજા સૌથી મહત્ત્વના વિજય તરીકે ધમ્મના વિજયને ગણે છે. આ ધમ્મથી મેળવેલો વિજય સર્વત્ર છે, આનંદમય છે. ધમ્મનો શિલાલેખ કોતરવામાં આવ્યો છે, જેથી મારા જે પુત્રો કે પૌત્રો નવા વિજયો મેળવવાનું વિચારે નહિ અને તેમણે જે કોઈ વિજય પ્રાપ્ત કર્યા હોય તેને ધીરજથી અને હળવી સજાથી સંતોષ માનવો. તેમણે ધમ્મથી મેળવેલ વિજયને સાચો વિજય ગણવો અને ધમ્મમાં આનંદને સમગ્ર આનંદ માણવો, તેનું આ જગતમાં અને પછીના જગતમાં મૂલ્ય છે.

તમારી પ્રગતિ ચકાસો-૧

૧. વૈદિક અને બૌદ્ધ પરંપરા વચ્ચે શો તફાવત છે તે ૧૦૦ શબ્દમાં લખો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

૨. બે વાર્તા વાંચી જાઓ : "બુદ્ધ અને હંસ" અને "સાત આંધળા માણસ અને હાથી", આજે માનવહકનાં પરિપ્રેક્ષ્યમાં તેની પ્રસ્તુતતા દર્શાવો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

૩. લોકાયત પંરંપરાનાં કેટલાંક લક્ષણો દર્શાવો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

## ૧.૩ મધ્યકાલીન કાળમાં આપણો વારસો

## (Our Heritage in Medieval Times)

પ્રાચીન ભારતમાં શરૂ કરેલી સહિષ્ણુતા, અહિંસા અને બહુવિધતા માટે માનની પરંપરા મધ્યકાલીન કાળમાં પણ સમૃદ્ધ થવાનું ચાલુ રહ્યું હતું. વાક્તવમાં આ પરંપરા આગળ વિકસી અને શાસકો તેમજ લોકોએ આપેલ પ્રદાનથી વધુ સમૃદ્ધ બની. કેટલાક ઇસ્લામ શાસકો, ખાસ કરીને અકબર ધર્મના કારણસર કોઈ ભેદભાવ રાખ્યા સિવાય લોકો સાથે સપ્રમાણ વર્તન રાખવા માટે ખ્યાતનામ હતા તેમણે સમન્વય સંસ્કૃતિના વિકાસમાં પણ પ્રદાન કર્યું. આપણા જેવા બહુવિધ દેશ માટે તે ખૂબ જ પ્રસ્તુત છે. આપણે મધ્યકાલીન ભારતનાં કેટલાંક લક્ષણોની ચકાસણી કરીશું. તેનાથી આજના માનવહક કર્મશીલોને પ્રેરણા મળશે.

### ૧.૩.૧ મધ્યકાલીન શાસકો

મધ્યકાલીન ભારતના કેટલાક શાસકો આપખુદ અને સહિષ્ણુ હતા જ્યારે કેટલાક ઉદાર અને પ્રબુદ્ધ હતા. તમામ શાસકોમાં અકબર ખરેખર અલગ તરી આવે છે. તેણે ધાર્મિક સહિષ્ણુતા અને બધા માણસોમાં ભાઈચારાને પ્રોત્સાહન આપવા માટે પોતાનું યોગદાન આપ્યું હતું.

સત્તા ધારણ કર્યા પછી તરત જ તેણે મથુરા અને બીજાં સ્થળોએ હિંદુઓ પાસેથી લેવાતો કરોડો રૂપિયાનો યાત્રાવેરો ખૂબ ઉદારતાપૂર્વક માફ કર્યો હતો. તેમણે બળવાખોર ગ્રામજનોનાં પત્ની અને બાળકોને ગુલામ બનાવવાની મના ફરમાવી હતી. તેમણે ફક્ત હિંદુઓ પાસેથી લેવાતો જજિયાવેરો નાબૂદ કર્યો હતો. તેણે ગુલામોનાં ખરીદી અને વેચાણ પર સંપૂર્ણ પ્રતિબંધ ફરમાવ્યો હતો. અકબરે તમામ ધર્મોને સ્વતંત્રતા આપી હતી. જેમનું બળજબરીથી ધર્માંતર કરાવ્યું હતું તેમને પોતાના મૂળ ધર્મમાં પાછા ફરવાની છૂટ આપી હતી. હિંદુ મંદિરો બાંધવા પર કોઈ પ્રતિબંધ ન હતા, ખ્રિસ્તીનાં દેવળ કે યહૂદીઓનાં સિનગોગ બાંધવા પર કોઈ પ્રતિબંધ ન હતા. તે સમયનો જુસ્સો જોતાં, આ ઘણાં ઉદાર પગલાં હતાં. અકબરે પ્રવર્તમાન ધોરણોથી ઊલટું ગણિતશાસ્ત્ર, કૃષિ, ભૂમિતિ, ખગોળશાસ્ત્ર, તર્કશાસ્ત્ર, ઇતિહાસ વગેરે જેવા બિનસાંપ્રદાયિક વિષયો દાખલ કરીને શૈક્ષણિક અભ્યાસક્રમમાં ફેરફાર કર્યો હતો.

ફતેહપુર સિક્રીમાં ૧૫૭૫માં ધાર્મિક ચર્ચા વિચારણા માટે અકબરે ઇબાદતખાના (શાબ્દિક રીતે પ્રાર્થનાખંડ) કહેવાતી સંસ્થાનું નિર્માણ કર્યું. તે તેનું મહાન પ્રદાન હતું. આ ચર્ચા પરથી અકબરને પ્રતીતિ થઈ કે બધા ધર્મોમાં સત્યના અંશ રહેલા છે. આના પરથી તેણે ધર્મ પર પોતાના સાર્વત્રિક વિચાર વિકસાવ્યા. તે સુલ્હ-ઈકુલ અથવા તમામ ધર્મો વચ્ચે શાંતિની વિભાવનામાં સમાઈ જાય છે. મધ્યકાલીન સમય દરમિયાન ધાર્મિક સાર્વત્રિકવાદની ભાવનામાં આજના માનવહક કર્મશીલોને રસ પડવો જોઈએ. તેમ છતાં તમામ ધર્મોનાં એકતા અને સમન્વય (Synretism) માટેની પહેલ ફક્ત રાજાઓ પૂરતી મર્યાદિત ન હતી, પરંતુ તેનાં શક્તિશાળી મૂળ પ્રજામાં પડ્યાં હતાં. તે ખ્યાલમાં રાખવાનું મહત્ત્વનું છે. સમાજમાં આ વિચારોને ઉત્તેજન આપવા અને ફેલાવવામાં ભક્તિ અને સૂફીના બે શક્તિશાળી પ્રવાહોએ બીજા કોઈ કરતાં વધારે કામ કર્યું હતું. હવે આપણે કેટલાક ભક્તિ અને સૂફી સંતાનો સિદ્ધાંતને જોઈએ.

### ૧.૩.૨ ભક્તિ અને સૂફી સંતો અને તેમનું પ્રદાન

મધ્યકાલીન સમયમાં ઘણા લોક ધર્મો અને સંપ્રદાયોને પ્રાધાન્ય મળ્યું. તેમાં ભક્તિ અને સૂફી પ્રવાહ અને બંગાળમાં બાઉલ પ્રવાહ જાણીતાં છે. તેઓ સરળતા, સીધાપણું, સહિષ્ણુતા, પ્રેમ અને મિત્રાચારીનો ઉપદેશ આપવામાં અને વ્યવહારમાં અપાવવા માટે નોંધપાત્ર છે.

ભક્તિ માર્ગ સર્વોચ્ચ અમૂર્તને નહિ પણ સર્વોચ્ચ વ્યક્તિમાં માન્યતા ધરાવે છે. તેથી તે ઘણી સીધી અને આડંબર વિનાની માન્યતા છે. તેની જ્ઞાતિ વિભાજન, ધાર્મિક ક્રિયાકાંડ અને વિધિ માટેની ખૂબ અવહેલનાને કારણે બ્રાહ્મણોએ તેનો લાંબા સમય સુધી વિરોધ કર્યો. પરંતુ પાછળથી તેમણે ભક્તિને માનપૂર્વક સ્વીકારી. અલવર સંતોના કામમાં દર્શાવ્યા મુજબ તમિળોમાં ભક્તિની પરંપરાએ મહત્ત્વની કામગીરી કરી છે. તેમાંના ઘણાખરા નીચલી જ્ઞાતિઓમાંથી આવ્યા હતા. શરૂઆતમાં આ ઝુંબેશ સમાજના નીચલા થર પૂરતી મર્યાદિત રહી હતી. કેમકે બ્રાહ્મણ પરંપરાના તેઓ મોટો ભોગ બનેલા હતા. પાછળના તબક્કે, ઊંચી જ્ઞાતિના વૈષ્ણવોએ તેમના સાહિત્યની પ્રશંસા કરી. એક અલવર સંત નીચલી જ્ઞાતિની હતી. સામાન્ય સમાજે તેને ધાર્મિક નેતા તરીકે સ્વીકારી હતી. ભક્તિ પ્રવાહની લોકપ્રિયતાનો આ નિર્દેશ છે. આ ઝુંબેશના જાણીતા પ્રણેતા અને મહાન વિદ્વાન રામાનુજ પર અલવરની કૃતિનો પ્રભાવ પડ્યો હતો. અને પ્રેરણા પણ મળી હતી. રામાનુજે ખાસ વિનંતી કરીને તેમનાં શિષ્ય પાસે તેમની કૃતિઓ એકત્રિત કરાવી હતી. તેનાથી રામાનુજને ઘણી પ્રેરણા મળી અને તેમની આ વિચારધારાને ખોરાક પૂરો પાડ્યો. ભાવભરી ભક્તિ ને સૂફી પરંપરા (પ્રતમ સૂફી સંત ખ્વાજા મોઈનુદ્દીન ચિસ્તી ૧૧૯૩માં ભારતમાં આવ્યા હતા)માં ઘણી બાબતો સમાન છે. મધ્યકાલીન ઉત્તર ભારતમાં ભક્તિ પ્રવાહ અને સૂફી પરંપરા બન્નેની નીપજ રહસ્યવાદ હતો. આ રહસ્યવાદનું એક મહત્ત્વનું પાસું રૂઢિચુસ્ત શિલ્પોથી સંપૂર્ણ મુક્તિ હતું. આ ગુરુઓએ સહિષ્ણુતાને અમલમાં મૂકી અને તે શીખવી.

ભક્તિ અને ઈસ્લામ, ખાસ કરીને સૂફી વિચારધારા બન્નેની આંતરક્રિયાએ સહિષ્ણુતાના હાર્દવાળા તત્ત્વજ્ઞાની સંખ્યાબંધ પ્રગતિશીલ પ્રવાહોને આગળ વધાર્યા. માનવહક શિક્ષણકારોએ આ પાસાને ખૂબ જ મહત્ત્વ આપવું જોઈએ. કેટલાંક નોંધપાત્ર અપવાદ સિવાય તે સામાન્ય રીતે એકાંતમાં તેનું અધ્યયન થાય છે તો તે શોચનીય બાબત છે. તેથી આપણાં પાઠ્યપુસ્તકોમાં ઈસ્લામ અને ભારતના ધર્મો વચ્ચેના સંબંધો પરસ્પર સમજ અને સહિષ્ણુતાના હતા તે પર ભાર મૂકવો જોઈએ. પરસ્પર સમજ, સહિષ્ણુતા અને સહકારની ભાવના મહંદશે સૂફી અને ભક્તિ વિચારધારાના ઉદય અને પ્રસારથી ઉત્તેજન પામી હતી.

નામદેવ અને તુકારામ બન્ને મહારાષ્ટ્રના હતા. નામદેવ દરજી હતો અને તુકારામ ખેડૂત. બન્નેએ ભક્તિ પ્રવાહને લોકોને વધુમાં વધુ સ્વીકાર્ય બનાવ્યો. નામદેવ સાદાઈનો ગુણ ફેલાવ્યો. અને ક્રિયાકાંડ અને વહેમો સામે જોરદાર દલીલો કરી. તેમણે જણાવ્યુ કે "પથ્થરની મૂર્તિઓ બોલતી નથી, ભગવાનને અંદર શોધો, તીર્થો (યાત્રાનાં પવિત્ર સ્થળો) આપણાં પાપ ધોઈ શકે નહિ. તેના બદલે તમારાં હૃદય સ્વચ્છ બનાવો. તમારું પોતાનું શુદ્ધીકરણ કરો તે સિવાય ઉપવાસ અને અન્ય બાબતો નિરર્થક છે. તમારા હૃદયમાં પ્રેમ ન જગાડો તો વિધિ શું કરી શકે ?

બંગાળમાં ખ્યાતનામ વૈષ્ણવ કવિઓ જયદેવ, વિદ્યાપતિ, ચંડીદાસ તેમજ ચૈતન્યે ભક્તિ પ્રવાહને લોકપ્રિય બનાવ્યો. ભક્તિને ભારતના લગભગ બધા ભાગોમાં ફેલાવી. જોકે આ ઝુંબેશ જ્ઞાતિના વાડા સંપૂર્ણપણે તોડવામાં સફળ ન બની, કેમકે તેના મોટાભાગના અગ્રણીઓ નીચલી જ્ઞાતિના હતા. વળી તેઓ માણસો સમાન છે તેવું માનતા હતા. માનવહક શિક્ષણકારોએ આ બાબતની પણ નોંધ લેવી રહી.

ચૌદમી-પંદરમી સદીમાં રામાનંદ (૧૩૭૦-૧૪૪૦) એ વર્ણપ્રથાને પડકાર ફેંક્યો, પરંપરાગત ધાર્મિક ક્રિયાકાંડો સામે બળવો પોકાર્યો અને સ્થાનિક બોલીઓમાં પ્રચાર કરવા માંડ્યો. સંસ્કૃતમાં નહિ, કેમ કે તે ઉચ્ચ વર્ણોનો ઈજારો હતો. તેમના વિચાર નીચેના શબ્દોમાં સારી રીતે પ્રતિબિંબ પાડે છે. "હું જ્યાં જ્યાં જાઉં છું ત્યાં ત્યાં પાણી અને પથ્થર જાઉં છું, પરંતુ આ બધાંને તમે (પ્રભુએ) તમારા અસ્તિત્વથી ભરી દીધો છે. તમને તેઓ વેદમા શોધે તો તેમના પ્રયત્ના નિરર્થક જશે." રામાનંદને ૧૨ મહત્ત્વના શિષ્યો હતા. તે બધા નીચલી જ્ઞાતિના હતા. તેમાંનો એક રવિદાસ મોચી હતો. "કરોડોવાર વૈદિક મંત્રોનું રટણ તમારાં દર્શન કરવાથી ઈચ્છાના ઊભરાને સંતોષી શકશે નહિ." એમ રવિદાસે કહ્યું હતું.

રામાનંદનો સૌથી વધુ પ્રખ્યાત શિષ્ય કબીર હતો. તેમણે તેમનાં લખાણોમાં સૂફી અને ભક્તિ પરંપરાનાં તત્ત્વોનું સંયોજન કર્યું. તેણે ક્રિયાકાંડ અને વહેમોના મૂળમાં ઘા કર્યો. કબીર ગાતા હતા કે "હે ભગવાન, અલ્લા કે રામ, હું તારા નામથી જીવું છું." કબીરે સામાન્ય સ્તરના માણસોમાટે ગીતો રચ્યાં હોવાથી, તેણેતેની પોતાની ભાષા ઘણી સ્થાનિક બોલીઓનું મિશ્રણ કરીને પસંદ કરી હતી. તેમણે કહ્યું હતું કે, "સંસ્કૃત કૂવાના પાણી જેવી છે, લોકોની ભાષા તો વહેતો ઝરો છે." તેણે સાર્વત્રિક સહિષ્ણુતાનો બોધ કર્યો. તેઓ બધા માટે ધર્મની સંપૂર્ણ સ્વતંત્રતાવાળા ભારતના વિચારના એક સમર્થક હતા. કબીરે માનવ સમાનતાને ખૂબ મહત્ત્વ આપ્યું હતું અને જ્ઞાતિ, ધર્મ કે સંપત્તિ પર આધારિત અસમાનતાને વખોડી કાઢી હતી.

શીખ ધર્મના સ્થાપક ગુરુ નાનક પર ભક્તિ અને સૂફી વિચારોનો ઘણો પ્રભાવ પડ્યો હતો. કબીર અને ગુરુ નાનક બન્નેએ હિંદુવાદ અને ઇસ્લામ વચ્ચે સમાન કડી સ્થાપી હતી. નાનકનું સર્વોત્તમ અગત્યનું પ્રદાન તેમણે હિંદુ મુસ્લિમ એકતાની આગાહી કરી હતી તે છે. નીચેની પંક્તિ દર્શાવે છે તેમ તે હિંદુ ધર્મને ઇસ્લામ સાથે મેળ કરવા નિષ્ઠાપૂર્વક વિચાર્યું હતું. "ગુરુ નાનક શાહ ફકીર, હિંદુ કા ગુરુ ઔર મુસલમાન કા પીર."

બાઉલ બંગાળની બહાર જાણીતા નથી. બાઉલ પ્રવાહનું તત્ત્વજ્ઞાન માણસની સહજ શોધ તેના હૃદયના માણસ તેના પરમાત્મા માટેની શોધ છે. આ ઝુંબેશનું મૂળ બૌદ્ધ ધર્મ અને વૈષ્ણવ ધર્મના પતનમાં રહેલું મળે છે. બાઉલ પવન જેવા છે. (બાઉલ એટલે વાયુ) હમેશાં સ્વતંત્ર, કોઈ ધાર્મિક પરંપરા સાથે બંધાયેલા નહિ. તેમણે જ્ઞાતિભેદ સ્વીકાર્યો ન હતો. તે કોઈ ખાસ કોઈ દેવતાને ભજતા ન હતા, તેમણે કોઈ મંદિર કે મસ્જિદને સ્વીકારી ન હતી. પરંતુ બાઉલ ભક્તો હિંદુ અને મુસ્લિમો બન્નેના સૌથી નીચલા ઘરના હતા. તેઓ ગાતા હતા કે આપણું શરીર મંદિર છે. અને ભાવના તેમાં રહે છે ત્યારે આપણી બીજા મંદિરોની જરૂર શી ?" "તેમણે નાસ્તિકવાદનો સ્વીકાર ન કર્યો, તે બ્રહ્મચર્યમાં માનતા નહિ. તેમની દલીલ એવી હતી કે દુન્યવી પ્રેમ તેમને દૈવી પ્રેમની અનુભૂતિ કરવામાં મદદરૂપ થાય છે અને ભૌતિક અને આધ્યાત્મિક વચ્ચે સંવાદિતાની જરૂર છે.

**તમારી પ્રગતિ ચકાસો-૨**

૧. મધ્યકાલીન શાસકોમાં અકબરની વિશેષતા ૧૦૦ શબ્દોમાં જણાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

૨. ભક્તિ પ્રવાહ અંગે પાંચ લીટી લખો.

.............................................................................................

.............................................................................................

.............................................................................................

.............................................................................................

૩. સૂફી અને ભક્તિ પરંપરાના હિમાતી તરીકે કબીરનું મહત્ત્વ દર્શાવો.

.............................................................................................

.............................................................................................

.............................................................................................

.............................................................................................

૪. ગુરુ નાનક વિશે ટૂંકનોંધ લખો.

.............................................................................................

.............................................................................................

.............................................................................................

.............................................................................................

૫. 'બાઉલ' વિશે તમે શું જાણો છો ?

.............................................................................................

.............................................................................................

.............................................................................................

.............................................................................................

## ૧.૪ પર્યાવરણવાદી પરંપરા (Environmentalist Tradition)

છેલ્લા ચાર-પાંચ દસકાથી પર્યાવરણની તીવ્ર જાગૃતિ આપણા સામાજિક જીવનનું લક્ષણ બની રહી છે. દુનિયાના કેટલાક ભાગમાં કુદરતી સંપત્તિના અતિશય ઉપયોગ અને બીજા કેટલાક ભાગમાં વસ્તી વધારાને પરિણામે પૃથ્વી પરની કુદરતી સંપત્તિ ઘટી રહી હોવા અંગે ૧૯૫૦ ના અને ૧૯૬૦ના દસકામાં ચિંતા થઈ હતી એમ સામાન્ય રીતે માનવામાં આવે છે. વધારાની ચિંતા એ હતી કે દુનિયાની અવિચારી પ્રવૃત્તિઓ સમગ્ર પૃથ્વીને પ્રદૂષિત કરી રહેવા માટેનું અસલામત સ્થળ બનાવતી હતી. આધુનિક માણસો સામાન્યપણે, કુદરત સાથે સુમેળથી જીવવા માટે પોતાની જાતને અયોગ્ય સાબિત કરી છે એમ લાગ્યું હતું. કુદરતને જીતવા અને બીજી જાતનો નાશ કરવાના વલણને કારણે કુદરતનો તેમજ સાથે સાથે માણસોનો પણ નાશ થઈ શકે. હવે સમગ્ર દુનિયામાં આ વિચારોની આસપાસ શક્તિશાળી પર્યાવરણ ઝુંબેશ વિકસી છે. પરિણામે પર્યાવરણ જાગૃતિ કોઈપણ માનવહકની પ્રવૃત્તિનો મહત્ત્વનો ભાગ બની છે. આ સંદર્ભમાં એ દર્શાવવાનું ખૂબ મહત્ત્વનું બની રહે છે કે પર્યાવરણ દૃષ્ટિકોણ કોઈ પશ્ચિમી કે યુરોપિયન પરંપરાને તદ્દન અજાણ્યો લાગે; પરંતુ ભારતીય ઇતિહાસ અને પરંપરામાં તેના પુષ્કળ સંદર્ભ છે.

પ્રાચીન ભારતીય તત્ત્વજ્ઞાને વિશ્વમાં માણસને ટોચ કે કેન્દ્ર પર મૂક્યો નથી, પરંતુ ઘણા તત્ત્વોમાંના એક તરીકે ગણ્યો છે. સાથોસાથ દરેક તત્ત્વ-સજીવ કે નિર્જીવ ને તેના પોતાના જીવનવાળી જીવંત વ્યક્તિ તરીકે જોવામાં આવતું હતું. તેથી માણસની જેમ બધાં વૃક્ષો, વન, પર્વત, નદીઓ, પક્ષી, પ્રાણીઓ અને અન્ય પ્રજાતિઓને કુદરતના ભાગ તરીકે ગણવમાં આવતાં હતાં. તેથી તેમના ભોગે નહિ પરંતુ તેમની સાથે રહેવું તે તેમની ફરજ હતી. કુદરતને કંઈ માણસની સેવામાં મૂકી ન હતી અને માણસ બીજી પ્રજાતિઓ કરતાં કોઈપણ રીતે વિશેષાધિકૃત ન હતો. આ તત્ત્વજ્ઞાનની સ્થિતિએ કુદરતના માનવ-કેન્દ્રિત દૃષ્ટિકોણ સામે પૂરતી સુરક્ષા કરી. આધુનિક પર્યાવરણ જાગૃતિનું તત્ત્વજ્ઞાન વિષયક મૂળ પ્રાચીન ભારતની પરંપરામાં શોધી શકાય તેમ છે.

આ પરંપરાનું મહત્ત્વનું પાસું એ છે કે તે ફક્ત તત્ત્વજ્ઞાનના ક્ષેત્ર પૂરતું મર્યાદિત રહ્યું ન હતું. પરંતુ તે શાસકો અને પ્રજા બન્ને કક્ષાએ નક્કરપણે વ્યવહારમાં પ્રયોજાતું રહ્યું હતું. શાસકોમાં પ્રારંભ કરનાર રાજા અશોક હતો. તેણે તેના રાજ્યમાં કેટલાંક પક્ષીઓ અને પ્રાણીઓને મારી નાખવાનો નિષેધ કર્યો હતો. તેણે આ સૂચનાઓ શિલાલેખોમાં કોતરાવી હતી. તેણે વન્ય પશુઓ અને પંખીઓ માટે ઇસ્પિતાલો અને જળાશય બંધાવ્યાં હતાં. અને કેટલીક પ્રજાતિઓના વિશિષ્ટ રક્ષણનાં પગલાંનો અમલ કર્યો હતો.

શાસકો કરતાંય વિશેષ કેટલીક સ્થાનિક કોમોના પર્યાવરણ સંવાદી પ્રથાઓનું પાલન તદ્દન નોંધપાત્ર છે. આ સંદર્ભમાં બિશનોઈ (બિશનોઈ સંપ્રદાયના અનુયાયી) નો ઉલ્લેખ કરવો રહ્યો. આ કોમ સદીઓથી રાજસ્થાન રાજ્યમાં નિત્યક્રમની બાબત તરીકે તેમની કુદરતી સંપત્તિનો વિવેકપૂર્વક ઉપયોગ કર્યો હતો અને તેમની આપસાપના પર્યાવરણ માટે તેમને અનહદ પ્રેમ હતો. આ કોમે તેમના વિસ્તારનાં વન્યજીવન અને વૃક્ષોના રક્ષણ માટે ઘણા કડક નિયમો રાખ્યા હતા. આ કોમના કોઈપણ નિયમના ભંગ બદલ કડક શિક્ષા થતી. બિશનોઈના ઇતિહાસમાં આનું પ્રમાણ નોંધપાત્ર અને સારી રીતે જાણીતું હતું. ૧૭૩૦માં જોધપુરના મહારાજએ બિશનોઈ વિસ્તારમાંથી કેટલુંક લાકડું લઈ આવવા તેમના માણસોનો હુકમ કર્યો. બિશનોઈ માણસો હમેશાં કામ પર જાય છે. તમામ બિશનોઈ સ્ત્રીઓ અને બાળકોએ ભેગા થઈ તેમનાં વૃક્ષોનું રક્ષણ કરવાનું નક્કી કર્યું. રાજાના માણસોથી વૃક્ષોને બચાવવા તેઓ વૃક્ષોને ચોંટી ગયા. ૩૬૦ ઉપરાંત સ્ત્રીઓ અને બાળકો આમાં મૃત્યુ પામ્યાં. પરંતુ તેમણે વૃક્ષોને કાપવા દીધાં નહીં. છેવટે રાજાએ નિર્દોષ સ્ત્રીઓ અને બાળકોને મારી ન નાખવા તેના માણસોને જણાવ્યું. મારી નાખ્યા બદલ વળતરનો પ્રસ્તાવ મૂક્યો. અને એકેય બિશનોઈ વૃક્ષ ન કાપવાની બાંહેધરી આપી. પોતાનું જીવન હોમી દઈને પર્યાવરણ બચાવવાની આ ભવ્ય વીરગાથાએ ઉત્તર પ્રદેશની ટેકરીઓમાં સદીઓ પછી ૧૯૭૩માં પ્રખ્યાત 'ચીપકો' આંદોલન માટે પ્રેરણા આપી. બિશનોઈ લોકો હજી એ જ જીવનશૈલી અપનાવે છે. અને તેમના પર્યાવરણને પવિત્ર ગણે છે. પર્યાવરણના પ્રશ્નમાં રસ ધરાવનાર કોઈ માનવહક કર્મશીલ કેટલીક બિશનોઈ પ્રથાઓનાં અવલોકન અને અભ્યાસ કરશે તો વધારે સારું કામ કરી શકશે.

**તમારી પ્રગતિ ચકાસો-૩**

૧. આજના પર્યાવરણવાદીના દૃષ્ટિકોણ માટે પ્રાચીન ભારતીય પરંપરાની પ્રસ્તુતતા કઈ છે?

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

૨. આજની પર્યાવરણ ઝુંબેશ માટે બિશનોઈ કોમની પ્રસ્તુતતા કઈ છે?

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

## ૧.૫ સારાંશ (Let us Sum Up)

આધુનિક માનવહક કર્મશીલને ભારતીય ઇતિહાસ અને પરંપરાએ આપવાની પ્રેરણા અંગે શીખવનારને સમજ આપવાનો આ એકમનો હેતુ છે. આ એકમનો આરંભ સંસ્કૃતિ અને પરંપરાનો અભ્યાસ કરવા માટે પરિપ્રેક્ષ્ય વિકસાવવા કર્યો હતો. ભારતની સંસ્કૃતિનો મહિમા ગાઈને અથવા તેને સંપૂર્ણપણે ઉતારી પાડીને આ જોખમ નિવારવું આવશ્યક છે. બીજી બધી પરંપરા જેમ ભારતીય પરંપરા પણ ખૂબ જટિલ છે. અને તેમાં વિધેયાત્મક અને નકારાત્મક બન્ને લક્ષણો છે. મૂળ માનવતાવાદી બાબતોથી જણાવ્યાં કરતાં ભારતીય પરંપરામાં ઘણું છે. પ્રાચીન અને મધ્યકાલીન ઇતિહાસને ઉપરછલ્લું જોઈને તમે શીખ્યા કે ભારતમાં વિરોધી દૃષ્ટિબિંદુ સ્વીકારવાની પણ દીર્ઘ પરંપરા છે, જેમકે બીજાઓ પ્રત્યે સહિષ્ણુતા, અહિંસા, પ્રેમ અને રહેમ, સમન્વય, ધાર્મિક સાર્વત્રીકરણ અને બધા માણસોમાં ભાઈચારા પર ભાર. ઈ.સ. પૂર્વેના ત્રીજા સૈકામાં અશોકે કરેલી યુદ્ધ વિરોધી ઘોષણા અને રાજસ્થાનના બિશનોઈ લોકોએ અમલમાં મુકેલ પર્યાવરણ પ્રત્યેનો નોંધપાત્ર પ્રેમ માનવહક શિક્ષણના કોઈપણ વિદ્યાર્થીને ખાસ જણાવવાની જરૂર છે.

## ૧.૬ 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબ : સ્વાધ્યાય

(Answer to Check your Progress : Exercises)

**તમારી પ્રગતિ ચકાસો-૧**

૧. પેટા વિભાગ ૧.૨.૧ અને ૧.૨.૨ ના આધારે જવાબ લખો.

૨. સંબંધિત બોક્સ (પેટા વિભાગ ૧.૨.૨ અને ૧.૨.૩)માં આપેલી બે વાર્તા વાંચી તમારા માટે જાતે નિર્ણય લો.

૩. પેટા વિભાગ ૧.૨.૪ જુઓ.

**તમારી પ્રગતિ ચકાસો - ૨**

૧. પેટા વિભાગ ૧.૩.૧ જુઓ.

૨. પેટા વિભાગ ૧.૩.૨ જુઓ.

૩. પેટા વિભાગ ૧.૩.૨ ફકરો ૮ જુઓ

૪. પેટા વિભાગ ૧.૩.૨ ફકરો ૯ જુઓ.

૫. પેટા વિભાગ ૧.૩.૨ છેલ્લો ફકરો જુઓ.

**તમારી પ્રગતિ ચકાસો-૩**

૧. પેટા વિભાગ ૧.૪ જુઓ.

૨. પેટા વિભાગ ૧.૪ના આધારે જવાબ લખો. છેલ્લા ફકરા પર ધ્યાન કેન્દ્રિત કરો.

## એકમ ૨ : અર્વાચીન ભારત (Modern India)

**રૂપરેખા**


૨.૦ ઉદ્દેશ

૨.૧ પ્રાસ્તાવિક

૨.૨ બ્રિટિશ શાસન અંગે પ્રતિભાવ

૨.૩ અગાઉના કર્મશીલ

- ૨.૩.૧ રાજા રામમોહનરાય
- ૨.૩.૨ બંકિમચંદ્ર ચેટર્જી
- ૨.૩.૩ ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર
- ૨.૩.૪ સ્વામી વિવેકાનંદ
- ૨.૩.૫ ન્યાયમૂર્તિ રાનડે
- ૨.૩.૬ તિલક અને ફુલે

૨.૪ મુસ્લિમ સુધારાવાદીઓ

- ૨.૪.૧ સર સૈયદ અહમદ
- ૨.૪.૨ મૌલાના અબુલ કલામ આઝાદ

૨.૫ નિર્ણાયક નેતાગીરી

- ૨.૫.૧ મહાત્માનો ઉદય
- ૨.૫.૨ વાઈકોમ ઝુંબેશ
- ૨.૫.૩ દલિતોના સમર્થક
- ૨.૫.૪ સામ્યવાદી પરિબળ

૨.૬ ભારતીય વચનો

૨.૭ સારાંશ

૨.૮ 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબ : સ્વાધ્યાય


### ૨.૦ ઉદ્દેશ (Objectives)

આ એકમ વાંચ્યા પછી, તમે,

- ભારતમાં માનવહકની સ્થિતિ ક્રમાનુસાર જાણી શકશો;
- સુધારેલી માનવહક સ્થિતિ માટે તૈયાર કરવામાં મદદરૂપ થનાર જુદા જુદા પ્રવાહ સમજી શકશો અને તેની ચર્ચા કરી શકશો;
- 'રાજ' હેઠળના ભારતીય નેતાઓના ભિન્ન ભિન્ન વિચારો સમજાવી શકશો ; અને
- ભારતના સંવિધાનમાં વિચાર્યા મુજબ માનવહકના આશાસ્પદ ભાવિની ઝાંખી કરી શકશો;

### ૨.૧ પ્રાસ્તાવિક (Introduction)

વ્યાપક રીતે કહીએ તો ભારતનો અર્વાચીન કાળ ૧૯મી સદીના પ્રારંભમાં બ્રિટિશના આગમન અને અંગ્રેજી શિક્ષણથી શરૂ થયો. બ્રિટિશ શાસન ભારત માટે આશીર્વાદ અને વિનાશ બન્ને હતુ. બ્રાહ્મણી વર્ચસ્વ પ્રવર્તતું હતું ત્યારે સામાન્ય ભારતીયે ઉત્પાદન અને શિક્ષણની પદ્ધતિમાં ફેરફાર કરવા વિચારવા માંડ્યું. ૧૮૫૭ના બળવામાં ભારતીયોનો વિરોધ અને બળવાનો અવાજ કચડી નાખવામાં આવ્યો.

આ એકમમાં અમે ૧૯મી સદીનાં વિવિધ વલણથી સુમાહિતગાર કરવા માગીએ છીએ. ૨૦મી સદીના સારા ભાગે એક યા બીજી રીતે સુધારેલી માનવહક સ્થિતિ માટે માર્ગ સરળ કરી આપ્યો. આપણે બ્રિટિશ શાસન અંગેના પ્રત્યાઘાત અને હિંદુઓ અને મુસ્લિમોમાં અગાઉના સમયની પ્રતિક્રિયાઓનો અભ્યાસ કરીશું. આપણે જુદા જુદા સામાજિક સુધારા તેમજ ભારતની સ્વતંત્રતા માટેની ચળવળો અંગે અભ્યાસ કરીશું. આપણે જુદા જુદા સામાજિક સુધારા તેમજ ભારતની સ્વતંત્રતા માટેની ચળવળો અંગે અભ્યાસ કરીશું. આ બધાંએ ભારતીય માણસ પર કેવી રીતે અસર કરી અને અંતે ભારતમાં માનવહકની સુધારણામાં કેવી રીતે ફાળો આપ્યો તે જોઈશું. આ એકમમાં રામ મોહનરાય, વિવેકાનંદ, તિલક ફુલે, સર સૈયદ અહમદ, ગાંધી, આંબેડકર વગેરે જેવી પ્રખર વ્યક્તિઓએ રજૂ કરેલા ભિન્ન ભિન્ન વિચારો સમજી શકીશું. આ એકમ તમને સ્વાતંત્ર્ય કાળમાં લઈ જશે અને ભારતના સંવિધાનમાં વિચાર્યા મુજબના

માનવહકના આશાસ્પદ ભાવિ અંગે વિશેષ માહિતી આપશે. તે તમને માનવહકના વિસ્તૃત અભ્યાસ માટે તૈયાર કરી રહ્યું છે તેવી આશા રાખીએ.

## ૨.૨ બ્રિટિશ શાસન અંગે પ્રતિભાવ (Respones to the British Rule)

ભારતમાં બ્રિટિશના આગમનથી ઇતિહાસમાં નવો તબક્કો શરૂ થયો. આ બ્રિટિશ શાસન હેઠળ ભારતમાં મૂળભૂત આર્થિક અને રાજકીય ફેરફાર થયા. આમાંના ઘણા ફેરફાર બ્રિટિશ શાસકોના ઇરાદા કરતાં કંઈક જુદા જ પ્રકારના હતા. આ સમયનો અભ્યાસ કરવાનું મહત્ત્વનું છે, કેમ કે માનવહકના દૃષ્ટિકોણને સમૃદ્ધ બનાવે તેવું તેમાં ઘણું છે.

બ્રિટિશ શાસનની ભારતીય સમાજ પરની અસર મિશ્ર પ્રકારની હતી. તેઓ ભારતીય ભૂમિ પર આધુનીકરણનાં પરિબળ લાવ્યા હોવા છતાં, તેમણે ખેડૂતો અને આદિજાતિઓને તેમની શોષણ નીતિથી ગરીબ પણ બનાવ્યા. આને લીધે ૧૮મી અને ૧૯મી સદીમાં ખેડૂતો અને આદિજાતિઓના બ્રિટિશ શાસન સામે સંખ્યાબંધ બળવા થયા. એમાંના કેટલાક આ છે : બંગાળમાં સંન્યાસી બળવો (૧૭૬૩થી ૧૮૦૦), બિહાર અને બંગાળના જિલ્લાઓમાં યુઆર બળવો (૧૭૬૬ થી ૧૭૭૨ અને ફરીથી ૧૭૯૫ થી ૧૮૧૬), કોલના આદિજાતિ બળવા (૧૮૨૦ થી ૧૮૩૭), સંથાલ (૧૮૫૫-૫૬) ના રામપાસ (૧૮૭૯)ના અને મુંડા (૧૮૯૫ થી ૧૯૦૧) ના બળવા.

૧૮૫૭નો મહાન બળવો શરૂઆત ન હતી, પરંતુ બળવા અને વિરોધની લાંબી પરંપરાનું ઉચ્ચ શિખર હતું એ યાદ રાખવું મહત્ત્વું છે. ૧૮૫૭ પછી ખેડૂતો અને આદિજાતિઓના બળવા ચાલુ રહ્યા (૧૮૬૦ નો ગળી બળવો, ૧૮૭૦ના દસકાનો બનાનો બળવો અને બીજા બળવા સાથે મલબારના વારંવાર બળવા) હોવા છતાં, તેમાં નવા પ્રકારના સંગઠિત વિરોધનો ઉમેરો થયો. ૨૦મી સદીમાં ભારતીયોના ઘણા વિભાગો વિદેશી શાસન સામેના સ્વાતંત્ર્ય સંગ્રામમાં જોડાયા અને ભાગ લીધો.

આપણે એક રીતે કહી શકીએ કે અન્યાય સામે વિરોધ અને સંગ્રામની મહાન પરંપરામાં ખેડૂતો અને આદિજાતિઓનો ફાળો છે. શિક્ષિત ભારતીય લોકોનો નહિ, એક સમયે શિક્ષિત ભારતીય લોકોએ બ્રિટિશ શાસનને આવકાર્યું હતું અને તેને ઈશ્વરીય દેન ગણી હતી. બળવાખોર ખેડૂતો જ બ્રિટિશ સામે લડ્યા હતા. શિક્ષિત ભારતીય લોકો પાછળથી ૨૦મી સદીમાં તેમાં જોડાયા હતા. કોઈપણ માનવહક સક્રિય કર્મશીલ સારી રીતે ધ્યાનમાં લેશે કે અન્યાય સામે વિરોધ કરવા અને લડત આપવાના રાજકીય મહત્ત્વને ભારતના લોકો શિક્ષિત મધ્યમવર્ગના માણસ પાસેથી નહિ, પણ અશિક્ષિત ખેડૂતો અને આદિજાતિઓ પાસેથી શીખ્યા છે.

## ૨.૩ અગાઉના કર્મશીલ (The Earlier ASctivists)

વ્યાપક રીતે કહીએ તો, ભારતનો અર્વાચીનકાળ ૧૯મી સદીના પ્રારંભમાં બ્રિટિશના આગમન અને અંગ્રેજી શિક્ષણથી શરૂ થયો. બંગાળના રાજા રામમોહન રોય અર્વાચીન ભારતના પ્રથમ બુદ્ધિશાળી કર્મશીલ હતા. તેઓ પુનઃપ્રવર્તનવાદી ન હતા; તેઓએ સ્વતંત્રતા, સામાજિક ન્યાય અને માનવ પ્રતિષ્ઠાની ઝુંબેશમાં કામ કર્યું. તેમણે સમજાવ્યું કે બધા માણસો જન્મથી સમાન છે. આ સિદ્ધાંત ભારતના બીજા કેટલાક ભાગમાં પ્રસર્યો. તેથી સંખ્યાબંધ બુદ્ધિશાળી કર્મશીલ અને સુધારાવાદીઓએ ૧૯માં અને ૨૦મા સૈકાના પ્રારંભમાં ઝુંબેશ શરૂ કરી. દુર્ભાગ્યે આ બુદ્ધિશાળી ઝુંબેશ ખાસ કરીને ૧૯મી સદીના પ્રારંભથી વીસમી સદીમાં સ્વતંત્રતા ઝુંબેશ દરમિયાન બિનમહત્ત્વની બની ગઈ. સ્વતંત્રતા પછી પણ આવી કોઈ ઝુંબેશ ચાલી નહિ એ દુઃખદ ઘટના છે. આ કારણ સર જ આપણા માનવહક શિક્ષણકારો અને સામાજિક કર્મશીલોએ આપણા બુદ્ધિશાળી વારસાને ખૂબ મહત્ત્વ આપવું જોઈએ.

### ૨.૩.૧ રાજા રામમોહન રોય

સામાજિક અને ધાર્મિક સુધારાની કોઈપણ યોજનાની સફળતા માટે લોકોને પોતાની સાથે રાખવાનું જરૂરી છે. એવી રાજા રામમોહન રોયને પ્રતીતિ થઈ. તેમણે પોતાનાં સંશોધન મારફત ભૂમિકા તૈયાર ન કરી હોત અને ઝુંબેશ ન ચલાવી હોત, તો સતી પ્રથાની નાબૂદી સફળ ન થઈ હોત. તેમણે સતી પ્રથા સામે લોકોને સમજાવ્યા અને લોકમત જાગૃત કર્યો. ભૂમિકા તૈયાર કર્યા સિવાય કરેલો કાયદાથી આ પ્રથા ખાનગીમાં ચાલ્યા કરે તેવી તેમને ખાતરી થઈ. "હિંદુ મૂર્તિપૂજાની વિચિત્ર પ્રથા સમાજના તાણાવાણા નાશ કરતી હોવાથી, કાયદેસર મંજૂરી એકલી મદદરૂપ નહીં નીવડે." તેમણે વધુમાં ઉમેર્યું કે "મૂર્તિપૂજાના હિમાયતીઓ અને તેમના ગેરમાર્ગે દોરવાયેલા અનુયાયીઓ ધાર્મિક ભક્તિના સ્વરૂપ હેઠળ, તદ્દન જંગલી દેશ પણ જે કરતાં શરમ અનુભવે તેવા તદ્દન અધમ પ્રકારના ગુના બનતા હોય તેવી પ્રથાને અનુસરે છે." આ ધાર્મિક પ્રથાઓ "નૈતિક સિદ્ધાંતોના સમૂળા નાશ માટેના સ્ત્રોત છે."

રામમોહન બુદ્ધિની ભાષા બોલતા અને તેમનો અભિગમ તર્કબદ્ધ અને મૂર્તિપૂજા વિરોધી હતો. તેમણે વશિષ્ઠને ટાંકીને જણાવ્યું કે "બાળક કંઈક યોગ્ય કહે તો તે સ્વીકારવું, બ્રહ્મા પોતે કંઈક અયોગ્ય કરે તો તેને તણખલાની જેમ ફગાવી દેવું" સ્ત્રીઓની સ્વતંત્રતા માટેના પ્રશ્નમાં તેમનો અભિગમ યોગ્ય ગંભીર, વૈજ્ઞાનિક અને તર્કબદ્ધ હતો. રામમોહન બ્રાહ્મણી ધર્મના પાઠમાં વિદ્વાન હોવા ઉપરાત, તેમણે ઇસ્લામ, પશ્ચિમનો ઈતિહાસ, તત્ત્વજ્ઞાન, વિજ્ઞાન અને ખ્રિસ્તીધર્મનો અભ્યાસ પણ કર્યો હતો. તેઓ અમુક બાબતમાં ખ્રિસ્તીધર્મ અને ઇસ્લામના ટીકાકાર હોવા છતાં, તેઓ ઇસ્લામના સમતાવાદને કારણે તેના પ્રત્યે આકર્ષાયા હતા. તેમણે લખ્યું હતું કે "મેં સંપૂર્ણ કુરાન વારંવાર વાંચ્યું હતું, તેનાથી હું મુસલમાન બન્યો ? મેં સંપૂર્ણ બાઈબલનો અભ્યાસ કર્યો છે. છતાં, તમે જાણો છો તેમ હું ખ્રિસ્તી નથી. પછી તમે તે વાંચવાનો ડર કેમ રાખો છો ? વાંચો અને જાતે ન્યાય કરો. આપણા મધ્યમ અને ઉપલા મધ્યમ વર્ગના માણસોએ બરાબર આવું કરવું જોઈએ."

આજે આપણે બીજા ધર્મો અને સંસ્કૃતિ, ખાસ કરીને ઇસ્લામ પ્રત્યેના આપણા ઋણની અવગણના કરવાનું વલણ ધરાવીએ છીએ. રામમોહનને ઇસ્લામ અને ખ્રિસ્તીધર્મના ઉપદેશની અસર થઈ હતી અને તેમણે તે સ્વીકારી છે. તેમણે "ઇસ્લામ વિચારધારાને બુદ્ધિપૂર્વક સંમતિ આપીને કોમી પ્રશ્નના ઉકેલનો માર્ગ ચીંધ્યો હતો. એમ. એન. રોય સિવાય તે 'સંમતિ' પ્રત્યે કોઈએ ધ્યાન આપ્યું નહિ."

રામમોહન નાગરિક છૂટછાટ અને સ્વતંત્રતાના પુરસ્કર્તા હતા. તેમણે ૧૮૨૭ના જ્યુરી અધિનિયમ સામે બ્રિટિશ સંસદનાં બન્ને ગૃહોને અરજી કરી હતી. આ અધિનયમેં ભારતના ન્યાયતંત્રમાં ધાર્મિક પૂર્વગ્રહ દાખલ કર્યો હતો. આ અરજીમાં હિન્દુઓ અને મુસલમાનો બન્નેએ સહી કરી હતી. તેમણે ખરડાની જોગવાઈનો વિરોધ કર્યો. તે જોગવાઈ મુજબ "મૂળ વતની, હિંદુ કે મુસલમાનના ન્યાયિક મુકદ્દમામાંથી મુક્ત રાખ્યા હતા."

સરકારે સમાચારપત્રો અને સામયિકોની સ્વતંત્રતા લઈ લીધી હતી. તેની સામે રાજા રામમોહને ૧૮૨૩ માં સરકારનાં આ પગલાંનો વિરોધ કર્યો. આ પગલાંની કડક ટીકા કરતું અને પ્રેસની સ્વતંત્રાનું દઢપણે સમર્થન કરતું નિવેદન સત્તાધિકારીઓને મોકલવામાં સૌ પ્રથમ અને એકલા બુદ્ધિવાદી હતા. તેમણે સર્વોચ્ચ અદાલત અને કિંગ ઇન કાઉન્સિલને અરજીઓ મોકલી હતી. તેમણે "પ્રકાશનોની અનિયંત્રિત સ્વતંત્રતા માટે મજબૂત કેસ તૈયાર કર્યો હતો. 'કિંગ ઇન કાઉન્સિલને કરેલી તેમની અપીલમાં રામમોહને અમારા નાગરિક હક પરની ચડાઈ સામે વિરોધ કર્યો હતો. અપીલના સમાપનમાં તેમણે લખ્યું હતું કે "ભારતના વતનીઓ ઉપર સતત જુલમ કરશો નહિ અને તેમની નામોશી કરશો નહિં."

## ૨.૩.૨ બંકિમચંદ્ર ચેટર્જી

ભારતમાં બ્રિટિશ સામ્રાજ્યના મધ્યમકક્ષાના અધિકારીઓ બહાર પાડવા માટે બ્રિટિશ સરકારે સ્થાપેલી કલકત્તા યુનિવર્સિટીના પ્રથમ સ્નાતકોમાં એક બંકિમચંદ્ર ચેટર્જી હતા. તે પુનરુત્થાનવાદી (revivalist) બની ગયા. તેમને કાયર કહેતી અનેક હિંદુ પરંપરાઓને તેમણે નકારી કાઢી અને સમય જતાં દેશને આગળ લઈ જઈ શકે તેવા જોશીલા હિંદુવાદ માટે હિમાયત કરી. "બંકિમ સાહિત્યમાં રાષ્ટ્રીયતાના ભવિષ્યવેત્તા (Prophet) હોવા છતાં હિંદુ ચારિત્ર્ય અને પરંપરા પર અતિશય ભાર મૂકનાર હિંદુ પુનરુત્થાનવાદી હતા. પરંપરા તેમની મારફત બોલતી હતી એમ લાગે છે." (બેંગાલ રિનેઈસન્સ એન્ડ અધર એસેઝ, સુશોભન સરકાર, પીપલ્સ પબ્લિશિંગ હાઉસ, નવી દિલ્હી પાનું ૩૯)

### ૨.૩.૩ ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર

બંકિમચંદ્રના ઘણા સમકાલીનો તેમના વિચાર સાથે સહમત હતા. જ્યારે ખાસ કરીને બંગાળના બીજા ઘણાને બ્રિટિશ શાસન ચાલુ રહે તેમાં કંઈ પણ વિધેયાત્મક જણાયું નહિ. બંકિમચંદ્રના એક સમકાલીન ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર માનવહકના ઉત્તમ રક્ષક સાબિત થયા. તેમણે વિધવા પુનર્લગ્ન, શિક્ષણ જરૂરિયાતવાળા અને લાયકને સહાય જેવા સામાજિક સુધારાઓ માટે હિમાયત કરી હતી. તેમના એક સમકાલીન રામકૃષ્ણ પરમહંસે શરૂ કરેલ ભક્તિ પ્રવાહ રેખાને નકારી કાઢી. એમ જાણવા મળ્યું હતું કે રામકૃષ્ણે ઈશ્વરચંદ્રને સામાજિક સુધારા બાબતમાં આગળ ન વધવા સૂચવ્યું હતું, કેમ કે તેનાથી દૈવી નિયમમાં હસ્તક્ષેપ થાય છે. ઈશ્વરચંદ્રે ભક્તિનો સિદ્ધાંત સ્વીકાર્યો નહિ. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે સંસ્કૃત સાહિત્યમાં કંઈક ખૂટે છે અને સ્નાતકો માટે તૈયાર કરેલા પાઠ્યક્રમમાં પશ્ચિમના તત્વજ્ઞાનીઓનો પણ સમાવેશ કરવો. વિદ્યાસાગર વિધવા પુનર્લગ્નના સંબંધમાં એકવાર એટલા બધા ખીજાઈ ગયા હતા કે તે સંપૂર્ણ તિરસ્કાર સાથે એવું બોલ્યા હતા કે "જે દેશમાં માણસોને દયા ન હોય, ધર્મ ન હોય, સાચા ખોટાની સમજ ન હોય; લાભદાયી અને નુકસાનકારક વચ્ચે ભેદ પાડવાની શક્તિ ન હોય અને જે રૂઢિગત હોય તેને જાળવવામાં એકલી ફરજ - એકલો ધર્મ ગણવામાં આવતો હોય તેમાં દુર્ભાગી અબળા

જન્મવી ન જોઈએ. કયા પાપને કારણે સ્ત્રીઓએ ભારતવર્ષમાં જન્મ લેવો જોઈએ ?.... ઓ, દુર્ભાગી સ્ત્રીઓ, તમે કયાં પાપ કર્યાં હતાં કે જ્યાં માણસો આટલા બધા અસંવેદનશીલ હોય તેવા આ દેશમાં તમારે જન્મવું પડ્યું ? રાઈટિંગ સોશ્યલ હિસ્ટ્રી (સામાજિક ઇતિહાસ લખવો), સુમિત સરકાર, ઓક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ, પાનું ૨૯૭)

## ૨.૩.૪ સ્વામી વિવેકાનંદ

રામકૃષ્ણ પરમહંસના ખ્યાતનામ શિષ્ય સ્વામી વિવેકાનંદે એવી દલીલ કરી હતી કે ભારતને મજબૂત બનાવવા માટે આપણે બે પદ્ધતિઓ : હિંદુવાદ અને ઇસ્લામના સંગમ (Confluence) - વેદાંતી મગજ અને ઇસ્લામ દેહની જરૂર છે. તેમને લાગ્યું હતું કે ભારતમાં શિક્ષણને ટોચ અગ્રતા આપવી, જેથી જ્ઞાતિભ્રષ્ઠ (Out Caste) પણ બ્રાહ્મણો સાથે સમાન બની શકે. "બ્રાહ્મણેત્તર જ્ઞાતિઓને હું ઉતાવળ ન કરવા અને રાહ જોવા જણાવું છું. તેમણે કહ્યું, બ્રાહ્મણો સાથે લડવાની દરેક તક પકડશો નહિ, કેમ કે મેં દર્શાવ્યું હતું તેમ તમે તમારા દોષ માટે સંઘર્ષ કરી રહ્યા છો. તમને આધ્યાત્મિકતા અને સંસ્કૃત શીખવાની ઉપેક્ષા કરવાનું કોણે કહ્યું હતું ? આ બધો સમય તમે શું કરતા હતા ? તમે બિનકાર્યક્ષમ કેમ રહ્યા છો ? બીજા કોઈકને તમારા કરતા સારું મગજ, વધારે શક્તિ છે ? તે વધારે મેળવીને જાય છે તે કારણે તમે હવે કેમ ચીડાઈને આગ ઓકો છો ? સમાચારપત્રોમાં વ્યર્થ ચર્ચા અને તકરાર કરવામાં શક્તિ વેડફવાને બદલે, તમારા ઘરમાં લડવા-ઝઘડવાના પાપ કર્મને બદલે બ્રાહ્મણોએ જે સંસ્કૃતિ રચી તે પ્રાપ્ત કરવામાં તમારી બધી શક્તિનો ઉપયોગ કરો. તમે સંસ્કૃતના વિદ્વાન કેમ બનતા નથી. તે પ્રશ્ન છે. તમામ જ્ઞાતિઓ માટે સંસ્કૃત ભાષાનું જ્ઞાન સુલભ કરવાં માટે તમે લાખો રૂપિયા કેમ ખર્ચતા નથી. તે પ્રશ્ન છે. જે ક્ષણે તમે આ બધી વસ્તુ કરશો તે ક્ષણે તમે બ્રાહ્મણોની સમાન બની રહેશો. ભારતમાં શક્તિનું રહસ્ય આ જ છે. સ્વામી વિવેકાનંદ (ઓન ઇન્ડિયા એન્ડ હર પ્રોબ્લેમ્સ (ભારત અને તેના પ્રશ્નો), અદ્વૈત આશ્રમ, કલકત્તા, પાનું ૭૦)

## ૨.૩.૫ ન્યાયમૂર્તિ રાનડે

દેશના બીજા ભાગોમાં, દાખલા તરીકે મુંબઈ ઇલાકામાં, હિંદુ સમાજ પાસે વિવેકાનંદે જેવું કોઈ ન હતું. ન્યાયમૂર્તિ રાનડેને સામાજિક સુધારાના પ્રશ્નો અંગે સહાનુભૂતિ હતી. તેમણે પુનરુત્થાનવાદ (Revivalism)નો વિરોધ કર્યો. તેમણે જણાવ્યું "આપણે શાનું પુનરુત્થાન કરીશું ? તે જૂના દિવસોના માણસો અને દેવો અતિશય પ્રમાણમાં એવી નિષિદ્ધ વસ્તુઓ ખાતા-પીતા હતા કે કોઈપણ પુનરુત્થાનવાદી હવે તેની ભલામણ કરવાનું સાહસ નહિ કરે. આપણે ૧૨ સ્વરૂપના દીકરા કે આઠ સ્વરૂપના લગ્નોનું પુનરુત્થાન કરીશું ? આવાં લગ્નોમાં તો અપહરણ કરી લાવેલી સ્ત્રી સાથે લગ્ન સ્વીકૃત હતાં તેમજ મિશ્ર અને ગેરકાયદેસરનો (લગ્નબાહ્ય) સંભોગ પણ સ્વીકૃત હતો. આપણાં ભાભી વિધવા બને ત્યારે તેના દીકરા જન્મવાની નિયોગ પદ્ધતિનું આપણે પુનરુત્થાન કરીશું ? ઋષિઓ અને ઋષિની પત્નીઓએ લગ્નના બંધનમાં લીધેલી જૂની છૂટછાટનું આપણે પુનરુત્થાન કરીશું ? વર્ષના શરૂઆતથી વર્ષના અંત સુધી પશુઓનો બલિ ચડાવતો હતો તે બલિપ્રથાનું આપણે પુનરુત્થાન કરીશું ? તેમાં તો આરાધક બલિ તરીકે માણસો પણ બાકાત રખાતા ન હતા.

## ૨.૩.૬ તિલક અને ફુલે

ભારતની બ્રિટિશ સરકારે કાયદો કરીને બાળલગ્ન પર પ્રતિબંધ મૂકવા વિચાર્યું. તિલકે તેનો સંપૂર્ણ વિરોધ કર્યો અને દેશમાં એવો જનમત ઊભો કર્યો કે બ્રિટિશ સરકારને હિંદુ પદ્ધતિમાં સુધારા કરવાની પરવાનગી આપવી જોઈએ નહિ. તેમણે શાહી સરકારની વિરુદ્ધની ચળવળમાં સામાન્ય માણસોને ખેંચવા માટે ગણપતિ જેવાં હિંદુ પ્રતીકનો ઉપયોગ કરવાની જાહેરાત કરી. એવી યોગ્ય દલીલ કરવામાં આવે છે કે ગણપતિ હિંદુ પુનરુત્થાનના પ્રતીક બન્યા અને સ્વતંત્રતાની ચળવળમાં મુસ્લિમો વિમુખ બન્યા મુંબઈ પ્રાંતમાં વધુ સારા જીવન અને વધારે સારી તક માટે દલિતો (અનુસૂચિત જાતિઓ)નું પ્રથમ આંદોલન થયું. મહાન સુધારક જ્યોતિબા ફુલેએ બ્રાહ્મણવાદ સામે માથું ઉંચક્યું અને હિંદુ પ્રથાને કારણે જ સામાજિક રીતે વંચિત કોમો થઈ હોવાનું કારણ આગળ ધર્યું. ૧૮૮૫ માં નિવૃત્ત બ્રિટિશ સનદી અધિકારી એ ઓ. હ્યુમની નેતાગીરી હેઠળ દેશના થોડાક સમૃદ્ધ નાગરીકોએ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની સ્થાપના કરી ત્યારે જ્યોતિબા ફુલે મુંબઈ પ્રાંતના સામાન્ય માણસ તરીકે પહેરવેશ પહેરીને થોડીકવાર દૂર ઊભા રહ્યા અને દલિતો માટે નોકરીમાં અનામત જગ્યાઓ માટે ગવર્નરને આવેદન પત્ર આપવા વિચાર્યું.

સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે તિલક બ્રાહ્મણી ચેષ્ઠાઓનું પ્રતિનિધિત્વ કરતા હતા અને ફુલે દલિતોની ચેષ્ઠાઓ રજૂ કરતા હતા. આ ફકરો જુઓ. 'ફુલએ બ્રાહ્મણોની સર્વોપરિતાના ધર્મશાસ્ત્રીય

સિદ્ધાંતો પર અને સામાજિક વર્તણૂકની તેમની સંહિતા પર જોરદાર આક્રમણ કર્યું. તેઓએ શોધ કરીને બ્રાહ્મણી પદ્ધતિની સામાજિક આંતરક્રિયાની ખલનાયકીનું સાચું અર્થઘટન કર્યું. તેમણે જણાવ્યું કે આમાં બ્રાહ્મણોની સર્વોપરિતા સીધી રીતે સંકળાયેલી હતી અને શૂદ્રોના દાસત્વથી તેને સમર્થન મળ્યું હતું.'

(જ્યોતિબા ફુલે અને સામાજિક ક્રાંતિની વિચારધારા, ગેલ ઓમ્વેકૃત, ઇકોનોમિક એન્ડ પોલિટિકલ વીકલી, ૧૧મી સપ્ટેમ્બર, ૧૯૭૧, પાનાં ૧૯૬૯-૭૧૭)

**તમારી પ્રગતિ ચકાસો - ૧**

૧ ૧૯મી સદીમાં માનવહકની પરિસ્થિતિમાં રામમોહન રોયનું શું પ્રદાન હતું ?

..........................................................................

..........................................................................

..........................................................................

૨. બંકિમચંદ્ર ચેટર્જીની પુનરુત્થાનવાદી તરીકે ભૂમિકાની ચર્ચા કરો.

..........................................................................

..........................................................................

..........................................................................

૩. માનવહકના ઉત્તમ રક્ષક તરીકે ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરના દાવાને વાજબી ઠરાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

૪. વિવેકાનંદે બ્રાહ્મણેતરોનું સું સલાહ આપી હતી ?

..........................................................................

..........................................................................

..........................................................................

૫. રાનડેએ પુનરુત્થાનવાદનો વિરોધ કેમ કર્યો ?

..........................................................................

..........................................................................

..........................................................................

૬. હિંદુ પદ્ધતિમાં તિલક અને ફુલેના અભિગમ સરખાવો અને તેના તફાવત બતાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

## ૨.૪ મુસ્લિમ સુધારાવાદીઓ (Muslim Reformist)

સુધારાવાદી ઝુંબેશનો ગડગડાટ મુસ્લિમ કોમને પણ સંભળાયો હતો. મુસ્લિમોએ પણ સામાજિક સુધારા કરવાનું પસંદ કર્યું. તેમને લાંબા સમય સુધી પશ્ચિમી સંસ્કૃતિ અને શિક્ષણની અસર થઈ ન હતી. નેતાઓ પશ્ચિમી વિચારોનો ઉગ્ર રીતે વિરોધ કરતાં. તેઓ બ્રિટિશ શાસકોની વિરુદ્ધ હતા, કેમ કે તેમની સત્તા લઈ લઈને, તેમને બાજુમાં ધકેલી દીધા હતા. જોકે, તેમને ધીમે ધીમે ભાન થયું કે બ્રિટિસ શાસકોની મદદ અને મહેરબાની વગર તેમનો વિકાસ રૂંધાઈ જશે. આની પ્રતીતિ થતાં તેમણે બ્રિટિશ સાથે સમાધાન કેળવ્યું.

સર સૈયદ અહમદ અને મૌલાના આઝાદ આ કારણના સમર્થક તરીકે ઊભા રહ્યા.

### ૨.૪.૧ સર સૈયદ અહમદ

સર સૈયદ અહમદે અલિગઢ મુસ્લિમ યુનિવર્સિટી સ્થાપીને મુસ્લિમોની અલિપ્તતા તોડવા વિચાર્યું. તેમણે મુસ્લિમોને યુરોપિયન શિક્ષણ અને જ્ઞાન મેળવવા માટે સફળતાપૂર્વક સમજાવ્યા અને હિંદુઓની ઊંચી કોમોની જેમ બ્રિટિશ વહીવટમાં ભાગ લેવાની પ્રેરણા આપી. સર સૈયદ અને અહમદ સમૃદ્ધિમાં

ઊછર્યા હતા અને ૧૯મી સદીના મહાન સુધારાવાદી હતા. તેમની માતા કડક શિસ્તવાળી અને ધાર્મિક સદ્ગુણવાળી ઉમદા સ્ત્રી હતી. તેમના શિક્ષણે તેને આદર્શ વાદની સમજ આપી. તેઓ મક્કમ વાસ્તવવાદી બન્યા. તે વહેમોને સખત રીતે ધિક્કારતા હતા. તેઓ ૧૮૫૭ ના બળવાના નજીકના સાક્ષી હતા. તેમણે તે અંગે પુસ્તક લખ્યું હતું. તેમાં તેમણે જણાવ્યું હતું કે ભારતીયોને કાયદા ઘડવાથી દૂર રાખ્યા તે બળવાનું મુખ્ય કારણ હતું. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે ભારતીય લોકોનો પરિષદમાં અવાજ હોવો જોઈએ. બ્રિટિશ લોકોને તેમના વિચારોની ઘણી સારી છાપ પડી. તે મૂળભૂતવાદી ન હતા. તેઓ હિંદુ અને મુસ્લિમ બન્ને માટે વિકાસની સમાન તક ઇચ્છતા હતા. શિક્ષણના ક્ષેત્રમાં તેમનું પ્રદાન શાશ્વત રહેશે.

## ૨.૪.૨ મૌલાના અબુલ કલામ આઝાદ

મૌલાના અબુલ કલામ આઝાદ બીજા ખ્યાતનામ મુસ્લિમ સુધારક હતા. તેમણે અંગ્રેજી વિરોધી ચળવળની સંકુચિતતા સામે દેશવાસીઓને સાવધાન કર્યા હતા. તેમણે જણાવ્યું, "પ્રગતિમાં સંકુચિત માનસથી વધારે મોટો કોઈ અંતરાય નથી. શરૂ થયેલા સ્વતંત્રતાના નવા યુગમાં, આપણી આ રોગમાંથી મુક્ત થવાની ફરજ છે. રાષ્ટ્રીય જીવનના તંદુરસ્ત વિકાસ માટે પડકારરૂપ આથી મોટો બીજો કોઈ ભયંકર રોગ નથી. તે વિચાર અને કાર્યના દરેક ક્ષેત્રમાં દેખા દે છે. અભિનેતાની જેમ તે છૂપા વેશમાં પોતાને છૂપાવે છે. ધર્મના સામ્રાજ્યમાં તે અંધશ્રદ્ધાના રૂપમાં દેખાય છે અને રૂઢિચુસ્તતાના નામે આપણને છેતરે છે. શિક્ષણ અને સંસ્કૃતિમાં, તે આપણા રાષ્ટ્ર અને દેશની એકતાના સુવાંગ નામ હેઠળ આપણને અપીલ કરે છે. આવાં છેતરામણાં નામથી આપણે આકર્ષવાનું નહિ તેમ તે કહે છે. આપણે યાદ રાખવું જોઈએ કે આ બધાનું મૂળ કારણ સંકુચિત મગજ સિવાય કંઈ નથી.

આ મહાન માણસના ઉપર જણાવેલા અને નીચેના શબ્દો માનવજાત, વિશેષતયા તેમના દેશવાસીઓ અને તેમના હક અંગે તેમની ચિંતાનો નિર્દેશ કરે છે. આ વિચારો તેમનું સાર્વત્રિકવાદ અને વિશ્વજનીન માનસ દર્શાવે છે. તેમની નિખાલસતા અને ઉદારમતે ભારતી રાષ્ટ્રીયોના મગજમાં તાજી હવા ભરી. તેમણે તેમના સમયની ખરાબ બાબતોના ઉપચાર માટે રાષ્ટ્રીયવાદ અને સાર્વત્રિકવાદના ન્યાયપૂર્ણ અને યોગ્ય મિશ્રણને ઉચિત ગણાવ્યું. હવે આપણે જોઈએ : માણસ વિચાર અને કાર્યના ક્ષેત્રમાં હંમેશાં આત્યંતિક બનવાનું વલણ ધરાવે છે. તે ભાગ્યે જ મધ્યમ માર્ગે જાય છે અને ત્યાં તે ગોથું ખાઈ જાય છે. આપણા શિક્ષિત યુવાનો તેમનાં ભાષા, પહેરવેશ, રીતભાત વગેરેમાં અંગ્રેજોનું અનુકરણ કરવામાં ખોવાઈ ગયા તેને ઘણાં વર્ષ નથી થયાં. તેમને તેમના વારસાનો ખ્યાલ ન આવ્યો. તેમાંના કેટલાક શેક્સપિયર, મિલટન, ગોથે અને વર્ડઝવર્થને ટાંકવામાં હંમેશાં તત્પર હતાં. પરંતુ તેમને વાલ્મિકી, કાલિદાસ, ખુશરો અથવા અનિસ માટે કોઈ પ્રેમ ન હતો. ત્યારબાદ મહાત્મા ગાંધીની નેતાગીરી નીચેની રાષ્ટ્રીય ચળવળે નવો વળાંક લીધો અને બ્રિટિશનું અનુકરણ કરવાનું ઓસરવા માંડે એવો સમય આવ્યો. પરંતુ મેં જોયું કે મારા દેશબંધુઓ બીજી ભૂલ કરવાની તૈયારીમાં હતા. અગાઉ તેઓ ભેખડની એક ધાર પર હતા અને હવે તેઓ બીજી આત્યંતિકતા પર કૂદકો મારવા માગે છે. ભારતીય રાષ્ટ્રીયવાદને મિલટન કે શેક્સપિયર સાથે કંઈ લેવાદેવા નથી. કેટલાંક સ્થળોએથી મને સાંભળવા મળે છે કે સાચા રાષ્ટ્રીયવાદી બનવા માટે તમે તમારા પોતાના દેશની ભવ્ય અને ગૌરવવંતી સંસ્કૃતિને ભૂલી જાઓ તેટલી હદ સુધી આધુનિક સંસ્કૃતિ કે સાહિત્યનો પાસ આપણને લાગવો જોઈએ નહિ. તેજ પ્રમાણે પશ્ચિમી શિક્ષણ અને સંસ્કૃતિનાં પ્રકાશનાં કિરણો પ્રવેશી ન શકે તેવા પાંજરામાં તમારી જાતને મૂકી દો તે પણ તેટલું જ ખોટું થશે. તમે તમારી દુન્યવી વસ્તુઓ રાષ્ટ્રીય અને ભૌગોલિક હદની અંદર બંધ કરી શકશો, પરંતુ શિક્ષણ અને સંસ્કૃતિ પર સીલ કરી શકશો નહિ એ ભૂલશો નહિ. તેના માટે કોઈ પ્રાદેશિક હદ નથી. તે રાષ્ટ્રીયતાથી પર છે. તે બધું જાતિ, વર્ણ કે જૂતના તનાવથી મુક્ત છે. તેનો ઉદ્ભવ દુનિયાના કોઈ ભાગમાં થયો હશે, પરંતુ હાલ તે બધા દેશ અને રાષ્ટ્રોનો સમાન વારસો છે. શેક્સપિયર ઇંગ્લેન્ડમાં જન્મ્યો હતો એ સાચું, પરંતુ શેક્સપિયરની અમર કૃતિઓ બધા દેશ માટે છે. ઇંગ્લેન્ડ ઇચ્છે તો પણ તે શેક્સપિયરને પોતાના પૂરતો રાખી શકે નહિ. કાલિદાસ ભારતીય રાષ્ટ્રીય હતા તેમ કાલિદાસનાં નાટકો પણ ભારતીય રાષ્ટ્રીય હતાં તેમ તમે વિચારો છો ? તના પર કોઈ વિદેશીનો હક નથી એમ તમે વિચારો છો ? (તેજ પ્રમાણે, પાનું ૧૩૯)

તમારી પ્રગતિ ચકાસો-૨

૧. મુસ્લિમ સુધારાવાદી તરીકે સર સૈયદ અહમદનું સ્થાન સમજાવો.

........................................................................................................

........................................................................................................

........................................................................................................

૨. ભારતીય રાષ્ટ્રીયવાદ અંગે મૌલાના આઝાદના વિચારો કયા હતા ?

........................................................................................................

........................................................................................................

........................................................................................................

## ૨.૫ નિર્ણાયક નેતાગીરી (The Decisive Lead)

૧૯૨૦માં બાળ ગંગાધર તિલકનું મૃત્યુ થયું તેના આશરે એક વર્ષ અગાઉ તેમણે સ્વતંત્રતાની લડત જેમની નેતાગીરી હેઠળ ચલાવવામાં આવશે તેવા નેતા તરીકે ગાંધીને રજૂ કર્યા. ગાંધીએ તેમના વિશ્વાસને છેહ દીધો નહિ. તેઓ સંઘર્ષને ઇચ્છિત અંત સુધી લઈ ગયા. તેમને બી. આર. આંબેડકર જેવા મહારથીઓનું સારું સમર્થન મળ્યું. આંબેડકર બીજી બાબતોની સાથોસાથ દલિતોના માનવહક માટે લડ્યા. ભારતમાં સામાન્ય પ્રજા માટે માનવહક પ્રાપ્ત કરવા અને સુનિશ્ચિત કરવાના રૂપમાં ૧૯૪૭માં સ્વતંત્રતાની પ્રાપ્તિ સૌથી મહાન વિજય હતો. જોકે , તેની કિંમત ભારે ચૂકવવી પડી. મહાન સામ્યવાદી નેતા એમ.એન. રોયે વૈદિક હિંદુવાદ, દૈવી મંજૂરી ધરાવતી અસમાનતા અને કોમવાદને વખોડી કાઢ્યો. માનવહકનો ભંગ કરે તેવી કોઈપણ બાબતની તેમણે ટીકા કરી અને વખોડી કાઢી. આપણે ઉપરના મહાનુભાવોના પ્રદાનને અલગ શીર્ષક હેઠળ વિચારીએ.

### ૨.૫.૧ મહાત્માનો ઉદય

મોહનદાસ કરમચંદ ગાંધી (મહાત્મા ગાંધી) ૨૦મી સદીના પ્રારંભના દસકાઓમાં ભારતીય ફલક પર દેખાયા. રાજકીય ઝુંબેશ માટે લોકોને જીતી લેવા ધાર્મિક પ્રતીક વાપરવા માટે તે વિરુદ્ધ ન હતા. એક બાજુએ તે હિંદુઓને ખુશ રાખવા, રામરાજ્ય, ગીતા અને વૈષ્ણવ ધર્મની વાત કરતાં અને બીજી બાજુએ મુસ્લિમોને જીતી લેવા ખિલાફત ચળવળનો ઉપયોગ કરતાં. તે ચતુર્વર્ણમાં દઢપણે માનતા. પરંતુ અસ્પૃશ્તાની પ્રથાની વિરુદ્ધ હતા. પરંતુ, એ પણ હકીકત છે કે ગાંધી સિવાય કોઈ કોંગ્રેસી નેતાએ સ્વતંત્રતાની લડત દરમિયાન જ્ઞાતિ અને અસ્પૃશ્યતાનો મુદ્દો ઉઠાવ્યો ન હતો. ગાંધીજીને તેમના સાથીઓના દબાણ હેઠળ મંદિર પ્રવેશ અને અસ્પૃશ્યતા નાબૂદી ઝુંબેશ પાછી ખેંચી લેવાની ફરજ પડી હતી તે જાણીતી હકીકત છે. સંખ્યાબંધ પ્રસંગોએ તેમણે જાહેર કર્યું હતું કે, કોમવાદ અને અસ્પૃશ્યતા અનુસૂચિત જાતિના પ્રશ્નનાં આ બે દૂષણ નાબુદ ન થાય ત્યાં સુધી આપણને બ્રિટિશ પાસેથી સ્વતંત્રતા માગવાનો કોઈ હક રહેતો નથી.

"અસ્પૃશ્યતાના આ દૈત્યે ભારતના સમાજના દરેક સ્વરૂપ પર હુમલા કર્યા હતા. આ સંદેશાનો વિચાર એક હતો કે હિંદુ હિંદુ વચ્ચે અસ્પૃશ્યતા ન હોવા ઉપરાંત હિંદુ, મુસ્લિમ, ખ્રિસ્તી, પારસી અને બાકીના વચ્ચે પણ અસ્પૃશ્યતા ન હોવી જોઈએ. તેમણે કહ્યું કે અસ્પૃશ્યતા અને તેનાં બારીક સ્વરૂપ આપણને અલગ પાડે છે અને લાગે છે કે તે આપણને બિનપ્રેમાળ બનાવે છે. અને પ્રેમાળ બનવાનું મુશ્કેલ બનાવી દે છે. (તે જ પ્રમાણે પાનુ ૨૨)

### ૨.૫.૨ વાઈકૉમ ઝુંબેશ

સ્વતંત્રતાની લડત દરમિયાન તેમજ સ્વતંત્રતા પછી દક્ષિણના નીચેના પ્રદેશના ઈ.વી. રામસ્વામી નાઈકરે દલિતો પર નાખેલા નિયંત્રણો દૂર કરવાની માંગણી કરી ને તેમના માટે માનવહકનું કારણ આગળ ધર્યું. તેમણે વાઈકૉમ નગરમાં પાદરીના આદેશ સામે પ્રખ્યાત 'વાઈકૉમ ઝુંબેશ' ચલાવી. ગાંધીજી આ ઝુંબેશ ન ચલાવવા માટે સમજાવવા દોડી ગયા. આમ, હાલ દ્રવિડ ઝુંબેશ તરીકે ઓળખાતી આ ઝુંબેશ આ મુદ્દા પરથી ઉછળી અને સંપુર્ણ મદ્રાસ રાજ્ય (હાલનું તમિલનાડુ) અને દક્ષિણ ભારતના ભાગમાં ફરી વળી.

નાઈકરે બ્રાહ્મણી ધર્મનો સીધેસીધો અસ્વીકાર કર્યો અને તેમના લોકોને સ્વદેશી સંસ્કૃતિ અને ધર્મ શોધી કાઢવા માટે સમજાવ્યા. તેમણે કહ્યું કે, "હિંદુવાદ અમને શૂદ્ર તરીકે ગણાવતો હોય, તો અમે હિંદુ ધર્મનો નાશ કર્યા સિવાય શું કરી શકીએ? બ્રિટિશ શાહીવાદને હાંકી કાઢવાના આ ભીષણ જંગમાં અમે શા માટે ઝંપલાવીએ? બ્રિટિશરોએ ધારણ કરેલ હોદ્દા ઘસડી જવા ફક્ત બ્રાહ્મણ કોમને સંપૂર્ણ હક આપવા માટે તે છે? દેશની સરકારમાં ભાગ લેવા બધી કોમોને લઈ ન શકીએ ત્યાં સુધી આપણી પાસે બધા લોકો માટેની ખરેખર પ્રતિનિધિરૂપ સરકાર હોઈ શકે નહિ." (કલક્ટેડ વર્ક્સ ઓફ પેરિયાર ઈવીઆર, વોલ્યુમ ૧, પ્રકાશક : પેરિયાર સેલ્ફ રિસ્પેક્ટ પ્રોપેગન્ડા ઇન્સ્ટિટ્યુટ, ચેન્નાઈ પાના ૭૨-૭૩)

કેરળમાં બ્રાહ્મણવાદનો અસ્વીકાર કર્યા સિવાય શ્રી નારાયણ ગુરુએ તેમની કોમ એઝવાસને સામાજિક અને સાંસ્કૃતિક ઉત્કર્ષ માટે પ્રેરણા આપી અને ઘણાં સારાં પરિણામ મેળવ્યાં. ગાંધીજીએ પણ 'હરિજન'માં ૨જી ફેબ્રુઆરી, ૧૯૩૪ના તેમના એક લેખમાં તેમના હેતુઓની પ્રશંસા કરી હતી.

### ૨.૫.૩ દલિતોના સમર્થક

ભારતમાં માનવહકના પ્રશ્નનો સામાજિક અને ધાર્મિક ઝુંબેશના વ્યાપક સંદર્ભમાં અભ્યાસ કરવાની જરૂર છે. ૧૯૨૦થી શરૂ કરીને ડૉ. બી. આર. આંબેડકરે દલિતોના માનવહક માટે એકલા હાથે લડત આપી અને હિંદુ માળખાની અંદર રહીને નિષ્ઠાપૂર્વક પ્રયત્નો કર્યા. તેમણે દલિતો માટે મંદિરનાં દ્વાર ખોલી નાખવાની ઇચ્છા વ્યક્ત કરી. ગામની પાણીની તલાવડી દલિતોને ઉપલબ્ધ થાય તે માટે તેમણે સખત સંઘર્ષ કર્યો. 'મનુસ્મૃતિ' જેવી બ્રાહ્મણી પરંપરા સામે તેઓ અવિરત લડ્યા અને તેમાં સુધારો કરવા તેમણે સવર્ણ હિંદુઓનો ટેકો મેળવવાના પ્રયત્નો કર્યા. તેમણે જ્ઞાતિઓ નાબૂદ કરવાની માંગણી કરી. તેમના મતે તેના લીધે હિંદુઓની એકતા સધાતી નથી. તેમ છતાં સવર્ણોએ તેના પર ધ્યાન ન આપ્યું. તેમનાં જીવનના અંતકાળે તેમણે હતાશ થઈ હિંદુ ધર્મ છોડી દીધો અને બૌદ્ધ ધર્મ અપનાવ્યો. તેમણે દલિતો માટે માનવહક નિશ્ચિત કરવાનાં પગલાં લીધાં. ૩જી ઓક્ટોબર, ૧૯૫૪ના રોજ આકાશવાણી પર વાયુપ્રસારણમાં બૌદ્ધ ધર્મ અપનાવવા માટેનાં કારણો જણાવતી વખતે તેમણે કહ્યું "પોતાનું વર્તન કયા ધોરણથી માપવું તે માટેનું ધોરણ તેનું તત્ત્વજ્ઞાન દરેક માણસ પાસે હોવું જોઈએ. નકારાત્મક રીતે કહીએ તો હું ભગવદ્ગીતામાં રજૂ કરેલાં હિંદુ સામાજિક તત્ત્વજ્ઞાનને નકારી કાઢું છું, કેમ કે તે સાંખ્ય તત્ત્વજ્ઞાનના ત્રિગુણ તત્ત્વજ્ઞાન ર આધારિત છે. મારા મતે કપિલના તત્ત્વજ્ઞાનની તે ક્રૂર વિકૃતિ છે. તેણે વર્ણવ્યવસ્થા અને હિંદુ સામાજિક જીવનના નિયમની ક્રમવાર અસમાનતાની પદ્ધતિનું નિર્માણ કર્યું હતું. વિધેયાત્મક રીતે કહું તો મારી સામાજિક ફિલસૂફી ત્રણ શબ્દોમાં કહી શકાય : સ્વતંત્રતા, સમાનતા અને ભ્રાતૃભાવ. મારી ફિલસૂફીનાં મૂળ રાજનીતિશાસ્ત્રમાં નહિ પણ ધર્મમાં રહેલાં છે. મેં તે મારા સર્વોચ્ચ ગુરુ બુદ્ધના શિક્ષણમાંથી મેળવ્યાં છે. (ધી લીગસી ઑફ ડૉ. આંબેડકર, ડી. સી. આહીર, બી. આર. પબ્લિશિંગ કોર્પોરેશન, દિલ્હી, ૧૯૯૦, પાનાં ૨૦ થી ૨૨)

### ૨.૫.૪ સામ્યવાદી પરિબળ

ડૉ. આંબેડકરના બીજા સમકાલીન ખ્યાતનામ સામ્યવાદી નેતા એમ.એન. રોય હતા. તેઓ હિંદુ સંસ્કૃતિમાં અસમાનતા માટે આપેલી દૈવી સ્વીકૃતિને વખોડી કાઢવામાં સ્પષ્ટ હતા. રોય એક જ એવા સામ્યવાહી હતા. જે વૈદિક હિંદુવાદ પર તૂટી પડ્યાં હતાં. તેમણે દર્શાવ્યું હતું કે, "આધ્યાત્મિક સંસ્કૃતિ એ ભારતની આમ પ્રજાને, તેમનું ધ્યાન સામાજિક અનુચિતતા કે અસમાનતા પ્રત્યે દોરવામાં આવે ત્યારે તે જેને અધીન છે તે એકજ હાથની પાંચ આંગળીઓના કદના તફાવત બતાવવાનું શીખવ્યું હતું. તેમને તેમની ગુણવત્તાને યોગ્ય સ્થિતિ છે તેમ સ્વીકારવા શીખવ્યું હતું." તેમને તેમના દુર્ભાગ્ય સાથે સમાધાન કેળવવા શીખવવા ઉપરાંત સ્થાપિત સામાજિક ક્રમને ઈશ્વરીય નિયમની અભિવ્યક્તિ તરીકે જોવાનું શીખવ્યું હતું. ભારતની વિશિષ્ટ બુદ્ધિ પ્રતિભાએ નિર્માણ કરેલી વર્ણવ્યવસ્થા આ સિદ્ધાંત પર આધારિત હતી. ફાસીવાદના તત્ત્વવેત્તાને જ્ઞાતિના આર્ય ભાવનાની પ્રેરણા મળી હતી. તેમણે તે વખતે એવું સૂચન કર્યું કે "એશિયા અને આફ્રિકાના બર્બરોને આયાત કરી શકાય, જેથી અસંસ્કૃત દુનિયા સતત સંસ્કૃતની સેવામાં રહે. શા માટે નહિ?" આર્ય બ્રાહ્મણોએ તેમના લડાયક મિત્રોની મદદથી ભારતની આદિમ જાતિની વસ્તીના મોટા સમૂહને શૂદ્રોની કાયમી ગુલામીમાં રાખ્યા હતા કે નહિ? વર્ક્સ ઓફ એમ.એન. રોય, વોલ્યુમ ૪, ઓક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ ૧૯૯૭, પાનું ૪૩૭)

હિંદુ-મુસ્લિમનો કોમવાદનો પ્રશ્ન હલ કરવા માટે રોય ૧૯૩૧-૩૬માં જેલમાં હતાં ત્યારે તેમણે "હિસ્ટોરિકલ રોલ ઓફ ઇસ્લામ" (ઇસ્લામની ઐતિહાસિક કામગીરી) નામનું પુસ્તક લખ્યું હતું. જ્ઞાતિ અને અસ્પૃશ્યતાની જેમ કોમવાદ આપણા દેશમાં માનવહક ભંગનું તદ્દન ધૃણાસ્પદ સ્વરૂપ છે. રોય

આપણને યાદ દેવડાવે છે કે ઇસ્લામે ભારતમાં પગપેસારો કર્યો તે પહેલાં પ્રગતિશીલ કામગીરી કરી હતી. બ્રાહ્મણી પ્રતિક્રિયાના ભોગ બનેલાઓએ તેને આશા અને સ્વતંત્રતાના સંદેશા તરીકે આવકાર્યા હતો. તેણે બૌદ્ધ ક્રાંતિને ઉથલાવી પાડી હતી. તેને પરિણામે ભારત સમાજમાં અરાજકતાની સ્થિતિ પ્રવર્તી હતી. "મુસલમાનો મોટી સંખ્યામાં ન હોવા છતાં આટલા લાંબા સમય સુધી આ વિશાળ દેશ પર શાસનની વ્યવસ્થા કેવી રીતે કરી અને લાખો લોકોએ નવા ધર્મમાં કેમ ધર્માંતર કર્યું. હકીકત એ છે કે મુસલમાનોએ ભારતીય સમાજની કેટલીક ઉદ્દેશલક્ષી જરૂરિયાતો સંતોષી હતી." એમ. એન. રોયે આ પુસ્તક એવી દૃઢ માન્યતા પરથી લખ્યુ હતું કે "માનવ સંસ્કૃતિમાં ઇસ્લામના પ્રદાનની જાણકારી અને તે પ્રદાનના ઐતિહાસિક મૂલ્યની કદર હિંદુઓને તેમના ઉદ્દંડ આત્મસંતોષથી આઘાત પહોંચાડશે અને તે અપનાઈ રહ્યા છે તે ધર્મની સાચી ભાવના સાથે સંમુખ લાવીને આજના મુસલમાનોની સંકુચિત મનોવૃત્તિમાં સુધારો કરશે."

**તમારી પ્રગતિ ચકાસો-૩**

૧. ગાંધીજીએ કયાં બે દૂષણ દર્શાવ્યા હતાં ? આ દૂષણો માટે તેમનો કયો અભિગમ હતો ?

.....................................................................................

.....................................................................................

.....................................................................................

૨. વાઈકોમ ઝુંબેશ પર ટૂંકી નોંધ લખો.

.....................................................................................

.....................................................................................

.....................................................................................

૩. દલિતોના સમર્થક તરીકે બી. આર. આંબેડકરની ખ્યાતિ વર્ણવો.

.....................................................................................

.....................................................................................

.....................................................................................

૪. એમ.એન. રોયે ઇસ્લામ વિશે શું કહ્યું ?

.....................................................................................

.....................................................................................

.....................................................................................

## ૨.૬ ભારતીય વચનો (The Indian Promises)

૧૯૩૦ના પ્રારંભમાં મુસ્લિમો અને દલિત વર્ગોની માગણીના પ્રતિભારૂપે બ્રિટિશ સરકારે લંડનમાં ગોળમેજી પરિષદ યોજી અને મુસ્લિમો તથા દલિત વર્ગો માટે અલગ મતદારમંડળ આપ્યું. મુસ્લિમોને અલગ મતદારમંડળ મળે તે સામે ગાંધીએ વાંધો ન લીધો, પરંતુ દલિતોને અલગ મતદાર મંડળ મળે તે સામે ગાંધીજીએ ખૂબ વિરોધ કર્યો. તે પુણેમાં આમરણ ઉપવાસ પર ઊતર્યા અને દલિત વર્ગો માટે અલગ મતદારમંડળની તેમની માગણી છોડી દેવા ડૉ. આંબેડકર પર દબાણ લાવવામાં આવ્યું. એક કરાર કર્યો અને બન્નેએ તેના પર સહી કરી, ઘણું કરીને ડૉ. આંબેડકરના વ્યક્તિગત પ્રયત્નોથી ૧૯૫૦માં સ્વતંત્ર ભારતનાં સંવિધાનમાં દલિતો સહિત પછાત વર્ગો અને લઘુમતીઓને અનેક છૂટછાટ મળી. આ સંવિધાન ભારતીય વસ્તીના જુદા જુદા વિભાગો માટે માનવહકના મૂળ સ્રોત તરીકે ચાલુ રહ્યું છે.

ભારતીય સંવિધાનના ઘડવૈયા ડૉ. બી.આર. આંબેડકર ભારતીય સમાજે સામનો કરવા પડતા પ્રશ્નોને સારી રીતે જાણતા હતા અને યોગ્ય અને ન્યાયી સમાજ માટે એકલું કાયદેસર સશક્તિકરણ શક્ય નહિ બને તેવું પણ તે જાણતા હતા. તેમણે કહ્યું કે "૨૬મી જાન્યુઆરી, ૧૯૫૦ના રોજ આપણે વિરોધાભાસી જીવનમાં પ્રવેશીએ છીએ. રાજકારણમાં આપણે એક માણસ એકમત અને એક મત એક મુલ્યના સિદ્ધાંતને માન્ય રાખીશું. આપણા સામાજિક અને આર્થિક જીવનમાં આપણા સામાજિક અને આર્થિક માળખાના કારણે એક માણસ એક મૂલ્યનાં સિદ્ધાંતને ઈન્કારવાનું ચાલુ રાખીશું. આપણે વિરોધાભાસનું જીવન ક્યાં સુધી ચાલુ રાખી શકીશું ? આપણાં સામાજિક અને આર્થિક જીવનમાં સમાનતાને કેટલા સમય સુધી

ઈન્કારવાનું ચાલુ રાખીશું ? આપણે તેનો લાંબા સમય માટે ઈન્કાર કરવાનું ચાલુ રાખીએ, તો આપણે આપણી રાજકીય લોકશાહીને જોખમમાં મૂકીને જ તેમ કરી શકીશું. આપણે શક્ય તેટલી વહેલી તકે આ વિરોધાભાસ દૂર કરી દેવાં જોઈએ, નહિતર અસમાનતાને કારણે જેમને વેઠવું પડે છે તે આ સભાએ ખૂબ મહેનત કરીને નિર્માણ કરેલા રાજકીય લોકશાહીના માળખાને ઉડાડી મૂકશે."

ભારતના સંવિધાને વિચાર, અભિવ્યક્તિ, માન્યતા, આસ્થા અને પૂજાની સ્વતંત્રતાની અને દરજ્જા અને તકની સમાનતાની ખાતરી આપી છે. કલમ ૨૧ જાહેર કરે છે કે "કાયદાથી સ્થાપિત કાર્યવાહી મુજબ હોય તે સિવાય, કોઈ વ્યક્તિને જીવન... વ્યક્તિગત સ્વતંત્રતાથી વંચિત કરવામાં નહિ આવે." ભારતે નાગરિક અને રાજકીય હક અને આર્થિક-સામાજિક અને સાંસ્કૃતિક હકના બે કરારન સમર્થન આપ્યું છે. ભારતનાં સંવિધાને મૂળભૂત હક અને માર્ગદર્શક સિદ્ધાંતોના પ્રકરણમાં તમામ જરૂરી માનવ અને લોકશાહી હકની જોગવાઈ કરી છે. પરંતુ તેમ છતાં, કેન્દ્ર સરકાર અને જુદી જુદી રાજ્ય સરકારોએ મનસ્વી ધરપકડો કરી હતી અને નિવારક અટકાયત અધિનિયમ, ૧૯૫૦, ભારત સંરક્ષણ નિયમો, ૧૯૬૨, આંતરિક સુરક્ષા જાળવણી અધિનિયમ, ૧૯૫૮, ત્રાસવાદ અને ભાંગફોડ પ્રવૃત્તિ વિરોદી અધિનિયમ (ટાડા) જેવા લોકશાહી વિરોધી કાયદા પસાર કર્યા હતા. સ્વતંત્ર ભારતમાં તત્કાલીન પ્રધાનમંત્રી ઈંદિરા ગાંધીએ ૨૬મી જૂન ૧૯૭૫ના રોજ નાખેલી કુખ્યાત કટોકટી દરમિયાન નાગરિક સ્વતંત્રતાની ઝુંબેશ અસ્તિત્વમાં આવી. સ્વ. જયપ્રકાશ નારાયણ, શિક્ષણકારો (academics), માધ્યમની વ્યક્તિઓ, જ્યુરી અને કર્મશીલો સહિત દેશના સંખ્યાબંધ ચિંતિત નાગરિકોએ હાથ મિલાવ્યા અને નાગરિક સ્વતંત્રતા માટે લોકસંઘ (People;s Union for Civil Liberties)ની રચના કરી. તે દેશમાં સૌથી મોટું નાગરિક સ્વતંત્રતા જૂથ હતું. ત્યારબાદ સંખ્યાબંધ સંગઠનો અસ્તિત્વમાં આવ્યા. તેમાં લોકશાહી હક માટે લોકસંઘ (Peole's union for Democretic rights) નો સમાવેશ થાય છે. ૧૯૭૪ના પ્રારંભમાં જયપ્રકાશ નારાયણ અને તેમના સાથીઓએ લોકશાહી માટે નાગરિકો (Citizens for Democrecy)ની સ્થાપના કરી હતી.

રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગની અને રાષ્ટ્રીય મહિલા આયોગ, રાષ્ટ્રીય લઘુમતી આયોગ, રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ આયોગ જેવી બીજી સંબંધિત સંસ્થાઓની રચના થતાં. દેશમાં માનવહક ઝુંબેશ વૃદ્ધિ પામી રહી છે. તેણે લોકો માટે સંપત્તિનાં સ્થાન ખોલી આપ્યાં છે. લોકોને તેમના કાયદેસર હક, તેમના સાંસ્કૃતિક વારસા અને જુદી જુદી સંવિધાન વિષયક સંસ્થાઓ અંગે શિક્ષણ આપવામાં આવતું નથી. તેથી, મૂળ સ્તરે તેમના માનવહક તાલીમ કાર્યક્રમમાં આ બધા પ્રશ્નોને સર્વાંગી રીતે હલ કરવા માટે માનવહક શિક્ષણકારની તાતી જરૂરિયાત છે. ત્યાં આપણે ડૉ. આબેડકરે સંવિધાન સભામાં તેમના વિખ્યાત પ્રવચનમાં આલેખન કર્યું હતું. તેવા સમાજમાં મોટા છટકાં શોધી શકીશું.

**તમારી પ્રગતિ ચકાસો-૪**

૧. ભારતના સંવિધાનનું માનવહક અંગે કયું વચન છે ?

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

૨. માનવહક ઝુંબેશને ગતિ આપવા માટે ભારતમાં આપણી પાસે કંઈ સંસ્થાઓ છે ?

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

૩. આપણા દેશની માનવ હકની સ્થિતિથી તમને સંતોષ છે ? હા કે ના, કારણો આપો.

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

## ૨.૭ સમાપન (Let us Sum up)

આ એકમમાં તમે માનવહકના સંદર્ભમાં ભારતમાં અર્વાચીન સમયનો અભ્યાસ કર્યો. તમે શીખ્યા કે ભારતમાં અર્વાચીન સમય બ્રિટિશ શાસનના આગમન અને અંગ્રેજી શિક્ષણ સાથે યોગાનુયોગ શરૂ થયો. ૧૮૫૭માં ભારતના પ્રતિકારને કચડી નાખવામાં આવ્યો અને ભારતના ઇતિહાસમાં તેને લીધે વળાંક આવ્યો. માનવહકની સુધારેલી સમજ સાથે આવાં આંતરપ્રવાહે સમાજમાં કેવી રીતે દોરવણી આપી તે જોઈ ગયા. સામાજિક સુધારકોએ બૌદ્ધિક ઝુંબેશ આદરી અને માવનહકની સ્થિતિમાં ફાળો આપ્યો. જ્યારે સ્વતંત્રતાની ઝુંબેશે માનવહકના મહાન સમર્થકોને જન્મ આપ્યો. રાજા રામમોહન રોયે સતી પ્રથાની નાબૂદી માટે કામ કર્યું. તેમના પર ઇસ્લામનો પ્રભાવ હતો. તેઓ નાગરિક મુક્તિ અને સ્વતંત્રતાના સમર્થક રહ્યા. બંકિમચંદ્ર ચેટર્જીને પુનરુત્થાનવાદી તરીકે યાદ કરવામાં આવે છે. તેમના સમકાલીન ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર માનવહકના ઉત્તમ રક્ષક તરીકે બહાર આવ્યા. સ્વામી વિવેકાનંદે ધર્મ અને ઈસ્લામના સંગમ માટે ઉપદેશ આપ્યો. તિલક અને ફુલેના સંપૂર્ણ વિરોધી વિચારોની સમજ પણ તમે મેળવી. મુસ્લિમ સુધારા ઝુંબેશ માટે સર સૈયદ અહમદમાં મહાન સમર્થક નજરે પડ્યો. તેમણે અલિગઢ મુસ્લિમ યુનિવર્સિટીની સ્થાપના કરી. બીજા મુસ્લિમ વિચારક મૌલાના આઝાદ હતા. તેમણે બ્રિટિશ સાથે સમાધાનકારી વલણ લીધું. તેમણે દેશબંધુઓને અંગ્રેજી વિરોધી ઝુંબેશની સંકુચિત વૃત્તિ સામે સાવધાન કર્યા.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ સ્વતંત્રતાની લડત ચલાવતી વખત સામાજિક દૂષણો પર પ્રહાર કર્યા. તેઓ દલિતો અને ખાસ કરીને અસ્પૃશ્યતાની સ્થિતિ સુધારવાના અથાગ પ્રયત્નો વ્યાપકપણે કરવા માટે જાણીતા છે. બી.આર. આંબેડકરે પોતાની રીતે દલિતોના માનવહક માટે લડત આપી. પ્રખર સામ્યવાદી નેતા એમ.એન. રોયનો આપણે ખાસ ઉલ્લેખ કર્યો હતો. તેમણે ભારતીય સંસ્કૃતિમાં રહેલા જ્ઞાતિ-આધારિત અસમાનતાના તત્ત્વ પર પ્રહાર કર્યા. આપણા સંવિધાનમાં વિચાર્યા મુજબ, મુક્ત ભારતમાં માનવહકના આશાસ્પદ ભાવિ અંગે આ એકમે તેમને સુમાહિતગાર કર્યા છે.

## ૨.૮ 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબ : સ્વાધ્યાય
(Answer to Check your Progress : Exercises)

**તમારી પ્રગતિ ચકાસો-૧**

૧. જુઓ પેટા-વિભાગ ૨.૩.૧

૨. જુઓ પેટા-વિભાગ ૨.૩.૨

૩. જુઓ પેટા-વિભાગ ૨.૩.૩

૪. જુઓ પેટા-વિભાગ ૨.૩.૪

૫. જુઓ પેટા-વિભાગ ૨.૩.૫

૬. જુઓ પેટા-વિભાગ ૨.૩.૬

તમારી પ્રગતિ ચકાસો-૨

૧. પેટા વિભાગ ૨.૪.૧ના આધારે તમારો જવાબ લખો.

૨. પેટા વિભાગ ૨.૪.૨ના આધારે તમારો જવાબ લખો.

**તમારી પ્રગતિ ચકાસો-૩**

૧. જુઓ પેટા-વિભાગ ૨.૫.૧

૨. જુઓ પેટા-વિભાગ ૨.૫.૨

૩. પેટા-વિભાગ ૨.૫.૩ના આધારે તમારો જવાબ લખો.

૪. પેટા-વિભાગ ૨.૫.૪ના આધારે તમારો જવાબ લખો.

**તમારી પ્રગતિ ચકાસો-૪**

૧. વિભાગ ૨.૬નો ફકરો જુઓ.

૨. વિભાગ ૨.૬ ના છેલ્લા બે ફકરા જુઓ.

૩. આ પ્રશ્નનો જવાબ આપવા તમારા જ્ઞાન અને વિવેકાધિકારનો ઉપયોગ કરો.

ઈન્દિરા ગાંધી
નેશનલ ઓપન યુનિવર્સિટી

ડૉ.બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

# વિભાગ

# 2

## ઐતિહાસિક સંદર્ભમાં માનવ હક

| | |
|---|---|
| એકમ ૩<br>આત્મનિર્ણયનો હક્ક | 04 |
| એકમ ૪<br>સંસ્થાનવાદ અને માનવ હક | 15 |
| એકમ ૫<br>રાષ્ટ્રીય ચળવળ અને માનવ હક | 27 |

## Expert Committee

Prof. Rajni Kothari
Sh.r Shankar Sen
Prof. G.Hargopal
Prof. V.S.Mani
Dr. R. M. Pal
Dr. A.S. Narang
Justice Ranganath Mishra
Sh.H.Hanumanthappa
Prof.Imtiaz Ahmed
Dr. D. Gopal
Prof. Ram G. Takwale
Prof. Ashwini Ray
Dr.Asghar All Engineer
Sh. Rajmohan Gandhi
Dr. Nandita Haksar
Sh. R. V. Pillai
Sh. Joseph Gathia
Prof. Pandav Nayak
(Chairman and Convenor)

## Progamme. Coordinator and Editor : Prof. Pandav Nayak

Block Preparation Team :

| Unit No. | Writer | Editor | Acknowledgement | IGNOU faculty (Political Science) |
|---|---|---|---|---|
| 3 | Sh.Ajay Mahurkar | Prof. Pandav Nayak | | Dr. A.S.Narang |
| 4 | Sh.B.RajaRajan | Prof.Suhash Chakravarty | | Dr.D.Gopal |
| 5 | Dr.Salil Misra | Prof.Suhash Chakravarty | | Dr.Anurag Joshi |
| | | | | Dr. S.V. Reddy |
| | | | | Sh. S.Venkatesh |
| | | | | Dr. Jagpal Singh |
| | | | | Prof Pandav Nayak |

Project Coordinator : Prof. A.S.Narang ‘

Assitance : Sh. Ashutosh Chandra
Sh.Jagjeet Singh

Material Production : Prof.A.S.Narang
Human Rights, Project, IGNOU.

May 2002, (Reprint)
© Indira Gandhi National Open University 2000
ISBN-81-266-0006-3
All rights reserved. No part of this work may be reproduced in any form, by mimeograph or any other means, without permission in writing from the Indira Gandhi National Open University.
Further information on the Indira Gandhi National Open University course may be obtained from the University's office at Maidan Garhi, New Delhi-110 068.
Printed and Published on behalf of the Indira Gandhi National Open University New-Delhi by Director (School of Social Sciences)]

Laser type set and Printed at : Sudarshan Graphics,
Kankaria, Ahmedabad - 380 028. Ph. : 079-25430560.
Year : 2010

આ પુસ્તિકામાંની અભ્યાસ - સમાગ્રી મૂળ ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી
નવી દિલ્હી દ્વારા તૈયાર કરવામાં આવી છે. તેની સંમતિથી
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (અમદાવાદ) એ
તેનો ગુજરાતી અનુવાદ કરાવી આ પુસ્તિકા પ્રસિદ્ધ કરી છે.

| | |
|---|---|
| **અનુવાદક** | |
| શ્રી સી.એમ. શાહ | ૩, આદીશ્વર એપાર્ટમેન્ટ,<br>ઝવેરીપાર્ક, નારણપુરા,<br>અમદાવાદ - ૩૮૦૦૧૩ |
| **પરામર્શક (વિષય)** | |
| શ્રી સી.એમ. શાહ | ૩, આદીશ્વર એપાર્ટમેન્ટ,<br>ઝવેરીપાર્ક, નારણપુરા,<br>અમદાવાદ - ૩૮૦૦૧૩ |
| **પરામર્શક (ભાષા)** | |
| ડૉ. બાબુલાલ મ. શાહ | ૩એ, જીવન જ્યોત સોસાયટી,<br>મનીષ હોલ સામે, નારણપુરા<br>અમદાવાદ - ૩૮૦ ૦૧૩. |
| **સંયોજન સહાય** | |
| ડૉ. હરીશ દેસાઈ | કુલસચિવ<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,<br>અમદાવાદ |

**પ્રકાશક**

**ડૉ. હરીશ દેસાઈ, રજિસ્ટ્રાર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ**

**આર.સી.ટેકનિકલ કંપાઉન્ડ, ગુજરાત હાઈકોર્ટ સામે, સોલા, અમદાવાદ**

**સર્વ હકક સ્વાધીન. આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈ પણ ભાગને ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમતિ વગર મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈ પણ રીતે પુનઃ મુદ્રિત કરવાની મનાઈ છે.**

# એકમ ૩ : આત્મનિર્ણયનો હક (Right to Self - Dekermination)

રૂપરેખા :

૩.૦ ઉદ્દેશ
૩.૧ પ્રાસ્તાવિક
૩.૨ અર્થ અને સ્વરૂપ
૩.૩ ભારતીય સંદર્ભ
 ૩.૩.૧ પ્રવાહ
૩.૪ બિન-સમાધાનકારી વિચારધારા
૩.૫ મવાળ વિચારધારા
૩.૬ માર્ક્સવાદી
૩.૭ નવાં ઊભરાતાં જૂથ
 ૩.૭.૧ સંયુક્ત રાષ્ટ્રસંઘ અને સ્થાનિક લોકો
૩.૮ ચર્ચા - ૧
૩.૯ ચર્ચા - ૨
૩.૧૦ સારાંશ
૩.૧૧ મહત્ત્વના શબ્દો
૩.૧૨ 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબ : સ્વાધ્યાય

## ૩.૦ ઉદ્દેશ (Objectives)

આ એકમમાં તમે,

- આત્મનિર્ણયના હકની વિભાવનાનો અર્થ અને તેની ઉત્ક્રાન્તિ વિશે સમજી શકશો.
- આત્મનિર્ણયના હક બાબતે જુદી જુદી વિચારધારાઓના અભિપ્રાયો જોઈ શકશો.
- આત્મનિર્ણયના પ્રશ્ન પરત્વે જોવાના વિવિધ દૃષ્ટિકોણ સાથે સંકળાયેલ સકારાત્મક અને નકારાત્મક વિચારો અંગે તમે શિક્ષિત બની શકશો.

## ૩.૧ પ્રાસ્તાવિક (Introduction)

આત્મનિર્ણયનો હક એ ખૂબ જ અગત્યનો પાયાનો હક છે. જ્યાં સુધી લોકો પોતાનો વહીવટ કરવા સક્ષમ ન હોય ત્યાં સાચેસાચી ભાગીદારીની કોઈ ગુંજાશ રહેતી નથી. આથી આ હકનો અમલ ન કરીએ, તો ભાગીદારી અને અંતે તો લોકશાહી પોતાનો અર્થ ગુમાવી બેસે છે. સમાન હક અને લોકોના આત્મનિર્ણયને સને ૧૯૭૦માં સંયુક્ત રાષ્ટ્રસંઘની મહાસભાએ સ્વીકારેલ રાજ્યો વચ્ચે મૈત્રીપૂર્ણ સંબંધો અને સહયોગ સંબંધિત આંતર રાષ્ટ્રીય કાનૂનના સિદ્ધાંતોની ઘોષણામાં વ્યાખ્યાયિત કરવામાં આવેલ છે. તેમાં કહેવામાં આવ્યું છે :

**"દરેક લોકોને, બહારની કોઈપણ દખલગીરી વિના, પોતાનો રાજકીય દરજ્જો સ્વતંત્રપણે નક્કી કરવાનો હક છે; તેમજ પોતાના આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક વિકાસને અનુસરવાનો હક છે અને દરેક રાષ્ટ્રની મહાકરારની જોગવાઈઓ અનુસાર આ હકનું સન્માન કરવાની ફરજ છે."**

આમ, મુક્તપણે નિર્ણય લેવાના લોકોના સમૂહનો હક અને માતૃરાષ્ટ્રની આ હકનું સન્માન કરવાની ભાવના એ બે વચ્ચે વારંવાર ઘર્ષણ થવાની શક્યતાઓ રહે છે. આવા સંઘર્ષથી જ આત્મનિર્ણયના હકની માગણીની અગત્ય છતી થાય છે. યોગ્ય રીતે કે અન્યથા પણ જૂથના રાજકારણ અને આંતરરાષ્ટ્રીય અભિપ્રાયના દબાણને કારણે આત્મનિર્ણયનો હક અત્યંત વિવાદાસ્પદ બની રહે છે; કારણ કે રાષ્ટ્રો પોતે સાર્વભૌમ છે અને સંયુક્ત રાષ્ટ્રસંઘના મહાકરાર અનુસાર તેઓ સૌએ સાર્વભૌમત્વનું પણ સન્માન કરવાનું છે.

## ૩.૨ અર્થ અને સ્વરૂપ (Meaning and Nature)

પરંપરાગત રીતે, આત્મનિર્ણયના હકનો અર્થ ઘણા આફ્રિકા અને એશિયાના સંસ્થાનવાદ હેઠળના લોકોના સંદર્ભમાં, રાજકીય સ્વાતંત્ર્ય પ્રાપ્ત કરવાનો હક એવો થયો હતો, પરંતુ, એકવાર આ રાષ્ટ્રો પરતંત્ર થયા બાદ આત્મનિર્ણયના હકનો અર્થ બદલાઈને આ નવા સ્વતંત્ર થયેલ પૂર્વ સંસ્થાનોમાં નવાં ઊભરતાં રાજકીય સમીકરણોનો સમાવેશ કરવામાં થયો. નવાં રાષ્ટ્રોના રાજકીય શાસકો અલબત્ત એવી દલીલ કરશે કે હવે તો સંસ્થાનવાદ અને રંગભેદ / વર્ણભેદના પતન પછી આ સિદ્ધાંતનો અર્થ મહદંશે તો ખતમ થઈ ગયો છે.

બીજા વિશ્વયુદ્ધ બાદ, આત્મનિર્ણયના હકે એક ગતિશીલ વિભાવનાની જેમ કામ કર્યું. તેનાથી સંસ્થાનવાદ ઝડપથી નેસ્તનાબૂદ થયો અને ઐતિહાસિક રૂપે જૂથો તરીકે જીવતા લોકોના માનવ હકોને અભિવ્યક્તિ આપતું શીતયુદ્ધ સમાપ્ત થયા બાદ, આત્મનિર્ણયના હકનો, સંયુક્ત રાષ્ટ્રસંઘની મહાસભાએ તા. ૨૧ ફેબ્રુઆરી ૧૯૯૧ના રોજ અગત્યનો ઠરાવ નં. GA RES 45 / 115 પસાર કરતાં, નવો અર્થ પ્રાપ્ત થયો. આ ઠરાવમાં એમ જાહેર કરવામાં આવ્યું હતું કે લોકોની ઇચ્છા નક્કી કરવા માટે ચૂંટણીની પ્રક્રિયા જરૂરી બને છે. તેનાથી તમામ નાગરિકોને ચૂંટણીમાં ઉમેદવાર બનવા મટે તેમજ વ્યક્તિગત રીતે તેમજ અન્યોની સાથે પોતાના રાજકીય અભિપ્રાયો વ્યક્ત કરવા માટે તેમની રાષ્ટ્રીય સંવિધાન અને કાયદાઓમાં જોગવાઈ થયા મુજબ, તક પ્રાપ્ત થાય છે. આ વિશ્વને સ્વતંત્ર લોકશાહી તરીકે વિકસવા માટે જ્યાં લોકોની ભાગીદારી માટેના હકોને કોઈ સરકારો દ્વારા ટૂંકાવી દેવામાં ન આવે, ત્યારે આત્મનિર્ણયનો હક સમાજને સાથે રાખી જોડવાનું કામ કરે છે. આવા વૈશ્વિક સમુદાયને જોડવામાં ત્રણ કડી સંકળાયેલી છે : લોકશાહી, માનવ હક અને શાંતિ."

આત્મનિર્ણય માટેનો હક તો ખરેખર માનવ વિકાસનો હક, પર્યાવરણ સુરક્ષાના હક, શાંતિ અને સલામતીનો હક વગેરેની જેમ, સામૂહિક માનવ હક છે. તેમાં "એકતા" ના હક સમાવિષ્ટ થઈ ગયેલા હોય છે, જેમાં બંધુત્વની વિભાવના ઉપર ભાર મૂકવામાં આવે છે. કારણ કે "લોકોને, સમુદાયને કે સમગ્ર રીતે જૂથને જેઓ તેમના વ્યક્તિગત સભ્યો માટે આ હક માટેની પાત્રતા ધરાવે છે."

આ સંદર્ભમાં આ બાબત ધ્યાનમાં રાખવી જોઈએ કે સાર્વત્રિક માનવ હક માટેની ઘોષણામાં વિરોધાભાસ છે. આ ઘોષણાના આમુખમાં પ્રથમ વાક્યમાં એક ઉમદા દાવો કરવામાં આવ્યો છે. "સહજ ગૌરવની સ્વીકૃતિ અને સમગ્ર માનવ પરિવાર માટે સમાન અને સ્થાયી હકો જ વિશ્વમાં સ્વાતંત્ર્ય, ન્યાય અને શાંતિ માટેનો આધાર છે." બરાબર આ આમુક પછી માનવ હકની યાદી આવે છે, જેનું મથાળું છે : વ્યક્તિગત માનવ હક એક દૃષ્ટાંત લઈએ, ભેગા થવા માટે કે મંડળ રચવા માટે ઓછામાં ઓછી બે વ્યક્તિઓની જરૂર પડે, પરંતુ સાર્વત્રિક માનવ હકોની ઘોષણની કલમ ૨૦ના શબ્દો જુઓ, "દરેક વ્યક્તિને શાંતિપૂર્ણ ભેગા થવાનો કે મંડળ રચવાનો હક છે." તે જ રીતે, લઘુમતીઓનો જૂથ તરીકે ઉલ્લેખ નથી; પરંતુ 'લઘુમતીમાં રહેલા 'લોકો' એવો ઉલ્લેખ કરાયો છે. સભાસદ રાષ્ટ્રોને ખરેખર ભય લાગ્યો હતો કે લઘુમતીઓ કદાચ આત્મનિર્ણયને એટલી હદ સુધી જશે ક શાસન ચલાવવાનું મુશ્કેલ બની જશે; તેથી લઘુમતીઓના હક વ્યક્તિગત સ્વરૂપે ઉપલબ્ધ કરાયા. હકીકતમાં સાર્વત્રિક માનવ હકોની ઘોષણામાં આત્મનિર્ણયના હકની એક પણ કલમ નથી. આ ક્ષતિ ટૂંક સમયમાં જ સમજમાં આવી જતાં, સને ૧૯૯૬માં માનવ હકો માટેના બે કરારોમાં તે ભૂલ સુધારી લેવામાં આવી. આ બંને કરારોમાં સામાન્યપણે પહેલી જ કલમમાં આત્મનિર્ણયનો હક બહુ અગત્યપૂર્વક સમાવિષ્ટ કરેલ છે અને તેને જૂથ સ્વરૂપે શબ્દોમાં પ્રરૂપ્યો છે. "તમામ લોકોને આત્મનિર્ણયનો હક છે." પરંતુ, ફરીથી લોકો શબ્દ વ્યાખ્યાયિત કરાયેલ નથી અને અસ્પષ્ટ રાખેલ છે.

ખરેખર વ્યવહારમાં 'લોકો'ના ત્રણ અર્થો થતા જણાઈ આવે છે : ક્ષેત્રીય વંશીય અને દેશી ભારતીયો પ્રથમ અર્થનું ઉદાહરણ છે, પંજાબીઓ બીજા અર્થનું દૃષ્ટાંત છે અને આદિવાસીઓ ત્રીજા અર્થનું દૃષ્ટાંત છે.સને ૧૯૯૩માં વિયેના ખાતે માનવ હકો માટેની વિશ્વ પરિષદમાં ઘણી લાંબી ચર્ચા બાદ તેઓ peoples ને બદલે People શબ્દ વાપરવા સંમત થયા; "જેથી કરીને કેટલાંક વ્યક્તિગત જૂથો Peoples તરીકે હકનો દાવો ન કરી શકે." સાર્વત્રિક માનવ હકની ઘોષણા તેને વ્યક્તિગત રૂપે શબ્દદેહ આપે છે અને People શબ્દને તેના સૂક્ષ્મ વર્ણનથી સમજે છે. જેથી લઘુમતી સમુદાયનો આત્મનિર્ણયનો હક આંતરરાષ્ટ્રીય કાયદાની નજરમાં નિષ્ફળ વિભાવના બની રહે છે.

પરંતુ વ્યવહારમાં આત્મનિર્ણયના હકને વ્યાપક અભિવ્યક્તિ અને સ્વીકૃતિ પ્રાપ્ત થઈ છે. સંયુક્ત રાષ્ટ્રસંઘની સને ૧૯૯૧માં રચાયેલી ચૂંટણી સમિતિ દ્વારા, માગણી આવ્યે મુક્ત અને ન્યાયી ચૂંટણી માટે રાષ્ટ્રોને ખાતરી આપવામાં આવશે એવી પરિસ્થિતિને કારણે આમ બન્યું છે. હવેએમ જણાય છે કે વૈશ્વિકરણમાં પરિબળોની માંગણી સામે સ્થાનિક કાયદાના સાર્વભૌમત્વના ક્ષેત્રે કંઈક સમાધાન સાધી લીધું છે. આત્મનિર્ણયના સામૂહિક હકની ઉત્ક્રાન્તિના ત્રણ તબક્કા શોધી શકાય :

૧. નીચલી કક્ષાએ, નાગરિક સમાજમાં દરેક નાગરિકને પોતાનું ભવિષ્ય ઘડવા માટેના નિર્ણયમાં ભાગીદારી કરવાની સાર્વત્રિક પાત્રતા છે અને કોઈ સરકાર આ ભાગીદારીના હકને ટુંકાવી દઈ શકે નહિ.

૨. બહુ જ સ્પષ્ટપણે આત્મનિર્ણયનો હક એટલે સંસ્થાનવાદથી મુક્તિ. આને બાહ્ય આત્મનિર્ણય તરીકે ઓળખવામાં આવે છે. સંસ્થાનવાદ અને રંગભેદના અંત પછી આત્મનિર્ણય લોકોની અપેક્ષાઓ જગાડવાની ક્રાન્તિને મહત્ત્વનું ગણ્યું છે. વાસ્તવમાં એ બાબત સમજાઈ ગ છે કે માનવ હક આત્મનિર્ણયના હક વિના અર્થપૂર્ણ રીતે સલામત ન બની શકે. આ આત્મનિર્ણયને સ્વતંત્રતા દ્વારા, સ્વાયત્તતા દ્વારા અથવા લોકોના સમૂહના પોતાના રાજ્ય અમલ દ્વારા મેળવી શકાય છે; જેથી કરીને તેમના માનવ હક સલામત બની રહે.

૩. ત્રીજો તબક્કો છે લોકશાહી સાથેનો અતૂટ નાતો. સોવિયેત રશિયાની મહાસત્તાના પતન પછી આ તબક્કો આવ્યો. શીતયુદ્ધના સમયની હયાત મહાસત્તા અમેરિકા અને મવાળ પશ્ચિમી રાષ્ટ્રોએ લોકશાહી માટે આગ્રહ રાખ્યો અને માનવ હક, વિકાસ અને આંતરરાષ્ટ્રીય સહયોગ સ્વરૂપે તેને રજૂ કર્યો. આવી લોકશાહીના પ્રોત્સાહનથી ચૂંટણીના હકને આંતરરાષ્ટ્રીય સુરક્ષા પ્રાપ્ત થાય છે. અને તેને માટે જરૂરી પ્રયુક્તિ અને કાર્યકારી નિયમો પણ સને ૧૯૯૦ના દશકામાં જોવા મળ્યા છે.

સંચાલનની દૃષ્ટિએ કહીએ તો, એવી ત્રણ પરિસ્થિતિઓ છે, જેમાં આત્મનિર્ણયના હકનો ઉપયોગ કરી શકાય :

(૧) સંસ્થાનોને પોતાને, પોતાની જાતે મુક્ત કરવાનો અને તે રીતે સ્વતંત્ર થવાનો હક છે.

(૨) કોઈ એક જાતિ / કુળ / વંશની સામૂહિક હત્યા, વંશીય ઉચ્છેદ જેવા માનવ હકના મોટા પાયા પર ઉલ્લંઘનને કારણે વૈશ્વિક સમુદાય (સંયુક્ત રાષ્ટ્રસંઘની મંજૂરી, હસ્તક્ષેપ વગેરે) માટે વાજબી કારણ પ્રાપ્ત થાય છે.

(૩) લોકશાહી હવે લોકો માટે વૈશ્વિકપાત્રતા ગણાઈ છે. કોઈપણ રાષ્ટ્ર માટે પોતાના લોકો માટે લોકશાહી નિભાવવી એ આંતરરાષ્ટ્રીય આવશ્યક્તા બની ગઈ છે. એ થોડુંક વિચિત્ર લાગે, પરંતુ સાચું છે કે અમેરિકાએ સંયુક્ત રાષ્ટ્રસંઘ વતી પોતાની નાનકડા રાષ્ટ્ર હાઈતી માટે આમ જ કર્યું; તેણે હાઈતીના ચૂંટાયેલા પ્રધાનમંત્રીને પુનઃ ગાદીનશીન કર્યા અને તેનાં સૈન્યોએ, આવા ચુંટાયેલા વડાપ્રધાનને હાંકી કાઢનાર લશ્કરી સરમુખત્યારને કાઢી મૂક્યો.

સને ૧૯૭૯માં નાગરિક હકો અને રાજકીય હકોનો સ્વીકાર કરતી વખતે ભારતે પોતાની પરિસ્થિતિ સ્પષ્ટ કરતાં અસંદિગ્ધપણે એમ જણાવી દીધું હતું કે "કલમ નં. ૧માં આવતા શબ્દો ' 'આત્મનિર્ણયનો હક' માત્ર વિદેશી અંકુશ હેઠળના લોકોને જ લાગુ પડે છે; અને જે રાષ્ટ્રો સાર્વભૌમ અને સ્વતંત્ર રાષ્ટ્રો છે તેમને તે લાગુ પાડી શકાય નહિ. અથવા તો લોકોના અમુક વિભાગ કે રાષ્ટ્રના અમુક વિભાગ કે જે રાષ્ટ્રી ઐક્યનું મૂળ તત્ત્વ છે તેને લાગુ પાડી શકાય નહીં." વિવિધ ધાર્મિક, ભાષાકીય અને વંશીય સમુદાયની વધતી જતી અપેક્ષાઓના આ યુગમાં અને વૈશ્વીકરણ (બહુરાષ્ટ્રીય કોર્પોરેશનનો, સંદેશો વ્યવહારમાં, ક્રાન્તિ વગેરે) તેમજ એક વાજબી રાજકીય વ્યવસ્થા તરીકે લોકશાહી માટે વૈશ્વિક આગ્રહ વગેરેને કારણે આત્મનિર્ણયનો હક લાગુ કરવાનું સરળ બન્યું છે. જો કે, આ બધું બહુ જવાબદારીપૂર્વક કરવાની જરૂર છે. ચોક્કસપણે આ રાષ્ટ્રો સામે એક ચુનૌતી છે. માનવ હક, વિવિધ જૂથોના લોકોને સંતોષ થાય તે પ્રકારે પ્રોત્સાહિત અને સુરક્ષિત કરવાના છે : જેથી કરીને આત્મનિર્ણયનો હકને તેની હદ બહારના પરિત્યાગ સુધી ધકેલી દેવાય નહિ.

## ૩.૩ ભારતીય સંદર્ભ (The Indian Context)

રોજિંદા જીવનમાં ઘણી બધી પરિસ્થિતિઓનો આપણે સામનો કરતાં હોઈએ છીએ. તમે જોતા હશો કે સમસ્યાઓ ઝડપથી એક બીજાની સાથે ગુંથાઈ જાય છે. ઉપરાંત, કોઈ સમસ્યાના ઉકેલ માટે

કોઈ સાદો, સરળ ઉપાય જણાતોનથી. આમાં, આત્મનિર્ણયનાં હકની બાબત પણ અપવાદરૂપ નથી. સાથે રહેવાના મોટા ભાગના સામાજિક પ્રશ્નો, સમુદાયમાં કોઈ એક વ્યક્તિના શું હક હોઈ શકે, એની સાથે જોડાઈ જાય છે. ભારતમાં આપણે જેમ જેમ આપણી રાષ્ટ્રીયતા અંગે વિચારતા થઈએ છીએ તેમ તેમ આપણા હક પરત્વે આપણે વધુ ને વધુ નિસબત ધરાવતા થઈએ છીએ.

તમે-જાણો છો તેમ આપણું સંવિધાન એ તો આપણા રાષ્ટ્રીય આત્મનિર્ણય માટેની લડતની એક ઉમદા પેદાશ છે. જેમાં આપણા હક ખૂબ સ્પષ્ટપણે વ્યાખ્યાયિત કરવામાં આવેલ છે. તેમ છતાં, પ્રશ્ન તો ત્યારે ઉદ્ભવે છે, જ્યારે જોઈએ છીએ કે આ હક હોવા છતાં, સામાજિક અને આર્થિક વિકાસના લાભો તો માત્ર ગણ્યાગાંઠ્યા લોકોના હાથમાં જ એકત્રિત થતા હોય છે અને મોટાભાગના ભારતીય લોકોને માટે તો સુંદર જીવનધોરણથી પણ વંચિત રહેવું પડે છે. તેથી, જ કર્મશીલો તરીકે આપણી નિસબત વિકાસની પ્રક્રિયાને વધારે સમાનતાના માર્ગે વાળવાના પ્રયાસો પરત્વે રહેલી છે.

અહીં પણ આપણે માટે એક સમસ્યા તો છે જ. આપણે જાણીએ છીએ કે આપણા રાષ્ટ્રમાં કેટલાક એવાં સમુદાયો અને જૂથો છે. જેઓ તેમની અપેક્ષાઓ તેમની પોતાની રીતે વ્યક્ત કરે છે. ભારતમાં આવી અપેક્ષાઓ અનિવાર્યપણે પ્રાદેશિક સ્વાયત્તતાની માગણી સ્વરૂપે વ્યક્ત થાય છે. જે એક રીતે તો તે પ્રદેશોના પ્રભાવક વંશીય જૂથની સામે નુકસાનકારક છે; અથવા તો કેટલીકવાર આ માગણી ભારતીય સંઘમાંથી છૂટા થવા માટેની હોય છે. ભારતીય સંઘમાં રાજ્યોની રચનાનો આધાર મુખ્યત્વે તો મોટા સમુદાયો પર રહેલ છે. કે તે પ્રમાણે તામિલ, બંગાળી, મરાઠી અથવા કન્નડ રાષ્ટ્રીયતાને બંધારણીય માન્યતા પ્રાપ્ત થઈ છે. હવે તેમાં સુધારો લાવવા માટેની તેમની લડત કેન્દ્ર અને રાજ્ય વચ્ચેના વિવાદ સ્વરૂપે વ્યક્ત થાય છે. તેનો નિકાસ સામાન્યતઃ આપણા સંવિધાનના માળખાની અંતર્ગત કરવામાં આવે છે. યાદ રાખો કે ભારત એક સમવાયતંત્ર છે; અને તેમાં કેન્દ્ર (સંઘ) અને રાજ્યો વચ્ચે, સંવિધાને નિયત કરેલ મર્યાદાઓની અંતર્ગત જ સમતુલા જાળવવા માટે પ્રયાસો કરવામાં આવે છે. પરંતુ જ્યારે એવા સમુદાયો કે જેમની વધારે સત્તા અથવા બંધારણીય માળખાની અંદર રહીને સ્વાયત્તાના માટેની માગણીને રાજકીય કે કાનૂની સ્વીકૃતિ મળેલી હોતી નથી તેમના કેસ વિચારણામાં લેવામાં આવે ત્યારે પ્રશ્ન પેચીદો બને છે. આવા કિસ્સાઓમાં જ ત્રાસવાદી કે અન્ય ઝેરીલી લડતનો ઉદ્ભવ થાય છે. આસામમાં બોડો ચળવળ કે અલગ ઝારખંડની માગણી, કાશ્મીર ખીણમાં સ્વાયત્તાની માગણી વગેરે આ મુદ્દા સંબંધી જાણીતા કિસ્સા છે.

નિસબત ધરાવતી વ્યક્તિઓ તરીકે આપણે આ બધા તરફ કેવા દૃષ્ટિકોણથી જોઈશું ? આત્મનિર્ણય અને માનવ હકો સંબંધનું ઉપલબ્ધ સાહિત્ય આપણને મદદરૂપ થઈ શકે તેમ છે ?

આ પ્રશ્નોને સ્પષ્ટ કરવા માટે ચાલો આપણે જોઈએ કે આ બધું સાહિત્ય આપણને શું કહે છે ?

### ૩.૩.૧ પ્રવાહ

વ્યાપક પરિપેક્ષ્યમાં આ પ્રશ્ન સંબંધી લખાણોને આપણે ચાર મુખ્ય પ્રવાહોમાં જોઈ શકીએ :

(ક) બિન-સમાધાનકારી વિચારણા

(ખ) મવાળ - વિચારધારા

(ગ) માર્ક્સવાદીઓ (સામ્યવાદીઓ) અને

(ઘ) નવાં ઊભરતાં માનવ હકનાં જૂથ.

## ૩.૪ બિન સમાધાનકારી વિચારધારા
## (The No-Compomise School)

બહુ સાદી રીતે કહીએ તો બિન સમાધાનકારી વિચારધારાની દલીલ એ છે કે ભારત ઘણા લાંબા સમયગાળાથી એક સંસ્કૃતિ તરીકે જ ચાલ્યો આવે છે; તેથી અહીં આત્મનિર્ણયનો કોઈ પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. ઉલટાનું અહીં તો એવા પ્રકારનો પ્રયાસ થાય છે કે જુદા જુદા લોકો અને રાષ્ટ્રીયતાઓને કડક શિસ્તબદ્ધ સાંસ્કૃતિક રાષ્ટ્રવાદના તર્કથી જ એકત્રિત કરવા. આ પ્રકારના સાહિત્યમાં એક અગ્રણી વ્યક્તિ છે ગુરુ ગોળવલકર, ઘણીવાર આ બિન સમાધાનકારી વિચારધારાના શિસ્તબદ્ધ વલણને કારણે લોકોની વચ્ચે કે જુદા જુદા વંશો વચ્ચે ભાગલા અને સંઘર્ષ પણ પેદા થાય છે. આવો, આપણે તપાસીએ કે માનવ હક દૃષ્ટિકોણથી ભારતમાં લઘુમતીઓનું સ્થાન ક્યાં છે ?

**લઘુમતીઓને હક છે ?**

ભારતીય રાષ્ટ્રની પ્રતિબદ્ધતા ભારતીય સંવિધાનનાં મૂલ્યો અને ધોરણોનું તથા આંતરરાષ્ટ્રીય માનવ હકના કરારનું રક્ષણ અને પ્રોત્સાહન કરવા પૂરતી છે. ખાનગી માન્યતાઓ અને ધાર્મિક શ્રદ્ધાઓને વ્યક્તિના પોતાના અથવા તો સમુદાયના કાર્યક્ષેત્રમાં રાખવામાં આવી છે, ભારતના સંવિધાને આ ધાર્મિક અને સાંસ્કૃતિક સ્વાતંત્ર્યની તેના નાગરિકોને અને તેમનાં એવા જૂથોને ખાતરી આપી છે; જે 'નાગરિકોનો અમુક ભાગ' છે; જેમની ભાષા જુદી છે, લિપિ જુદી છે, અથવા જેમની પોતાની આગવી સાંસ્કૃતિક છે; તેમજ "ધર્મ અને ભાષા પર આધારિત લઘુમતીઓ" છે. આ સાંસ્કૃતિક સ્વાતંત્ર્ય એ આંતરરાષ્ટ્રીય નાગરિક હક અને રાજકીય હક (ICCPR) ની કલમ ૨૭ નીચે લઘુમતીઓના હકોનો પાયાનો પથ્થર છે; અને તે માટે ભારત સરકાર સંયુક્ત રાષ્ટ્રસંઘની માનવ હક સંબંધી તે સંસ્થાને સમયાંતરે અહેવાલ મોકલવા બંધાયેલ છે. સને ૧૯૯૨ની સંયુક્ત રાષ્ટ્રસંઘની લઘુમતીઓને હકોની ઘોષણા અને લઘુમતીઓને તેમની સંસ્કૃતિ, ભાષા કે લિપિને સુરક્ષિત રાખવાના હકથી ઘણી આગળ વધીને, તેની (કલમ ૧(૧)) નીચે માત્ર લઘુમતીઓની રાષ્ટ્રીય, વંશીય, સાંસ્કૃતિક ધાર્મિક કે ભાષાકીય ઓળખ જાળવી રાખવા ઉપરાંત રાષ્ટ્રો ઉપર એ પણ જવાબદારી નાખે છે કે તેમણે (કલમ ૪ (૨)) નીચે, લઘુમતીઓ પોતાની લાક્ષણિકતાઓ અભિવ્યક્ત કરી શકે તેમજ તેમની સંસ્કૃતિ ભાષા, ધર્મ પરંપરા અને રીતરિવાજોને વિકસાવી શકે તેવી અનુકૂળ પરિસ્થિતિ પણ પેદા કરવી. તેવી જ જવાબદારી રાષ્ટ્રો પર પણ લાદવામાં આવી છે કે તેમણે "તેમના પ્રદેશમાં અસ્તિત્વ ધરાવતી લઘુમતીઓના શિક્ષણ, ભાષા અને સંસ્કૃતિના ક્ષેત્રમાં પણ યોગ્ય પગલાં લેવાં (કલમ ૪(૪))

## ૩.૫ મવાળ વિચારધાર

## (The Liberal School)

મવાળ વિચારધારા બહુત્વવાદ અને વિવિધતા માટે દઢ આગ્રહી છે. તેમ છતાં, આ વિચારધારાના મુદ્દાની છણાવટ એ બજારની માગ છે. વૈશ્વિક બજારની માગથી આ વિચારધારા અત્યંત ચિંતિત છે. આ બજારની માંગ છે એક સમાન સ્વાદ, એક સમાન સંસ્કૃતિ અને વ્યક્તિગત / વ્યક્તિલક્ષી ગ્રાહક વર્તન.

તાજેતરમાં ઉદ્ભવેલાં આ વૈશ્વિકરણની સાથે કેટલીક એવી બાબતો પણ આવી ગઈ છે, જે પહેલેથી અપેક્ષિત ન હતી. આ એવું વૈશ્વિક અર્થતંત્ર પેદા થયું છે, જેમાં કુલ રાષ્ટ્રીય પેદાશ હવે વિદેશી ચલણ અને આંતરરાષ્ટ્રીય મૂડીના પ્રવાહની ઉપલબ્ધિ ઉપર સીધેસીધો આધાર રાખે છે. હવે મૂડી માટે રાષ્ટ્રીયતાના વાડા બાધક રહ્યા નથી. જ્યાં નફો દેખાય ત્યાં તે પહોંચી જાય છે. હવે નો મૂડીવાદ માત્ર લોકોના આરામ માટેની ચીજવસ્તુઓ કે માલસામાન જ વેચતો નથી. સને ૧૯૬૦ અને ૧૯૭૦ ના દશકાઓનો માત્ર ભૌતિક ચીજવસ્તુઓવાળો ગ્રાહક સમાજ આજે બદલાઈને નવી વ્યવસ્થા જેને બેન્જામીન આર. બાર્બર મેકીનટોમ કે મેકડોનાલ્ડની જેમ "મેકવર્લ્ડ" કહે છે તેમાં પહોંચી ગયો છે. મૂડીવાદ હવે ચિહ્નો અવાજ, પરિકલ્પનાઓ, સોફ્ટવેરનું વેચાણ કરે છે. ઉપભોક્તાનું લક્ષણ હવે જાહેરખબરોના દશ્યો ઉપર વધારે પડતી આધારિત બની ગયું છે; તે હવે ઝડપથી સામાજિક એકતાનું વૈશ્વિક સ્વરૂપ બની ગયું છે. આજુબાજુ નજર કરો અને જુઓ કે કેટલી ઝડપથી તમારી સંસ્કૃતિ અને પરંપરાઓ સામાજિક અને આર્થિક વર્તનો બદલાઈને કોઈ એકસરખી જીવનશૈલીમાં પરિવર્તિત થઈ રહ્યા છે. જેનું શ્રેય એમ.ટી.વી. હોલીવુડની ફિલ્મો અને પર્સનલ કોમ્પ્યુટરને ફાળે જાય છે.

તેથી આ એક સરખી જીવન શૈલીના વૈશ્વિક વલણ કે વૈશ્વિક સંસ્કૃતિ" સામે કેટલાંક સાંસ્કૃતિક જૂથોને તીવ્ર પણે એમ લાગે છે કે તેમનાં મૂળિયાં ઉપર જ ઘા થઈ રહ્યો છે. "વૈશ્વિકરણને કારણે સાર્વભૌમિકતાનો વિનાશ થાય છે." તેથી નારાજ થયેલાં આ સાંસ્કૃતિક જૂથોની ઓળખનો પ્રશ્ન કેન્દ્રસ્થાને રહે છે. જેમ જેમ વૈશ્વિકરણ વધતું જાય છે તેમ તેમ આવા સમાજો તેમની સાંસ્કૃતિક અને ધાર્મિક બાબતોનું પુનઃગઠન કરે છે. આ વૈશ્વિક વિનાશક અસરોથી હતાશ થઈને તેઓ વિરોધીના સાંસ્કૃતિક પરિબળને પેદા કરે છે; જેને બાર્બરની અન્ય અભિવ્યક્તિ 'મેકવર્લ્ડ વિરુદ્ધની જેહાદ' જેવા શબ્દોથી અત્યંત ચિત્રાત્મક

રીતે વ્યક્ત કરી શકાય છે.આજના વિશ્વમાં, ચેચન્યા, બોસ્નિયા વગેરે એવાં નવાં સાંસ્કૃતિક આત્યંતિકતાનાં સ્વરૂપો છે. જેણે ઇન્ડોનેશિયામાં, ઇથોપિયા જેવા દેશોને અસર પહોંચાડી છે.

**તમારી પ્રગતિ ચકાસો-૧**

૧) એમ કહેવું સાચું છે કે બિન સમાધાનકારી વિચારધારામાં આત્મનિર્ણયનો પ્રશ્ન પ્રથમ અગ્રતાક્રમે છે?

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

૨) 'આત્મનિર્ણય' ના પ્રશ્ને મવાળ વિચારધારામાં કયા અવરોધો છે?

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

## ૩.૬ માર્ક્સવાદી (The Marxists)

માર્ક્સવાદી વિચારધાએ આત્મનિર્ણયના હક સંબંધી બહુ વિસ્તૃતપણે ચર્ચા કરી છે. આ વિચારધારાઓમાં સમુદાયી રાષ્ટ્રીયતાના ઐતિહાસિક વિકાસની ખાસ બાબતને કેન્દ્ર સ્થાને રાખવામાં આવે છે. સાંસ્કૃતિક રાષ્ટ્રીયવાદથી અતિ ચિંતિત થયેલા બિનસમાધાનકારી વિચારધારા કે બજારવાદથી અતિ ચિંતિત થયેલ મવાળ વિચારધારા કરતાં અલગ રીતે આ માર્ક્સવાદી વિચારધારા, સમુદાયની શક્તિઓને ધ્યાનમાં લઈ, સામાજિક પ્રશ્નોના ઉકેલો શોધવાનો પ્રયાસ કરે છે.

માર્ક્સવાદી સાહિત્ય એ બાબતને સ્પષ્ટ કરે છે કે આપણે જેને 'આત્મ(Self)' કહીએ છીએ તે આત્મ (Self) સમુદાયમાં રહેલો છે. જો કે તે રીતે તો સાંસ્કૃતિક રાષ્ટ્રવાદની વિચારસરણીમાં પણ આત્મ (Self)ને સમુદાયમાં રહેલો બતાવેલ છે; તેમ છતાં આ વચ્ચે તફાવત એ છે કે માર્ક્સવાદીઓમાં જે 'સમુદાય'ને વ્યાખ્યાયિત કરવામાં આવે છે તે 'રાષ્ટ્રીયતા' ના અર્થમાં છે. માર્ક્સવાદીઓ માટે રાષ્ટ્રીયતા/સમુદાય (આત્મનિર્ણયના હકના અમલ માટે) પોતાના જીવાઈ ગયેલા ઇતિહાસની આર્થિક વૃદ્ધિ,ની ભાષાની, સાંસ્કૃતિક અને મનોવૈજ્ઞાનિક ઓપની દૃષ્ટિએ હોવી જોઈએ. સાંસ્કૃતિક રાષ્ટ્રવાદની વિચારધારા કરતાં અલગ પ્રકારે, અહીં માપદંડ વ્યાખ્યાયિત કરવા માટે ધર્મનો ઉપયોગ કરવામાં આવતો નથી.

માર્ક્સવાદીઓ બજારની જરૂરિયાતોને રાષ્ટ્રીયતાની અપેક્ષાઓની તદ્દન ઉપર મૂકતી નથી. તેમ છતાં એ બાબત ઉપર ભાર મૂકવામાં આવે છે કે રાષ્ટ્રીયતાના પ્રશ્નને આંતરરાષ્ટ્રીય કાયદાઓની ચળવળો સાથે જોડવો જોઈએ. આ જ સંદર્ભમાં કાર્લ માર્ક્સ, આયર્લેન્ડ બાબતે સને ૧૯૮૦ના દશકામાં દલીલ કરી હતી કે જો આયર્લેન્ડ બ્રિટીશ હુકમમાંથી મુક્ત થાય તો જ કામદારોની ચળવળોની જરૂરિયાત શ્રેષ્ઠ રીતે જાળવી શકાશે. બજારલક્ષી તર્કશાસ્ત્ર જ્યારે એમ દલીલ કરતું હતું કે ઇંગ્લેન્ડે રાષ્ટ્રીય એકતા જાળવવી જોઈએ ત્યારે માર્ક્સ એમ દલીલ કરી શકતા હતા કે આવી રાષ્ટ્રીય એકતાથી તો ઇંગ્લેન્ડ અને આયર્લેન્ડના શ્રમિક લોકોનું દમન ચાલુ જ રહેશે. તે જ રીતે લેનિને પણ એ બાબત ઉપર ભાર મુક્યો કે શોષણ કરનાર દેશના લોકશાહીવાદીઓએ સૌ પ્રથમ શોષિત રાષ્ટ્રની દમનકારી - રાષ્ટ્રીયતાનો અંત લાવવા આહ્‌વાન કરવું જોઈએ; અને દમન પામતા રાષ્ટ્રના લોકશાહીવાદીઓએ રાષ્ટ્રવાદી એકતા માટે આહ્‌વાન કરવું જોઈએ.

આ દૃષ્ટાંતોમાંથી આપણે જોઈ શકીએ છીએ કે માર્કવાદીઓ માટે રાષ્ટ્રીય એકતાનો માપદંડ, 'બિન-સમાધાનકારી વિચારધારાવાળાઓની જેમ કે 'મવાળ વિચારધારા' વાળાની જેમ સંપૂર્ણપણે નિરંકુશ નથી, ભારતીય માર્ક્સવાદી શ્રી બી.ટી. રણદીવેએ તેથી જ સ્વતંત્ર ભારતમાં ભારતીય રાષ્ટ્રીય એકતાની

જરૂરિયાત દર્શાવી હતી; કારણકે સામ્રાજ્યવાદ નાની રાષ્ટ્રીયતાને ભારતીય કામદાર લોકોના વિકાસ માટેના પ્રયાસને નિષ્ફળ બનાવવા માટે નિશાન બનાવે છે.

## ૩.૭ નવાં ઊભરતાં જૂથ

(The Newly Emerging Groups)

નવાં ઊભરેલાં માનવ હક જૂથોએ હવે ક નવી સમસ્યા ઊભી કરી છે. દેશી લોકોના હકોનો પ્રશ્ન. દેશી લોકોને 'આદિજનો' પણ કહેવાય છે; આદિજાતિના લોકો પણ કહેવાય છે. મૂળ વંશજો પણ કહેવાય છે. તેમની કુલ સંખ્યા ૩૦ કરોડ કરતાં વધુ છે. પાંચ ખંડના ૭૦ કરતાં વધુ દેશોમાં તેમનો વસવાટ છે. આ પૈકી ખાસ્સી મોટા ભાગની એટલે કે ૧૫ કરોડ જેટલી વસ્તી માત્ર એશિયામાં છે.

ભાષા અને સંસ્કૃતિની દષ્ટિએ અને ભૌગોલિક વિભાગોને અનુલક્ષીને આ દેશી વસ્તીના ૫૦૦૦ જેટલાં જૂથો બની શકે. તમામ દેશી લોકો તેમની મૂળ ભૂમિને ગૌરવપૂર્ણ રીતે પ્રેમ કરે છે. આ ભૂમિ ખનિજો અને જૈવિક વૈવિધ્ય ને કારણે ખૂબ સમૃદ્ધ પ્રદેશો છે.

તેમની દલીલ છે કે આ દેશી વસ્તીના સમુદાયને વંશીય અથવા લઘુમતીના ભેદથી પરંપરાગત ઓળખ આપવાનું યોગ્ય ગણાશે નહિ; તેમજ તેમને રાષ્ટ્રીયતાના જડ માપદંડ પણ લાગુ પાડી શકાશે નહિ (માર્ક્સવાદી દષ્ટિબિંદુ)

એમ દલીલ કરી શકાય કે આત્મનિર્ણયના હકની ચર્ચા હવે સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ કે બુર્ઝવા મવાળ દષ્ટિકોણથી હવે દૂર ચાલી ગઈ છે. અને (ક્રમસેકમ સંયુક્ત રાષ્ટ્રસંઘની) સંસ્થાઓમાં) સંસ્થાનવાદ વિરોધી અને માર્ક્સવાદી માળખા દ્વારા પ્રેરેલા માપદંડોમાં તે ગોઠવાઈ ગયેલ છે. જો કે દેશી લોકોના વિશિષ્ટ પ્રશ્નો આ માપદંડોનો સતત પીછો કરી રહેલ છે. ડગ્લાસ સેન્ડર્સે કહ્યું છે તેમ, તે સમયના સોવિયેટ યુનિયને (રશિયા) સંયુક્ત રાષ્ટ્રસંઘમાં લેટિન અમેરિકાના દેશી લોકોનો પ્રશ્ન ઉઠાવ્યો, પરંતુ પોતાના ઘરઆંગણાના આ પ્રશ્નને સ્વીકારવાનો ઈન્કાર કર્યો. તે જ રીતે ભારતમાં, કેનેડામાં દેશી લોકો એક યા બીજા બહાને દૂર ધકેલાતા રહ્યા.

### ૩.૭.૧ સંયુક્ત રાષ્ટ્રસંઘ અને સ્થાનિક લોકો

જોસ. આર માર્ટિન્ઝ કાબો નામના વિશિષ્ઠ રિપોર્ટરે સને ૧૯૭૧ થી ૧૯૮૪ના સમય ગાળાના મશહૂર અભ્યાસ હાથ ધરાયા બાદ દેશી લોકો દ્વારા માનવ હકોની જે સમસ્યાઓન સામનો તેમને કરવો પડે છે. તે બાબત સંયુક્ત રાષ્ટ્રસંઘની વિચારણામાં આવી. આ અભ્યાસને કારણે દેશી વસ્તી બાબતે કાર્યજૂથની રચના કરવામાં આવી; જે એરિકા - આઈરીન એ. દેઈસના અધ્યક્ષસ્થાનેથી સને ૧૯૮૪થી દેશી વસ્તીને લગતી સંયુક્ત રાષ્ટ્રસેવાની પ્રવૃત્તિઓ માટેનું કેન્દ્રબિંદુ બનેલ છે.

- આ કાર્યજૂથની બેઠક દર વર્ષે જીનિવામાં મળે છે. અને જુદી જુદી સરકારોના વિવિધ કાર્યક્રમોની આલોચના કરે છે.
- દેશી લોકો માટે એક સ્વૈચ્છિક ફંડ રચવામાં આવ્યું છે; જે દૂર સુદૂર વસતા દેશીલોકોને આવી આંતરરાષ્ટ્રીય બેઠકોમાં ભાગ લેવા માટે આર્થિક સહયોગ ઉપલબ્ધ કરે છે.
- સન ૧૯૯૩નું વરસ દેશી લોકોના વરસ તરીકે ઉજવાયું. સંયુક્ત રાષ્ટ્રસંઘની મહાસભાએ ૧૦ ડિસેમ્બર ૧૯૯૪થી શરૂ કરીને સમગ્ર દશકો, દેશી લોકોના દશકા તરીકે જાહેર કર્યો. સંયુક્ત રાષ્ટ્રસંઘના માનવ હકો માટેના કમિશને સંયુક્ત રાષ્ટ્રસંઘમાં દેશી લોકોના હિતોનું પ્રતિનિધિત્વ કરવા માટે એક કાયમી ફોરમ ઉભું કરવા પોતાની માંગણી રજૂ કરી છે. જો કે આ બાબત હજી પડતર છે. તે જ રીતે કાર્યજૂથે જેના ઉપર સંપૂર્ણ સહમતી દાખવી છે તેવા, દેશી લોકોના હકના મુસદ્દાને મંજૂરી આપવાની બાબત પણ પડતર છે.

સંયુક્ત રાષ્ટ્રસંઘના કાર્યકારી જૂથની રચના આ હેતુસર કરવામાં આવેલી છે અને તેના ઉપાયો વિચારવા માટે દશ મહત્ત્વના માનવ હક જૂથો કાર્યાન્વિત છે. સને ૧૯૮૮ના ઓગસ્ટમાં તેણે આ મુસદ્દો રજૂ કર્યો. તેમાં દેશી લોકોની સમસ્યાઓ માટે એક સર્વસામાન્ય ધોરણ ઘડી કાઢવાનો મુસદ્દો બનાવ્યો છે. તેણે નીચેની મુખ્ય સમસ્યાઓને વ્યાખ્યાયિત કરેલ છે.

(૧) **ટકી રહેવાની સમસ્યા :** ચિત્તાગોંગના ડુંગરોમાં રહેલા આદિજાતિઓના સંદર્ભમાં ટકી રહેવાની સમસ્યામાં શિકાર કરવાનો હક, એકત્ર થવાનો હક, ખેતીમાં ઉપયોગમાં લેવાતી જમીનના સંસાધનનો પાક કાપી બાળી નાખવો વગેરે બાબતો સમાવિષ્ટ થાય છે.

(૨) **સમાનતાની સમસ્યા :** ઘણીવાર દેશી લોકોને રાષ્ટ્રના અન્ય લોકોની સાથે કાયદાની સમાનતા નકારવામાં આવતી હોય છે. બ્રાઝીલમાં ઇન્ડિયનોને સગીર ગણવાનું પ્રવર્તમાન દૃષ્ટાંત જૂની પદ્ધતિનું ઉદાહરણ છે.

(૩) **સાંસ્કૃતિક રીતે ટકી રહેવું :** "રાષ્ટ્રો દ્વારા હાથ ધરાતા એકરસ થઈ જવાના પ્રચાર સાથે માત્ર સમાનતાના હકોથી દેશી લોકોને કે લઘુમતીઓને રક્ષણ પ્રાપ્ત થઈ શકશે નહીં. રાષ્ટ્ર માત્ર એક જ સાંસ્કૃતિક / શૈક્ષણિક પદ્ધતિ માટે કે એક જ ભાષાકીય રાજ્ય સેવાઓ માટે પોતાનાં સાધનોનો ઉપયોગ કરતું હોય તો લઘુમતી સંસ્કૃતિ માટે માત્ર સહિષ્ણુતાથી કામ પર્યાપ્ત થઈ શકે નહિ." આથી રાષ્ટ્રો માટે લઘુ વિધેયાત્મક જવાબદારી ફરજિયાત આવી પડે છે કે "દેશી વસ્તીના સમૂહને તેમની ઓળખ ટકાવી રાખવા માટે રાષ્ટ્રનો સહયોગ મળે એ બાબત સુનિશ્ચિત કરવી.

(૪) **આર્થિક હક :** આમાં પરંપરાગત જમીન અને સંસાધનો ઉપર માલિકીના હકો સમાવિષ્ટ છે. ન્યુઝીલેન્ડમાં પરંપરાગત દેશી જૂથોના સમૂહોને તેમની જમીન સુપરત કરવાનો કિસ્સો, આ માગણીના મર્યાદિત સ્વીકારનું ઉદાહરણ છે. તેની વિરુદ્ધ આવી હલનચલનનું ઓસ્ટ્રેલિયામાં તાજેતરની ચૂંટણીમાં અવળું જ પરિણામ આવ્યું.

(૫) **રાજકીય હક :** સંયુક્ત રાષ્ટ્રસંઘમાં ચર્ચાનો મુખ્ય મુદ્દો રહ્યો છે કે આ બાબતોને આંતરરાષ્ટ્રીય કાનૂન હેઠળના 'સંપૂર્ણ આત્મનિર્ણયના હક'ના માળખામાં રહીને હલ કરી શકાય ? કેનેડા અને સ્વીડને સંયુક્ત રાષ્ટ્રસંઘમાં એવી રજૂઆત કરી છે કે સંયુક્ત રીતે ત્યાંની અસંસ્કૃત અને ઇન્ડિયન વસ્તીને 'આત્મનિર્ણયનો કોઈ હક' નથી. તે જ રીતે સને ૧૯૮૯ના ડાએસ અહેવાલમાં એવી દલીલ છે કે દેશી લોકોને છૂટા પડવાનો હક નથી. બીજી તરફ માર્ટિનેઝ કોબો અહેવાલ આ બાબતને વધારે સ્ફૂટ સ્વરૂપે વ્યક્ત કરતાં કહ્યું કે દેશી લોકોને છૂટા પડવાનો 'અનિવાર્ય' હક નથી. તે દરમિયાન પૂર્વ તિમોર વગેરેમાં આ મુદ્દે રાજકીય સંઘર્ષ ચાલુ જ રહ્યો.

ડગ્લાસ સેન્ડર્સે એમ કહ્યું છે કે અંતે તો અમેરિકાના કાયદામાં આદિજાતિઓના સાર્વભૌમત્વના વિચારોને પ્રતિબિંબિત કરતી સ્વાયત્તાનો કોઈ પ્રકારનો સિદ્ધાંત કેનેડાની નીતિમાં સ્વ-શાસન તેમજ ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, સ્કેન્ડીનેવીયન દેશો, લેટિન અમેરિકાના કેટલાક ભાગો વગેરેની રાજનીતિ કે વ્યવહારોમાં આવાં કંઈ તત્ત્વો ઊભરતાં જણાય છે. વિશેષમાં, તેમણે એમ પણ કહ્યું કે 'આ પ્રકારની રચના જુદાં જુદાં રાષ્ટ્રોમાં બતાવેલી રાષ્ટ્રીયતા ઓ કે લઘુમતીઓ માટેની નીતિઓ સાથે સુસંગત છે. "તેમના મત અનુસાર "દેશી લોકોના સામાન્યપણે સ્વાયત્તતા માટેનો દાવો ખૂબ મજબૂત છે; કારણ કે અન્ય લઘુમતીઓની સરખામણીમાં પ્રભાવક વસ્તી સાથે તેમને વધારે પ્રમાણમાં સાંસ્કૃતિક ફેરફાર જણાય છે."

## ૩.૮ ચર્ચા -૧ (Discussion-1\I)

આત્મનિર્મયના મુદ્દા પરત્વે જોવાની પદ્ધતિઓની ઉપરની રૂપરેખાને કારણે અમુક હદ સુધી આ બાબત સુસ્પષ્ટ બનેલી છે. નિર્ણય લેવાનાં હક કોનો ? અંગે વ્યાપકપણે પ્રકારો નક્કી કરવા છતાં, વ્યવહારમાં આ 'કોણ' એ નક્કી કરવાનું અત્યંત મુશ્કેલ બની જાય છે. આ મુદ્દે દેશી લોકોની લડતમાં એક મુદ્દો આવશ્યક છે. તે ક્યાં લાગુ પડી શકે ? બિન-સમાધાનકારી વિચારસરણીવાળા લોકો તેને સાંસ્કૃતિક માળખામાં બંધ બેસાડવાનો ખૂબ જ પ્રયત્ન કરશે; મવાળ વિચારસરણીવાળા તેને બજારના દૃષ્ટિકોણ સાથે મેળ બેસાડવાની ખેંચતાણ કરસે અને ડાબેરી વિચારસરણીવાળા હજી તેમની સાથે મેળ પાડવાનો પ્રયત્ન કરી રહ્યા છે. સને ૧૯૯૯ની ઓસ્ટ્રેલિયાની ચૂંટણીમાં તેમની તકલીફોને ઉજાગર કરવામાં આવી છે, જેમાં રૂઢિચુસ્ત અને લોકશાહીવાદી, બંનેએ તેમને જગ્યા આપવાનો ઇન્કાર કરી દીધો.

આ સંદર્ભમાં, બેહરે, 'આત્મનિર્ણય'ની વિભાવનાનું વર્ણન કરતાં, તેને 'અંત્યંત, વિવાદાસ્પદ અને લાગણીવિષયક' કહ્યું તે યથાર્થ છે. બહેરે જે રસ્તો બતાવ્યો કે પહેલાં એક વખત આંતરિક રીતે 'આત્મનિર્ણય' સંબંધી ચર્ચા કરવાનું યોગ્ય લાગે છે. તે બાબત સમસ્યારૂપ બને તેમ છે. કારણ કે આંતરિક રીતે 'આત્મનિર્ણય'ની ચર્ચા કરવામાં મોટે ભાગે બહુ જ મુશ્કેલી હોય છે. જે રાષ્ટ્રોની ભૌગોલિક હદ (સીમા)માં તેની ચર્ચા હાથ ધરાય છે. તે મોટે ભાગે રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય ફોરમમાં નામશેષ થઈ જાય છે. ચૈચન્યા કે કાશ્મીર આનાં તાજાં ઉદાહરણો છે.

આ સંદર્ભમાં, જેમ્સ અનાયાએ રાષ્ટ્રીયતાના અધિકારોના દાવા આગળ ધપાવવાની આંતરરાષ્ટ્રીય કાનૂનની ક્ષમતાને ચકાસી છે. તેમણે દલીલ કરી છે કે જો રાષ્ટ્રીયતા સંબંધી વિવાદો હલ કરવામાં

સાર્વભૌમિકતાનો અભિગમ લેવામાં આવે તો તેમાંથી સમસ્યાઓ પેદા થાય છે. આનું કારણ એ છે કે સરહદો વગેરે સંબંધી ઐતિહાસિક વિવાદો મોટે ભાગે વિવાદાસ્પદ હોય છે. આવા દાવા ઘણીવાર સરહદો પ્રાપ્ત કરવા માટે યુદ્ધની અને લડાઈ જીતવાની ભૂમિકાને નજર અંદાજ કરે છે. જેમાં આડેધડ હિંસા અને જીતાયેલા પ્રદેશમાં માનવ હકોનું દમન અભિપ્રેત છે. આંતરરાષ્ટ્રિય કાનૂનમાં માનવ હકોના વિસ્તરણ પામવા જતા શબ્દકોશમાં, આત્મનિર્ણયની બાબત, જૂથને એક જૂથ રાખતાં સાંસ્કૃતિક ઐક્યના પ્રકાશમાં, આકાર ધારણ કરી ચિત્રાત્મક સ્વરૂપ ધારણ કરે છે. આંતરરાષ્ટ્રીય કાનૂનમાં સાંસ્કૃતિક જીવંતતા અને વિકાસનો ઉપસ્થિત થતો માનવ હક સંયુક્ત રાષ્ટ્રસંઘનાં નાગરિક હક અને રાજકીય હકના કરારની કલમ ૨૭, નરસંહાર સામેના કરાર અને યુનેસ્કોની સાંસ્કૃતિક સહયોગના સિદ્ધાંતની ઘોષણા દ્વારા અભિવ્યક્ત કરાયેલ છે. તે જ રીતે “સ્વ-શાશન એક સાંસ્કૃતિક અને કાનૂની વારસાના ભાગરૂપે દેશી લોકોની સામાજિક અને સાંસ્કૃતિક પરંપરાની ઐક્ય અને નિભાવ માટે ભૂમિકા ભજવતું હોય.” ત્યાં સંયુક્ત રાષ્ટ્રસંઘનો અભ્યાસ, વિવિધ પ્રકારના આત્મનિર્ણયના સ્વરૂપોનો સ્વીકાર કરે છે.

અનાયા આંતરરાષ્ટ્રીય કાનૂનમાં આત્મનિર્ણયમાટે માનવ હકના અભિગમની પ્રાપ્તિ સામે બે મુખ્ય અવરોધો નિહાળે છે. એક તો તે આધુનિક આંતર રાષ્ટ્રીય કાનૂન કે જે સામૂહિક કે જૂથ હકોની સ્વીકૃતિ માટે અવરોધરૂપ છે. તેમાં માનવ હકોની વિભાવના પરત્વે વ્યક્તિગત પક્ષપાત નિહાળે છે. તેમની દલીલ છે કે આ પક્ષપાતનું મૂળ વ્યક્તિ ઉપર ઝોક મૂકતી પરંપરાગત પાશ્ચાત્ય ઉદાર રાજકીય તત્ત્વજ્ઞાન તથા વચગાળાના અથવા વૈકલ્પિક એકત્રિત જૂથો જે માનવ વાતાવરણમાં ખરેખર જોવા મળે છે તેના સમૃદ્ધ વૈવિધ્યની બાદબાકીમાં રહેલું છે. બીજો અવરોધ તેઓ એ દર્શાવે છે કે રાષ્ટ્રના સાર્વભૌમત્વનો હક, કે જે લોકોના કે રાજ્યના હકોથી અલગ એવા કુટુંબના કે લોકોના જૂથ હકોની સ્વીકૃતિને મર્યાદિત કરે છે તે સિદ્ધાંત છે. માનવ હકો અને લોકોના હકોની આફ્રિકન કરાર એ આ અભિગમની વિરુદ્ધ દિશાનો એક પ્રયાસ છે.

પાશ્ચાત્ય અને પૌર્વાત્ય સૈદ્ધાંતિક ચર્ચાઓમાં ‘વ્યક્તિ’ અને ‘સમૂહ’નું સ્થાન એ એક મહત્ત્વપૂર્ણ મુદ્દો રહેલો છે. આ મુદ્દા માટેનો આ દિશામાંનો ઉપાય આત્મનિર્ણયના હકની વાસ્તવિક પ્રાપ્તિની દિશામાં નવી દિશા ખોલી શકે.

## ૩.૯ ચર્ચા - ૨ (Discussion - II)

આ વિભાગમાં રાષ્ટ્રીય જૂથોના છૂટા થવાના હકમાં પ્રશ્નની વિચારણા કરવાનું પ્રસ્તુત બનશે. આ પ્રશ્ન પરત્વે તાજેતરમાં લખાયેલા કેટલાક ઢગલાબંધ સાહિત્યના સંદર્ભમાં આ પ્રશ્ન વિશેષ મહત્ત્વ ધરાવે છે. ‘પોલિટિકલ સ્ટડીઝ’માં તાજેતરમાં પ્રસિદ્ધ થયેલ લેખમાં માગરિટ મુરે રાષ્ટ્રીયતાની વ્યાખ્યા માટે વ્યક્તિલક્ષી (Subjective) માપદંડો તરફ વળવાનો અનુરોધ કર્યો છે. પ્રાદેશિક વિભાવનાનાં આંતરિક પરિબળોને વ્યાખ્યાયિત કરવામાં જે કાનૂની અને તાત્ત્વિક સમસ્યાઓ ઉપસ્તિથ થાય છે. તેને કારણે તેમણે આ સૂચન કર્યું છે. કહેવાનું તાત્પર્ય એ છે કે પ્રદેશ કે સીમા કોને કહેવા તે સ્પષ્ટ કરવાનું મુશ્કેલ બની ગયું છે. તેથી જ રાષ્ટ્રીયતાની વ્યાખ્યાથી તે વ્યક્તિલક્ષી ધોરણોની હિમાયત કરે છે. તેમનું કહેવું એમ છે કે વ્યવહારમાં ક્યાં રાષ્ટ્રીય જૂથો છૂટા થવા માટે કે આત્મનિર્ણય માટે માગણી કરે છે તે નક્કી કર્યા બાદ આ વ્યાખ્યા કરી શકાય તેમ છે. બીજું, તેમણે સૂચન કર્યું છે કે બહુ વંશીય પરિસ્થિતિમાં તમામ રાષ્ટ્રીય જૂથોનો સમાન હક કલ્પનાસભર રીતે માન્ય કરવાના અભિગમથી તેને પૂરક બની શકાય.

‘રિવ્યૂ’ નામના માસિકમાં જોન રોઝનથલે આ રીતે રાષ્ટ્રીયતા માટે વ્યક્તિલક્ષી ધોરણો અપનાવવામાં રહેલી ભયજનક મર્યાદાઓ તરફ અંગુલિનિર્દેશ કર્યો છે. તેમણે એમ દર્શાવ્યું છે કે આવા વ્યક્તિલક્ષી માપદંડોને કારણે જ કોસોવામાં નાટોએ ભૂરભરેલ હસ્તક્ષેપ કર્યો હતો. તેમણે ચેતવણી આપી છે કે રાષ્ટ્રીયતાના સિદ્ધાંતની વ્યક્તિલક્ષી વંશીય વ્યાખ્યા તરફ જવાને કારણે યહૂદી લોકોનો ઘોર નરસંહાર થયો.

અહીં એમ સૂચન કરી શકાય કે છૂટા પડવા સંબંધિત પ્રશિષ્ટ સાહિત્યે હજી ઘણું કહેવાનું રહે છે. આ પ્રશ્ન સંબંધી માર્ક્સવાદી લખાણ (મૂળ બાબતથી ફંટાવવાના મુદ્દે કે પદ્ધતિતા મુદ્દે) ધ્યાને લઈએ તો કદાચ આપણે તેનો ઉલ્લેખ તરફ ગતિ કરી શકીએ. પ્રદેશવાદની સમીક્ષા તેની ઉપેક્ષા કરવાથી હલ નહિ થઈ શકે; પરંતુ તેને હલ કરવાના પ્રયાસોથી હલ થઈ શકશે. અત્રે એ ધ્યાનમાં રાખવું જોઈએ કે પ્રદેશવાદ સંબંધી સાહિત્ય કંઈ તાત્ત્વિક સાહિત્ય નથી. માર્ક્સે લાંબા સમય પહેલાં જર્મન સિદ્ધાંતવાદમાં કહ્યું હતું તેમ તે તેમના નક્કર સ્વરૂપે ઐતિહાસિક સંબંધોને ફંફોસવાની બાબત છે. અહીં, તેના વિકલ્પે કોઈ

તત્ત્વજ્ઞાન કે રાજકારણ ઉપયોગી બનશે નહિ. કોઈ એવું સૂચવી શકે કે પ્રદેશવાદના પ્રકારો સંબંધી ઐતિહાસિક વખાણોમાં ઇતિહાસની ઉત્ક્રાંતિના જુદા જુદા તબક્કે ભાતૃત્ત્વ અને પ્રદેશવાદની સંકુલ એકતા અભિવ્યક્ત થાય છે. વાસ્તવમાં પ્રદેશમાટે અને તેના ભાગલા માટે હકોના માપદંડને કારણે પ્રદેશવાદની વિભાવનાને અસર પહોંચાડી છે. રાષ્ટ્રીયતા સંબંધી કોઈ ઉતાવળે સામાન્ય વિધાન તારવવામાં આવે તે પહેલાં તેની વિસ્તૃત તપાસ કરીને તેને સ્પષ્ટ કરવું જોઈએ.

**તમારી પ્રગતિ ચકાસો-૨**

(૧) આત્મનિર્ણયના હકને માર્ક્સવાદીઓ કઈ રીતે વ્યાખ્યાયિત કરે છે ?

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

(૨) માર્ક્સવાદીઓ આત્મનિર્ણયના હકને આંતરરાષ્ટ્રીય કામદાર ચળવળ સાથે કેવી રીતે જોડે છે ? તેનું તમે ઉદાહરણ બતાવી શકશો ?

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

(૩) આત્મનિર્ણયના હક સંબંધી દેશી લોકોનાં જૂથો કઈ સમસ્યાનો સામનો કરી રહેલ છે ?

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

(૪) ઐતિહાસિક સાર્વભૌમત્વ વિચારધારાની મર્યાદાઓ શું છે ? જે જેમ્સ અનાયાએ આત્મનિર્ણયના હકના પ્રશ્નને હલ કરવામાં આંતરરાષ્ટ્રીય કાનૂનની ભૂમિકાની ચર્ચા કરતાં દર્શાવી છે ?

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

## ૩.૧૦ સારાંશ (Let us Sum up)

આ એકમમાં તમે જોયું કે આત્મનિર્ણયના હકની વિભાવના પ્રત્યેક દષ્ટિકોણે બદલાતી રહે છે. તેમ છતાં, સમગ્ર સદી દરમિયાન પ્રસ્તુત રહેલ આ પ્રશ્નના અનુભવે, તેના ઉકેલ માટે કેટલુંક વ્યાપક માળખું પેદા થઈ શક્યું છે. પરંતુ સામૂહિકતા પરત્વે કેવી રીતે જોવું એ પ્રશ્ન આત્મનિર્ણયના પ્રશ્નના સૂચિત ઉકેલમાં હજી અવરોધરૂપ બની રહે છે.

## ૩.૧૧ મહત્ત્વના શબ્દો (Keywords)

Pluralism : **બહુત્વવાદ** : એવો સિદ્ધાંત કે જે એવું પ્રતિપાદન કરે છે કે વિવિધતાસભર સંસ્કૃતિઓ અને પદ્ધતિઓ, પરસ્પર કોઈ વિરોધ વિના સાથે અસ્તિત્વ ધરાવી શકે છે.

Secession : **છૂટા પડવું** : કોઈ પણ જૂથ રાષ્ટ્રીયતા કે એકમના રાષ્ટ્રમાંથી છૂટા પડવાની ક્રિયા.

Colonialism : **સંસ્થાનવાદ** : એક રાષ્ટ્ર બીજા રાષ્ટ્ર ઉપર કબજો જમાવી દે તેવી ૧૮મી અને ૧૯મી સદીની ઘટના. અગાઉ જે લડાઈઓ થતી હોય તે પ્રદેશો જીતાતા. તે કરતાં આ સંસ્થાનવાદ ભિન્ન છે. કારણે કે સંસ્થાનવાદમાં પ્રવર્તમાન મૂડીવાદી રાષ્ટ્રો, પોતાના રાષ્ટ્રના હિત માટે અન્ય રાષ્ટ્રનાં બજારો અને કાચોમાલ કબજો કરવાની અપેક્ષા પરિપૂર્ણ કરવા માટે સંસ્થાનવાદ ફેલાયો છે. આપણે સંસ્થાનવાદના ત્રણ તબક્કા જોયા છે : (૧) વ્યાપારી સંસ્થાનવાદ (૨) ઔદ્યોગિક સંસ્થાનવાદ અને (૩) નાણાકીય સંસ્થાનવાદ. દરેક તબક્કામાં, સંસ્થાન બનેલા રાષ્ટ્રની મૂડીની માગ ઓછા વત્તા પ્રવાહમાં રહેલી જ છે. જુદા જુદા સંસ્થાનોમાં, આ તબક્કાઓ સંપૂર્ણ કે અપૂર્ણ સ્વરૂપે દૃષ્ટિગોચર થાય છે.

Affirmaive Obligationb : **સ્પષ્ટ ફરજ** : ચાલુ લાભાર્થીઓના સામાજિક જૂથોએ વેઠેલ નુકસાનને ભરપાઈ કરવા માટે બજાવવાની થતી ફરજ.

## ૩.૧૨ 'તમારી પ્રગતિ ચકાસો' ના જવાબ : સ્વાધ્યાય

(Answers to Check your Progress : Exercises)

તમારી પ્રગતિ ચકાસો - ૧

(૧) જુઓ વિભાગ ૩.૪

(૨) જુઓ વિભાગ ૩.૫

તમારી પ્રગતિ ચકાસો - ૨

(૧) જુઓ વિભાગ ૩.૬

(૨) જુઓ વિભાગ ૩.૬

(૩) જુઓ વિભાગ ૩.૭.૧

(૪) જુઓ વિભાગ ૩.૮

# એકમ ૪ : સંસ્થાનવાદ અને માનવ હક
## Colonialism and Human Rights

રૂપરેખા :


૪.૦ ઉદ્દેશ

૪.૧ પ્રાસ્તાવિક

૪.૨ સંસ્થાનવાદના તબક્કા

૪.૩ બ્રિટિશ સંસ્થાનવાદ અને ભારતમાં માનવ હકનો ભંગ

- ૪.૩.૧ લોકો અને માનવ હકનો ભંગ
- ૪.૩.૨ ખેડૂતો અને માનવ હકનો ભંગ
- ૪.૩.૩ સૈન્ય અને માનવ હકનો ભંગ
- ૪.૩.૪ અખબારો અને માનવ હકનો ભંગ
- ૪.૩.૫ પોલીસ અને માનવ હકનો ભંગ
- ૪.૩.૬ જેલો અને માનવ હકનો ભંગ
- ૪.૩.૭ કામદારો અને માનવ હકનો ભંગ

૪.૪ સારાંશ

૪.૫ મહત્ત્વના શબ્દો

૪.૬ કેટલાંક ઉપયોગી પુસ્તકો

૪.૭ 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબ : સ્વાધ્યાય


## ૪.૦ ઉદ્દેશ (Objectives)

આ એકમની વાંચન પછી તમે,

- ઐતિહાસિક સંદર્ભમાં સંસ્થાનવાદ અને માનવ હક વિશે ચર્ચા કરી શકશો.
- સંસ્થાનવાદ અને માનવ હક વચ્ચેની કડી વિશે સમજી શકશો.
- તે સમયે ભારતમાં માનવ હકના થયેલ ભંગ અંગે જાણી-સમજી શકશો.

## ૪.૧ પ્રાસ્તાવિક (Introduction)

આધુનિક સંસ્થાનવાદની શરૂઆત લગભગ ઈ.સ.૧૫૦૦ની આસપાસ, યુરોપિયનોની આફ્રિકાના દક્ષિણ કાંઠા અને અમેરિકાની દરિયાઈ શોધથી થઈ. આ શોધ, લડાઈમાં વિજય, રાજદ્રોહ, છેતરપિંડી અને વસાહતો દ્વારા યુરોપિયન રાષ્ટ્રોએ વિશ્વભરમાં સંસ્થાનવાદનો વિસ્તાર કર્યો અને વિશ્વભરમાં યુરોપિયન સંસ્થાઓ અને સંસ્કૃતિનો ફેલાવો કર્યો.

સંસ્થાનવાદમાં, જે સમુદાય, દેશ કે રાષ્ટ્ર ઉપર અન્ય વધુ વિકસિત સમુદાય કે રાષ્ટ્ર દ્વારા રાજકીય અને આર્થિક તેમજ સાંસ્કૃતિક પ્રભુત્વ ફેલાવાય છે. તેનાથી જે તે સમુદાય દેશ કે રાષ્ટ્ર લઘુતાગ્રંથિ કે હીન ભાવનાનો અનુભવ કરે છે.

ઇંડોનેશિયાના પ્રમુખ સુકર્ણોએ અને ૧૯૫૫માં બાંડુંગ પરિષદમાં સંસ્થાનવાદને નાના પરંતુ પરદેશી સમુદાય દ્વારા કોઈ દેશ ઉપર આર્થિક નિયંત્રણો તરીકે ઓળખાવેલ (કીટીંગ્સનું તત્કાલીન દફતર) (લંડન ૭-૧૪મે ૧૯૫૫).

ફ્રાન્સ દ્વારા આફ્રિકા, ખાસ કરીને અલજિરિયા ઉપરના સંસ્થાનવાદ વિષે કહેતાં ફ્રેન્ઝ ફેનને કોલોની બનેલ દેશ માટે સંસ્થાનવાદનો અર્થ સમજાવતાં કહ્યું હતું. "સંસ્થાનવાદ અન્ય લોકો માટેનો વ્યવસ્થિત નકાર ભાવ છે અને અન્યોને માનવતાના તમામ ગુણો નકારવાનો આક્રોશભર્યો નિર્ણય છે. (ફ્રેન્સ ફેનન, રેચેડ ઓફ ધ અર્થ, ન્યૂયોર્ક, ૧૯૬૩)

આમ સંસ્થાનવાદ એ જીવનમાં તમામ પાસાં ઉપરનું સંપૂર્ણ નિયંત્રણ છે. માનવામાં આવે છે તેમ તે રાજકીય અને આર્થિક પ્રભુત્વ કરતાં ઘણું વિશેષ છે.

## ૪.૨ સંસ્થાનવાદના તબક્કા (Stages of Colonialism)

વિદ્વાનો દ્વારા જોવામાં આવેલ ઉતરતાં સ્થાનની પ્રક્રિયાને આપણે તબક્કાવાર વ્યાખ્યાયિત કરેલ છે. કોઈપણ દેશના શાસનના વિવિધ તબક્કા દેશે દેશે બદલાય છે. પરંતુ શોષણનું સ્વરૂપ અને સામગ્રી તો એનાં એ જ રહે છે. સંસ્થાનો સંસ્થાનવાદ નીચે મૂળભૂત રીતે પરિવર્તન પામતાં ગયાં. તેમને વિશ્વ મૂડીવાદનો અંતર્ગત હિસ્સો બનાવી દેવાયો. આ પરિવર્તનની સંબંધિત સંસ્થાનો ઉપર મુખ્યત્વે માનવ હકો પર ખૂબ અવળી અસર પડી.

સંસ્થાનોનું જે વિવિધ પ્રકારે શોષણ કરવામાં આવે છે તે અનુસાર સંસ્થાનવાદને મુખ્યત્વે ત્રણ તબક્કાઓમાં વહેંચી શકાય. આ બાબત સંસ્થાએ સંસ્થાએ અને સમયે સમયે અલગ પડે છે. દરેક પ્રકારના શોષણનાં વિશિષ્ટ લક્ષણો હોવાં છતાં, દરેક તબક્કા હંમેશાં એક બીજા સાથે સંકળાયેલા રહ્યા છે. એક તબક્કામાંથી બીજા તબક્કામાં ગુણાત્મક પરિવર્તન છે. ભારત તેનું પ્રશિષ્ટ દૃષ્ટાંત છે. તે બ્રિટિશ શાસન તળે ૨૦૦ વર્ષ માટે સંસ્થાન બની રહ્યું. આંતરરાષ્ટ્રીય વાતાવરણમાં બ્રિટિનના સ્થાનને કારણે ભારતમાં સંસ્થાનવાદ સંબંધી તેણે પોતાનો અભિગમ બદલ્યો. પરિણામે તેની સંસ્થાનવાદની નીતિરીતિમાં, રોકાણના સ્વરૂપમાં, અસરમાં અને માનવ હકોના ભંગમાં પરિવર્તન આવ્યું. કાર્લ માર્ક્સે કહ્યું છે તેમ "હિન્દુસ્તાનમાં બ્રિટને લાદેલી ગરીબ કંગાળ દશા, મૂળભૂત રીતે જ જુદા પ્રકારની અને ચોક્કસપણે સમગ્ર હિંદુસ્તાનીઓએ આગળ ક્યારેય સહન નહિ કરી હોય તેવી ઘનિષ્ઠ છે. (કાર્લ માર્ક્સ, ન્યુયોર્ક ડેઈલી ટ્રિબ્યુન, ૨૫ જુન ૧૯૯૩)

ભારતમાં સંસ્થાનવાદનાં ત્રણ વિશિષ્ટ તબક્કા નીચે પ્રમાણે છે :

- સ્વતંત્ર વેપારનો ઈજારો અને ઈસ્ટ ઈન્ડિયા કંપની દ્વારા સીધેસીધો પુનર્વિનિયોગ.
- ઈસ્ટ ઈન્ડિયા કંપની અને બ્રિટિશ મૂડીવાદનો સ્વતંત્ર વેપાર.
- બ્રિટિનનું સીધું શાસન

## ૪.૩ બ્રિટિશ સંસ્થાનવાદ અને ભારતમાં માનવ હકનો ભંગ (British Colonialsm and Human Rights Volatons in India)

બ્રિટિશ શાસન દરમિયાન માનવ હકોના થયેલ ભંગને સમજવા અને ઉજાગર કરવાની સરળતા માટે, આપણે સમસ્યાઓ અને ક્ષેત્રોને નીચે પ્રમાણે વહેંચી શકીએ :

**૪.૩.૧ લોકો અને માનવ હકનો ભંગ :**

બ્રિટિશ સામ્રાજ્યવાદ દ્વારા ભારતની પુનઃ શોધ કરવામાં આવી. સામ્રાજ્યવાદની વિચારસરણી ધરાવનારા, જેઓ શાસકો હતા. શિક્ષણવિદો હતા, લેખકો હતા, નવલકથાકાર હતા, ઉપદેશકો હતા, ઉદારમતવાદીઓ હતા. વપરાશવાદીઓ હતા. તેમણે સૌએ શોષણને આકાર આપ્યો. તેઓએ ભારતની સંસ્કૃતિને યધ્યતન ઠરાવી સ્વતંત્રતાના સિદ્ધાંતો સમાજના પછાત સમૂહોને લાગુ પડતા નથી. એમ કહીને તેમણે સંસ્થાનવાદી શોષણને વાજબી ઠરાવ્યું. તેઓ જેને 'જંગલી' તરીકે ઓળખતા હતા તેમની સાથે કામ પાડવા માટે શાસનના આપખુદશાહી વલણને તેમણે કાનૂની સ્વરૂપ આપ્યું. ભારતીયોને 'સુસંસ્કૃત' બનાવવા એ જાણે ગોરાઓ માટેનો બોજ બની ગયો.

રૂડયાર્ડ કીપલિંગ, એક બ્રિટિશ કવિ અને ન સમયના સામ્રાજ્યવાદના મહાન પ્રણેતાએ અમેરિકાને આમંત્રણ આપીને 'જંગલીઓ' ને સુસંસ્કૃત બનાવવાના બોજામાં સાથ આપવા વિનંતી કરી.

"ગોરા લોકોનો આ બોજો ઉપાડી લો, તમારા નવા શિકાર, ખિન્ન ઉદાસ લોકો, અર્ધા રાક્ષસ અને અર્ધા બાલક સમા."

("ધ ટાઈમ્સ" લંડન, ૪ ફેબ્રુઆરી ૧૯૯૮)

સંસ્થાનના લોકોમાં, પ્રચાર કરવા, વિસ્તરણ કરવા અને પ્રભુત્વનો વ્યાપ વધારવા બ્રિટિશરોએ ભારતીઓનો એક નવો વર્ગ પેદા કર્યો. જેને લોર્ડ મેકોલેઓ "એવા લોકોનો વર્ગ જે લોહી અને વર્ણથી ભારતીય છે પરંતુ જેનાં રૂચિ, અભિપ્રાય, નીતિમત્તા અને બુદ્ધિ ઈંગ્લીશ છે" એમ કહીને ઓળખાવ્યો હતો. મેકોલોની શિક્ષણ પદ્ધતિ બ્રિટિશ સરકારની ભારતીયોના ઉપલા વર્ગને અંગ્રેજી માધ્યમ દ્વારા ભણાવવાના વ્યવસ્થિત પ્રયાસોનો જ એક ભાગ હતો. વિશાળ સમૂહના લોકોનું શિક્ષણ એ તેનું ધ્યેય હતું જ નહિ. ઊલટાનું એ તો 'ક્રમિક પ્રસારણના સિદ્ધાંત'માં માનતો હતો; અને કહેતો કે આ અંગ્રેજી

ભણેલા લોકો, જેને બધા બોલચાલની ભાષામાં 'ભદ્રલોક' કહે છે; તેઓ અંગ્રેજી શાસનના વચેટિયા તરીકે કામ કરશે. તેઓ નવું નવું અંગ્રેજી ભણતર ભણેલા હતા. વિચારોમાં અત્યંત મવાળ હતા. અને સંખ્યાની દૃષ્ટિએ અતિ અલ્પ સંખ્યક હતા; તેઓ સામ્રાજયવાદી વિચારોનો પ્રચાર કરતાં. તેઓ શાસક વર્ગ પ્રત્યે સંપૂર્ણ વફાદારી ધરાવનાર ભાગીદારીની ભૂમિકા નિભાવતા હતા.

'હોઈ પોલ્લોઈ'ને તો લઘુમતી ગોરા લોકોના વંશીય ભેદભાવનો ભારે ભોગ બનવું પડ્યું હતું. સમૂહના મૂળભૂત હકોને દબાવી દેવા માટે ઘણા કાયદા બન્યા, લાગુ કરાયા કે અમલી બનાવાયા. સને ૧૮૭૬માં ભારત જ્યારે ભયાનક દુષ્કાળની પરિસ્તિતિનો સામનો કરી રહ્યું હતું ત્યારે સરકારનો સને ૧૮૭૭ની પ્રિન્સ ઓફ વેલ્સમાં બ્રિટિશ વડા રાજકુમારની ભારતની મુલાકાત માટેની તૈયારીમાં વ્યસ્ત હતી.બે બંગાળી નાટકોમાં આની ટીકા કરવામાં આવી હતી. સરકારના કુશાસન સાથે દેશી લોકોના વિરોધને દબાવી દેવા માટે સરકારે સને ૧૮૭૬માં નાટક ભજવવા સંબંધી કાયદો પસાર કર્યો. આ કાયદાની જોગવાઈ અનુસાર સરકાર નાટક ભજવનારા કલાકારો કે જોનાર દર્શકોની ધરપકડ કરી શકતી હતી. સને ૧૮૭૮ ના શસ્ત્રો સંબંધી કાયદામાં પુનઃ વંશીય ભેદભાવ દાખવવામાં આવ્યો. આ કાયદાની જોગવાઈમાંથી યુરોપિયનો, એંગ્લો-ઇન્ડિયનો અને કેટલીક કક્ષાના સરકારી અધિકારીઓને બાકાત રાખવામાં આવ્યા હતા. સને ૧૮૮૫ના ભારતીય તાર અધિનિયમ અને સને ૧૮૯૮ના ભારતીય પોસ્ટ ઓફિસ અધિનિયમ હેઠળ સરકારને કોઈ 'જાહેર કટોકટીના સમયે અત્યંત જાહેર સલામતીના હિતમાં' ટપાલમાં આવેલ કોઈપણ ચીજવસ્તુ રોકી રાખવાનો કે તારના સંદેશાને અવરોધવાનો હક પ્રાપ્ત થતો હતો.

**તમારી પ્રગતિ ચકાસો-૧**

(૧) સંસ્થાનવાદ વિશે તમે શું જાણો છો ?

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

(૨) લોર્ડ મેકોલેએ ભારતીય 'ભદ્રલોક'નું કેવું વર્ણન કર્યું છે ?

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

### ૪.૩.૨ ખેડૂતો અને માનવ હકનો ભંગ :

આર્થિક શોષણ તથા રાજકીય નિયંત્રણોને કારણે ભારતીય કલાકારીગરી અને ખેતી અને તેને પરિણામે પરંપરાગત સમગ્ર ગ્રામીણ સમૂહોનો વિનાશ થયો. ભારતીય પરંપરાગત ગામ એ ભારતીય સમાજનો સ્વ-આધારિત પાયાનો એકમ હતો. કલાકારો, કસબીઓ, વણકરો તે સમયના અગ્રણી શાસકો, મહારાજાઓ, નવાબો વગેરેના આશ્રિતો હતા. તેમને બિન આર્થિક દરે પોતાનાં ઉત્પાદનો વેચવાની અથવા તો ઈસ્ટ ઇન્ડિયા કંપની માટે ઓછા દરે મંજૂરી કરવાની ફરજ પડી. ભારતનો પંરપરાગત કૃષિપ્રધાન સમાજ બ્રિટિશ સમાજની જરૂરિયાતો પરિપૂર્ણ કરવામાં પરિવર્તિત થઈ ગયો. બ્રિટનમાં તૈયાર થયેલ માલસામાનની આયાત કરતાં ભારતીય માલસામાનની નિકાસમાં વધારો થયો. ઈસ્ટ ઇન્ડિયા કંપનીને ભારતીય સંપત્તિને મોટા પાયે બ્રિટનમાં ઘસડી જવામાં જ રસ હતો. આ સંપત્તિએ ઇંગ્લેન્ડમાં ઔદ્યોગિક ક્રાંતિને વેગ આપવામાં અગત્યનો ભાગ ભજવ્યો.

આ ભૂમિના કાયદાનો નિર્લજ્જ ભંગ કરીને બ્રિટિશરોએ શોષકોનોનવો વર્ગ પેદા કર્યો. મહેસૂલ ઉઘરાવવા માટે જમીનદારોનો વર્ગ, બંગાળની કાયમી જમાબંધી જેવી નવી મહેસૂલી પદ્ધતિ કે ભારતના

અન્ય ભાગોમાં રૈયતવારી કે વહાલવારી, મહેસૂલી પદ્ધતિને કારણે ખેડૂતોની અવિશ્રાન્ત દુર્ભાગ્યપૂર્ણ દશા થઈ. ખેડૂતોને તેમની કાયદેસર માલિકીની જમીનથી દૂર કરીને તેમને જમીનદારના - સામંતશાહીના હવાલે કર્યા. ખેડૂતોએ પોતાની જ જમીન ખેડવાનો હક જમીનદારની તરફેણમાં ગુમાવી દીધો હતો; તેમની પાસેથી વધુમાં વધુ મહેનત ખેંચવાની ક્યારેય ન સાંભળી હોય તેવી પદ્ધતિઓ જમીનદારોએ અજમાવી. સંસ્થાનવાદના શરૂઆતના તબક્કામાં, ઈસ્ટ ઇંડિયા કંપનીએ કોઈ સૈદ્ધાંતિક માળખું લાદ્યું ન હતું. ઘણા કિસાનો ત્રાસ, જુલમ અને જમીનના ઝુંટવાઈ ગયેલા હકથી નાસીને જંગલમાં નાસી ગયા. આ જમીનના માલિકો જમીનદારો બની ગયા.

મુક્ત વેપારના તબક્કામાં, ભારતને વ્યક્તિગત બ્રિટિશ મૂડીવાદીઓના હાથમાં ધકેલી દેવાયું. બ્રિટનમાં રાજકીય અને વેપારી સમુદાયોમાં જે આંતરિક પરિવર્તનો આવ્યાં. તેને પરિણામે નિયંત્રક અધિનિયમો ઘડાયા; તેમાં ૧૭૭૩નો કાયદો, પીટ્ટનો સને ૧૭૮૪નો ભારતીય અધિનિયમ તેમજ ૧૮૧૩ અને ૧૮૩૩ના ચાર્ટર અધિનિયમોએ ભારતને બ્રિટિશ શાશકોના હવાલે કરી દીધું. બ્રિટિશ મૂડીવાદીઓનો મૂડીગત માલસામાન જેવો કે ચા, કોફી, ગળી અને અફીણના ધંધા માટે મૂડીરોકાણ કરવાની, વિકસાવવાની ઉત્પાદન કરવાની અને નિકાસ કરવાની છૂટ મળી. બ્રિટિશ મૂડીવાદીઓ માટે વેપાર, પરિવહન, ખાણ અને આધુનિક ઉદ્યોગો સ્થાપવામાં આવ્યા અને સરકારે તેમનાં હિતોનું રક્ષણ કર્યું. યુરોપમાં થયેલા ઝડપી ઔદ્યોગીકરણે તેમજ વધતી જતી વસતિને કારણે ઉદ્યોગો માટે વધારે કાચા માલની જરૂરિયાત પેદા થઈ. ઉપરાંત પ્લાન્ટેશન ઉદ્યોગોએ પણ શોષણ માટે સારી ભૂમિકા ઊભી કરી આપી. આસામ અને બંગાળનાપ્લાન્ટેશન મજૂરો તેમજ બિહારના ગળીના પ્લાન્ટેશનના મજૂરો અને ખેડૂતો આ લાલચુ શોષણકારોના ખરાબમાં ખરાબ શિકાર બન્યા. તેમને વધારેને વધારે લાંબા સમય સુધી સતત કામ કરવાની ફરજ પાડવામાં આવી. જો કે, બ્રિટનમાં તો કારખાનામાં કામના કલાકો ઘટાડવા માટે તેમજ કામદારો માટે વધારે સુવિધાપૂર્ણ સગવડો ઊભી કરવા માટે કાયદા ઘડવામાં આવ્યા હતા. ગળી ઉગાડવાવાળાઓને તો સતત નુકસાન જ જતું હતું. તો પણ તેમને તે જ પાક વરસોવરસ ઉગાડવાનું ફરજિયાત બનાવાયું અને પરિણામે જમીનની ઉત્પાદકતા તદ્દન નીચી ઉતરી ગઈ.

### ૪.૩.૩ સૈન્ય અને માનવ હકનો ભંગ

ભારતમાં સૈન્ય ઉપર નિયંત્રણ અને અંકુશ બ્રિટિશરોનો હતો. તે બળવાખોરોને જેર કરવાનું, નવાં સંસ્થાનો જીતવાનું અને સરહદની પાર શાહી લડાઈઓ લડવાનું કાર્ય કરતું. ઉપલા વર્ગના ભાડૂતી વ્યક્તિઓના જૂથમાંથી શિસ્તબદ્ધ સૈનિકોમાં તેનું રૂપાંતર થઈ ગયું હતું. ભારત એક "પૌર્વાત્ય બેરેક" તરીકે બ્રિટિશ શહેનશાહમાં તાલીમબદ્ધ પલટણ તરીકે એકમાત્ર વિશાળ અનામત દળ હતું. તેમાં મુખ્યત્વે અશિક્ષિત નિરક્ષર ગરીબ કિસાનોનો સમૂહ રહેતો. તેમની સાથે ખૂબ જ ખરાબ વ્યવહાર કરાતો અને અત્યંત ભેદભાવ રાખવામાં આવતો. તેમનું ધાર્મિક, આર્થિક, સામાજિક અને શારીરિક શોષણ થતું. ભારતીય સૈનિકોને તેમના સમકક્ષ યુરોપિયન સૈનિકો કરતાં ઓછું વેતન ચુકવાતું તેમને ભાગ્યે જ નોકરીમાં બઢતી અપાતી અને યુરોપિયનો ઉપર તો તેમને ઉચ્ચાધિકાર કદાપિ ન અપાતો, ધાર્મિક રીતે હિંદુઓમાં સમુદ્ર ઓળંગવાનો નિષેધ ગણાય છે, પરંતુ ઘણીવાર તેમનેવિદેશમાં દરિયાપાર નોકરીની ફરજ બજાવવી પડતી. કોઈપણ પ્રકારના ઈન્કારનું પરિણામ સમગ્ર એકમને વિખેરી નાંખવામાં આળતું; અગર તેવો ઈન્કાર કરનાર સૈનિકોને ફાંસીને માંચડે લટકાવી દેવાતા. પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન ભારતીય સૈન્યની ભાગીદારી દરમિયાન આવા દમનના અસંખ્ય દૃષ્ટાંતો જોવા મળે છે. તેમાંના થોડાંકનો જ ઉલ્લેખ કરીએ તો, સને ૧૯૧૫માં સીંગાપુરનો બળવો, ફ્રાન્સ અને ફ્લેન્ડર્સમાં ખોરાકની ગુણવત્તા સંબંધી બળવો પરંતુ સને ૧૮૫૭નો બળવો બ્રિટિશ શહેનશાહતમાં.

વૉટરશેડ સમાન હતો. તે માટેનો તત્કાલીન મુદ્દો હતો. બંદૂકની નળી પર લગાડવામાં આવેલું ગ્રીઝ, જેનો હિંદુ, મુસ્લિમ બંનેએ વિરોધ કર્યો. આ બળવાને લોહી તરસ્યા કમાન્ડોએ નિર્દયપણે કચડી નાખ્યો. આ નીચેના બોક્સમાં અમે, નજરે જોયેલા સાક્ષીઓનું કથન ટાંક્યું છે. તે બ્રિટિશરોએ બળવો દબાવવા અને સિપાઈઓમાં આંતક ફેલાવીને રાજ ચલાવવા માટે જે તરકીબો અજમાવી તેમાંની એકનો ચિતાર રજૂ કરે છે.સને ૧૮૫૭ના બળવા પછી સૈન્યમાં તમામ જ્ઞાતિઓમાંથી ભરતી કરવાં બાબતે વધારે સાવધ બન્યા. તેમણે એક નવો સિદ્ધાંત શોધી કાઢ્યો - 'માર્શલ રેસ'નો સિદ્ધાંત. સને ૧૮૫૭ના બળવામાં જેમણે બ્રિટિશરોને સાથ આપ્યો હતો તેવી જાતિઓની જ સૈન્યોમાં ભરતી કરવા માંડી. શીખ જાતિ જાટ જાતિ વગેરે.

૫૫ મી બી એચ. આઈ ટુકડીના આશરે ૨૦૦ જેટલા કેદીઓ ઉપર અહીં(પેશાવરાં) કામ ચલાવવામાં આવ્યું. અને તેમાંથી ૪૦ને તો અમે બંદૂકની ગોળીથી સમગ્ર સૈન્યની હાજરીમાં જ ઉડાવી દીધા. આ એક ભયપ્રદ પરંતુ આવશ્યદ દાખલો હતો; જેનાથી તેમના દરેકના આત્મામાં આતંક છવાઈ ગયો. આખી ટુકડીનેત્રણ લાઈનોની હારમાં ગોઠવવામાં આવી. દશ બંદૂકોનાં નાળચાં તાકવામાં આવ્યાં; કોર્ટની સજાનો ચુકાદો વાંચી સંભળાવવામાં આવ્યો; નિશાની (સીગ્નલ) આપવામાં આવી અને એકસાથે ભડાકા કરવામાં આવ્યા. મને લાગે છે કે આવું દશ્ય કરી ક્યારેય જોવા ન મળે.માણસોનાં ધડ, પગ, હથિયારો વગેરે દરેક દિશામાં ઊડવા લાગ્યાં.

('ધ ટાઈમ્સ' લંડન, ૪ એપ્રિલ ૧૮૫૭)

આ લખવાનું એક મહાન પરિણામ એ આવ્યું કે ભારત સીધા બ્રિટિશ તાજના અંકુશ હેઠળ મુકાયું. તે પછી ભારતમાં સંસ્થાનવાદના ત્રીજા તબક્કાની શરૂઆત થઈ.

### ૪.૩.૪ અખબારો અને માનવ હકનો ભંગ

સૈન્યની જેમ અખબારો પણ બ્રિટિશ સંસ્થાનવાદનો એક સ્થંભ હતાં. આ અખબારો દ્વારા જ લોકોને ખોટી માહિતીનો પ્રચાર, ઉપદેશ, ખોટી માહિતીનું વિસ્તરણ વગેરે કરવામાં આવ્યું.

ભારતમાં સૌ પ્રથમવાર અખબાર શરૂ કરવાનો પ્રયાસ ઈસ્ટ ઇન્ડિયા કંપનીના નારાજ કર્મચારીઓ દ્વારા કરવામાં આવ્યો. તેઓ કંપનીના કર્મચારીઓએ દ્વારા હાથ ધરાતી ખાનગી વેપારની ગેરરીતિઓ પ્રકાશમાં લાવવા માગતા હતા. શરૂઆતમાં અખબારો અંગ્રેજો દ્વારા જ તેમની માતૃભાષા અંગ્રેજી શરૂ કરવામાં આવ્યાં અને તે દ્વારા અલ્પસંખ્યક બુદ્ધિજીવી અંગ્રેજો અને એંગ્લો- ઇન્ડિયનોની જરૂરિયાતો સંતોષાઈ. તેમાં કોઈ બળવાનો કે સખત જાહેર વિરોધનો કોઈ ભય ન હતો; પરંતુ એક આશંકા હતી કે આ અખબારો લંડન પહોંચે તો તેમના હલકાં કૃત્યો ઉઘાડાં પડી જાય, આ ભયને કારણે ભારતમાં અભિવ્યક્તિના સ્વાતંત્ર્ય ઉપર જુલમ થયો. સરકારે ક્યારેક સમાચારોનું પૂર્વ સેન્સર કરવાનું તો ક્યારેક અખબારના તંત્રીને સરકારી નીતિ વિરોધી ગણાવી તડીપાર કરવાનું શરૂ કર્યું.

નીચે એવા ક્રૂર અને જાલીમ તથા મોઢું પણ ન ખોલી શકાય તેવા કાયદાઓનો ચિતાર રજૂ કરવામાં આવ્યો છે, જે વખતોવખત અખબારો ઉપર લાદવામાં આવ્યા હતા.

નેપોલિયન ભારત જીતી લેશે એવા ભયથી ઈસ્ટ ઇન્ડિયા કંપની જ્યારે પોતાની બીજાઓ ઉપરની સર્વોચ્ચતાની લડતમાં વ્યસ્ત હતી ત્યારે લોર્ડ વેલેસ્લીએ સને ૧૭૯૯માં પ્રથમવાર જ પ્રેસ ઉપર સેન્સરશીપ લાદી. પ્રથમવાર જ હવે અખબારે તેના મુદ્રકનું, પ્રકાશકનું અને માલિકનું નામ છાપવાનું આવશ્યક બન્યું. પ્રકાશકે તેની બધી જ સામગ્રી પૂર્વ ચકાસણી માટે રજૂ કરવાની હતી. સને ૧૮૧૮માં સંપાદકોને ડાયરેક્ટરોનાં કૃત્યો વિરુદ્ધ લખવા સામે ચેતવણી અપાઈ. સને ૧૮૨૩નો પરવાના નિયંત્રણ અધિનિયમ અગાઉના બધા કાયદાઓ કરતાં વધુ કડક પુરવાર થયો. તે કાયદા દ્વારા, અખબાર શરૂ કરવા માટે મુદ્રક અને પ્રકાશકને લાઈસન્સ લેવાનું ફરજિયાત બનાવાયું. આ બધાં નિયંત્રણો મૂળભૂત રીતે તોભારતીય ભાષાનાં અખબારો અથવા ભારતીય સંપાદકો/ તંત્રીઓ માટે જ હતાં. જ્યારથી આ અધિનિયમ અમલમાંઆવ્યો ત્યારથી મોટાભાગનાં અખબારો બંધ થઈ ગયાં. તે સમયે ૧૮૩૫-૩૬ના કાર્યકારી ગવર્નર જનરલ ચાર્લ્સમેટડફે સને ૧૮૨૩નો આ નિંદનીય કાયદો પાછો ખેંચી લીધો. આને કારણે તેમને ભારતીય અખબારોના મુક્તિદાતા' તરીકે ઓળખવામાંઆવ્યા. લોર્ડ મેકોલે કે જેઓ પોતે જ એક Whig ક્રાન્તિકરી પક્ષના સભ્ય હતા. તેમણે એવી દલીલ કરી કે ભારત પોતે જ જ્યારે બ્રિટિનના અંકુશ નીચે છે. ત્યારે અખબારો પર અંકુશ રાખવાની કોઈ જરૂર નથી. પરંતુ આ છૂટછાટ કંઈ લાંબી ચાલી નહિ. સને ૧૮૫૭ના બળવાએ ભારતનું નસીબ પલટી નાખ્યું. અને સાથેસાથે બ્રિટિશરોનો ભારત પ્રત્યેનો અભિગમ પણ પલટાયો.સને ૧૮૫૭ ના પરવાના અધિનિયમ ફરીથી દાખલ થતાં ભારતીય અખબારોપર ફરી નિયંત્રણ લદાયાં. સને ૧૮૬૭ના નોંધણી અધિનિયમે મે કાફના ૧૮૩૫ના કાયદાનું સ્થાન લીધું. આ કાયદા દ્વારા દરેક પુસ્તક પર કે અખબાર પર તેના મુદ્રક, પ્રકાશક અને પ્રકાશનના સ્થાનનાં નામ હોવાં જોઈએ.આ કાયદામાં સને ૧૮૯૦, ૧૯૧૪, ૧૯૫૨ અને ૧૯૫૩માં સુધારા કરવામાં આવ્યાં.

સને ૧૮૭૦ના કાયદા દ્વારા ભારતીય દંડ સંહિતમાં 'ઉશ્કેરણી' સંબંધી ફેરફાર કરવામાં આવ્યો.વહાબી બળવા (૧૮૬૯-૧૮૭૦) ને કારણે આ બાબત જરૂરી બની હતી.

સને ૧૮૫૭ના બળવા પછી શાસકો અને પ્રજા વચ્ચે વંશીય કટુતા પેદા થઈ હતી. સને ૧૮૫૭નો બળવો નિષ્ફળ જતાં, ભારતનાં યુરોપિયન અખબારોએ બ્રિટિશ સરકારનો પક્ષ લીધો. લોકમત ઘડવામાં

પ્રાદેશિક ભાષાઓનાં અખબારોએ સરકાર સામે એક ચુનૌતી પેદા કરી હતી. સને ૧૮૭૮માં ભારતમાં પ્રાદેશિક ભાષાઓમાં૧૭૦ જેટલાં અખબારો હતાં. એવો અંદાજ છે કે આ અખબારોના લગભગ એક લાખ કરતાં અધિક વાચકો હતા. સને ૧૮૭૬-૭૭માં ભારતમાં પડેલા ભયંકર દુષ્કાળે લગભગ ૬૦ લાખ વ્યક્તિઓનો ભોગ લીધો; પરંતુ સરકારે દુષ્કાળ રાહતનું કામ બહુ હળવાશથી હાથ ધર્યું. તે પછી તરત જ ૧૮૭૭માં દિલ્હીમાં ભરાયેલા "શાહી દરબાર"ને કારણે લોકોની દુર્દશા પ્રત્યે સરકારની નિષ્કાળજી બાબતે અખબારો અને જનમત સરકાર વિરોધી બની ગયાં. સને ૧૮૭૮નો વર્નાક્યુલર પ્રેસ અધિનિયમ દેશી અખબારો પર 'વધુ સારો અંકુશ' જમાવવાના હેતુથી ઘડવામાં આવ્યો. આ કાયદા દ્વારા મેજિસ્ટ્રેટને અખબાર જપ્ત કરવાની સત્તા મળી. મેજિસ્ટ્રેટના આ વર્તન સાથે કોઈ કોર્ટમાં અપીલ પણ ન કરી શકાય તેવી જોગવાઈ હતી. પાછળથી જે 'ગેગીંગ એક્ટ' - લોકોનાં મોંઢા બંધ કરી દેતા કાળા કાયદા તરીકે ઓળખાયો. આ કાયદા દ્વારા બિન વફાદાર દેશી અખબારો અને 'વફાદાર ઍંગ્લો-ઇંડિયન અખબારો' વચ્ચે ભેદભાવ દાખવવામાં આવ્યો. દેશી અખબારોની અભિવ્યક્તિના સ્વાતંત્ર્યનું ગળું ઘોંટવાના સંસ્થાનવાદી સત્તાનો આ મોટો પ્રયાસ હતો. આ પ્રયાસની વ્યાપક નિંદા કરવામાં આવી અને અસંતોષને પ્રજ્વલિત કરવાના ડહાપણ વિનાના પગલા તરીકે તેને ઓળખવામાં આવ્યું. પરંતુ સરકારની દમનકારી પગલાં સામે ટકી રહેવાનું મોટા ભાગનાં દેશી અખબારો માટે શક્ય ન હતું.આ કાયદા દ્વારા પ્રેસ કમિશનરને સત્તાવાર અને ચોક્કસ સમાચારો પૂરા પાડવા માટેનો રસ્તો ચોખ્ખો બન્યો. લોર્ડ રિપને સને ૧૮૮૨માંઆ વર્નાક્યુલર પ્રેસ અધિનિયમને પાછો ખેંચી લીધો.

સને ૧૯૦૫માં બંગાળના ભાગલા થતાં,ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસમાં આત્યંતિક જૂથ જોર જમાવતું હતું. ત્યારે અખબારોએ સરકારી નીતિઓની ટીકા કરી. સરકારે દમનકારી નીતિ અખત્યાર કરી. ૧૯૦૮ માં અખબારોનો ગુનાઓની ઉશ્કેરણી કરવા સંબંધી કાયદો પસાર કર્યો અને મેજીસ્ટ્રેટને વાંધાજનક સાહિત્ય પ્રસિદ્ધ કરનાર અખબારના પ્રિન્ટીંગ પ્રેસ અને મિલકત જપ્ત કરવાનો હક આપ્યો.સને ૧૯૧૦ના ભારતીય અખબારો સંબંધી કાયદાથી, અખબારની નોંધણી સમયની ડિપોઝીટમાં વધારો કરીને રૂ. ૨૦૦૦ કરવાની સરકારને સત્તા મળી.

સને ૧૯૧૪-૧૮ના પ્રથમ વિશ્વયુદ્ધે, તમામ નિયમોને રદ કરી, ડિફેન્સ ઓફ ઇન્ડિયા રૂલ્સ (ભારત સુરક્ષા નિયમો) બનાવ્યો. સરકારે માત્ર યુદ્ધના હેતુ પૂરતા જ નહિ પરંતુ સરકાર દ્વારા 'ફરજિયાત' અને દબાણપૂર્વક થતી ભરતી સામેના રાજકીય વિરોધને દબાવવા માટે પણ તેનો ઉપયોગ કર્યો.

સને ૧૯૨૧માં વાઈસરોયની કારોબારી સમિતિના કાયદા પ્રધાન સર તેગ બહાદુર સપ્રુના અધ્યક્ષસ્થાને 'પ્રેસ સમિતિ' રચાઈ. આ સમિતિએ સને ૧૯૦૮ ને ૧૯૧૦ના કાયદા પાછા ખેંચી લેવાની ભલામણ કરી. સને ૧૯૨૨ના પ્રેસ લો રિલીઝ એન્ડ એમેન્ડમેન્ટ એક્ટ દ્વારા સરકારે તે મુજબ કર્યું. તે પછી, બ્રિટિશ શાસન દરમિયાન બહુ નજીવા અને શોભાના જ ફેરફાર થયા. સિવાય કે બીજા વિશ્વયુદ્ધ દરમિયાનના ફેરફારો, પરંતુ સ્વાતંત્ર્યની લડત દરમિયાન પ્રાદેશિક ભાષાઓ અને અંગ્રેજી ભાષામાં પ્રગટ થતાં અખબારોના વાચકોની સંખ્યામાં ઘણો ઉમેરો થયો. પ્રાદેશિક ભાષામાં અખબારો અંગ્રેજી ભાષાનાં અખબારો સાથે હવે હરિફાઈમાં ન હતાં. પરંતુ સરકારે ચોક્કસપણે અંગ્રેજી અખબારો સામે હસ્તક્ષેપ કર્યો; કેમ કે 'ધ સ્ટેટસમેન' અને 'ધ ટાઈમ્સ ઓફ ઇન્ડિયા' જેવાં અખબારો સરકાર પ્રત્યે સહાનુભૂતિ અને ઝોક ધરાવતાં હતાં જ્યારે અન્ય અખબારો જેવાંકે 'ધ હિન્દુસ્તાન ટાઈમ્સ' 'ધ બોમ્બે ક્રોનિકલ' જેવાં કોંગ્રેસ તરફી અખબારો રાષ્ટ્રીય ચળવળને ટેકો આપતાં હતાં. સ્વાતંત્ર્યની લડત દરમિયાન એવા પણ દાખલા છે કે જ્યારે કોમી છમકલાં થતાં હતાં ત્યારે પણ કેટલાંક ઍંગ્લો ઇન્ડિયન અખબારો ભારતની જુદી જુદી કોમના લોકો વચ્ચે કોમી લાગણી ભડકાવતાં હતાં. ભારતીયોની માલિકીનાં અખબારો પ્રત્યે સરકારની નીતિ પણ એકપક્ષી હતી. સને ૧૯૩૦-૩૨ની સવિનય કાનૂન ભંગની ચળવલ વકતે, કેટલીક પ્રાંતીય સરકારો કોંગ્રેસ દ્વારા ચલાવાતી લડતના તેમજ કેટલાક બનાવો સંબંધી ફોટો તથા નેતાઓના ફોટો પણ પ્રસિદ્ધ કરવા સામે મનાઈ ફરમાવી હતી. પરંતુ ઘણીવાર એવું બનતું કે આવા સરકારી હુકમો નહિ માનવાના કારણે કેટલાંક અખબાર જપ્ત થતાં અગર તો તેના સંપાદકોને તડીપાર કરવામાં આવતા. પરંતુ મુંબઈના ટાઈમ્સ ઓફ ઇન્ડિયા અને સ્ટેટસમેન અખબારો આવા સમાચારો કોઈ અવરોધ વિના પ્રસિદ્ધ કરતા.

**તમારી પ્રગતિ ચકાસો-૨**

(૧) અખબારો ઉપર પૂર્વ-ચકાસણી લાવી સેન્સરશીપ દાખલ કરનાર પ્રથમ ગવર્નર જનરલ કોણ હતા ?

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

(૨) વર્ષ ................માં ..............દ્વારા પ્રાદેશિક અખબારો અંગેનો કાયદો પાછો ખેંચી લેવામાં આવ્યો.

(૩) બ્રિટિશ રાજ્યને ટેકો આપનાર બે અખબારો કયાં હતાં ?

(ક) ધ હિન્દુસ્તાન ટાઈમ્સ

(ખ) ધ ટાઈમ્સ ઓફ ઇન્ડિયા

(ગ) ધ સ્ટેટમેન્ટ

(ઘ) ધ બોમ્બે ક્રોનિકલ

(ચ) ધ હિન્દુ

(ક)અને(ખ) ; અને (ગ); (ગ) અને(ઘ); અને (ચ) નાં જોડકામાંથી પસંદ કરો.

(૪) ભારતીય અખબારોના મુક્તિદાતા'તરીકેનું નામ કોને મળ્યું અને શા માટે ?

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

### ૪.૩.૫ પોલીસ અને માનવ હકનો ભંગ

બ્રિટિશ સંસ્થાનવાદનો અન્ય એક સ્થંભ હતો. પોલીસ દળ, બ્રિટિશ રાજ્યને ઘણીવાર પોલીસ રાજ્ય જ કહેવામાં આવતું. શાસિત લોકો મોટેભાગે પોલીસ રક્ષણ હેઠળ જ જીવતાં. પોલીસ દળનો ઉપયોગ એ સંસ્થાનવાદનું અંતર્ગત તત્ત્વ હતું. લશ્કરી દળ દ્વારા બાહ્ય પ્રદેશો જીતવામાં આવતાં અને પોલીસ દળ મારફતે જીતેલા પ્રદેશોની આંતરિક ગરબડને દબાવી દેવાતી. આમ તો ગમે તેવા સંસ્કૃત રાષ્ટ્રને પણ પોતાનું પોલીસ દળ તો હોય જ; પરંતુ સંસ્થાનવાદી રાજ્યે તો આવા પોલીસ દળનો ઉપયોગ દેશી પ્રજા સામે પાશવી દમન માટે જ કર્યો છે. આ પોલીસ દળનું ભારતમાં નિયમન સને ૧૮૬૧ના પોલીસ અધિનિયમ મુજબ તેમજ મદ્રાસના સને ૧૮૫૯ના અને મુંબઈના સને ૧૮૯૦ના ખાસ કાયદાઓ અનુસાર થતું. ભારતમાં પોલીસ દળ પ્રાન્તીય સરકારો હસ્તક હતું. કોઈ સામાન્ય ભારતીયજન માટે, પોલીસ એટલે બ્રિટિશ સરકારની સત્તાનો પ્રતિનિધિ, એક અંદાજ મુજબ દર ૧૩૦૦ની વસતિ માટે એક પોલીસનું પ્રમાણ હતું. ભારતમાં લગભગ ૧૦,૦૦૦ પોલીસ સ્ટેશન હતા, એટલે કે દર ૧૦૦ ચો. માઈલે એક પોલીસ સ્ટેશન. આની સામે દર ૪૦૦ ચોરસ માઈલે એક હોસ્પિટલની વ્યવસ્થા હતી. શાંતિના સમયગાળામાં કે કોઈ ચળવળ દરમિયાન ભારતમાં પોલીસ હંમેશા વધારે પડતું જ બળ વાપરતી અને તેનો વર્તાવ બચાવ ન થઈ શકે તેવો અમાનવીય રહેતો. લાઠી, ટિયરગેસ બેયોનેટ

(બંદૂકનું નાળચું) અને રાઈફલ જેવાં સાધનો તદ્દન નિર્દોષ, શાંત અને અહિંસક લોકોનાં ટોળાને વિખેરવા માટે કે પિકેટિંગ કરનારાઓ કે સરઘસમાં જનારાઓની સામે વાપરવામાં આવતાં. પોલીસની જો હુકમી સામે કોર્ટમાં રજૂઆત થતી ત્યારે વટહુકમો અર્થહીન બની જતા. ન્યાયતંત્ર પોતે પણ પોલીસના જુઠાણાઓનું મૂક દર્શક બની રહેતું. પોલીસ ઘણીવાર સાચું બોલાવવા માટે 'થર્ડ ડિગ્રી'નો ઉપયોગ કરતી. બ્રિટિશ રાજ દરમિયાન કોઈનું 'અદશ્ય થઈ જવું' તો સામાન્ય હતું. પોલીસ જુલમમાં ઘરોને બાળી નાખવાં, લૂંટ ચલાવવી, મિલકતનો નાશ કરવો; ઘરમાં બળજબરીથી પ્રવેશ કરી લોકોને ઝૂડી નાખવા, ગામોને ઘેરો ઘાલવો; ખેતરના પાકની લૂંટ કરવી, મહિલાઓના ખંડમાં પ્રવેશ કરવો; ભારતીય મહિલાઓની છેડતી અને તેમના પર બળાત્કાર વગેરેનો સમાવેશ થાય છે. ઉપરાંત સરકાર ચળવળો દરમિયાન શિક્ષાત્મક દંડ પણ વસૂલ કરતી.

એક સદી જૂની ભારતીય દંડ સંહિતા ભારતને બ્રિટન તરફથી મળેલી દર્દનાક ભેટ તરીકે ઓળખાય છે. આજે પણ પોલીસતંત્ર અને ન્યાયતંત્ર તેનો ઉપયોગ અને દુરુપયોગ બંને કર્યા કરે છે. પોલીસ દમનમાં ફરજિયાત કામે પકડી જઈ 'વેઠ' કરાવવાનો પણ સમાવેશ થાય છે. આવી વેઠ કરાવવા માટે સરકારી કોન્ટ્રાક્ટરો જાહેર ઉપયોગી રસ્તાઓ અને રેલ્વેના બાંધકામમાં મફત મજૂરી કરાવતા. પોલીસ તેમનું સક્રિયતાપૂર્વક રક્ષણ કરતી. લોકોને લોટરીની ટિકિટો વેચવાની પણ ફરજ પાડવામાં આવતી અને પૂરતી સંખ્યામાં ટિકિટોનું વેચાણ ન કરે તો તેની જમીન ઉપર હુમલો કરવાની પણ ધમકી આપવામાં આવતી. પોલીસ ઘણા કિસ્સાઓમાં જેમતેમ વર્તન દાખવતી. જે વ્યક્તિ સ્થાનિક કક્ષાએ તંત્ર સંભાળતો હોય તેની ઉપર જ બધું છોડી દેવાતું. પોલીસ ભાગ્યે જ મહિલાઓ કે બાળકો સાથે પણ સલુકાઈથી કે સુસંસ્કૃત રીતે વર્તન કરતી. ઇતિહાસના પાને સચવાયેલી કથા ઉપરથી સ્ત્રીઓ ઉપરના પોલીસના વર્તન સંબંધી થોડીક ઝાંખી મેળવી શકાશે. સને ૧૯૩૦-૩૨ દરમિયાન ચાલેલી સવિનય કાનૂન ભંગની ચળવળમાં બંગાળમાં મહિલા સ્વયંસેવકોને અટકાયતમાં લેવામાં આવી. પછી તેમના ઘરેથી અથવા ધરપકડના સ્થળોથી માઈલો દૂર આવેલા નિર્જન ટાપુઓ ઉપર લઈ જઈને મોડી રાત્રે ત્યાં મૂકી દેવામાં આવી. મહિલા પિકેટિંગ કરનાર કે સરઘસમાં જોડાનાર મહિલાઓ ઉપર મારઝૂડ કરવાની અને મહિલા સ્વયંસેવકોની છેડતી કરવાની ધમકીઓ ઉચ્ચારવામાં આવતી. આવો એક કિસ્સો નીચે ટાંક્યો છે.

> કુ. નિલકંઠ, સ્થાનિક કન્યાશાળાનાં વડાં અને અમેરિકન યુનિવર્સિટીનાં સ્નાતકે પોતાની સામેની ધમકીના જવાબદરૂપે હાથમાં ચાકું અને પિકેટિંગ કર્યું. તેમણે જાહેર કર્યું કે જો તેમની સામે બળજબરીનો (છેડતીનો) એક પણ પ્રયાસ થશે તો તેઓ તેને તાબે થવા કરતાં મોતને વહાલું કરશે. મારા દેશની સ્ત્રી એમ જ કરે. (ભારતની પરિસ્થિતિ, પૃ. ૨૦૪)

વટહુકમો દ્વારા કાર્યપાલક અધિકારીઓને માત્ર વાજબી શંકા પરથી પણ ધરપકડ કરવાની આડેધડ સત્તા આપવામાં આવી. પોલીસ રાજની એક કાર્યપદ્ધતિ અનુસાર, એક વ્યક્તિની ધરપકડ કર્યા પછી તેના છુટકારા વખતે એવી શરત રજૂ કરવામાં આવી કે તેણે દિવસમાં ઓછામાં ઓછું ત્રણ વખત હાજરી પુરાવવી. આનો તો ઘણીવાર ભંગ થયો. હવે તેની પુનઃ ધરપકડ કરવામાં આવી અને તેની ઉપર યોગ્ય પ્રકારે કેસ દાખલ કરવામાં આવ્યો. આ પ્રક્રિયાનો હેતુ ગુનો ઊભો કરવાનો હતો.

પોલીસ રાજનો અનુભવ ગામડાંઓમાં વિશેષ થતો. ગામડાંઓને તો ભારતની કરોડરજ્જૂ ગણવામાં આવતાં. ભાગ્યે જ કોઈ ગામમાં શિક્ષણ જોવા મળતું. ગ્રામજનો સાથે કામ પાડવામાં પોલીસને છૂટો દોર મળી જતો. એક નાનકડી ચોરી માટે પણ, કોઈ ગ્રામજન ઉપર ભયંકર ત્રાસ ગુજારાતો અને ક્યારેક પોલીસ સ્ટેશનમાં તેનું મૃત્યુ પણ થતું. નાનકડી રકમનો વેરો નહિ ભરવા બદલ ગ્રામીણ ઘરમાં લૂંટફાટ કરાતી. સ્ત્રીઓની છેડતી થતી કે બળાત્કાર પણ થતો. આ બધી બાબતો ન તો અખબારમાં છપાતી કે ન કોર્ટમાં લઈ જવાતી. ગ્રામજનો પોલીસ રાજના મૂક સહન કરનારા હતા. પોલીસના અત્યાચાર અસંખ્ય હતા અને અકલ્પનીય હતા. કેટલીકવાર તો કુટુંબની પુરુષ વ્યક્તિઓને તે પરિવારની સ્ત્રીઓ - જેમાં પત્ની પણ હોય, દીકરી હોય કે વહુ હોય તેની સામે નગ્ન થવાની ફરજ પડાતી. પોલીસના જુલમથી બાળકો પણ બચી શકતાં નહીં. કેટલાક કિસ્સાઓમાં તો પોલીસ બાળકો સાથે અકુદરતી ગુદા મથુન જેવી ગુનાહિત પ્રવૃત્તિ પણ આચરતી.

**૪.૩.૬. જેલ અને માનવ હકનો ભંગ**

ભારતમાં જેલોનું નિયંત્રણ ભારતની સને ૧૮૯૪ના જેલ અધિનિયમની જોગવાઈઓ અનુસાર થાય છે. બ્રિટિશ ભારતમાં સરકારી અંદાજ મુજબ જેલોની સંખ્યા ૨૦૦૦ જેટલી હતી. સરકાર મોટેભાગે લોકોને જેલમાં મોકલવાનું ટાળતી; કારણ કે ત્યાં તેમના ભોજન અને નિભાવનો પ્રશ્ન મુશ્કેલ હતો.

જેલના કેદીઓમાં ટુંકી મુદતના અપરાધીઓ, ખુનીઓ અને રાજકીય કેદીઓ કે જેઓ બ્રિટિશ સરકારના વિવિધ વટહુકમોનો ભંગ કરીને અટકાયત વહોરી લેનારાઓ હતા. સરકારે રાજકીય કેદીઓનો વિભાગ માન્ય કર્યો ન હતો.

> મોહન કૌલ ૧૯ વરસનો યુવાન હતો. તે માજી સરકારી અધિકારીનો પુત્ર હતો. રાજાશાહી જેલમાં 'સરકાર સલામ'ના જવાબમાં 'સલામ' કરવાનો તેણે ઇન્કાર કર્યો હતો. તેને હાથકડી પહેરાવીને ઊભો રાખવા ઉપરાંત અન્ય શિક્ષાઓ પણ કરવામાં આવી. દરેક વખતે તેને સુપરિન્ટેન્ડેન્ટ પાસે લાવવામાં આવતો ત્યારે આવશ્યક નમન કરવાનો તે ઇન્કાર કરતો. સમગ્રપણે સાડાપાંચ માસ સુધી તેણે એકાંતવાસની સજા ભોગવી. પહેલાં ત્રણ માસ પછી પણ જ્યારે તે 'સલામ'નો ઇન્કાર કરવાની બાબતમાં દઢ હતો; ત્યારે તેના હાથને પાછળથી પીઠ પર બાંધી દઈને તેને પિંજરામાં પૂરવામાં આવતો. આ પિંજરુ 7 x 5 ફૂટનું હતું. આ પિંજરામાં મોહન કૌલ દિવસ અને રાતના કલાકો ગુજારતો. તેને ખોરાક લેવાની ત્યાં જ ફરજ પાડવામાં આવતી અને કુદરતી હાજતો પણ ત્યાં જ પિંજરામાં કરવાની ફરજ પાડવામાં આવતી.

કેદીઓ ઉપરાંત બીજા અટકાયતીઓ પણ હતા. જેમની ઉપર કોઈપણ કાનૂની પ્રક્રિયા કે કામ ચલાવ્યા વિના અચોક્કસ સમય માટે અટકાયતીઓની શિબિરમાં રાખવામાં આવતાં. જેલમાં ત્રણ વર્ગો હતાઃ એ, બી અને સી. જો કે આ બધું વર્ગીકરણ મનસ્વી પ્રકારનું હતું. મોટાભાગના રાજકીય કેદીઓ "એ" વર્ગની પાત્રતા ધરાવતા હોવા છતાં તેમને "સી" વર્ગમાં મોકલવામાં આવતા અને તેમને સખતકેદની સજા આપવામાં આવતી. જેલ સત્તાવાળાઓ સામેની આ એક નિયમિત રોજિંદી ફરિયાદ હતી. બ્રિટિશ ભારતમાં જેલોની હડતાલ લગભગ સામાન્યપણે જોવા મળતી. મહિલાઓ અને બાળકો પ્રત્યે પણ કોઈ સહાનુભૂતિ રાખ્યા વિના તેમની પ્રત્યે અમાનવીય વ્યવહાર કરવામાં આવતો. દા. ત. મહિલાકેદીઓની સાથે લાંબી મુસાફરીમાં પણ તેમના એસ્કોર્ટ તરીકે, મહિલા વોર્ડન, મહિલા પોલીસ કે અન્ય મહિલા સાથી વિના, માત્ર પોલીસ કોન્સ્ટેબલ કે હેડ કોન્સ્ટેબલને મૂકવામાં આવતા.બાળ ગુનેગારોને પણ સખત કામનીકેદ આપવામાં આવતી; તેમને ચાબૂક કે કોરડા ફટકારવાની સજા કરાતી; તેમને પુખ્યવયની વ્યક્તિઓ માટેનું કામ કરવાની ફરજ પાડવામાં આવતી અને વધારે ભયાનક વાત તો એ હતી કે તેમને અસભ્ય, અશિષ્ટ ગાળો સંભળાવવામાં આવતી કે ક્યારેક જેલમાં તેમની સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય (ગુદા મૈથુન) પણ કરવામાં આવતું. આ બધું જેલ મેન્યુઅલના નિયમોની વિરુદ્ધ હતું. આવા માનવ હકનાં ભંગની વાત અદાલતમાં સંભળાતી જ નહિ. જાહેરાતો અને ઘોષણાઓ ગમે તે પ્રકારની કરવામાં આવતી હોય; પરંતુ ભારતનું વહીવટીતંત્ર ભેદભાવનીનીતિ પર આધારિત હતું. આ ભેદભાવ જેલમાં પણ આચરવામાં આવતો. અત્યંત જાણીતા આગળ પડતા ભારતીય કેદી ખૂબ ઊંચું નૈતિક ચારિત્ર્ય ધરાવતા મહાત્મા ગાંધી જેવી આદરણીય વ્યક્તિ જેમની સામે ખરેખર તો કોઈ ઔપચારિક ગુનો પણ ના બનતો હોય તેમની સાથે પણ કોઈ સામાન્ય યુરોપિયન ગુનેગાર કરતાં ખરાબ વર્તાવ કરવામાં આવતો. વળી યુરોપિયનોને અમુક ખાસ ખાસ જેલમાં જ રાખવામાં આવતા. યુરોપિયનો, અમેરિકનો, બ્રિટિશરો અને એંગ્લો-ઇન્ડિયનો જેલ મેન્યુઅલમાંનો મહત્તમ ફાયદો ઉઠાવતા. મેન્યુઅલમાં જેલમાં સમાન ખોરાક સંબંધી સ્પષ્ટ સુચનાઓ આપી હોવા છતાં , જેલમાં ભારતીય કેદીઓને જે ખોરાક આપવામાં આવતો તેની હલકી ગુણવત્તાને લઈને, જેલોમાં ઘણીવાર ખોરાક સંબંધી પણ તોફાનો ફાટી નીકળતાં. જેલ મેન્યુઅલની સૂચનાઓનો સરેઆમ ભંગ જ થતો. ખોરાકની જે ગુણવત્તા રહેતી તેમાં મેન્યુઅલની ધરાર અવગણના જ થતી. કેદીઓની ખોરાક સંબંધી રજૂઆતો ભાગ્યે જ સંભળાતી; અને તેને પરિણામે કાં તો કેદીઓને ખોરાક વિના ચલાવી લેવું પડતું અગર સખત સજા ભોગવવી પડતી. જેલ મેન્યુઅલમાં સ્પષ્ટ દર્શાવાયું હતું કે કોઈ ખાસ કટોકટી વિના,કોઈપણ કેદી પાસેથી દિવસમાં નવ કલાકથી વધુ કામ લેવું નહિ. જેલમાં રહેલા કેદીની મજૂરી સંબંધી સખત, મધ્યમ અને હળવું કામ એમ વિભાગો રહેતા. જે કેદીઓનું શારીરિક સ્વાસ્થ્ય સારું હોય તેમને તેલ ઘાણી, અનાજ દળવાની ઘંટી, અનાજ ખાંડવું વગેરે સહિત સખત મજૂરીના કામે મૂકવામાં આવતા.

> "તેલની ઘાણીમાં રાજકીય કેદીઓને બળદની જેમ જોતરવામાં આવતા. તેમણે કામ કરતી વખતે જ પોતાનો ખોરાક ખાવાનો રહેતો."
>
> હરિસિંગ, બરેલી જેલ, યુ. પી. સમિતિનો અહેવાલ, ૧૯૩૦

અન્ય સખત મજૂરીના કામમાં વણાટ, અનાજનું વજન કરી તેને ભંડારમાં ગોઠવવું, બટાકા છીણવા, રસોઈ કૂવામાંથી પાણી ખેંચવું, પાણી લાવવું, પથ્થરો ઉપાડવા, ખાણોમાં પથ્થરો તોડવા વગેરેનો સમાવેશ થતો. જો આ સૂચનાઓનું પાલન કરવામાં ન આવે તો વધુ કડક શિક્ષા, વધારે મહેનતનું કાર્ય, હાથકડી, શરીરની આગળ દોરડાં બાંધવાં ને પાછળ સાંકળ બાંધવી, સાંકળ વડે બાંધવું (સળિયા સાથે કે થાંભલા સાથે), શિક્ષાત્મક ખોરાક, એકાંતવાસ, એકાંકી કોટડીમાં પૂરવાની સજા, કોરડા કે ફટકા મારવા વગેરે સજા મળતી. બહાર પોલીસ રાજની જેમ, જેલની કોટડીની અંદર પણ અમાનવીય અત્યાચારો અને નૈતિક મનોબળ તૂટી જાય તેવા માનવગૌરવને હાનિરૂપ લાગણીશૂન્ય વ્યવહારો આચરવામાં આવતા. ગોરા બ્રિટિશરો શ્રેષ્ઠ છે તેવી પાયાની વિચારસરણી પણ અધિકારીઓ અને તેમના સહાયકોના મનમાં ઘર ઘાલી ગઈ હતી.

**તમારી પ્રગતિ ચકાસો-૩**

(૧) મોટા ભાગના રાજકીય કેદીઓને ..... વર્ગની જેલમાં મોકલવામાં આવતા.

.........................................................................................

.........................................................................................

.........................................................................................

.........................................................................................

(૨) અટકાયતીઓને તેમની સામે કામ ચલાવ્યા વિના જ શિબિરોમાં અટકાયતમાં રાખવામાં આવતા.

સાચું / ખોટું

(૩) જેલમાં મજૂરી કામના કયા કયા વર્ગો હતાં ?

.........................................................................................

.........................................................................................

.........................................................................................

.........................................................................................

(૪) જેલ અધિકારીઓ દ્વારા મહિલાઓ સામે થતા અત્યાચારો વિશે ટૂંક નોંધ લખો.

.........................................................................................

.........................................................................................

.........................................................................................

.........................................................................................

(૫) બ્રિટિશ રાજને શા માટે પોલીસ રાજ કહેવાતું ?

.........................................................................................

.........................................................................................

.........................................................................................

.........................................................................................

(૬) મહિલાઓ ઉપર તથા ગામડાંઓમાં પોલીસ અત્યાચારો વિશે ટૂંક નોંધ લખો.

.........................................................................................

.........................................................................................

.........................................................................................

.........................................................................................

#### ૪.૩.૭ કામદારો અને માનવ હકનો ભંગ

સંસ્થાનવાદના શાસન દરમિયાન જેમણે સૌથી વધુ સહન કરવું પડ્યું હોય તેવાં જૂથો પૈકીનું એક જૂથ તે કામદારો હતા. બ્રિટિનમાં શરૂ થયેલી ચાર્ટીસ્ટ ચળવળે કામદાર મંડળો બનાવવા અને કામદારોના માનવ હકો માટેનો માર્ગ મોકળો કરી આપ્યો. ભારતમાં કામદાર મંડળો રચવાની બાબત પરત્વે લોખંડી વલણ અખત્યાર કરવામાં આવ્યું. સરકારે હંમેશાં કામદારો વિરુદ્ધ માલિકોને જ ટેકો આપ્યો. કામદારોને ગોરા લોકોની જ તેમજ ખ્રિસ્તીઓ અને એંગ્લો ઇન્ડિયોની સમકક્ષ પગાર ચૂકવવાની બાબત નકારવામાં આવી. તેમની પાસે કામના નિયત કલાકો પ્રમાણે કામ લેવાની બાબત પણ નકારવામાં આવી. કામદાર મંડળોને કાં તો દબાવી દેવામાં આવ્યાં કે કાં તો તેમને નિર્માલ્ય બનાવી દેવામાં આવ્યાં. ઈંગ્લેન્ડમાં બાળમજૂરીની નાબૂદી કરવામાં આવી; પરંતુ ભારતમાં હજી પણ તે ચાલુ જ છે. ભારતીય અને યુરોપિયન મૂળના મિલમાલિકોની આપખુદી તરફ સરકારે કોઈ લક્ષ ન આપ્યું. ભારતમાં કાનૂન દ્વારા ખેતીમાં વેઠિયાની પ્રથા નાબૂદ કરવામાં આવી. પરંતુ હકીકતમાં બ્રિટિશ ભારતમાં વેઠ દ્વારા કારાવાતી મજૂરી ચાલુ જ હતી. આવી વેઠે પકડી લાવી મજૂરી કરાવવાનું વ્યક્તિગત ધોરણે તેમજ જાહેર બાંધકામમાં સરકારી કન્ટ્રાક્ટરો દ્વારા પણ ચાલુ હતું. વખતોવખત, આંતરરાષ્ટ્રીય બેઠકોમાં પણ આ વેઠ પ્રથા સંબંધી પ્રશ્નો ઉઠાવાયા છે. પરંતુ સરકારી ધોરણે હંમેશાં તેને રદિયો અપાયો છે. સને ૧૮૪૩માં કામદારોની ગુલામીની પ્રથા સરકારી ધોરણે નાબૂદ થઈ; પરંતુ તેણે પરસ્પર કરાર દ્વારા નક્કી કરાતી મજૂરી માટે માર્ગ મોકળો કરી આપ્યો. આજેપણ દૂરના ભારતીય વિસ્તારોમાં આવી વેઠ પ્રથા અને ગુલામી જોઈ શકાય છે.

**તમારી પ્રગતિ ચકાસો-૪**

(૧) ભારતમાં ગુલામી સને ......માં નાબૂદ થઈ.

..........................................................................

(૨) બ્રિટનની ચાર્ટિસ્ટ ચળવળ ......ને લગતી છે.

..........................................................................

## ૪.૪ સારાંશ (Let us Sum up)

આ એકમમાં આપણે સંસ્થાનવાદ અને માનવ હકો વચ્ચેના સંબંધો જોયા. સંસ્થાનવાદ શોષણનું બીજું નામ છે. ભારતમાં બ્રિટિશ શાસને સામાન્ય માણસો, બાળકો, મહિલાઓ, કામદારો, કિસાનો વગેરે તમામને સીધી કે આડકતરી રીતે અસર પહોંચાડી છે. પોલીસ અને લશ્કરનો ઉપયોગ વ્યક્તિઓના હક્ના દમનના મુખ્ય સાધન તરીકે કરવામાં આવ્યો. ન્યાયતંત્રે તેના ઇશારે કામ કરવાનું પસંદ કર્યું.અથવા પોલીસ રાજનું તે મૂક પ્રેક્ષક બની રહ્યું. જેલોતો માનવ હક્નાં ભંગ માટેની ફળદ્રુપ ભૂમિ હતી ; કારણ કે તેની આજુબાજુ તો ખાનગીપણાની વાડ હતી. કોઈ કેદી પોતાની વીતકકથા રહેવા માટે જીવતો રહ્યો હોય તે સિવાયના સંજોગોમાં જેલમાં થયેલાં જુલમોની કથા જેલની ચાર દીવાલની અંદર જ દટાઈ રહેતી. જે અખબારોએ સંસ્થાનવાદના અત્યાચારો ખુલ્લા પાડ્યા તેમણે કાં તો અખબારની જપ્તી સહન કરવી પડી અથવા તેમના સંપાદકોને તડીપાર કરવામાં આવ્યા કે દંડ કરવામાં આવ્યો.

## ૪.૫ મહત્ત્વના શબ્દો (KeyWords)

**Fetter** : સાંકળ, બેડી તે સાંકળની બે ચેઈન પૈકી એક કેદીના પગમાં નાખી, તેમને નાસી જતા અટકાવવામાં ઉપયોગમાં લેવાય છે.

**Rigorous Imprisonment :** સખત મજૂરી સાથેની કેદ.

**Zulum :** દમન, અંગેની હિંદી શબ્દ.

**Sarkar Salaum :** સરકાર સલામ, સરકારને સામૂહિક સલામ માટેનો હિદુસ્તાની શબ્દ.

**Char :** ચાર : નાના ટાપુઓ, પૂર્વ બંગાળની નદીઓ વચ્ચેનો જમીનના ટુકડા.

**Lathi** : લાઠી : લાકડી, પોલીસ દ્વારા વપરાશમાં લેવાતી લાંબી સોટી

## ૪.૬ કેટલાંક ઉપયોગી પુસ્તકો (Some Useful Books)

Desai A.R. (ed) Expandign government Lawlessness and Organised Struggles. Delhi 1991.

Marx, Karl and fedrick Engèls

On Colonialism, Moscow.

Ray Chalapathi M. India-Land &People.

The Press. New Delhi. 1974

Synder, Louis l. Imperialism Reasder

Documents &Readings on modern expansism; Princeton, 1962.

Vivekanda Swami,

Proletariat win equal rights; Calcutta 1984

Whately, Monica, et. al, Condition of India, New Delhi. 1999

## ૪.૭ 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબ : સ્વાધ્યાય

(Answers to Check yourr Progress : Exercises)

**તમારી પ્રગતિ ચકાસો-૧**

(૧) જુઓ વિભાગ - ૪.૧

(૨) જુઓ પેટાવિભાગ - ૪, ૩.૧

**તમારી પ્રગતિ ચકાસો-૨**

૧. લોર્ડ વેલેસ્લી

૨. લોર્ડ રિપન ૧૯૮૨

૩. (ખ) અને (ગ)

૪. જુઓ પેટા વિભાગ ૪.૩.૪

**તમારી પ્રગતિ ચકાસો-૩**

૧. (ક)

૨. ખરું

૩. જુઓ પેટા વિભાગ ૪-૩-૬

૪. જુઓ પેટાવિભાગ ૪-૩-૬

૫. જુઓ પેટા વિભાગ ૪-૩-૫

૬. જુઓ પેટા વિભાગ ૪-૩-૫

**તમારી પ્રગતિ ચકાસો-૪**

૧. ૧૮૪૩

૨. કામદારોના હક

# એકમ ૫ : રાષ્ટ્રીય ચળવળ અને માનવ હક
## National Movement and Human Rights

રૂપરેખા


૫.૦ ઉદ્દેશ

૫.૧ પ્રાસ્તાવિક

૫.૨ શરૂઆત

૫.૩ રાષ્ટ્રીય ચળવળઅને માનવ હક

૫.૩.૧ કાર્યક્રમોમાં સામેલગીરી

૫.૩.૨ સરકાર પાસે માગમી

૫.૩.૩ માનવ હક માટે લડત

૫.૩.૪ માનવ હકનો અમલ

૫.૪ સામાજિક પરિવર્તન માટેની લડત

૫.૪.૧ જ્ઞાતિ પ્રથાના જુલમો સામે લડત

૫.૪.૨ ગ્રામીણ પુનરુત્થાન

૫.૫ પ્રસાર

૫.૬ સૂચિતાર્થ

૫.૭ સારાંશ

૫.૮ 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબ : સ્વાધ્યાય


## ૫.૦ ઉદ્દેશ (Objectives)

આ એકમના વાચન પછી તમે નીચેની બાબત શીખશો :

- રાષ્ટ્રીય ચળવળે કયા સ્ત્રોતમાંથી પ્રેરણા પ્રાપ્ત કરી ?
- રાષ્ટ્રીય ચળવળના કાર્યક્રમોનું સ્વરૂપ અને કાર્યક્રમોની સામગ્રી સહ - માનવહકની સમસ્યા.
- રાષ્ટ્રીય ચળવળે માનવ હક વિશેની તેની ચિંતા વ્યક્ત કરવા અપનાવેલી અને નિર્દેશિત કરેલી વિવિધ પદ્ધતિઓ અને
- ભારતના સમાજ અને રાજકારણના ભાવિ અંગેના તેના સૂચિતાર્થો

## ૫.૧ પ્રાસ્તાવિક (Introduction)

એ તો હવે સૌની જાણમાં છે કે રાષ્ટ્રીય ચળવળ મુખ્યત્વે બ્રિટિશ સામ્રાજ્યવાદ સામેની લડત હતી. પરંતુ કદાચ વ્યાપક રીતેએ હકીકત જાણીતી નથી કે ભારતીય રાષ્ટ્રીય ચળવળ એના કરતાં કંઈક વિશેષ હતી. તે આધુનિક ભારતને લોકશાહી અને નાગરિક સ્વતંત્રતા ના દોરે બાંધવાનો એક ભગીરથ પ્રયાસ હતો. બ્રિટિશરો સામેની લડત એ તો આ મહાન લડતનો એક હિસ્સો હતો. સંસ્થાનવાદી સરકારે વખતોવખત લોકોના માનવ હક અને નાગરિક સ્વાતંત્ર્ય સાથે ચેડાં કર્યાં હતાં, તેથી ભારતીય રાષ્ટ્રીય ચળવળે સતત આ મૂલ્યોની જાળવણી અને હિફાજત અંગે સંઘર્ષ કર્યો. વાસ્તવમાં, બ્રિટિશ સામ્રાજ્યવાદને ઉથલાવી નાખવાની પ્રક્રિયાને રાષ્ટ્રીય ચળવળના નેતાઓ ભારતના એક એવા દેશ તરીકેના વિકાસ, કે જેમાં તેના લોકો પોતાના પાયાના હકોનું રક્ષણ કરી શકે તેની પૂર્વ શરત તરીકે જોતાં હતાં. જો આપણે નાગરિક સ્વાતંત્ર્ય અને માનવ હક સંબંધી ભારતના રેકર્ડની અન્ય વિકસતા સંસ્થાનવાદ પછીના સમાજોની સાથે સરખામણી કરીશું તો આ બાબત વધુ સ્પષ્ટ થઈ શકશે. તે તો પુરવાર થઈ ચુકેલું જ છે કે ભારતના લોકો ભલે ગમે તેટલી મર્યાદિત માત્રામાં પણ જે માનવ હક ભોગવી રહ્યા છે તે આપણી રાષ્ટ્રીય ચળવળની જ દેન છે.

આપણે રાષ્ટ્રીય ચળવળના રેકર્ડ અને દસ્તાવેજો તેમજ તેના નેતાઓનાં ભાષણો અને લખાણો તપાસીશુંતો તેમાં માનવ હક શબ્દનો ઉપયોગ જોવા નહિ મળે. પણ તેનાથી એમ માની લેવાની જરૂર નથી કે રાષ્ટ્રીય ચળવળ દરમિયાન આ માટેની નિસબતનો અભાવ હતો. એ બાબત ધ્યાનમાં રાખવી

જરૂરી છે કે 'માનવ હક' એ શબ્દો પ્રમાણમાં નવા છે અને માત્ર બીજા વિશ્વયુદ્ધના અંત કાળમાં સને ૧૯૪૮માં અસ્તિત્વમાં આવેલ છે. વિશ્વયુદ્ધની ભયાનકતા અને ફાંસીવાદી નીતિઓનાં અનુભવે માનવને પાયાની જરૂરિયાતોમાંથી મુક્ત થઈ અને ભય વિના જીવવાનો હક તથા કેટલાક પાયાના આર્થિક અને સાંસ્કૃતિક હક તેમજ રાજકીય હક ભોગવવા સંબંધી નિસબત પણ પુનઃપેદા થઈ. આ માટે બીજા વિશ્વયુદ્ધ પહેલાં જે શબ્દોનો સામાન્યપણે ઉપયોગ થતો તે શબ્દો હતા – 'નાગરિક સ્વાતંત્ર્ય'. નાગરિક સ્વાતંત્ર્યની આ વિભાવના લગભગ ૨૦૦ વર્ષ પુરાણી છે અને સને ૧૭૮૯ની ફ્રેન્ચ ક્રાન્તિમાં તેનું મૂળ શોધી શકાય તેમ છે. રાષ્ટ્રીય ચળવળના નેતાઓએ આ સમજ માટે બ્રિટિશ સામ્રાજ્યવાદ સાથેની લડતમાં તેને અંતરંગ સ્થાન આપ્યું હતું. આથી, આપણી રાષ્ટ્રીય ચળવળની તેની નાગરિક સ્વાતંત્ર્ય અને માનવ હક માટેની લડતની પ્રેરણાનું સ્રોત શોધવાનું જરૂરી છે.

## ૫.૨ શરૂઆત (Origins)

સને ૧૭૭૬માં ઉત્તર અમેરિકાની અંગ્રેજી વસાહતોના પ્રતિનિધિઓ ભેગા મળ્યા અને સ્વાતંત્ર્યની ઘોષણાનો સ્વીકાર કર્યો. આ ઘોષણામાં, આ સંસ્થાએ પોતાને બ્રિટિશરોના અંકુશમાંથી મુક્ત જાહેર કર્યા; અને તેમ કરવામાં, પાછળની બધી સ્વાતંત્ર્યની લડતો માટે એક માળખું ઉપલબ્ધ કરી આપ્યું. કોંગ્રેસે ટંકાર કર્યો, "બધા જ માનવોને સરખા બનાવેલ છે. તેમને તેમના રચયિતા તરફથી જ કેટલાક સ્થાયી હક બક્ષવામાં આવે છે; જેમાં જીવન જીવવાનો હક, સ્વાતંત્ર્યનો હક અને સુખી થવા માટે મથામણ કરવાનો હક સમાવિષ્ટ છે." કદાચ આ પ્રથમ જ એવો રાજકીય દસ્તાવેજ હતો, જેમાં તમામ માનવો માટે સમાનતા અને તેમના કુદરતી હક ઉપર ભાર મૂકવામાં આવ્યો હતો. પછી સને ૧૭૮૯માં ફ્રેંચ રાજ્યક્રાંતિ દરમિયાન, ફ્રાન્સની રાષ્ટ્રીય સભાએ માનવો અને નાગરિકો માટે હકની ઘોષણા કરી. આ ઘોષણાએ માત્ર યુ.એસ.માં જ નહિ; પરંતુ એશિયા અને આફ્રિકામાં પણ ક્રાન્તિકારી અને લોકશાહી ચળવળો માટે પ્રેરણા પૂરી પાડી. આ ઘોષણામાં કહેવામાં આવ્યું. "સાર્વભૌમત્વનો સિદ્ધાંત મૂળભૂત રીતે રાષ્ટ્રનો સિદ્ધાંત છે. કોઈ પણ વ્યક્તિ, રાષ્ટ્ર દ્વારા સ્પષ્ટપણે વ્યક્ત કરવામાં ન આવે ત્યાં સુધી, તેના ઉપર હક ધરાવી શકે નહિ."

ભારતમાં ૧૯મી સદીની શરૂઆતમાં હજી રાષ્ટ્રીય ચળવળનાં મંડાણ થયાં ન હતાં ત્યારે આ વિચારો લાગુ કરવામાં આવ્યા ત્યારે તેને ભારતીય લાક્ષણિકતા પ્રાપ્ત થઈ ગઈ. સામાજિક સુધારણાના સમયગાળામાં ઘણા માનવ હકને વ્યક્તિના હક તરીકે સમૂહના હક કે પછી રાષ્ટ્રના હક તરીકે જોવામાં આવતા હતા. પૂરી ૧૯મી સદીમાં આ ત્રણ હક તે સ્વરૂપે જ વ્યક્ત થયા. સતીના રિવાજની નાબૂદી માટેની ઝૂંબેશ તેમજ વિધવા પુનઃલગ્ન અંગેની હિમાયતને મહત્ત્વના વ્યક્તિગત હક તરીકે જ દર્શાવવામાં આવતા હતા. રાજા રામમોહનરૉય, સર ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર અને અન્ય આગેવાનોએ વ્યક્તિઓના પાયાના હક તરીકે જ આ મુદ્દાઓને આગળ ધપાવ્યા. તે જ રીતે, જ્યોતિબા ફૂલે જેવા નીચલા વર્ગના આગેવાનોએ સમગ્ર સમુદાયના હક માટે લડત ચલાવી. બંકિમચંદ્ર અને વિવેકાનંદ જેવા નેતાઓની રાષ્ટ્રની ચળવળ દરમિયાનની નક્કર લડતોમાં ૨૦મી સદીમાં પણ આ ત્રણ પ્રકારના હકના મુદ્દા કેન્દ્રમાં રહ્યા. આમ, આપણી રાષ્ટ્રીય ચળવળે પ્રશિષ્ટ યુરોપિયન સિદ્ધાંતોમાંથી તેમજ ભારતમાં ૧૯મી સદી દરમિયાન હાથ ધરાયેલ સામાજિક સુધારાની ચળવળમાં તેને રચનાત્મક રીતે લાગુ કરાઈ તેમાંથી પ્રેરણા પ્રાપ્ત કરી.

## ૫.૩ રાષ્ટ્રીય ચળવળ અને માનવ હક (National Movement and Human Rights)

સામ્રાજ્યવાદ વિરોધી લડત દરમિયાન ભારતીય રાષ્ટ્રીય ચળવળના નેતાઓએ લોકોના માનવ હકના મુદ્દાઓને વિવિધ સ્વરૂપે અભિવ્યક્ત કર્યા. તેમાં નીચેના રીતોનો સમાવેશ થાય છે :

- તેમની કાર્યસૂચિમાં આ મુદ્દાઓને ઉચ્ચ અગ્રતા આપીને;
- ખાસ કરીને લડતના શરૂઆતના તબક્કાઓમાં સરકાર પાસે સતત આ હકની માંગણી રજૂ કરીને;
- લોકોને તેમનાહક પરત્વે શિક્ષિત બનાવીને તેમજ આ મુદ્દાઓ બાબતમાં લડત આપીને; અને
- શક્ય લાગ્યું ત્યાં નાગરિક સ્વાતંત્ર્ય અને માનવ હક માટેની તીવ્ર નિસબત સંબંધી વર્તાવ દ્વારા નિદર્શન દર્શાવીને.

### ૫.૩.૧ કાર્યક્રમોમાં સામેલગીરી

તમે કદાચ જાણતા હશો કે શરૂઆતના તબક્કામાં, રાષ્ટ્રીય ચળવળ બ્રિટિશ સંસ્થાનવાદી સરકાર સાથે સીધેસીધા સંઘર્ષમાં ઉતરી ન હતી. તેને બદલે, તેણે લોકોને ભાષણો અને લખાણો દ્વારા શિક્ષિત (જાગૃત) બનાવવાનો અને એવા કાર્યક્રમો અપનાવવાનો પ્રયાસ કર્યો. જેમાં તમામ ભારતીયોના તથા વિશિષ્ટ જૂથોના હકનો સમાવેશ થતો હોય. લઘુમતી જૂથોની સાથે, રાષ્ટ્રીય નેતાગીરીએ શરૂઆતમાં એક વિશિષ્ટ સંવેદનશીલતા રજૂ કરી. સને ૧૮૮૫માં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની રચના કરી. સને ૧૮૮૫ માં ભારતીય કોંગ્રેસની રચના થયા બાદ, લઘુમતીઓના અવાજને કોઈ હાનિ કે અન્યાય થશે નહિ તે મતલબના ઘણા ઠરાવો કર્યા. સને ૧૮૮૮ અને ૧૮૮૯ માં કોંગ્રેસે તેના અધિવેશનોમાં એ મતલબનો ઠરાવ રજૂ કર્યો કે લઘુમતીઓ સંબંધી તે કોમના બહુમતી સભ્યોનો વિરોધ હોય તેવી કોઈ દરખાસ્તો પસાર કરવામાં આવશે નહિ. સને ૧૯૩૧ ના કરાંચી અધિવેશનમાં કોંગ્રેસ તેના મૂળભૂત હકની ઘોષણા સાથે બહાર આવી. આ ઘોષણામાં ભારતના દરેક નાગરિકને, દરેક જ્ઞાતિ અને જાતિના નાગરિકને સ્વતંત્ર અભિવ્યક્તિનો હક, મંડળ રચવાના કે એકત્ર તવાનો હક, અંતરાત્માનું સ્વાતંત્ર્ય અને જાહેર શાંતિ અને નીતિમત્તાની મર્યાદામાં રહી પોતાના ધર્મના પ્રચાર અને પાલનનો હક" ની ખાતરી આપવામાં આવી.

આ રીતે માત્ર ઠરાવો પસાર કરવાનું તો સરળ લાગે, પરંતુ તેને વળગી રહેવાનું એટલું સરળ ન હતું. ઘણીવાર આ સંસ્થાને વિવિધ પ્રકારના વિચારોને સાથે લઈ ચાલવામાં મુશ્કેલી અનુભવાતી. ઉદાહરણ તરીકે, શરૂઆતના સમયથી જ, કોંગ્રેસે રાષ્ટ્રીય એકતા અથવા જુદાં જુદાં જૂથો વચ્ચે અને સમુદાય વચ્ચે એકતા માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. પરંતુ તે સાથે સાથે, કોંગ્રેસે એવો પણ ઠરાવ કર્યો હતો કે તે કોઈપણ જૂથ ઉપર તેની ઇચ્છા વિરુદ્ધ, આ એકતા લાદશે નહિ. આમ જ્યારે મહમ્મદઅલી ઝીણાની આગેવાની નીચે મુસ્લિમ લીગે, ૧૯૪૦ પછી હિંદુઓ અને મુસ્લિમો વચ્ચે રાજકીય ભાગલાની માગણી શરૂ કરી ત્યારે કોંગ્રેસ નેતાગીરીએ તેનો વિરોધ કર્યો, પરંતુ સ્વીકાર કર્યો કે કોઈપણ જૂથ, જો તે એવી ઇચ્છા દર્શાવે તો, જુદા થવા માટેનો વિકલ્પ દર્શાવી શકે, ગાંધીજીએ તેને સરસ રીતે રજૂ કરતાં કહ્યું, "આપણે અત્યારે એક સંયુક્ત પરિવાર છીએ. આ પરિવારની કોઈપણ વ્યક્તિ અલગ રહેવાની માંગણી કરી શકે." આમ ચુસ્ત રાષ્ટ્રીયતા એ જ્યારે એ ઇચ્છનીય સિદ્ધાંત તરીકે નિભાવવાનો અને આત્મસાત્ કરવાનો હતો ત્યારે તેને જૂથોના આત્મનિર્ણયના હકનો ભંગ કરીને વળગી રહેવાનું ન હતું. બીજું એક દૃષ્ટાંત લઈએ. જ્યારે સને ૧૯૩૮માં બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું ત્યારે એકબાજુ લોકશાહી દળો (બ્રિટન,ફ્રાન્સ, પોલેન્ડ) હતાં. બીજી તરફ ફાસીવાદી દળો (જર્મની, ઇટાલી, અને જાપાન)હતાં. ત્યારે એ અનિવાર્ય હતું કે આપણી રાષ્ટ્રીય ચળવળ લોકશાહી દળોની તરફેણ કરશે; પરંતુ વૈશ્વિક સંદર્ભમાં જ્યારે બ્રિટન સ્વતંત્રતા અને લોકશાહી દળોનું પ્રતિનિધિત્વ કરતું હતું ત્યારે ભારતીય સંદર્ભમાં બ્રિટન એક સામ્રાજ્યવાદી સત્તા હતી, જે ભારતના લોકોને સ્વાતંત્ર્ય અને લોકશાહી હકો આપવાનો ઇન્કાર કરતી હતી. ભારતીય રાષ્ટ્રીય ચળવળની નેતાગીરીએ બ્રિટનનું ફાસીવાદ સામે લડતા લોકશાહી દળતરીકે સમર્થન કરવું કે સામ્રાજ્યવાદી સત્તા તરીકે તેનો વિરોધ કરવો ? રાષ્ટ્રીય ચળવળે માત્ર ભારતીય વાસ્તવિકતા ઉપર ધ્યાન કેન્દ્રિત કરીને બ્રિટિશરો સામે લડવું કે ફાસીવાદ સામેની લડતમાં વિશ્વના લોકો સાથે એકતા દર્શાવવી ? આ એક ગંભીર દ્વિધા હતી પરંતુ કોંગ્રેસની મધ્યપ્રવાહની નેતાગીરીએ તેનો હલ શોધી લીધો.પંડિત જવાહરલાલ નહેરુએ લખ્યું :

"આપણે ફાસીવાદ સામે લડવાનું છે. પરંતુ આપણે સામ્રાજ્યવાદના શોષણનો આપણી જાતને ભોગ બનવા દઈશું નહિ. બહારની કોઈસત્તા દ્વારા આપણે આપણી ઉપર યુદ્ધ લાદવા દઈશું નહિ. આપણે આપણા ઉપર થયેલા જૂના અન્યાયો સાચવી રાખવા માટે ભોગ આપીશું નહિ અથવા તેવા અન્યાયો પર આધારિત વ્યવસ્થા નિભાવી લઈશું નહિ. આપણે એવા સૂત્રો જે કર્ણપ્રિય લાગે પરંતુ જેની પાછળ ભાગ્યે જ કોઈ વાસ્તવિકતા હોય તેવાં સૂત્રોને ખાતર આપણી પોતાની સ્વાતંત્ર્ય માટેની લડાઈને ભૂલી શકીશું નહિ કે ભૂલીશું નહિ."

નહેરુની એ દલીલ હતીકે ભારતના લોકો વિશ્વના લોકો માટે સ્વાતંત્ર્ય અને લોકશાહી જાળવી રાખવા માટેના વૈશ્વિક યુદ્ધમાં જોડાવા માટે ઇચ્છુક છે; પરંતુ જ્યાં સુધી તેઓ પોતે સ્વતંત્ર થયા નથી ત્યાં સુધી તેઓ તેમ કરી શકે નહિ. તેથી આ યુદ્ધમાં જોડાવાની પૂર્વશરત તરીકે નહેરુએ ભારત માટે સ્વાતંત્ર્યની માગણી કરી. આ પ્રમાણે રાષ્ટ્રીય ચળવળ વૈશ્વિક પ્રતિબદ્ધતા સાથે રાષ્ટ્રીય પ્રતિબદ્ધતાને સાંકળી શકી

અને તે સાથે સાથે વિશ્વના લોકોના સ્વાતંત્ર્ય અને લોકશાહી માટના પાયાના હક પર ભાર પણ મૂકી શકી.

### ૫.૩.૨ સરકાર પાસે માગણી

અહીં એ બાબત ઉપર ભાર મૂકવો જોઈએ કે રાજકીય આધુનિકતા (લોકશાહી, પ્રતિનિધિત્વ ધરાવતી સરકાર, લોકોનું સાર્વભૌમત્વ,માનવ હક માટે સન્માન, અન્ય સ્વાતંત્ર્યની સાથે અખબારોનું સ્વાતંત્ર્ય વગેરે) લોકોની સામાન્ય માન્યતા હતી; કંઈ બ્રિટનની દેન ન હતી.

આ બધા માટે તો રાષ્ટ્રીય નેતાગીરી દ્વારા સતત માંગણી કરવામાં આવતી જ હતી અને બ્રિટિશ સરકારે તો અચકાતાં ખચકાતાં તેનો અંશતઃ જ સ્વીકાર કર્યો હતો. ઉદાહરણ તરીકે, ૨૦મી સદીની શરૂઆતથી, બાળ ગંગાધર તિલકે અને ત્યારબાદ ગાંધીજીએ પુખ્ત મતાધિકારની માંગણી કરી હતી.(જો કે ખુદ બ્રિટનમાં પણ સને ૧૯૨૮ સુધી તેનું અસ્તિત્વ ન હતું.) પરંતુ સ્વાતંત્ર્ય ન આવ્યું ત્યાં સુધી ભારતીય પુખ્ત મતાધિકાર અમલમાં આવ્યો ન હતો. છેક ૧૯૩૫ સુધી ભારતીય જનતાના માત્ર ત્રણ ટકા લોકોને મત આપવાનો હક હતો; તેમ છતાં પુખ્ત મતાધિકારની બાબત કાર્યસૂચિ પર ભારપૂર્વક મૂકવામાંઆવી. ભારતીય નેતાગીરીએ ૧૯મી સદીથી જ બ્રિટિશ સરકાર યોગ્ય પ્રતિનિધિત્વ ધરાવતી નથી એ મુદ્દા ઉપર તેની સતત ટીકા કરતી હતી અને ભારતનું સંવિધાન તૈયાર કરવા માટે તેની વિશ્વસનીયતા પર પ્રશ્નાર્થ મૂક્યું હતું. મોતીલાલ નહેરુ અને તેજ બહાદુર સપ્રુ છેક ૧૯૨૮ માં રાષ્ટ્રીય સંવિધાન તૈયાર કરવા સુધીની હદે ગયા હતા. તેમાં મૂળભૂત હકની ઘોષા, સંસદીય લોકશાહી શાસન વ્યવસ્થા, પુખ્ત મતાધિકારઅને સ્વતંત્ર ન્યાય પદ્ધતિ સહિત અનેક વિગતો સમાવિષ્ટ હતી.તેને નહેરુ રિપોર્ટ તરીકે ઓળખવામાં આવે છે. તેનો બ્રિટિશ સરકારે અસ્વીકાર કર્યો તો પણ ભારતીય લોકોએ તેમાંથી પ્રેરણા મેળવીને સ્વ-શાસન માટે પોતાની ક્ષમતાનું પુનરુચ્ચારણ કર્યું. સને ૧૯૩૦ પછી જવાહરલાલ નહેરુ જેવા નેતાઓએ લોકશાહી રીતે ચૂંટાયેલી સંવિધાન સભાની માગણી કરી, જે ભારતનું સંવિધાન તૈયાર કરે.

સ્વાતંત્ર્ય લડતમાં કેન્દ્રસ્થાને રહેલા માનવ હકને મુદ્દો બનાવતાં, અગાઉની નેતાગીરી જેમ કે બાળ ગંગાધર તિલક અને ગોપાળકૃષ્ણ ગોખલેનું પ્રદાન બહુ મહત્ત્વપૂર્ણ છે. ગોખલેએ તેમની સમગ્ર કારકિર્દી દરમિયાન બ્રિટિશ સરકારે લાદેલા ભારે કરવેરાની આકરી ટીકાકરી. તેમ છતાં જો પ્રાથમિક શિક્ષણને ફરજિયાત કરવામાં આવે અને જો સંસ્થાનવાદી સરકાર તેની જવાબદારી સ્વીકારે તો તેઓ આ કરવેરાને ટેકો આપવા પણ તૈયાર હતા. ગોખલે કદાચ એવા પ્રથમ ભારતીય નેતા હતા, જેમણે શિક્ષણને પાયાનો માનવ હક લેખ્યો હતો. તિલક અખબારોના સ્વાતંત્ર્યના અને વાણી સ્વાતંત્ર્યના પ્રખર હિમાયતી હતા. તેમનું જાણીતું વિધાન "સ્વતંત્રતા એ મારો જન્મસિદ્ધ હક છે એ કદાચ સ્વાતંત્ર્યને માનવ હક તરીકે ગણવાનો કોઈ ભારતીય નેતાનો પ્રથમ પ્રયાસ હતો. તેમણે વાણી સ્વાતંત્ર્યનો બરાબર અમલ કર્યો અને અખબારોમાં બ્રિટિશ નીતિઓની વિરુદ્ધ છૂટથી લખ્યું. આ માટે બે વાર તો તેમની ધરપકડ પણ થઈ અને સને ૧૮૯૭ માં અને બીજીવાર સને ૧૯૦૮ માં તેઓ છ વર્ષના લાંબા કારાવાસ માટે પકડાયા.

### ૫.૩.૩ માનવ હક માટે લડત

માનવ હક માટે બ્રિટિશ સરકાર પાસે માંગણીઓ કરી તેના અમલનો વ્યાપ વધારવા ઉપરાંત, સને ૧૯૨૦ પછી રાષ્ટ્રીય ચળવળે આ મદ્દા પરત્વે લોકશાહી લડત ચલાવી. અત્રે એ યાદ કરવું જરૂરી છે કે બ્રિટિશ સરકાર વિરુદ્ધની પહેલી અખિલ ભારતીય સામૂહિક લડત બ્રિટિશરો દ્વારા અઘટ્યના માનવ હકના ભંગના મુદ્દે યોજાઈ હતી. સને ૧૯૧૯માં બ્રિટિશરોએ અન્યાયી અને તોફાની રોલેટ બિલ રજૂ કર્યું (તેના રચયિતા સર સિડની એ.ટી. રોલેટના નામ પરથી તે રોલેટ બિલ તરીકે ઓળખાયું.) તેનાથી સરકારને, કોઈપણ વ્યક્તિને તેની સામે ખટલો ચલાવ્યા વિના કે બીજી કાનૂની પ્રક્રિયા કર્યા વિના જેલમાં મોકલવાનો હક પ્રાપ્ત થતો હતો. બ્રિટિશ સરકારના આ પગલાંનો ભારતના તમામ વિચારસરણીઓવાળા નેતાઓ દ્વારા અભૂતપૂર્વ અને ભયંકર વિરોધ થયો. વિધાન પરિષદના તમામ ભારતીય સભ્યો - શ્રીનિવાસ શાસ્ત્રીથી માંડી મહમદઅલી ઝીણાએ આ બિલનો વિરોધ કર્યો હતો તો પણ તે બિલ પાસ તો થયું. રાષ્ટ્રીય અખબારો ખૂબ રોષે ભરાયેલા હતા. મદ્રાસના ન્યુ ઇન્ડિયાએ તેને રાક્ષસી ગણાવ્યું. કલકત્તાના 'અમૃતબજાર પત્રિકા. એ તેને "ભયાનક ભૂલ" ગણાવી. મુંબઈના 'ધ બોમ્બે ક્રોનિકલે તેને 'કઠોર જુલમી' તરીકે જણાવ્યું; તો મદ્રાસના 'ધ હિન્દુ' અખબારે તેને 'શરમ, કલંક અને ધૃણાજનક' ઘટના તરીકે ઓળખાવ્યું. અખિલ ભારતીય હડતાલનું આયોજન થયું અને માનવ હકના આ ભયાનક હનન સામે રોષ વ્યક્ત કરવા દેશ આખો ઊભો થઈ ગયો. પોતાના સમગ્ર જીવનકાળ

દરમિયાન રાષ્ટ્રીય ચળવળે માનવ હકના મુદ્દે કોઈ સમાધાન કર્યું નહિ.

### ૫.૩.૪ માનવ હકનો અમલ

બીજી અન્ય રીતે પણ ભારતીય રાષ્ટ્રીય ચળવળે માનવ હકનો વ્યાપ વિસ્તારવાનું જે કાર્ય કર્યું તે ખરેખર તક મળી ત્યારે તેના પાલન દ્વારા કરી બતાવ્યું. સને ૧૯૩૫ના ભારત સરકારના કાયદામાં પ્રાંતોમાં સંપૂર્ણપણે ચૂંટાયેલી સરકારોની જોગવાઈ કરી. પરિણામે, ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે સાત પ્રાંતોમાં સરકારો રચી અને પોતે જેનો જીવનભર ઉપદેશ આપ્યો હતો તેનું સફળતાપૂર્વક પાલન કર્યું. અગાઉની પ્રાંતીય સરકારોએ જે કટોકટીની સત્તાઓ પોતાને હસ્તક લીધી હતી તે બધી પાછી ખેંચી લેવામાં આવી. ગેરકાનૂની રાજકીય સંગઠનો પરનો પ્રતિબંધ હટાવી લેવાયો. અખબારો પરના તમામ નિયંત્રણો દૂર કરાયાં અને તેમની પાસેથી લેવાયેલ જામીનગીરીઓ પરત કરવામાં આવી. જપ્ત કરવામાં આવેલાં શસ્ત્રો પરત કરવામાં આવ્યાં અને શસ્ત્રોનાં લાયસન્સો પરત સોંપાયા, પરંતુ સૌથી મહત્ત્વની સિદ્ધિ તો વર્ષોથી જુદી જુદી જેલોમાં ગોંધી રાખવામાં આવેલા હજારો રાજકીય કેદીઓને મુક્ત કરવામાં આવ્યા એ હતી. તેમનાં ટૂંકાં ૨૮ માસના સત્તાકાળમાં, કોંગ્રેસ નાગરિક સ્વાતંત્ર્ય અને માનવ હકના મદ્દે પોતાની સાચી નિસબત વ્યક્ત કરવામાં સફળ રહી.

**તમારી પ્રગતિ ચકાસો-૧**

(૧) યુદ્ધમાં બ્રિટિશ શાસકો સાથે જોડાવાની દ્વિધા સંબંધે નહેરુની શું દલીલ હતી ? તેને માટે તેમની પૂર્વશરત કઈ હતી ?

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

(૨) આધુનિક રાજકીય વિચારો એ કંઈ બ્રિટનની દેન ન હતી" ટીકા કરો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

(૩) ૧૯૩૫ના ભારત સરકારના કાયદાની અસરો વિશે ટૂંકમાં ચર્ચા કરો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

## ૫.૪ સામાજિક પરિવર્તન માટેની લડત
## (Struggles for social Transformation)

માનવ હકના મુદ્દાને સ્વાતંત્ર્ય માટેની લડત સાથે સાંકળવા ઉપરાંત, રાષ્ટ્રીય ચળવળે, અગત્યના માનવ હકના મુદ્દાઓ માટે સામાજિક લડતો માટે પણ મોકળાશ ઊભી કરી. આનાં ઘણાં સ્વરૂપો હતાં; પરંતુ બે ક્ષેત્રોમાં તે તદ્દન જાણીતી હતી :

(૧) જ્ઞાતિ પ્રથાના જુલમ અને ભેદભાવ સામેલ લડત, અને

(૨) ગ્રામીણ પુનરુત્થાન માટેના પ્રયાસો

### ૫.૪.૧ જ્ઞાતિ પ્રથાના જુલમો સામે લડત

જ્ઞાતિ પ્રથાના જુલમો સામેની લડત એક રીતે તો બ્રિટિશ સરકાર સામેની લડત કરતાં વધુ જટિલ હતી. જ્ઞાતિ પ્રથા સામેની લડત વલણો, પૂર્વગ્રહો સામેની લડત હતી. આ વલણો અને પૂર્વગ્રહો હજારો વર્ષો જૂનાં હતા. અને તેને જીતતાં સેંકડો વર્ષ નીકળી જાય તેમ હતું. વળી તે કોઈ વિદેશી શાસન સામેની લડત ન હતી, પરંતુ પોતાની જાત સામેની અને પોતાના લોકો સામેની લડત હતી. આમ બ્રિટિશરોની ધૂંસરી ફગાવી દેવી પ્રમાણમાં સહેલી હતી; પરંતુ જ્ઞાતિના જુલમો અટકાવવાનું કાર્ય મુશ્કેલ હતું. આમ જો સમસ્યા સરળ ન હતી તો તેનો ઉકેલ પણ સરળ ન હતો. તેથી આ પ્રશ્ન પરત્વે જુદા જુદા નેતાઓએ જુદું જુદું વલણ અખત્યાર કર્યું. ગાંધીજી અને આંબેડકરે આ પ્રશ્નને પરસ્પર જુદા જુદા દૃષ્ટિકોણથી તપાસ્યો. તેઓએ એક જ ઉદ્દેશ સિદ્ધ કરવાના અલગ અલગ ઉપાયો પણ અજમાવ્યા. બંનેના પ્રયાસો આમ તો એક બીજા માટે પૂરક હતા. ગાંધીજીએ એમ વિચાર્યું કે અસ્પૃશ્યતા એ જ્ઞાતિના જુલમોના કેન્દ્રમાં રહેલ છે. તેથી અસ્પૃશ્યતા નાબૂદ ન થાય ત્યાં સુધી જ્ઞાતિપ્રથાનો નાશ શક્ય નથી. બીજી તરફ, આંબેડકર એમ માનતા હતા કે અસ્પૃશ્યતા એ જ્ઞાતિ પ્રથાના મૂળભૂત અંશમાં જ રહેલી છે. અને તેના ભાગરૂપે જ છે. તેથી આંબેડકરના મતે અસ્પૃશ્યતા સામેની ઝુંબેશ એ જ્ઞાતિ પ્રથા સામેની ઝુંબેશ જ છે. ગાંધી એમ માનતા હતા કે ગામડાંમાં સામાજિક કાર્ય અને સામાજિક સુધારણાથી લોકો હલકી વર્ણના લોકો માટે સન્માનની ભાવના શીખશે અને તેમને માટે જીવન વધારે સારી રીતે જીવવા જેવું બની શકશે. તેથી જ તેમણે ગામડાંનાં મંદિરો અને ગામના કૂવા હલકા વર્ણના લોકો માટ ખુલ્લા કરવા ઘનિષ્ટ ઝુંબેશ ઉપાડી. આવા હલકા વર્ણના લોકો માટે તેમણે નવો શબ્દ પ્રયોજ્યો - હરિજન.

બીજી તરફ, આંબેડકરના મત અનુસાર, જ્ઞાતિ દ્વારા થતાં અન્યાયના પ્રશ્નનો ઉકેલ રાજકીય સત્તામા ભાગીદારી છે. આથી તેમણે રાજકીય સત્તાની ઔપચારિકતાના માળખામાં હલકા વર્ણના જૂથોનો પ્રવેશ શક્ય બનાવવા જબરજસ્ત મહેનત કરી. આંબેડકરનું માનવું હતું કે એક વખત તેમને રાજકીય સત્તા પ્રાપ્ત થાય તો તેઓ પોતાની પરિસ્થિતિ સુધારવા માટે સક્ષમ બનશે. પછી તેમને ન્યાય અને યોગ્ય વર્તાવ માટે સામી વ્યક્તિ પાસે માગણી કરવાની જરૂર રહેશે નહિ.

આ બે પ્રકારના દૃષ્ટિકોણ વચ્ચે રહેલા વિરોધાભાસ સંબંધી એ બાબત યાદ રાખવી જરૂરી છે કે આ બંને દૃષ્ટિકોણો એકબીજાથી વિરુદ્ધ ન હતા, પરંતુ એક જ સ્થાને પહોંચવા માટેના બે અલગ અલગ માર્ગો હતા. લાંબે ગાળે, બંને નેતાઓ, તેમના પોતાના જ પ્રયાસોથી એવી પ્રક્રિયા જન્માવવામાં સફળ થયાં જેમાં હલકા વર્ણના લોકો સામાજિક ન્યાય માટે તેમજ રાજકીય સત્તામાં ભાગીદારી માટે લડવા માટે સક્ષમ બન્યા. ગાંધી અને આંબેડકર તેમજ બીજા ઘણા પણ દલિતના પ્રશ્ને સબળ માનવ હકનો મુદ્દો ઘડવામાં સહાયરૂપ બન્યા.

### ૫.૪.૨ ગ્રામીણ પુનરુત્થાન

૧૯મી અને ૨૦મી સદીમાં, ભારતની ૮૫ ટકા વસ્તી ૭,૦૦,૦૦૦ ગામડામાં વસતી હતી. આમાંના મોટા ભાગના લોકો તદ્દન ગરીબીની દશામાં સબડતા હતા. તેમનું શોષણ માત્ર બ્રિટિશ સરકાર દ્વારા જ નહિ, પરંતુ ગ્રામીણ અને શહેરી સુધરેલા લોકો દ્વારા પણ થતું હતું. દેશના ઔદ્યોગિકરણે તેમને બેરોજગાર બનાવ્યા. સંસ્થાનની આર્થિક નીતિએ તેમને માટે કોઈ વૈકલ્પિક રોજગારી શોધી નહિ. ૧૯મી સદીના અંત ભાગમાં અને ૨૦મી સદીની શરૂઆતમાં ગામડાંઓમાં અને નાનાં શહેરોમાંથી લોકો મોટાં શહેરોમાં સ્થાનાંતર કરી ગયા અને તે રીતે મોટાં શહેરોમાં અગાઉથી જ જે દબાણ હતું તેમાં ઉમેરો કર્યો. તેમની પરિસ્થિતિમાં સુધારો લાવવા માટે કોઈ યોજના કે પદ્ધતિ અસ્તિત્વમાં ન હતી. ભારતમાં ગામડાં ગરીબાઈ, રોગ અને અજ્ઞાનનાં કેન્દ્રો હતાં. ગાંધીએ આ બાબતમાં પહેલ કરી અને દેશના આ ૮૫ ટકા જેટલી વસ્તીના લોકોના માનવ હકના ભંગ અંગે દેશનું ધ્યાન દોર્યું. ભારતના રાજકારણમાં સને ૧૯૧૫માં તેમના પ્રવેશ બાદ તરત જ તેઓએ અખિલ ભારત કક્ષાએ કાંતણકામ કરનારાઓનું એક મંડળ બનાવ્યું. તેનો ઉદ્દેશ શહેરમાં રહેતા લોકો માત્ર હાથ વણાટનું જ કાપડ વાપરે તેવો આગ્રહ રાખીને ગામના લોકો માટે રોજગારી ઊભી કરી આપવાનો હતો. કાંતણકામ કરનારાઓનું મંડળ ટૂંક સમયમાં જ ૫૩૦૦ ગામડાંઓમાં પહોંચી ગયું અને ૨,૨૦,૦૦૦ કાંતનારાઓને તથા ૨૦,૦૦૦ વણાટકામ કરનારાઓને અને ૨૦,૦૦૦ પિંજનારાઓને રોજી ઉપલબ્ધ કરી. તેના અસ્તિત્વના પ્રથમ દશ માસ દરમિયાન આ ગામડાંમાં રૂ. બે કરોડ કરતાં વધુ રકમ વહેંચાઈ. સને ૧૯૩૪માં રાજકારણમાંથી થોડાક સમયની નિવૃત્તિ પછી ગાંધી સેંગાવં - ગુજરાતના એક ગામ, સેવાગ્રામમાં ઠરીઠામ થયા. તેમણે ત્યાં એક આશ્રમ સ્થાપ્યો અને અખિલ ભારત ગ્રામોદ્યોગ મંડળ સ્થાપવામાં સહાય કરી. આ મંડળનો હેતુ ઓછી મૂડીથી અને બહારની

કોઈ મદદ વિના ગામડાંમાં ઉદ્યોગોનો વિકાસ કરવાનો અને ટેકો પૂરો પાડવાનો હતો. આ મંડળે ગામમાં ગ્રામીણ કારીગરોને જુદા જુદા વ્યવસાયમાં તાલીમ આપવા એક શાળાની પણ સ્થાપના કરી.

ગાંધીજીની આ પહેલનું કેન્દ્રબિંદુ ગામડાંઓને સ્વાવલંબી અને સ્વ-આધારિત બનાવવાનું હતું. ગાંધીજીએ વિચાર્યું કે ગામડાની અને ગ્રામીણજનોની પ્રતિભા અને ગૌરવ પુનઃપ્રસ્થાપિત કરવાનો આ શ્રેષ્ઠ માર્ગ છે. ગાંધીજીએ સ્થાપેલ એક સાપ્તાહિક અખબાર 'હરિજન'માં આનું એક ઉત્તમ ઉદાહરણ આપેલુ છે. ચંદ્રનાથ નામની એક વ્યક્તિ જેની પાસે કોઈ ઉચ્ચ શિક્ષણ ન હતું; પરંતુ તેની સમગ્ર પ્રતિબદ્ધતા રચનાત્મક કાર્યો અંગે હતી. તેણે ૧૫,૦૦૦ જેટલા ગ્રામજનોને એકત્રિત કરી અને એક ત્રણ માઈલ લાંબી નહેર અને તેટલા જ અંતરનો રસ્તો સ્વૈચ્છિક સેવાથી પૂરો કર્યો. આ માટે ખર્ચનો અધિકૃત અંદાજ રૂ. ૫૦,૦૦૦નો હતો.

મોટેભાગે ગાંધીજીની આવી પહેલથી કોંગ્રેસનાં અધિવેશનો ગામડામાં જ ભરાતાં. આ પ્રમાણે માનવ હકનું ફલક વિસ્તૃત બન્યું અને ગ્રામીણ ભારતને લગતા અગત્યના પ્રશ્નો તેમાં સમાવિષ્ટ થયા.

**તમારી પ્રગતિ ચકાસો - ૨**

(૧) જ્ઞાતિ પ્રથા અંગે ગાંધીજીના તથા આંબેડકરના અભિપ્રાયોની સરખામણી કરી તેમાં રહેલ ભેદ દર્શાવો.

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

(૨) ગ્રામીણ ભારતના સંદર્ભમાં ગાંધીજીની પહેલનું કેન્દ્રબિંદુ કયું હતું ?

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

(૩) અખિલ ભારત કાંતણ કરનારાઓના મંડળ વિશે પાંચ લીટી લખો.

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

## ૫.૫ પ્રસાર (Spread)

માનવ હકને લગતાં કેટલાક મૂળભત વિષયો (લોકશાહી, સ્વ-શાસન, અખબારી સ્વાતંત્ર્ય, પુખ્ત મતાધિકાર, મંડળ રચવાનો હક વગેરે)ને અગાઉના રાષ્ટ્રીય નેતાઓએ ૧૯મી સદીના અંતમાં ચિત્રિત કર્યા હતાં, પરંતુ રાષ્ટ્રીય ચળવળ ખુદ તે સમયે બહુ મર્યાદિત લોકો સુધી જ પહોંચેલ હોઈ, આ સિદ્ધાંતો પણ ભારતના બહુમતી સમૂદાયો સુધી પહોંચી શક્યા નહિ. પરંતુ એક વખત રાષ્ટ્રીય ચળવળ જુદાં જુદાં અનેક જૂથો સુધી પહોંચી તેમજ જનસમુદાય સુધી પહોંચી, ત્યારે વીસમી સદીમાં નાગરિક સ્વાતંત્ર્ય અને માનવ હકના સિદ્ધાંતો તેમની સમીપ લઈ જવાયા. આનાથી એક તરફ, રાષ્ટ્રીય ચળવળ મજબૂત બની તો બીજી તરફ આ જૂથો પોતાના હક સંબંધી સમસ્યાઓ તેમની જાતે જ ઉપાડી લેવા માટે પ્રોત્સાહિત બન્યા. આ બાબત ખાસ કરીને સમાજની હલકી ગણાતી જ્ઞાતિઓના લોકો, ખેડૂતો, મહિલાઓ અને યુવાનોને લાગુ પડતી હતી. ખેડૂતોએ લડત માટે તેમની પોતાની કિસાન સભાની રચના કરી. સને

૧૯૩૬માં અખિલ ભારત વિદ્યાર્થી સંઘ (AISF) ની રચના થઈ. સને ૧૯૨૦ અને ૧૯૩૦ ના દશકાઓમાં આવાં ઘણાં સંગઠનો રચાયાં. આ બધાં સંગઠનો જુદાં જુદાં જૂથો માટે હતાં. તેમણે પોતાની માગણીઓ અને હક ઘડી કાઢ્યાં.

નાગરિક સ્વાતંત્ર્ય અને માનવ હકોના ક્ષેત્રમાં એક મહત્ત્વપૂર્ણ સિમાચિહ્ન હતું. શ્રી જવાહરલાલ નહેરુની પહેલેથી સને ૧૯૩૬માં રચવામાં આવેલું સિવિલ લીબર્ટીઝ યુનિયન. આ સિવિલ લીબર્ટીઝ યુનિયન કોઈ રાજકીય પક્ષની સાથે સંકળાયેલું ન હતું અને બ્રિટિશ સરકાર દ્વારા થતા નાગરિક સ્વાતંત્ર્યના ભંગનો વિરોધ કરવા ઇચ્છતો કોઈપણ ભારતીય તેમાં જોડાઈ શકતો. નહેરુ દ્વારા તૈયાર થયેલ પરિપત્રમાં કહેવામાં આવ્યું : "ભારતીય સિવિલ લીબર્ટીઝ યુનિયન શરૂ કરવાનું વિચારાયું છે. તેનું એકમાત્ર કાર્ય રાષ્ટ્રીય પ્રવૃત્તિના તમામ ભાગોમાં નાગરિક સ્વાતંત્ર્યનું રક્ષણ કરવાનું છે. જે કોઈ નાગરિક આ મૂળભૂત દરખાસ્ત માને છે તે તમામ વ્યક્તિ માટે આનાં દ્વાર ખુલ્લાં રહેશે; અને તે કાઈપણ પ્રકારના રાજકીય કે આર્થિક મુદ્દા સાથેના સંઘર્ષથી અલગ રહેશે... આ યુનિયનનો પ્રથમ ઉદ્દેશ માહિતી એકત્ર કરી તેને પ્રસિદ્ધિ આપવાનો રહેશે. બીજી પ્રવૃત્તિઓ, જેવી કે નાગરિક સ્વાતંત્ર્ય ઉપરના તમામ અતિક્રમણનો સામનો કરવા માટે જનમતનું ઘડતર કરવું વગેરે તેની પછીની પ્રવૃત્તિ રહેશે."

ઇન્ડિયન સિવિલ લીબર્ટીઝ યુનિયન (ICLU)નું બંધારણ અમેરિકાના સિવિલ લીબર્ટીઝ યુનિયન તેમજ ગ્રેટબ્રિટનના નેશનલ સિવિલ લીબર્ટીઝ યુનિયનના આધાર ઉપર ઘડવામાં આવ્યું. રવિન્દ્રનાથ ટાગોર તેના માનદ અધ્યક્ષ અને સરોજીની નાયડુ તેના પ્રમુખ હતાં. આ યુનિયનનું કાર્ય રાજ્યોમાં નાગરિક સ્વાતંત્ર્યના દમન વિશેની માહિતી એકત્ર કરવી, હકીકતો ભેગી કરવી, તેને પ્રસિદ્ધિ આપવી, જનમતનું ઘડતર કરવું, અન્ય પરદેશી યુનિયનો સાથે સંપર્કમાં રહેવું અને તેમના દ્વારા વિશ્વભરમાં પહોંચી વળવાનું હતું.

આમ, રાજકીય અને સામાજિક પહેલથી લોકોને સંવેદનશીલ બનાવવામાં સહાય મળી અને લોકોના વ્યક્તિગત હકના પ્રશ્નો પરત્વે સાહિત્ય / ફિલ્મ નિર્માણ કરવાનું પણ શક્ય બન્યું. સને ૧૯૩૬માં બનેલી "અછૂત કન્યા" ફિલ્મ એક ઉચ્ચ વર્ણના યુવકના અસ્પૃશ્ય જ્ઞાતિની કન્યા સાથેના લગ્ન જેવા સામાજિક રીતે સ્ફોટક વિષય ઉપર બની હતી. તે જ વર્ષમાં વ્હી. શાન્તારામ દ્વારા બનાવવામાં આવેલી અન્ય ફિલ્મ "દુનિયા ના માને" માં પુરુષ પ્રધાન સમાજ દ્વારા એક યુવાન કન્યાને તેની ઇચ્છા વિરુદ્ધ એક ઘરડા માણસ સાથે પરણાવવામાં આવે છે તેની વ્યથા કથા આલેખાઈ છે. આ ફિલ્મમાં આ કન્યાના પોતાના હક માટેનો દૃઢાગ્રહ અને બળવાવૃત્તિ દર્શાવાઈ છે. સને ૧૯૩૦ના દશકામાં બનેલી બીજી અનેક ફિલ્મોમાં પણ એવા સામાજિક અને પૌરાણિક વિષયો આવરી લેવામાં આવ્યા; જેમાં આ ક્રૂર વિશ્વમાં લોકોની ન્યાય અને સ્વાતંત્ર્ય માટેની ઇચ્છાઓને વાચા આપવામાં આવી હતી.

## ૫.૬ સૂચિતાર્થ (Implications)

માનવ હકના પ્રશ્નો ક્રમશઃ સ્વાતંત્ર્ય માટેની લડત સાથે જોડી દેવાની બાબતને માત્ર રાષ્ટ્રીય ચળવળ માટે જ નહિ, પરંતુ સને ૧૯૪૭માં આઝાદી પ્રાપ્ત થયા બાદ રાજકારણ અને સમાજ માટે પણ કેટલાક સૂચિતાર્થો હતા. એક તો, તેણે રાષ્ટ્રીય ચળવળને ઘણાં નવા પરિમાણો ઉપલબ્ધ કરી આપ્યાં અને તેને ઘણી ગતિશીલ પ્રક્રિયામાં પરિવર્તિત કરી. ૨૦મી સદીની શરૂઆતનાં વર્ષોમાં રાજકીય સ્વાતંત્ર્ય માટેનો જે ખ્યાલો હતો તેને બદલે નવા અને આર્થિક સ્વાતંત્ર્ય જેવા ચમકદાર ખ્યાલો કે જેમાં લોકો પોતે જ પોતાનું ભાવિ નક્કી કરશે એવું તત્ત્વ ઉમેરાયું. સાથે સાથે જુદા જુદાં વિશિષ્ટ જૂથો દ્વારા પોતાના હક માટેની વિવિધ પ્રકારની નાની મોટી લડતો માટે તેણે જગ્યા કરી આપી. લોકશાહી અને અન્ય સામાજિક લડતો પરત્વે રાષ્ટ્રીય ચળવળે જે સન્માનભાવ દાખવ્યો તેને કારણે સ્વતંત્રતા પ્રાપ્ત થયા બાદ લોકશાહીના વિકાસ માટે ઉપકારક એવું રાજકીય વાતાવરણ પેદા થયું.

વર્ષો થતાં હવે લોકશાહીનો વ્યાપ નોંધપાત્ર રીતે વધતો ચાલ્યો છે. તેમાં નવાં જૂથો અને વર્ગો ઉમેરાયાં છે. આ સીમાન્ત (હાંસિયામાં ધકેલાઈ ગયેલાં.) જૂથો અને વિભાગો માટે લોકશાહીના વિસ્તરણે એવું સુનિશ્ચિત કરી આપ્યું છે કે હવે માનવ હક માટેનો મુદ્દો કાર્યસૂચિમાં પ્રસ્થાપિત થઈ ચૂક્યો છે. ઉપરાંત તેનાથી લોકોને પોતાના હક અને ન્યાય માટેની લડતો લોકશાહી માળખામાં રહીને લડવાનું શક્ય બન્યું છે.

**તમારી પ્રગતિ ચકાસો-૩**

(૧) ઇન્ડિયન સિવિલ લીબર્ટીઝ યુનિયન (ICLU) વિશે પાંચ લીટી લખો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

(૨) માનવ હકને સ્વાતંત્ર્ય માટેની લડત સાથે જોડવાના સૂચિતાર્થો ઉપર ટીકા કરો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

## ૫.૭ સારાંશ (Let us Sum Up)

આ એકમમાં તમે ભારતની રાષ્ટ્રીય ચળવળ વિશે શીખ્યા. તેણે માનવ હક માટેની પ્રેરણા મુખ્યત્વે ફ્રેન્ચ રાજ્યક્રાન્તિ અને વ્યક્તિ તથા રાષ્ટ્ર એમ બંને માટેના 'હક'ના પ્રશિષ્ટ યુરોપિયન સિદ્ધાંતમાંથી લીધી, ૧૯મી સદીની સામાજિક સુધારણા ચળવળે આ સમજને વ્યક્તિઓ, સમુદાયો અને રાષ્ટ્ર માટેના 'હક' માં પલટી. માનવ હક માટેની આ ત્રિવિધ નિસબતમાંથી રાષ્ટ્રીય ચળવળ માટેની પ્રેરણા તરત પ્રાપ્ત થઈ. ૧૯મી સદીનાં છેલ્લાં ૨૫ વર્ષમાં લગભગ શરૂ થયેલી રાષ્ટ્રીય ચળવળે સૌ પ્રથમ તો લોકશાહી, સાર્વત્રિક મતાધિકાર, અખબારોનું સ્વાતંત્ર્ય, ફરજિયાત શિક્ષણ વગેરે મુદ્દાઓ હાથ પર લીધા. ગાંધીજીની આગેવાની હેઠળ આ લડત લોકપ્રિય તબક્કામાં પ્રવેશી, ત્યારે તેણે પ્રશ્નોને લોકો સમક્ષ લઈ જઈને લોકોને તેમના રાજકીય અને આર્થિક હક પરત્વે જાગૃત કર્યા. રાષ્ટ્રીય ચળવળે માનવ હક માટેની લડત વિવિધ સ્વરૂપે હાથ ધરી, તેણે પોતાની કેન્દ્રીય કાર્યસૂચિમાં આ મુદ્દાઓને સામેલ કર્યા; તેના અમલ માટે બ્રિટિશ સરકાર પાસે સતત માંગણીઓ રજૂ કરી; કેટલાક મુદ્દાઓને કેન્દ્રમાં રાખીને તે અંગે લડત ચલાવી અને તક આવી ત્યારે વાસ્તવમાં માનવ હકના આ સિદ્ધાંતોને તેણે અમલમાં પણ મૂક્યા. પોતાના કાર્યક્રમોમાં આ મુદ્દાઓને સર્વોચ્ચ સ્થાન આપવા ઉપરાંત રાષ્ટ્રીય ચળવળે અન્ય સામાજિક લડતો માટે પણ મોકળાશ કરી આપી. તેણે લોકોના માનવ હકના મુદ્દાઓ હાથ ધર્યા. માનવ હકના મુદ્દાઓને સ્વાતંત્ર્ય માટેની લડત સાથે જોડવાથી રાષ્ટ્રીય ચળવળ માત્ર બ્રિટિશ સરકાર સામેની લડતમાંથી પલટાઈને લોકશાહી, નાગરિક સ્વાતંત્ર્ય અને લોકોના આત્મનિર્ણય માટેની ઝંખનાની એ જ સંપૂર્ણ બહુ પાર્શ્વીય ઘટના બની રહી. પરિણામે, સ્વાતંત્ર્ય મળ્યા બાદ, ઘણા અવરોધો છતાં સમાજ લોકશાહી જાળવી શક્યો. વર્ષો વીતતાં, આ લોકશાહીમાં વૃદ્ધિ થતી રહી અને તે સમાજના સીમાન્ત (હાંસિયામાં ધકેલાઈ ગયેલા) જૂથો અને વિભાગો સુધી પહોંચી. આને કારણે આ જૂથો વિભાગોને તેમની વિભાગીય લડતો, લોકશાહીના જ માળખામાં રહીને (અને નહિ કે લોકશાહીના વિરુદ્ધ જઈને) ચલાવવા માટે પ્રોત્સાહન મળ્યું.

## ૫.૮ તમારી પ્રગતિ ચકાસો'ના જવાબ : સ્વાધ્યાય (Answers to Check your Progress : Exercises)

તમારી પ્રગતિ ચકાસો-૧

(૧) જુઓ પેટા વિભાગ ૫-૩-૧

(૨) પેટા વિભાગ ૫-૩-૨ ના આધારે તમારો જવાબ તૈયાર કરો.

(૩) જુઓ પેટા વિભાગ ૫-૩-૪

તમારી પ્રગતિ ચકાસો-૨

**ઐતિહાસિક સંદર્ભમાં**
**માનવ હક**

(૧) જુઓ પેટા વિભાગ ૫-૪-૧

(૨) જુઓ પેટા વિભાગ ૫-૪-૨

(૩) જુઓ પેટા વિભાગ ૫-૪-૨

તમારી પ્રગતિ ચકાસો-૩

(૧) જુઓ વિભાગ ૫-૫

(૨) તમારો જવાબ વિભાગ ૫-૬ ના આધારે તૈયાર કરો.

ઈન્દિરા ગાંધી
નેશનલ ઓપન યુનિવર્સિટી

ડૉ.બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

# વિભાગ

# 3

# ભારતનું સંવિધાન અને માનવ હક


એકમ ૬
સ્વતંત્રતા સંગ્રામ, સંવિધાન સભા અને માનવ હક 04

એકમ ૭
મૂળભૂત હક અને માર્ગદર્શક સિદ્ધાંતો 15

એકમ ૮
માનવ હકના રક્ષણ માટે તંત્ર રચના 27

## Expert Committee

Prof. Rajni Kothari
Sh.r Shankar Sen
Prof. G.Hargopal
Prof. V.S.Mani
Dr. R. M. Pal
Dr. A.S. Narang

Justice Ranganath Mishra
Sh.H.Hanumanthappa
Prof.Imtiaz Ahmed
Dr. D. Gopal
Prof. Ram G. Takwale
Prof. Ashwini Ray

Dr.Asghar All Engineer
Sh. Rajmohan Gandhi
Dr. Nandita Haksar
Sh. R. V. Pillai
Sh. Joseph Gathia
Prof. Pandav Nayak
(Chairman and Convenor)


## Progamme Coordinator and Editor : Prof. Pandav Nayak

Block Preparation Team :

| Unit No. | Writer | Editor | Acknowledgement | IGNOU faculty (Political Science) |
|---|---|---|---|---|
| 3 | Sh.S.K.Chaubey | Dr. Anupma Roy | | Dr. A.S.Narang |
| 4 | Sh.R,.K.Barik | Dr. Anupma Roy | | Dr.D.Gopal |
| 5 | Dr. A. P. Vijapur | | | Dr.Anurag Joshi |
| | | | | Dr. S.V. Reddy |
| | | | | Sh. S.Venkatesh |
| | | | | Dr. Jagpal Singh |
| | | | | Prof Pandav Nayak |

Block Coordinator : Dr. Anurag Joshi

Assitance : Sh. Ashutosh Chandra
Sh.Jagjeet Singh

Project Coordinator : Prof. A.S.Narang

Material Production : Prof.A.S.Narang
Human Rights, Project, IGNOU.


May 2002, (Reprint)


© Indira Gandhi National Open University 2000


ISBN-81-266-0006-3


All rights reserved. No part of this work may be reproduced in any form, by mimeograph or any other means, without permission in writing from the Indira Gandhi National Open University.


Further information on the Indira Gandhi National Open University course may be obtained from the University's office at Maidan Garhi, New Delhi-110 068.

Printed and Published on behalf of the Indira Gandhi National Open University New-Delhi by Director (School of Social Sciences)]

Laser type set and Printed at : Sudarshan Graphics,
Kankaria, Ahmedabad - 380 028. Ph. : 079-25430560.
Year : 2010


આ પુસ્તિકામાંની અભ્યાસ - સામગ્રી મૂળ ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી
નવી દિલ્હી દ્વારા તૈયાર કરવામાં આવી છે. તેની સંમતિથી
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (અમદાવાદ) એ
તેનો ગુજરાતી અનુવાદ કરાવી આ પુસ્તિકા પ્રસિદ્ધ કરી છે.

| અનુવાદક | |
|---|---|
| ડૉ. બાબુલાલ મ. શાહ | ૩એ, જીવન જ્યોત સોસાયટી,<br>મનીષ હોલ સામે, નારણપુરા<br>અમદાવાદ - ૩૮૦૦૧૩ |

| પરામર્શક (વિષય) | |
|---|---|
| શ્રી સી.એમ. શાહ | ૩, આદીશ્વર એપાર્ટમેન્ટ,<br>ઝવેરીપાર્ક, નારણપુરા,<br>અમદાવાદ - ૩૮૦૦૧૩ |

| પરામર્શક (ભાષા) | |
|---|---|
| ડૉ. બાબુલાલ મ. શાહ | ૩એ, જીવન જ્યોત સોસાયટી,<br>મનીષ હોલ સામે, નારણપુરા<br>અમદાવાદ - ૩૮૦૦૧૩ |

| સંયોજન સહાય | |
|---|---|
| ડૉ. હરીશ દેસાઈ | કુલસચિવ<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,<br>અમદાવાદ |

**પ્રકાશક**
**ડૉ. હરીશ દેસાઈ, કૂલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ**
**આર.સી.ટેકનિકલ કંપાઉન્ડ, ગુજરાત હાઈકોર્ટ સામે, સોલા, અમદાવાદ**
**સર્વ હક્ક સ્વાધીન. આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈ પણ ભાગને ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમતિ વગર મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈ પણ રીતે પુનઃ મુદ્રિત કરવાની મનાઈ છે.**

# એકમ ૬ : સ્વતંત્રતાની લડત, સંવિધાન સભા અને માનવ હક (Freedom Struggle, Constituent Assembly and Human Rights)

રૂપરેખા


૬.૦ ઉદ્દેશ
૬.૧ પ્રાસ્તાવિક
૬.૨ હકની માગણીની પૂર્વભૂમિકા
૬.૨.૧ લોક પ્રતિકારનો પ્રકાર
૬.૨.૨ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની કામગીરી
૬.૩ સંવિધાન અને હકની માંગણી
૬.૩.૧ સંવિધાનની રચના : આત્મનિર્ણયની ક્વાયત
૬.૩.૨ સંવિધાન ઘડવાના જુદા જુદા પ્રયત્નો
૬.૩.૩ સંવિધાન સભા માટે માંગણી
૬.૪ કેબિનેટ મિશન યોજના અને સંવિધાન સભાનો જન્મ
૬.૪.૧ ઉદ્દેશરૂપ ઠરાવ
૬.૪.૨ સલાહકાર સમિતિ અને તેની પેટા સમિતિઓ
૬.૫ મૂળભૂત હક અને સંવિધાન સભા
૬.૫.૧ ન્યાય, સમાનતા અને સ્વતંત્રતા
૬.૫.૨ સંવિધાન રચવાના સંજોગો
૬.૫.૩ મૂળભૂત હકના નિયમન અંગેની વિચારણા
૬.૫.૪ હાલનાં પૂર્વ દૃષ્ટાંત
૬.૬ મૂળભત હકને લગતા પ્રશ્નો : દ્વિધા અને તેનો ઉકેલ
૬.૬.૧ મૂળભૂત હકનાં સ્વરૂપ અને વિષય વસ્તુ
૬.૬.૨ હકની ન્યાયિક ખાત્રી
૬.૬.૩ હકનાં સામાજિક-આર્થિક પરિમાણ
૬.૬.૪ સ્વતંત્રતા કેટલી ?
૬.૬.૫ લઘુમતીઓના હક અને ધાર્મિક સ્વતંત્રતા
૬.૬.૬ સમાનતા
૬.૬.૭ લઘુમતી
૬.૬.૮ પછાત વર્ગો
૬.૬.૯ પછાત વિસ્તારો
૬.૭ સારાંશ
૬.૮ અગત્યના શબ્દો
૬.૯ કેટલાંક ઉપયોગી પુસ્તકો
૬.૧૦ 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબ : સ્વાધ્યાય


## ૬.૦ ઉદ્દેશ (Objectives)

આ એકમમાં આપણે

- બ્રિટીશ કાળમાં જુદા જુદા હક માટેની માંગણીઓ કેવી રીતે ઉદ્ભવી તે જોઈશું;
- માંગણી કરેલ હકનો પ્રકાર જોઈશું; અને

● જે સ્વરૂપ અને સાધનોથી હક પ્રાપ્ત કરવા વિચાર્યું હોય તેનાં જુદાં જુદાં સ્વરૂપ અને સાધનો જોઈશું.

## ૬.૧ પ્રાસ્તાવિક (Introduction)

દરેક વ્યક્તિ, 'બીજા સાથે સમાન રીત'અખત્યાર કરવાના કેટલાક 'જન્મજાત હક' ધરાવે છે. તેવો વિચાર સ્વતંત્રતાના સંગ્રામ દરમિયાન ભારતમાં વિકસ્યો. ખરેખર તો એમ કહી શકાય કે ભારતમાં સ્વતંત્રતાની ચળવળ મુખ્યત્વે તો સમાનતા, સ્વતંત્રતા અને ન્યાયના હક માટેની લડત હતી; કેમકે વસાહતી પ્રજા તરીકે તે હક નકારવામાં આવ્યા હતા. વસાહતી શાસન સામે સમાન હકની લાંબી લડતને કારણે શાસકોએ ધીમી ગતિએ અને છૂટક છૂટક સુધારા કર્યા હતા. ભારતીયોના નાના સમૂહ, ખાસ કરીને ધનિક અને સમૃદ્ધ લોકોને મતદાનના અને શાસક સંસ્થામાં બેસવા જેવા મર્યાદિત રાજકીય હક આપવામાં આવ્યા હતા. તેમ છતાં વસાહતી શાસનની અવહેલનાની પરિસ્થિતિમાં બધા ભારતીય તેમના સ્વતંત્રતા અને સમાનતાના હક બાબતમાં અસંખ્ય નિયંત્રણોને આધીન હતા. આમ સંસ્થાનવાદી શાસન સામેની લડતના સંદર્ભમાં હકની ભાષા વિકસી. તેથી પ્રતિષ્ઠિત માનવ અસ્તિત્વની પ્રાથમિક પરિસ્થિતિ તરીકે સમાનતા અને સ્વતંત્રતાના વિચાર સ્વતંત્રતાની લડતનું પ્રેરકબળ હતું. તેનાથી સંવિધાન સભાની રચના થઈ. આ સભાએ ભારતના સંવિધાનની રચના કરી અને તે સ્વતંત્ર રાષ્ટ્રના લોકોની સર્વોપરિતાનો સ્રોત બન્યું. સંસ્થાનવાદી શાસને જે હકો આજ સુધી નકારી કાઢ્યા હતા તે લોકોના પાયાના અને મૂળભૂત હક બન્યા.

## ૬.૨ હકની માંગણીની પૂર્વભૂમિકા (Background of the Demand for Rights)

૧૮૫૭માં ભારતીય લોકોએ તેમની સ્વતંત્રતાની પહેલી લડત ગુમાવી અને બ્રિટિશ સામ્રાજ્યની પ્રજા તરીકે તેમાં સીધા સમાવેશ પામ્યા. વસાહતીઓએ બ્રિટિશ શાસકના પ્રતિનિધિ તરીકે ભારત પર રાજ્ય કર્યું. બ્રિટનની અંદર આવશ્યક મૂલ્ય તરીકે જોવાતા સ્વતંત્રતા અને સમાનતાના આદર્શો વસાહતી ભારતીયોને નકારવામાં આવ્યા. વાસ્તવમાં, ભારતમાં જ્ઞાતિ અને ધર્મની નિષ્ઠાના સંસ્કાર છે અને વ્યક્તિગત સમાનતા અને સ્વતંત્રતાનું મૂલ્ય સમજી અને પ્રયોજી શકાય તેવી સ્થિતિ નથી તે કારણસર, આ હકો નકારવામાં વસાહતી શાસન વ્યાજબી હતું. વસાહતી શાસન સામેનો પ્રતિકાર તેમણે નકારવામાં આવેલા હકની માંગણીના રૂપમાં વ્યક્ત થયો. આમ અખબારી સ્વાતંત્ર્યનો હક, ભારતીય મુલકી સેવા સહિત વરિષ્ઠ સરકારી નોકરીઓમાં વધારે તક, જમીન હકની સુરક્ષા, કામદાર વર્ગના હક વગેરે સહિત સંખ્યાબંધ હકની માંગણી ઉઠી.

### ૬.૨.૧ લોક પ્રતિકારનો પ્રકાર

ખેડૂતો અને કામદારોના તેમના નજીકના વાતાવરણમાં કરેલા પ્રતિકારે સ્થાનિક લડતનું રૂપ લીધું. તેણે ગાંધીજી અને ભારતીય કોંગ્રેસની નેતાગીરી હેઠળ સવિનય કાનૂન ભંગ ચળવળ (૧૯૨૦-૨૨) નાગરિક અસહકાર ચળવળ (૧૯૩૦-૩૪) જેવી વધુ સંગઠિત લોક ચળવળનું રૂપ લીધું.

### ૬.૨.૨ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની કામગીરી

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે ૧૯૩૦માં સંપૂર્ણ સ્વતંત્રતાની માંગણી કરી. કોંગ્રેસે ૧૯૩૧માં કરાંચીમાં મૂળભૂત હકનો ઠરાવ અપનાવ્યો. ભારતના સંવિધાનમાં મૂળભૂત હક ઘડવામાં તેણે માર્ગદર્શક ભાવનાનું રૂપ લીધું. લોકોની હક મેળવવા માટેની પ્રાથમિક શરત તરીકે રાજકીય સ્વતંત્રતાની માંગણી કરતી વખતે ઠરાવમાં તમામ ભારતીય સ્ત્રી-પુરુષો માટે સાર્વત્રિક પુખ્ત મતાધિકાર મેળવવા, તમામ માટે શિક્ષણ અને વિકાસ તથા વ્યક્તિઓ અને જૂથ માટે સામાજિક અને આર્થિક ન્યાય મેળવવા માટે વચન આપવામાં આવ્યું હતું.

પ્રાંતીય પરિષદની ચૂંટણીઓ અગાઉ ૧૯૩૬માં તેના ચૂંટણી ઢંઢેરામાં તમામ માટે હક અને ન્યાયના ઉદ્દેશોના પુનરુચ્ચાર કરવામાં આવ્યો હતો. સંવિધાન સભા બોલાવવા અગાઉ કોંગ્રેસની નીતિનું વિસ્તૃત આલેખન ૧૯૪૫-૪૬ના શિયાળાની પ્રાંતીય ચૂંટણીઓ માટેનો ઢંઢેરો હતો. તેમાં કોંગ્રેસે સંવિધાનમાં ખાતરી અપાયેલ મૂળભૂત હક અને સ્વતંત્રતા તેના તમામ નાગરિકોને આપવા મુક્ત લોકશાહી અને સમવાયી રાષ્ટ્ર બનાવવા નિર્ધાર વ્યક્ત કર્યો. (એસ. કે. ચૌટે, કોન્સ્ટીટ્યુઅન્ટ એસેમ્બલી ઓફ ઇન્ડિયા (ભારતની સંવિધાન સભા) દિલ્હી - ૧૯૭૩ પાનું ૧૨૩)

તમારી પ્રગતિ ચકાસો-૧

૧. હક માટેની માંગણીઓ ભારતમાં સૌ પ્રથમ કયા સંદર્ભમાં વ્યક્ત કરાઈ હતી તે તપાસો.

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

## ૬.૩ સંવિધાન અને હકની માંગણી

## (The Constitution and the Demand for Rights)

### ૬.૩.૧ સંવિધાનની રચના : આત્મનિર્ણયની કવાયત

ભારત માટે સંવિધાન ઘડવાની માંગણી ખરેખર તો આત્મનિર્ણયનો નિર્ધાર હતો. સંવિધાનને સાર્વભૌમત્વના સ્રોત અને ભારતના લોકોના હક તરીકે જોવામાં આવ્યું હતું. બ્રિટિશ સામ્રાજ્ય પ્રથાની પરંપરામાં સામાન્ય કાયદા ઉપરાંત લિખિત સંવિધાન નથી. બ્રિટિશ પ્રજાના હક રાજાશાહીએ આપેલા સંસદના કાયદા અને સામાન્ય કાયદામાંથી લેવામાં આવે છે. બ્રિટિશ સામ્રાજ્યની અંદર ૧૯૨૧માં પ્રથમવાર આઈરિશ મુક્ત રાષ્ટ્રે સંવિધાનની રચના કરી. તેમાં મૂળભૂત હકની યાદીનો સમાવેશ થતો હતો. પરંતુ આઈરિશ સંવિધાન 'વિદ્રોહી' સંવિધાન હતું. બ્રિટિશ સંસદે તેને માન્ય રાખ્યું ન હતું. આયર્લેન્ડે ૧૯૩૯માં બ્રિટિશ સામ્રાજ્ય છોડી દીધું હતું.

સંવિધાન લોકોના હકનો અને રાષ્ટ્રના આત્મનિર્ણયનો સ્રોત છે. તેવો વિચાર સ્વતંત્રતાની લડતના સંદર્ભમાં ઉદ્‌ભવ્યો. બ્રિટિશે ટૂકડે ટૂકડે દાખલ કરેલા સુધારા લોકોની અપેક્ષા સંતોષી શક્યા નહિ. ૧૯૨૦માં નાગપુર અધિવેશનમાં કોંગ્રેસે 'સ્વરાજ'નું લક્ષ્ય અપનાવીને સવિનય કાનૂન ભંગ ચળવળ રૂપમાં 'સત્યાગ્રહ' શરૂ કર્યો. સંસ્થાનવાદી શાસકોના સુધારાના પ્રયત્નોમાં ભાગ ન લેવો એવી નીતિ નેતાઓએ વિચારી હતી.

### ૬.૩.૨ સંવિધાન ઘડવા માટે જુદા જુદા પ્રયત્નો

સંવિધાન વિષયક સુધારા માટેની માંગણીઓ તપાસવા ૧૯૨૮માં ભારતીય વિધાન આયોગ (સાયમન આયોગ)ની નિમણૂક કરવામાં આવી, પરંતુ તેમાં કોઈ ભારતીય પ્રતિનિધિ ન હોવાથી તેને નિરર્થક ગણવામાં આવ્યું. ૧૯૨૮માં દિલ્હીમાં સર્વપક્ષીય પરિષદ મળી અને ભારત માટે સંવિધાન ઘડવા મોતીલાલ નહેરુના અધ્યક્ષપદે સમિતિ નીમી ત્યારે સંવિધાન ઘડવા માટેનો પ્રથમ પ્રયાસ થયો. નહેરૂ સમિતિએ એવા મૂળભૂત હકના સેટની ભલામણ કરી, જે સરકાર પાછા ન ખેંચી શકે. તેમ છતાં સાયમન આયોગે આવા કોઈ હક ભારતીયોને આપવાની તરફેણ કરી નહિ. ૧૯૩૪માં સવિનય કાનૂન ભંગની ચળવળ નિષ્ફળ જવાથી જન્મેલી હતાશાએ પૂર્વભૂમિકા ઊભી કરી. તેની સામે પ્રથમવાર સંવિધાન સભાની માંગણી થઈ.

### ૬.૩.૩ સંવિધાન સભા માટે માંગણી

મે, ૧૯૩૪માં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના એક વિભાગે સ્વરાજ્ય પક્ષને પુનર્જીવિત કર્યો અને "ભારતીય લોકોના બધા વિભાગોના પ્રતિનિધિઓ" ની બનેલી સંવિધાન સભાની માંગણી કરી. આ સંવિધાન સભાનું કામ ભારતના આત્મનિર્ણયનો સિદ્ધાંત પ્રયોજી શકાય તેવા એકમાત્ર સાધન તરીકે સ્વીકાર્ય સંવિધાન ઘડવાનું હતું. વૈધાનિક આયોગ અહેવાલ અને લંડનમાં ગોળમેજી પરિષદની ચર્ચા વિચારધારાના ફળ સ્વરૂપ ભારત સરકાર અધિનિયમ, ૧૯૩૫ ભારતીય લોકોના હકની માંગણીને પહોંચી વળી શક્યો નહિ. કોંગ્રેસે ૧૯૩૫ના ભારત સરકાર અધિનિયમનો અસ્વીકાર કર્યો.

૧૯૩૬માં લખનૌ પરિષદમાં કોંગ્રેસે જાહેર કર્યું કે બહારની વ્યક્તિઓએ લાદેલું સંવિધાન ભારતના લોકોની અપેક્ષાઓ સંતોષી શકશે નહિ. તેણે બ્રિટિશના સુધારાના પ્રયત્નોની ટીકા કરી. તેણે એવું ભારપૂર્વક જણાવ્યું કે ૧૯૩૫ના અધિનિયમે લોકોની સર્વોપરિતા પર કાપ મૂક્યો હતો અને તેમના રાજકીય અને આર્થિક ભાવિને આકાર આપવા અને નિયંત્રણ કરવાના તેમના હકને માન્ય રાખ્યો ન હતો. ૧૯૪૦ના દસકામાં બીજા વિશ્વયુદ્ધ દરમિયાન અને ભારત તેમાં સંડોવાયું હોવાથી

તે અંગે ભારતમાં વધતા જતા અસંતોષે આત્મનિર્ણયના સાધન તરીકે સંવિધાન સભાની માંગણીને ગતિ મળી.

**તમારી પ્રગતિ ચકાસો-૨**

૧. સ્વતંત્ર ભારત માટે સંવિધાન ઘડવાના કેટલાક અગાઉના પ્રયત્નોનું વર્ણન કરો.

.........................................................................................

.........................................................................................

.........................................................................................

.........................................................................................

૨. સંવિધાન સભાની માંગણી કેમ ઊભી થઈ?

.........................................................................................

.........................................................................................

.........................................................................................

.........................................................................................

## ૬.૪ કેબિનેટ મિશન યોજના અને સંવિધાન સભાનો જન્મ (Cabinet Mission Plan and the Birth of the Constituent Assembly)

ભારતીય લોકોની તેમના પોતાના શાસનમાં પોતાના ફાળા માટેની વધતી જતી માંગને કારણે ઓગસ્ટ ૧૯૪૦માં વાઈસરોયે સ્વીકાર્યું કે ભારત માટે સંવિધાન ઘડવાની 'પ્રાથમિક જવાબદારી ખુદ ભારતીયો'ની રહેશે. પરંતુ તેમણે જણાવ્યું કે યુદ્ધ પુરું થાય ત્યાં સુધી આના માટે રાહ જોવી પડશે. આ જાહેરાત 'ઓગસ્ટ પ્રસ્તાવ' તરીકે જાણીતી થઈ. તેના પછી ક્રિપ્સ મિશન સ્થાપ્યું. તેણે તેની જાહેરાતમાં 'ભારતમાં વહેલી તકે સ્વરાજ્ય' માટે વચન આપ્યું. તેણે યુદ્ધ પછી સંવિધાન સભા રચવાનું પણ તેમાં વિચાર્યું. અહીં એ દર્શાવવું જોઈએ કે ભારતમાં સ્વતંત્રતાની લડત વિવિધ જૂથોની બનેલી હતી. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પ્રભુત્વ ધરાવતા જૂથ તરીકે પ્રાદુર્ભાવ પામી ત્યારે સંખ્યાબંધ વિચારની દષ્ટિએ ભિન્ન જૂથોએ કોંગ્રેસની સ્વતંત્ર ભારતની દષ્ટિનો વિરોધ કર્યો. સંવિધાન સભા રચવાની બાબતમાં પણ એવી ભીતિ વ્યક્ત કરવામાં આવી કે સંવિધાન સભામાં કોંગ્રેસનું વર્ચસ્વ હોવાથી, કેટલાંક જૂથ, ખાસ કરીને બિન-હિંદુ અને અનુસૂચિત જાતિઓને તેમાં પૂરતું રક્ષણ નહિ મળે. મુસ્લિમ લીગ, ભારત અનુસૂચિત જાતિ ફેડરેશન, ન્યાય પક્ષ (જસ્ટીસ પાર્ટી) વગેરેએ આવી ભીતિ વ્યક્ત કરી હતી.

### ૬.૪.૧ ઉદ્દેશરૂપ ઠરાવ

કેબિનેટ મિશને માર્ચ ૧૯૪૬માં ભારતની મુલાકાત લીધી અને ભારતનું ભાવિ સંવિધાન નક્કી કરવા ભારતીયો માટે 'તાત્કાલિક વ્યવસ્થા' કરવાનું વિચાર્યું. જેથી આવા બધાં સંઘર્ષના મુદ્દાઓનો ઉકેલ લાવી શકાય. મે ૧૯૪૬માં બહાર પાડેલી કેબિનેટ મિશન યોજનામાં તે માટે સંવિધાન સભા રચવા ભારતીયોને તક આપી. સંવિધાન સભાના ઉદ્દેશરૂપ ઠરાવમાં, જે ભારતના સંવિધાનના આમુખમાં પણ પ્રતિબિંબિત થાય છે તે પ્રમાણે, ભારતને સાર્વભૌમ પ્રજાસત્તાક બનાવવા માટે પોતાનો નિર્ણય જાહેર કર્યો. આ સાર્વભૌમત્વ લોકો પાસેથી મેળવવામાં આવશે. બદલામાં તેઓ ન્યાય, સમાનતા અને સ્વતંત્રતા મેળવશે. લઘુમતીઓ, પછાતવર્ગ અને આદિજાતિ વિસ્તારો તથા દલિતો અને અન્ય પછાતવર્ગોના હક માટે સલામતીનાં પૂરતાં પગલાંની જોગવાઈ કરાશે એમ જાહેર કરીને ઉદ્દેશરૂપ ઠરાવમાં લોકશાહી આદર્શોની તેની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી.

### ૬.૪.૨ સલાહકાર સમિતિ અને તેની પેટા સમિતિઓ

કેબિનેટ મિશને નાગરિકો, લઘુમતીઓ અને આદિજાતિ તથા વંચિત વિસ્તારોના હક અંગે

સલાહકાર સમિતિ રચવાનું સૂચવ્યું હતું. તેના કાર્યોમાં મૂળભૂત હકની યાદી તૈયાર કરવી, લઘુમતીઓના રક્ષણ માટેની જોગવાઈઓ તથા આદિજાતિ અને બાકીના વિસ્તારોના વહીવટ માટેની યોજના તૈયાર કરવાનું હતું. તેથી સંવિધાન સભાએ સરદાર વલ્લભભાઈ પટેલના અધ્યક્ષપદે સલાહકાર સમિતિની રચના કરી.

સલાહકાર સમિતિએ તે માટે નીચેની પાંચ પેટા સમિતિ રચી :

- મૂળભૂત હક અંગે પેટા-સમિતિ
- લઘુમતીઓના હક અંગે પેટા - સમિતિ
- આસામના આદિજાતિ અને બાકાત વિસ્તારો માટે પેટા-સમિતિ
- વાયવ્ય મોરચે આદિજાતિ અને બાકીના વિસ્તારો માટે પેટા-સમિતિ; અને
- આસામ અને વાયવ્ય મોરચા સિવાય બાકીના અને અંશતઃ બાકી રહેલા વિસ્તારો માટે પેટા-સમિતિ

આમાંથી ચોથી પેટા-સમિતિ એટલે વાયવ્ય મોરચે આદિજાતિ અને બાકીના વિસ્તારો માટેની પેટા-સમિતિ વિભાજન પછી સંવિધાન સભામાંથી અલગ પાડવામાં આવી હતી. બીજી ચાર પેટા-સમિતિઓએ તેમના અહેવાલ સલાહકાર સમિતિને મોકલ્યા. સલાહકાર સમિતિએ આવા અહેવાલ વિચારણામાં લઈને તેના પોતાના અહેવાલ ભારતની સંવિધાન સભાને મોકલ્યા. સંવિધાન સભાએ આ અહેવાલો અંગે પૂરેપૂરી ચર્ચા કરી, જરૂરી જણાયું ત્યાં ત્યાં તેમાં ફેરફાર કરીને મુસદ્દા સમિતિને મોકલ્યા. પ્રો. બી. આર. આંબેડકરના અધ્યક્ષપદે રચાયેલી મુસદ્દા સમિતિએ તેમને ફરીથી વિચારણામાં લઈ સંવિધાન સભાની વિચારણા માટે બંધારણના મુખ્ય અને ગૌણ ભાગના મુસદ્દા તૈયાર કર્યા. આ મુસદ્દા પર ફરીથી ચર્ચા થઈ. કેટલીકવાર તેનું પુનરાવર્તન પણ થયું. જરૂરી હોય ત્યાં ત્યાં તેને છેવટે ફેરફાર સાથે પસાર કર્યા. ભારતની સંવિધાન સભામાં મૂળભૂત હક તૈયાર કરવાનું કામ ઘણી જીવંત અને જટિલ કવાયત હતી.

**તમારી પ્રગતિ ચકાસો-૩**

૧. સંવિધાન સભા રચવાનું કામ ગતિમાં કેવી રીતે આવ્યું ?

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

૨. લોકોના તમામ વિભાગોના હક પ્રાપ્ત કરી શકાય તે માટે સંવિધાન સભાએ કયાં કયાં પગલાં લીધાં ?

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

## ૬.૫ મૂળભૂત હક અને સંવિધાન સભા

## (Fundamental Rights and the Constituent Assembly)

અગાઉ જણાવી ગયા તેમ, દરેક વ્યક્તિને કેટલાક 'જન્મજાત હક' છે. અને તેના બીજા સાથે સમાન રીતે ઉપયોગ કરવો જોઈએ તે વિચાર સ્વતંત્રતાની લડત પાછળનું ચાલક બળ હતું. ભારતની સ્વતંત્રતાની ચળવળ મુખ્યત્વે સમાનતા, સ્વતંત્રતા અને ન્યાયના હક માટેની લડત હતી. આ હક

સંસ્થાનની પ્રજા તરીકે ભારતીય લોકોને નકારી કાઢવામાં આવ્યા હતા. આ સંદર્ભમાં, મૂળભૂત હક ઘડવાની ક્વાયત મહત્ત્વની હતી. આ હકમાં લોકોની એષણા અને સંવિધાન સભાએ તેના ઉદ્દેશરૂપી ઠરાવમાં નજર સમક્ષ રાખેલ લોકશાહી આદર્શો પણ હતા.

### ૬.૫.૧ ન્યાય, સમાનતા અને સ્વાતંત્ર્ય

જવાહરલાલ નહેરુએ ૧૩મી ડિસેમ્બર ૧૯૪૬ના રોજ વિધાનસભામાં રજૂ કરેલા ઉદ્દેશરૂપ ઠરાવમાં ભારતના તમામ નાગરિકોને નીચેનાં વચન આપ્યાં હતાં.

**ન્યાય :** સામાજિક, આર્થિક અને રાજકીય

**સમાનતા :** દરજ્જાની અને તકની તેમજ કાયદા સમક્ષની, અને

**સ્વતંત્રતા :** વિચાર, અભિવ્યક્તિ, માન્યતા, ધર્મ, ઉપાસનાની, વ્યવસાયની, મંડળ રચવાની અને કાર્યોની પરંતુ કાયદા અને જાહેર નૈતિક્તાને આધીન રહીને.

જ્ઞાતિ, ધર્મ વગેરેના ભેદભાવ દ્વારા દર્શાવેલા ભેદભાવવાળા સમાજમાં આવા હકની ખાતરી એ નિ:શંક જટિલ બાબત હતી. સમાનતા, સ્વતંત્રતા અને ન્યાયના આદર્શો વાસ્તવમાં પ્રયોજતી વખતે આ મતભેદો વિચારણામાં લેવાનો ખ્યાલ હતો. 'હકને સમાન રીતે ભોગવવાની બાબત' કેવળ ઔપચારિક નિવેદન ન હતું. તે સુનિશ્ચિત કરવા માટે વંચિત વિભાગોને રક્ષણાત્મક સલામતીઓ આપી શકાય તે રીતે હક નિશ્ચિત કરવા માટેનાં પગલાં લેવાનાં હતાં.

### ૬.૫.૨ સંવિધાન રચવાના સંજોગો

તેમ છતાં, એ નોંધવાનું રહે કે સંવિધાન રચવાનું કામ કપરા સંજોગોમાં થયું હતું. દેશ યુદ્ધ પછીની હતાશામાંથી પસાર થઈ રહ્યો હતો. સ્વતંત્ર ભારતની રચના પછી દેશનું વિભાજન, કોમી સંઘર્ષ, જાનહાનિ થયા હતા અને નવા રચાયેલા રાષ્ટ્ર પાકિસ્તાનમાંથી લાખો નિર્વાસિતો આવ્યા હતા. પશ્ચિમ બંગાળમાં અને આંધ્રપ્રદેશમાં સામ્યવાદી ક્રાંતિકારી કાર્યક્રમે ભારતીય રાષ્ટ્રના વર્ગોના પૂર્વગ્રહ અને શાસનના માળખાને લગતા મૂળભૂત પ્રશ્નો ઊભા કર્યા. કોમી અને વર્ગના સંબંધો અંગેની આવી દહેશત વચ્ચે સંવિધાન સભાએ લોકોના હક અને પ્રતિષ્ઠાની ખાતરી આપતું સંવિધાન ઘડવાનું કામ ચાલુ રાખ્યું.

### ૬.૫.૩ મૂળભૂત હક નિયમન અંગેની વિચારણા

ઉદ્દેશ ઠરાવમાં દર્શાવેલા મૂળભૂત હકની વિશિષ્ટ વિગતો તૈયાર કરતી વખતે વંશ, ધર્મ, જ્ઞાતિ, જાતિ, લિંગ અને જન્મ સ્થાન ગમે તે હોય છતાં, નાગરિકોના મૂળભૂત હક સમાન હોવા જોઈએ. એવી સામાન્ય સહમતી જણાઈ હતી. સાથોસાથ લઘુમતી લોકોના નબળા વિભાગોને કોઈક ખાસ સલામતીની જરૂરિયાત હોવી જોઈએ એવી માન્યતા પ્રવર્તતી હતી. બ્રિટિશ કાળમાં પ્રવર્તતા અને સંવિધાને મંજૂર કરવાના હક સાથે વિસંગત હોય તેવા તમામ કાયદા નિરર્થક બનાવવા જોઈએ એવી સર્વસંમતિ પણ પ્રવર્તતી હતી. ભવિષ્યની સરકારને આવા હકનો ભંગ કરતા કાયદા ઘડવાની પરવાનગી આપવી જોઈએ નહિ. મૂળભૂત હક પેટા-સમિતિએ સૂચિત મૂળભૂત હકના અને મુસદ્દા તપાસ્યા અને તે અંગે ચર્ચા વિચારણા કરી. મૂળભૂત હક પેટા-સમિતિએ લઘુમતી હક પેટા-સમિતિ સાથે ગાઢ સંપર્કમાં રહીને કામ કર્યું હતું એ મહત્ત્વની બાબત છે. મૂળભૂત હક પેટા સમિતિએ પોતાનો અહેવાલ સલાહકાર સમિતિને મોકલવાનો હતો. સલાહકાર સમિતિએ મૂળભૂત પેટા સમિતિનો આખરી અહેવાલ તેમજ લઘુમતી હક પેટા-સમિતિની ટીકા-ટિપ્પણી પણ ધ્યાનમાં લીધાં હતાં.

### ૬.૫.૪ હાલનાં પૂર્વદૃષ્ટાંત

મૂળભૂત હક ઘડવાની પ્રક્રિયામાં હાલનાં પૂર્વદૃષ્ટાંત પણ વિચારણામાં લીધાં હતાં. સંવિધાન સભાના સચિવાલયે દુનિયાના અનેક લોકશાહી દેશોમાં અપાયેલો મૂળભૂત હક અને તા. ૧૦મી ડિસેમ્બર ૧૯૪૮ના રોજ અપનાવેલ સંયુક્ત રાષ્ટ્રસંઘની માનવહક ઘોષણા સાથે મૂળભૂત હકની સરખામણી કરી હતી. વરિષ્ઠ સનદી અધિકારી અને ભારતની સંવિધાન સભાના સંવિધાન સલાહકાર સર બી.એન. રાઉએ અનેક દેશોની મુલાકાત લીધી હતી. તેણે આઈરિશ પ્રજાસત્તાકના પ્રેસિડેન્ટ અને ભારતના મહાન મિત્ર એમોન ડી. વાલેરા તેમજ અમેરિકાની સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ ફ્રેન્કફ્યુટર અને બીજા સાથે મંત્રણા કરી હતી.

**તમારી પ્રગતિ ચકાસો - ૪**

૧. ઉદ્દેશરૂપ ઠરાવ શું હતો ? તે લોકોના બધા વિભાગોની એષણાઓને સાકાર કરે છે એમ કેવી રીતે વિચારો છો ?

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

૨. મૂળભૂત હક ઘડવાના સમયે ચિંતાની કઈ કઈ બાબતો હતી ? આ ચિંતા હલ કરવા સંવિધાનના ઘડવૈયાઓએ શું શું કર્યું ?

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

## ૬.૬ મૂળભૂત હકને લગતા પ્રશ્નો : દ્વિધા અને તેનો ઉકેલ

## (Issues Relating to Fundamental Rights : The Dilemmas and Their Resolutions)

આમ, મૂળભૂત હક ઘડતી વખતે સંવિધાન સભા અને તેની સમિતિઓને, આ હકને તમામ માટે સમાનતા અને ન્યાય નિશ્ચિત કરે તેવું સ્વરૂપ આપવાના પડકારરૂપ કામનો સામનો કરવો પડ્યો હતો.

### ૬.૬.૧ મૂળભૂત હકનાં સ્વરૂપ અને વિષયવસ્તુ

મૂળભૂત હકનાં સ્વરૂપ અથવા ભાષા બાબતમાં મૂળભૂત હક પેટા-સમિતિની અંદર સઘન ચર્ચા વિચારણા થઈ હતી. હકના શબ્દો વિધેયાત્મક રીતે કે નકારાત્મક રીતે લખી શકાય એ નોંધવું મહત્ત્વનું છે. જે રીતે હકને શબ્દબદ્ધ કર્યા છે તેનો કાનૂની પ્રકાર અને તેનો અમલ કરવામાં રાષ્ટ્રની કામગીરી પર મહત્ત્વનો આધાર છે. વિધેયાત્મક રીતે શબ્દબદ્ધ કરેલ હક, હકનો ઉપયોગ કરવા માટેની સ્થિતિ પૂરી પાડવા રાષ્ટ્ર પર જવાબદારી મૂકે છે. આવા કેસમાં તે કાયદેસર અમલમાં મૂકવા પાત્ર અને દાવાપાત્ર હોય છે. આનો તાત્વિક દ્રષ્ટિએ એવો અર્થ થાય કે સરકાર હક માટે જોગવાઈ કરવાની તેની જવાબદારી અદા ન કરે, તો અદાલત દરમિયાનગીરી કરી શકે અને સરકારને તેમ કરવા જણાવી શકે. રશિયાના ૧૯૩૬ના સંવિધાને વિધેયાત્મક ભાષામાં હક આપ્યા હતા. સંયુક્ત રાષ્ટ્રસંઘની સામાન્ય સભાએ અપનાવેલ સાર્વત્રિક માનવહક ઘોષણામાં પણ હકને વિધેયાત્મક રીતે ઘડવાની બાબતને અગ્રતા પણ આપી હતી.

બીજી બાજુએ નકારાત્મક રીતે શબ્દબદ્ધ કરેલા હક, હકને કુદરતી રીતે જ નાગરિકોના છે તે રીતે જુએ છે. આવા કોઈ હક પરત લઈ લેવા રાષ્ટ્રને મના ફરમાવે છે. લોકો માટે હકની જોગવાઈ કરતી વખતે તે તેના અમલ માટેની સ્થિતિ પૂરી પાડવા રાષ્ટ્ર પર કાયદેસર જવાબદારી મૂકતું નથી. અમેરિકાના સંવિધાનમાં ૧૭૯૧માં મૂળભૂત હક અપનાવ્યા ત્યારથી ઉદાર લોકશાહી રાષ્ટ્રો આ જ પ્રથાને અનુસરે છે.

સંવિધાન સભાએ હકને વિધેયાત્મક રીતે શબ્દબદ્ધ કરવાની તરફેણમાં, લોકોના હકના સ્વતંત્ર રક્ષણની કામગીરી ન્યાયતંત્રને આપીને આ પરિસ્થિતિનું નિરાકરણ કર્યું. લોકો તેમનો કોઈ એક હક લઈ લેવામાં આવે તો તે બદલ થયેલું નુકસાન ભરપાઈ કરવા માટે (redemption) અદાલતમાં જઈ શકે. લઘુમતી જૂથ અને વંચિત વિભાગમાં સલામતીની ભાવના ઊભી કરવા માટે હકનું દાવાપાત્ર સ્વરૂપ જરૂરી છે. એવું સંવિધાન સભાના સભ્યોને લાગ્યું હતું.

### ૬.૬.૨ હકની ન્યાયિક ખાત્રી

ઉપરની બાબત પરથી હકની ખાત્રીમાં ન્યાયતંત્રની ભૂમિકા પર સીધે સીધી ગુંચવણ ઊભી થઈ હતી. ક.મા. મુનશી મૂળભૂત હકને ન્યાયિક સમીક્ષા હેઠળ મૂકવાની તરફેણમાં હતા. તેથી મુનશીએ સર્વોચ્ચ અદાલત મારફત સંવિધાન વિષયક ઉપાયો માટે વ્યાપક જોગવાઈઓ કરી હતી. આનો અર્થ એ થાય કે સંવિધાનમાં જણાવેલ નાગરિકોના હકના રક્ષણ માટે અદાલતે સંખ્યાબંધ રિટ ઇસ્યુ કરવાની સત્તા છે.

### ૬.૬.૩ હકનું સામાજિક - આર્થિક પરિમાણ

મૂળભૂત હક પેટા - સમિતિની અંદરની ચર્ચા-વિચારણાનું મહત્ત્વનું પાસું ખાતરી આપવાના હકનો સાર હતો. દાખલા તરીકે, ભારતનું સંવિધાન અમેરિકાની જેમ લોકોને ફક્ત રાજકીય હક આપશે કે પછી રશિયાની જેમ ફક્ત આર્થિક હક આપશે ? સ્વતંત્ર ભારત નિરક્ષરતા, ગરીબી અને શોષણના પ્રશ્નો કેવી રીતે હલ કરશે ? દાખલા તરીકે, ભારત જમીન સુધારણાનો અમલ કેવી રીતે કરશે અથવા અસ્પૃશ્યતા કેવી રીતે નાબૂદ કરશે ? દાવાપાત્રતાને મૂળભૂત હકના આવશ્યક પાસા તરીકે સ્વીકારવામાં, શિક્ષકનો હક, કામદારનો હક વગેરે કાનૂની દૃષ્ટિએ અમલમાં મૂકી શકાશે નહિ તેવું પેટા - સમિતિના સભ્યોને લાગ્યું હતું. એ બાબત મહત્ત્વની છે કે આ હકને સામાજિક અને આર્થિક આયોજનના ભાગ હોય તેમ સ્વીકારવામાં આવ્યા હતા. તેથી પેટા-સમિતિ હકનું બે ભાગમાં વિભાજન કરવા સંમત થઈ : મૂળભૂત હક તરીકે સમાવિષ્ટ દાવાના હક અને રાષ્ટ્રની નીતિના માર્ગદર્શક સિદ્ધાંતો તરીકે અપનાવેલ બિન-દાવાપાત્ર હક.

### ૬.૬.૪ સ્વતંત્રતા કેટલી ?

મૂળભૂત હક પેટા સમિતિએ સ્વતંત્રતાના હકની ત્રણ શીર્ષક હેઠળ વ્યાપક ચર્ચા કરી : (૧) વાણી અને અભિવ્યક્તિ વગેરેની સ્વતંત્રતાને લગતી હોય તેવી વિશિષ્ટ સ્વતંત્રતા, (૨) વ્યક્તિગત સ્વતંત્રતા અને મિલકતનું રક્ષણ, અને (૩) સાર્વત્રિક પુખ્ત મતાધિકારનો હક. સંવિધાન સભાના અનેક અગ્રગણ્ય નેતાઓનો અભિપ્રાય એવો હતો કે અમર્યાદિત વ્યક્તિગત સ્વતંત્રતા દેશની સુરક્ષા અને સ્થિરતાને ભયરૂપ નીવડી શકે. તેથી તેમણે કાયદો અને વ્યવસ્થા તથા દેશની સુરક્ષા જાળવવા, વર્ગ અને કોમી સંઘર્ષ નિયંત્રણમાં લેવા, અને વ્યક્તિગત માન અને નૈતિકતાનું રક્ષણ કરવા માટે સ્વતંત્રતાના અનેક હકને મર્યાદિત કરવાની દલીલ કરી. કાયદો અને વ્યવસ્થા તેમજ રાષ્ટ્રની સુરક્ષાના હિતમાં સંવિધાનમાં નિવારક અટકાયત માટે પણ જોગવાઈ કરવામાં આવી.

કોંગ્રેસની મૂળભૂત હકની કરાંચી ઘોષણામાં મિલકતના હકની જોગવાઈનો સમાવેશ હતો એ રસપ્રદ બાબત છે. સાથોસાથ સંવિધાન સભામાં પ્રભુત્વ ધરાવનાર કોંગ્રેસ જમીન સુધારા અને સામંતશાહી નાબૂદી માટે વચનબદ્ધ હતી. પક્ષનો અમુક ભાગ સંવિધાનમાં અર્થશાસ્ત્રના સામાજિક સિદ્ધાંતો દાખલ કરવા માંગતો હતો. મોટા જમીનધારકો અને જમીનદારો જો કે તેમના મિલકતના હકનું કડક રક્ષણ ઇચ્છતા હતા અને વળતર ચૂકવ્યા સિવાય સરકાર કોઈ મિલકત લઈ ન શકે તેવું સુનિશ્ચિત કરવા માંગતા હતા. છેવટે ગરમાગરમ ચર્ચા બાદ કેટલાંક નિયંત્રણો સાથે મિલકતનો હક અપનાવવામાં આવ્યો.

મૂળભૂત હક સમિતિએ સાર્વત્રિક પુખ્ત મતાધિકારનો સિદ્ધાંત પણ અપનાવ્યો. જ્ઞાતિ, ધર્મ, જાતિ, શિક્ષણ વગેરે ધ્યાનમાં લીધા સિવાય ૨૧ વર્ષથી વધારે ઉંમરના તમામને મતદાનનો હક આપવામાં આવ્યો. ચૂંટણીઓ સાર્વત્રિક, મુક્ત અને ગુપ્ત રીતે કરવાની હતી અને તેનું નિયંત્રણ સ્વતંત્ર આયોગે કરવાનું હતું. આ હક નાગરિકોની સાર્વભૌમત્વ અને સમાતાનો મહત્ત્વનો પ્રાદુર્ભાવ હતો.

### ૬.૬.૫ લઘુમતીઓના હક અને ધાર્મિક સ્વાતંત્રતા

લઘુમતીઓના હક અને ધાર્મિક સ્વતંત્રતાના મહત્ત્વના પ્રશ્નો હતા અને તેની ચર્ચા લઘુમતી પેટા-સમિતિમાં થઈ હતી. સંવિધાન સભાએ ભારતને બિન-સાંપ્રદાયિક રાષ્ટ્ર તરીકે નિર્દિષ્ટપણે જાહેર કરેલ હોવાથી, ધાર્મિક સ્વતંત્રતાને માન્યતા આપવામાં આવી હતી. ધાર્મિક સ્વતંત્રતામાં અંતરાત્માની સ્વતંત્રતા અને કોઈ પણ ધર્મ પાળવાની અને આચરવાની સ્વતંત્રતાનો સમાવેશ થાય છે. તેમ છતાં, એક બાજુએ ધર્મ પાળવા અને શ્રદ્ધાને લગતા ધર્મની સ્વતંત્રતા અને બીજી બાજુએ ધર્મ અને ધાર્મિક

સંસ્થાઓ સાથે જોડાયેલી આર્થિક નાણાંકીય અને રાજકીય પ્રવૃત્તિઓ જેવી બિન-સાંપ્રદાયિક બાબતો વચ્ચે ભેદ પાડવામાં આવ્યો હતો. આવી બિન-સંપ્રદાયિક પ્રવૃત્તિઓ રાષ્ટ્રના નિયંત્રણને આધીન બનાવવામાં આવી હતી. રાજ્યને પ્રજાના તમામ વિભાગો માટે સામાજિક સુધારા કરવાની પરવાનગી આપવામાં આવી હતી. વળી હિંદુ ધર્મના, જાહેર પૂજાસ્થાનોએ હિંદુઓના બધા વિભાગ (શીખ, જૈન અને બૌદ્ધ સહિત) માટે ખુલ્લા મૂકવા દેવાની રાષ્ટ્રને છૂટ હતી. શીખોને કાયદાની મર્યાદાની અંદર કિરપાણ સાથે રાખવાની છૂટ હતી. હિંદુ ધાર્મિક સ્થળો ખુલ્લાં મૂકવાની બાબત ભારતીય રાષ્ટ્રીય ઝુંબેશની અસ્પૃશ્યતા નાબૂદ કરવાની દૃઢ વચનબદ્ધતાનો ભાગ હતી. ૧૯૨૦ના દસકાથી ગાંધીજીએ પોતે અનેક મંદિરમાં પ્રવેશની ઝુંબેશ નેતાગીરી લીધી હતી. અલગ કલમથી અસ્પૃશ્યતાને ગુનો જાહેર કરીને અને તે આચરવામાં આવે તેને કાયદાથી શિક્ષાપાત્ર ગણાવીને હિંદુ, શીખ, જૈન અને બૌદ્ધોમાં કહેવાતાં 'અસ્પૃશ્યો'નું પ્રતિષ્ઠિત સામાજિક અસ્તિત્વ નિશ્ચિત કરાયું હતું.

મૂળભૂત હક પેટા-સમિતિના કેટલાક સ્ત્રી-સભ્યોએ પોતાની આંતરિક બાબતોનું નિયમન કરવા ધાર્મિક કોમોને સ્વતંત્રતા આપવા ધાર્મિક સ્વરૂપનો વિરોધ કર્યો હતો એ નોંધવું મહત્ત્વનું છે. હંસા મહેતા અને અમૃત કૌરને લાગ્યું હતું કે દેવદાસી અને બાળલગ્ન જેવી સ્ત્રીઓ અંગેની કેટલીક માનવતાવિહીન પ્રથાઓ સરકારના સુધારાને અટકાવશે, કેમ કે તેને ધર્મનું સમર્થન હતું. પોતાની આંતરિક બાબતોનું નિયમન કરવા ધાર્મિક કોમોને સ્વતંત્રતા આપવાની બાબતોમાં સ્ત્રીઓને અન્યાયી હોય તેવી પ્રથા અને માપદંડનું નિયંત્રણ કરવાના સરકારના હસ્તક્ષેપના અવકાશને મહદંશે મર્યાદિત કર્યો છે.

### ૬.૬.૬ સમાનતા

મુસદ્દા સમિતિના અધ્યક્ષ ડૉ. બી. આર. આંબેડકર સામાજિક અને ધાર્મિક સમાનતાની તેમની લાગણી માટે સારી રીતે જાણીતા હતા. સંવિધાન સભામાં સમાનતાના હક અંગે લગભગ સંપૂર્ણ સહમતી હતી તે નોંધવાનું મહત્ત્વ છે. પછાતવર્ગો તેમનું પછાતપણું છોડી શકે તે માટે તેમની સાથે ખાસ વ્યવહારની જરૂરિયાત અંગે પણ તેવી જ સહમતી હતી.

સભ્યો વચ્ચેનો મતભેદ પછાતવર્ગો મુકરર કરવાને લગતી બાબતે હતો, કેમકે ભારતમાં અનેક પ્રકારની જ્ઞાતિઓ અને કોમો હતી અને તેમના દરજ્જામાં પણ તફાવત હતો. બ્રિટિશ ભારતીય પ્રાંત અને રજવાડાં જુદા જુદા પ્રકારના વર્ગીકરણને અનુસરતો હોવાથી, આ પ્રશ્નો મિશ્ર થઈ ગયા હતા. પ્રસંગોપાત સંવિધાન સભાએ આ બાબતને વખતોવખત અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ મુકરર કરવા માટે સંઘ સરકાર અને સંસદ પર છોડી દીધી હતી. ખાસ વ્યવહાર માટે અન્ય પછાત વર્ગો મુકરર કરવા રાજ્યોને છૂટ અપાઈ હતી.

### ૬.૬.૭ લઘુમતી

ધાર્મિક અને અન્ય લઘુમતીઓએ બ્રિટિશ કાળમાં ખાસ દરજ્જો મળવ્યો હતો. ભારતમાં સંસ્થાનવાદી સરકાર અલગ મતદાર વિભાગની પ્રથાને અનુસરી તે બાબત તેમની ખાસ ઓળખને સમર્થન આપે છે. લઘુમતીના હકને લગતી પેટા-સમિતિ માટેની જોગવાઈ કરીને કેબિનેટ મિશન યોજનાએ તેમની અલગ ઓળખ જાળવી રાખી હતી. પરંતુ બ્રિટિશ ભારતના વિભાજને ચિત્ર બદલી નાખ્યું. કેમકે સૌથી વધુ બોલકા લઘુમતી પક્ષ મુસ્લિમ લીગને મુસ્લિમ બહુમતીવાળું રાષ્ટ્ર પાકિસ્તાન મળ્યું હતું. વિભાજન પછી પાકિસ્તાન કરતાં ભારતમાં વધારે મુસ્લિમ રહ્યા હોવા છતાં, વિભાજન પછીના ભારતમાં મુસ્લિમ લઘુમતીએ રાજકીય દરજ્જાનો દાવો ગુમાવ્યો હતો. બીજા લઘુમતીઓએ આવા દરજ્જા અંગે આગ્રહ રાખ્યો ન હતો. ભારતની સંવિધાન સભાએ રાજકીય લઘુમતીઓની વિભાવના પડતી મૂકી હતી, પરંતુ સાંસ્કૃતિક લઘુમતીઓને સાંસ્કૃતિક અને શૈક્ષણિક હક મળ્યા હતા, પરંતુ અલગ મતદાર વિભાગ તેમજ તેમની અનામતની પ્રથા નાબૂદ કરવામાં આવી હતી. તેમ છતાં સંવિધાન સભાએ ભાષાકીય લઘુમતીઓનો સમાવેશ કરવા માટે લઘુમતીઓની વિભાવના વિસ્તૃત કરી હતી.

### ૬.૬.૮ પછાત વર્ગો

અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ સમાજનો તદ્દન વંચિત વર્ગ હોવાથી તેમને સંસદ અને વિધાનસભાની બેઠકો પર અનામત બેઠકો આપવામાં આવી. સરકારી વિભાગો / ખાતાં અને ઉપક્રમોમાં નોકરીમાં અનામત આપવાની જોગવાઈ કરવામાં આવી, નાગરિકોનાં જે પછાત વર્ગો

માટે નોકરીઓમાં પૂરતું પ્રતિનિધિત્વ નથી એવું સરકારને લાગે ત્યાં તેવા પછાતવર્ગો માટે અનામતની જોગવાઈ કરવામાં આવી હતી. આમ, એંગ્લો-ઇન્ડિયન કોમને નોકરીમાં બે વર્ષ માટે અનામત આપવામાં આવી હતી. વળી, સરકારના મતે તેમનું અપૂરતું પ્રતિનિધિત્વ છે તેવું લાગે ત્યાં સંઘ અને રાજયનાં વિધાનમંડળોની પ્રથમ ચેમ્બરમાં તેમની નામનિયુક્તિ માટે પણ જોગવાઈ કરવામાં આવી હતી.

### ૬.૬.૯ પછાત વિસ્તારો

અનુસૂચિત આદિજાતિનો મોટો સમૂહ જયાં વસતો હોય તે સામાન્ય રીતે 'પછાત વિસ્તાર' તરીકે જાણીતો હોય છે. ઘણું ખરું ડુંગરાળ અને વિશાળ વન ધરાવતા વિસ્તારોનું ભારત સરકારના ૧૯૩૫ના અધિનિયમ હેઠળ 'બાકીના અને અંશતઃ બાકીના વિસ્તારો' તરીકે નિયમન થતું હતું. આવા વિસ્તારોને સરકારના સામાન્ય કાયદાથી મુક્ત રખાયા હતા. અને જુદા જુદા અંશે તેમને બહારના હસ્તક્ષેપથી રક્ષિત રખાયા હતા. સંવિધાન સભા કેટલાક વિસ્તારોને રાબેતા મુજબના વહીવટ હેઠળ લાવી હતી અને બાકીના માટે વિશેષ વહીવટ માટે પાંચમી અને છઠ્ઠી અનુસૂચિમાં જોગવાઈ કરી હતી.

**તમારી પ્રગતિ ચકાસો-૫**

૧. ભારતના સંવિધાનમાં મૂળભૂત હક્ના સ્વરૂપની દ્વિધાને સંવિધાન સભાએ કેવી રીતે હલ કરી શકે ?

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

૨. વસ્તીના જુદા જુદા વિભાગોના હક અને એષણાઓ બાબતમાં સંવિધાનમાં કેવી રીતે સમતુલા જાળવવામાં આવી ?

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

## ૬.૭ સમાપન (Let us Sum Up)

વિસ્તૃત વિવાદ અને ચર્ચા વિચારણા પછી ભારતની સંવિધાન સભામાં ભારતીય નાગરિકોના હક ઘડાયા. હક પાછળની ચાલક ભાવના માનવ સમાનતા અને પ્રતિષ્ઠાના સિદ્ધાંતને વળગી રહેવાની હતી. સંસ્થાનવાદી શાસનમાં આ સમાનતાને નકારવામાં આવી હતી. સમાનતા, સ્વતંત્રતા અને ન્યાયના વિચારોની વચનબદ્ધતાને સંવિધાન સભાના ઉદ્દેશરૂપ ઠરાવોમાં સમર્થન મળ્યું હતું. લઘુમતી હક પેટા-સમિતિ જેવી સમિતિઓના સહયોગમાં કામ કરતી મૂળભૂત હક પેટા-સમિતિને ભારતના લોકોના મૂળભૂત હક ઘડવાનું મહત્ત્વનું કામ સોંપવામાં આવ્યું હતું. હકના સ્વરૂપ અને વ્યાપ અંગે મતમતાંતર હોવા છતાં, આખરી પૃથક્કરણમાં કેટલીક બાબતોમાં સર્વસંમતિ સધાઈ હતી. દાખલા તરીકે, હકને વિધેયાત્મક રીતે શબ્દબદ્ધ કરવાના હતા. અને તે કાયદેસર રીતે અમલપાત્ર અને દાવાપાત્ર બન્યા હતા. ન્યાયતંત્રને ન્યાયિક સમીક્ષાની સત્તા સોંપાઈ હતી. તેણે લોકોના હકના સ્વતંત્ર રક્ષક બનવાનું હતું. શિક્ષણને લગતા હક અને કામદારોના હક જેવા કેટલાક હક વધારે તો સામાજિક અને આર્થિક નીતિના પ્રકારના હતા એવું માનવામાં આવ્યું હતું. આ હક કાનૂની અમલને આધીન નથી એમ જોવામાં આવ્યું હતું. તેથી એમ ગણાયું કે મૂળભૂત હક નિયમિત હક હતા અને રાજકીય પ્રકારના હતા, જયારે માર્ગદર્શક સિદ્ધાંતો સામાજિક અને આર્થિક હકના બનેલા હતા. આ હક બધા ભારતીયોને કોઈપણ ભેદભાવ સિવાય આપવામાં આવ્યા હતા. તેમ છતાં, વસ્તીના જુદા જુદા વિભાગોના હક વચ્ચે સમતુલા જાળવવામાં આવી હતી. ધાર્મિક લઘુમતીઓને યોગ્ય મહત્ત્વ અપાયું હતું અને સમાજના નબળા અને પછાત વિભાગોની પ્રગતિ માટે જોગવાઈ કરવા ખાસ કાળજી લેવામાં આવી હતી.

અનુસૂચિત જાતિઓ અનુસૂચિત આદિજાતિઓને ઐતિહાસિક રીતે વેઠવી પડેલી અશક્તતાને પાર કરવાના હક આપવામાં આવ્યા હતા. હકના અમર્યાદિત વ્યાપને પસંદ કરવાનો આવ્યો ન હતો. દેશમાં કાયદો અને વ્યવસ્થા, સલામતી અને અખંડિતતા, જાહેર નૈતિકતા વગેરે કારણસર દરેક હકને શરતોથી બાંધવામાં આવ્યો હતો.

## ૬.૮ અગત્યના શબ્દો (Key Words)

**સંવિધાન** : વ્યાપક રીતે કહીએ તો સંવિધાન નિયમોનો સેટ છે. તે લિખિત / અલિખિત હોઈ શકે. આ નિયમો સરકારની વિવિધ સંસ્થાઓ / અંગના સત્તા અને કર્તવ્યો માટે અને રાષ્ટ્ર તથા નાગરિકો વચ્ચેના સંબંધના માળખાની જોગવાઈ કરે છે.

**સંવિધાન સભા** : નાગરિકોના પ્રતિનિધિત્વના સિદ્ધાંતના આધારે ચૂંટાયેલ અથવા પસંદ કરાયેલ લોકોનું જૂથ. આ જૂથને સંવિધાન ઘડવાનું / લખવાનું કામ સોંપાયું હતું.

**સંવિધાનનું આમુખ** : સંવિધાનના હેતુ અને ઉદ્દેશ દર્શાવતી પ્રસ્તાવના.

**સત્યાગ્રહ** : શાબ્દિક રીતે તેનો અર્થ સત્યની માગણી થાય. ગાંધીજીના શબ્દપ્રયોગમાં અન્યાયના પરિબળોના પ્રતિકારને વાજબી ઠરાવતા નૈતિક બળનું મહત્ત્વ ધારણ કરે છે.

**સાર્વભૌમ** : સર્વોચ્ચ. તે બીજા કોઈ પાસેથી સત્તા મેળવતી નથી. તે પોતે જ સત્તાનો સ્રોત છે.

**સ્વરાજ** : શાબ્દિક રીતે તેનો અર્થ પોતાનું રાજ, સ્વતંત્રતા અથવા આત્મનિર્ણય

**બદ્ધ** : બંધાયેલ

## ૬.૯ કેટલાંક ઉપયોગી પુસ્તકો (Some Useful Books) એસ. કે. ચૌબે,

કોન્સ્ટીટ્યુઅન્ટ એસેમ્બલી ઇન ઇન્ડિયા (ભારતમાં સંવિધાન સભા), પીપીએચ, નવી દીલ્હી, ૧૯૭૩

ગ્રેનવિલે ઑસ્ટીન, ધી ઇન્ડિયન કોન્સ્ટીટ્યુશન : કોર્નર સ્ટોન ઓફ એ નેશન (ભારતનું સંવિધાન : રાષ્ટ્રની આધારશીલા, ઓક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ, લંડન, અદ્યતન આવૃત્તિ.

એમ. વી. પયલી, કોન્સ્ટીટ્યુશનલ હિસ્ટ્રી ઓફ ઇન્ડિયા.

(ભારતનો સંવિધાન ઇતિહાસ) ૧૬૦૦-૧૯૫૦, એશિયા પબ્લિશિંગ હાઉસ, મુંબઈ, ૧૯૬૭)

## ૬.૧૦ 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબ : સ્વાધ્યાય (Answers to check your Progress : Exercises)

**તમારી પ્રગતિ ચકાસો-૧**

૧. જુઓ વિભાગ ૬.૩ તમારો જવાબ લોકોના પ્રતિકારનો પ્રકાર અને ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે કરેલી કામગીરી પર કેન્દ્રિત હોવો જોઈએ.

**તમારી પ્રગતિ ચકાસો-૨**

૧. જુઓ પેટા-વિભાગ ૬.૩.૨ તમારા જવાબમાં સાયમન કમિશન અને નહેરુ અહેવાલના સંદર્ભનો સમાવેશ કરવો જોઈએ.

૨. જુઓ પેટા-વિભાગ ૬.૩.૬ લોકોની એષણા-ધારણાઓ સંતોષવામાં ભારત સરકારના ૧૯૩૫ના અધિનિયમની નિષ્ફળતાઓ તમારા જવાબમાં દર્શાવવી જોઈએ.

**તમારી પ્રગતિ ચકાસો-૩**

૧. જુઓ વિભાગ ૬-૪ અને પેટા વિભાગ ૬.૪.૧ તમારા જવાબમાં 'ઓગસ્ટ પ્રસ્તાવ' અને ક્રિપ્સ મિશનનો સંદર્ભ હોવો જોઈએ.

૨. જુઓ પેટા વિભાગ ૬.૪.૨ તમારા જવાબમાં સંવિધાન સભાની સલાહકાર સમિતિ અને પેટા સમિતિઓની કામગીરી જણાવવી જોઈએ.

**તમારી પ્રગતિ ચકાસો-૪**

૧. જુઓ વિભાગ ૬-૫ અને પેટા વિભાગ ૬.૫.૧

૨. જુઓ પેટા વિભાગ ૬.૫.૩ અને ૬.૫.૪

**તમારી પ્રગતિ ચકાસો-૫**

૧. જુઓ વિભાગ ૬.૬

૨. જુઓ વિભાગ ૬.૬

# એકમ ૭ : મૂળભૂત હક અને માર્ગદર્શક સિદ્ધાંતો
## (Fundamental Rights and the Directive Principles)

રૂપરેખા :


૭.૦ ઉદ્દેશ

૭.૧ પ્રાસ્તાવિક

૭.૨ સંવિધાન : હકના સ્રોત તરીકે

૭.૩ મૂળભૂત હક, માનવ હક તરીકે

- ૭.૩.૧ સંવિધાન અને જ્ઞાતિ પ્રથા
- ૭.૩.૨ સંવિધાન અને ભારતીય સ્ત્રી
- ૭.૩.૩ તમામ પ્રકારના બંધનમાંથી સ્વતંત્રતા
- ૭.૩.૪ મૂળભૂત હકનો ખાસ દરજ્જો
- ૭.૩.૫ સમાનતાનો હક
- ૭.૩.૬ સ્વાતંત્ર્યનો હક
- ૭.૩.૭ શોષણ સામેનો હક
- ૭.૩.૮ સંવિધાનના ઉપાયોના હક
- ૭.૩.૯ ધાર્મિક અને લઘુમતી હક
- ૭.૩.૧૦ તમામ 'વ્યક્તિઓને' મૂળભૂત હક
- ૭.૩.૧૧ સમાનતા અને સામાજિક સિદ્ધાંતો

૭.૪ રાજ્ય નીતિના માર્ગદર્શક સિદ્ધાંતો

- ૭.૪.૧ વ્યક્તિ અને સમુદાય પ્રત્યે વચનબદ્ધતા

૭.૫ મૂળભૂત ફરજો

- ૭.૫.૧ મૂળભૂત ફરજોના સમાવેશની અસર
- ૭.૫.૨ ભારતીય રાજકીય પરંપરાના ભાગ તરીકે ફરજની વિભાવના
- ૭.૫.૩ ફરજોના મહત્ત્વ અંગે તાજેતરનું સાહિત્ય
- ૭.૫.૪ ફરજોની શ્રેણી અને પ્રકાર

૭.૬ માનવ અસ્તિત્વના માર્ગો

- ૭.૬.૧ મૂળભૂત હક અને માર્ગદર્શક સિદ્ધાંતોની ઉણપ
- ૭.૬.૨ નિવારક અટકાયત અને મૂળભૂત હકનો ભંગ
- ૭.૬.૩ ગરીબ અને વંચિત લોકોના હકના ભંગ
- ૭.૬.૪ માનવ હક અને લોકોનો સંઘર્ષ
- ૭.૬.૫ કર્મશીલ ન્યાયતંત્રે કરેલી કામગીરી
- ૭.૬.૬ રાષ્ટ્રીય સ્ત્રી આયોગની કામગીરી
- ૭.૬.૭ રાષ્ટ્રીય માનવ હક આયોગ

૭.૮ સારાંશ

૭.૮ અગત્યના શબ્દો

૭.૯ કેટલાંક ઉપયોગી પુસ્તકો

૭.૧૦ 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબ : સ્વાધ્યાય

## ૭.૦ ઉદ્દેશ (Objectives)

આ એકમમાં તમે,

- સંવિધાને માનવ હકની ખાતરી કઈ રીતે આપી છે તેનો અભ્યાસ કરશો;
- ખાતરી અપાયેલ હકનો પ્રકાર સમજવા તમે મૂળભત હક અને માર્ગદર્શક સિદ્ધાંતો બાબતમાં ભારતના સંવિધાનના અનુક્રમે ભાગ ૩ અને ૪નો બરાબર અભ્યાસ કરશો;
- અગાઉના વિભાગોમાં ખાતરી અપાયેલ હક અંગેની અસરનો ક્યાસ કાઢવા મૂળભૂત ફરજ અંગેના વિભાગનો બરાબર અભ્યાસ કરશો;
- આવી સંવિધાન વિષયક ખાતરીથી માનવ પ્રતિષ્ઠાના હક કેટલા અંશે પ્રાપ્ત થયા છે તેનું પૃથક્કરણ કરશો.

## ૭.૧ પ્રાસ્તાવિક (Introduction)

સંવિધાનના ભાગ ૩માં જણાવેલ મૂળભૂત હક અને ભાગ ૪માં જણાવેલ માર્ગદર્શક સિદ્ધાંતો બન્ને દરેક વ્યક્તિને પ્રતિષ્ઠાભર્યા જીવનની ખાતરી આપતા માનવહકના સિદ્ધાંતો અમલમાં લાવવા માટે છે. વ્યક્તિના જ્ઞાતિ, વંશ, જન્મ, વર્ગ જાતિ ગમે તે હોય તે છતાં, સ્વતંત્રતા અને પ્રતિષ્ઠાભર્યા જીવનમાં દાવા તરીકે હકનો વિચાર સંસ્થાનવાદી શાસન સામેની લડતમાં અસરકારક નીવડ્યો. સંસ્થાનવાદી શાસન 'ભેદભાવના શાસન' પર આધારિત હતું. આનો અર્થ એ થાય કે બ્રિટનમાં કાયદાનું શાસન તથા સ્વતંત્રતા અને સમાનતાના હક્કની ખાતરી અપાતી હતી જ્યારે એ જ સિદ્ધાંતો તેનાં સંસ્થાનોમાં લાગુ પડતા ન હતા. રાષ્ટ્રીય સ્વતંત્રતાની લડતે સમાનતાના સિદ્ધાંતનું સમર્થન કર્યું અને સંસ્થાનના લોકોને પ્રતિષ્ઠાભરી જિંદગી નકારનાર 'અનૈતિક' શાસનનો પ્રતિકાર કરવાનું મુનાસિબ ગણ્યું. રાષ્ટ્રીય સ્વતંત્રતા માટેની ચળવળ ભારતીય લોકોને માનવ હોવાની રૂએ હક નિશ્ચિત કરી શકાય તેવી સ્થિતિ લાવવા માંગતી હતી. મૂળભૂત હક અને માર્ગદર્શક સિદ્ધાંતો આ એષણાઓનું પ્રતિબિંબ છે. આની પછીના વિભાગોમાં, માનવ પ્રતિષ્ઠા અને સમાનતા કઈ રીતે મેળવવામાં આવ્યાં તે બાબત વિશે વિગતવાર જણાવીશું.

## ૭.૨ સંવિધાન : હકના સ્રોત તરીકે
(The Constitution as the Source of Rights)

સંવિધાનમાં માનવ પ્રતિષ્ઠા અને સમાનતાના સિદ્ધાંતો તમામ ભારતીયને માટેના મૂળભૂત હકની જોગવાઈમાં દર્શાવ્યા છે. અને કઈ સ્થિતિમાં આ હક અસરકારક નીવડી શકે તેના વચનમાં તે અભિવ્યક્ત થયા છે. કાયદાના શાસનના માળખાની અંદર રહીને કામ કરતી લોકશાહી સરકારે સુરક્ષિત કરેલા હકના માળખાની અંદર પ્રતિષ્ઠિત માનવ અસ્તિત્વની આ મૂળભૂત સ્થિતિની ખાતરી આપીને આ સંવિધાને ભારતના લોકોનો દરજ્જો બદલી નાખ્યો છે. આમ (ક) ભારતીય લોકો હવે સંસ્થાનની પ્રજા નથી, પરંતુ ભારતના નાગરિક તરીકે સાર્વભૌમ રાષ્ટ્રના સ્વતંત્ર અને સમાન સભ્યો છે. અને (બ) દમનકારી જ્ઞાતિવાદી અને સામંતશાહી માળખાની અંદર પ્રતિષ્ઠિત માનવ અસ્તિત્વથી વંચિત બનેલા બહુમતી ભારતીયો પ્રથમવાર રાષ્ટ્રના સમાન નાગરિક બન્યા.

આમુખમાં, મૂળભૂત હક અને માર્ગદર્શક સિદ્ધાંતો હકના અસરકારક ઉપયોગ માટે જરૂરી હોય તેવાં સ્વતંત્રતા, સમાનતા તથા આર્થિક અને સામાજિક ન્યાયને સાકાર કરે છે એવો દાવો વારંવાર કરવામાં આવે છે. દાખલા તરીકે, સંવિધાનના આમુખમાં "ભારતના લોકો તેમને પોતાને આ સંવિધાન આપે છે. અને તેના બધા નાગરિકોને ન્યાય, સ્વતંત્રતા અને સમાનતા ને ભ્રાતૃત્વ પ્રાપ્ત કરવા અને વ્યક્તિને પ્રતિષ્ઠાની ખાતરી આપવા નિષ્ઠાપૂર્વક એકરાર કરે છે." એમ દર્શાવ્યું છે. ભારતના લોકોને તમામ સત્તાનો સ્રોત બનાવ્યા છે. સરકાર રાજ્ય કરવાની સત્તા લોકો પાસેથી મેળવે છે અને કાયદાના શાસનનું સમર્થન કરવા શાસન કરે છે. આમ સંવિધાન ખૂબ સ્પષ્ટ કરે છે કે લોકો વચ્ચે અને લોકો તથા રાષ્ટ્ર વચ્ચેનો સંબંધ નાગરિકોના હકને સન્માન આપવા પરસ્પર વિશ્વાસ અને જવાબદારીથી રાષ્ટ્ર બંધાયું હોય ત્યાં ઊભા થતાં રાજ્યની લાક્ષણિકતા લોકશાહી પ્રક્રિયાથી નક્કી થાય છે.

**તમારી પ્રગતિ ચકાસો-૧**

૧. સંવિધાન ભારતના લોકોને પ્રતિષ્ઠા અને હકની ખાતરી કેવી રીતે આપે છે ?

.....................................................................................................

.....................................................................................................

.....................................................................................................

.....................................................................................................

.....................................................................................................

## ૭.૩ મૂળભૂત હક : માનવ હક તરીકે (Fundamental Rights and Human Rights)

સંવિધાને ભારતીય લોકોને સાર્વભૌમ રાષ્ટ્રના સ્વતંત્ર અને સમાન નાગરિક બનાવીને તેમના દરજ્જામાં જે તફાવત પાડ્યો તે અમે અગાઉના વિભાગમાં દર્શાવ્યું હતું. આનો ગર્ભિત અર્થ એટલો જ થાય કે રાષ્ટ્રીય સમુદાયના પ્રત્યેક સભ્ય બધી બાબતોમાં સમાન છે. આમ, નાગરિકના દરજ્જાને લોકો વચ્ચેના અને લોકોના રાષ્ટ્ર સાથેના સંબંધની જુદી જુદી રીતે પુનઃ વ્યાખ્યા કરી.

### ૭.૩.૧ સંવિધાન અને જ્ઞાતિપ્રથા

સંવિધાને સૌ પ્રથમ ભારતમાં સામાજિક માળખામાં ઐતિહાસિક રીતે પ્રસરેલ અસમાનતાને દૂર કરી લોકોને સીધેસીધી સમાનતાની ખાતરી આપી હતી. ઐતિહાસિક દૃષ્ટિએ જ્ઞાતિ પ્રથાએ ભારતમાં સામાજિક સંબંધ નક્કી કરીને સમાજમાં વિશેષાધિકાર અને સત્તાની અસમાન વહેંચણીમાં ફાળો આપ્યો હતો. તેણે શુદ્ધતા અને અસૂચિતાની એવી શ્રેણી ઊભી કરી હતી જેને કારણે આ જ્ઞાતિપ્રથામાં જ અધિક્રમના તળિયે હોય તેમને અવમાન અને દાસત્વનું જીવન જીવવાની ફરજ પડાઈ હતી. ઉત્પાદન અને આજીવિકાનાં સાધનની માલિકીના માળખામાં પણ આ અસમાનતા પ્રતિબિંબિત થતી હતી. આમ ઉત્પાદનના સામંતશાહી સંબંધો સવર્ણ હિંદુઓની જમીનોના માલિકોને ખેડૂતો અને શ્રમિકોના શોષણની પરવાનગી આપી હતી. સંસ્થાનવાદી શાસન સામેના સંઘર્ષે અવારનવાર બ્રાહ્મણ - સામંત - સંસ્થાનવાદી શાસકોના સંયુક્ત દમન સામે પ્રતિકારનું સ્વરૂપ ધારણ કર્યું હતું. તેમણે દમનકારી જ્ઞાતિપ્રથા અને સામંતશાહી પદ્ધતિમાંથી મુક્ત થવા અને શિક્ષણ, વ્યવસાય અને આર્થિક સ્થિતિ સુધારવાની તક બધાને મળી રહે તેવી પ્રતિષ્ઠાભરી જિંદગી જીવવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું.

### ૭.૩.૨ સંવિધાન અને ભારતીય સ્ત્રીઓ

અન્યાયી જ્ઞાતિપ્રથાનાં અન્યાયો ઉપરાંત, સંવિધાને સ્ત્રીઓને ભોગવવા પડેલ અન્યાય અને અસમાનતા ભૂસી કાઢવા પણ વિચાર્યું હતું. ઐતિહાસિક રીતે સુદૃઢ પૈતૃક માળખાએ એવી માન્યતા ઊભી કરી હતી કે સ્ત્રીઓની પ્રવૃત્તિ માટે અલગ ક્ષેત્ર છે. અને તેમનું જૈવિક બંધારણ અને ઊર્મિજન્ય ગુનો તેમને જાહેર જીવન માટે અયોગ્ય ઠેરવે છે. આવી માન્યતાથી પ્રેરાઈને સ્ત્રીઓને વર્ષોથી આર્થિક, રાજકીય અને શૈક્ષણિક તકો નકારવામાં આવી હતી. સ્વાતંત્ર્યની લડતમાં સ્ત્રીઓએ મોટા પાયા પર ભાગ લેવાથી અને શૈક્ષણિક તક અને રાજકીય હકના અવરોધો તોડી પાડવાની તેમની લડતે ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં સંવિધાનમાં જાતિ સમાનતા સ્પષ્ટપણે દર્શાવવા માટેનો માર્ગ ખુલ્લો કર્યો.

### ૭.૩.૩ તમામ પ્રકારનાં બંધનોમાંથી સ્વતંત્રતા

આપણી શાળાના સમયથી આપણને ભારતને બહુવિધ સંસ્કૃતિ અને ધાર્મિક માન્યતાવાળા રાષ્ટ્ર તરીકે શીખવવામાં આવ્યું છે. સંવિધાને ધાર્મિક કોમોને તેમના વિચાર અને સંસ્કૃતિ જાળવવા યોગ્ય સ્વતંત્રતા આપી છે.

મૂળભૂત હક અંગેના ભાગ ૩નો હેતુ જ્ઞાતિ અને વર્ગના બંધનમાંથી તેમજ જ્ઞાતિ, જાતિ અને ધર્મને ધ્યાનમાં લીધા સિવાય બધા માટે સમાનતા અને સામાજિક ન્યાયનો રહેલો છે. તેમાં ભારતના નાગરિકોએ આમુખમાં આપેલી સ્વતંત્રતા, સમાનતા, ન્યાય અને પ્રતિષ્ઠાની ખાતરી આપવાનાં વચનને અમલમાં મૂકવા માગે છે.

### ૭.૩.૪ મૂળભૂત હકનો ખાસ દરજ્જો

સંવિધાનમાં ગણાવેલા "મૂળભૂત હક" નો અતિ વિશિષ્ટ દરજ્જો છે એ દર્શાવું મહત્ત્વનું છે. આધુનિક રાષ્ટ્ર તેના નાગરિકો માટે બંધાયેલ છે. તે ઉત્તરદાયિત્વ અને જવાબાદીરઓની પરિમિતિ નિયત કરે છે. રાષ્ટ્ર તેના કોઈ નાગરિકને આ હકની ખાતરી આપવાની તેની જવાબદારી અદા ન કરે તો તે નાગરિક અદાલતને અપીલ કરી શકે અને અદાલત સરકારને નાગરિકનો હક પાછો આપવા સૂચના આપી શકે. આ અર્થમાં મૂળભૂત હક 'દાવાપાત્ર' છે.

સંવિધાનમાં મૂળભૂત હક અને માર્ગદર્શક સિદ્ધાંતોનો સમાવેશ કરવાની પદ્ધતિમાં આ જ તફાવત છે.

વળી, કલમ ૧૩માં સ્પષ્ટપણે જણાવ્યું છે કે મૂળભૂત હકનો હેતુ વ્યક્તિના આ જન્મજાત હક અને સ્વતંત્રતાને રાષ્ટ્રના કોઈ મનસ્વી ભંગથી રક્ષણ કરવાનો છે. કલમ ૧૩ના ખંડ ૨માં જણાવ્યું છે કે આ ભાગથી આપવામાં આવેલા હકને કોઈ લઈ લે અથવા ટૂંકાવે તેવો કોઈ કાયદો રાષ્ટ્ર કરશે નહિ. આ ખંડનો ભંગ કરીને કોઈ કાયદો બનાવવામાં આવશે, તો તે ભંગના પ્રમાણમાં નિરર્થક ગણાશે." મૂળભૂત હકના પ્રકરણમાં કલમ ૧૨ થી ૩૫ છે. તેનું છ જૂથમાં વર્ગીકરણ કરવામાં આવ્યું છે. (ક) સમાનતાનો હક (કલમ ૧૪ થી ૧૮) (ખ) સ્વતંત્રતાનો હક (કલમ ૧૯ થી ૨૨), (ગ) શોષણ સામેનો હક (કલમ ૨૩ અને ૨૪) (ઘ) ધાર્મિક સ્વતંત્રતાનો હક (કલમ ૨૫ થી ૨૮) (ચ) સાંસ્કૃતિક અને શૈક્ષણિક હક (કલમ ૨૯ અને ૩૦), અને (છ) સંવિધાન વિષયક ઉપાયોના હક (કલમ ૩૧ થી ૩૫) આપણે દરેક જૂથ અલગ અલગ જોઈએ.

### ૭.૩.૫ સમાનતાનો હક

કલમ ૧૪ થી ૧૮થી ખાતરી આપવામાં આવેલ સમાનતાના હકના બે મહત્ત્વનાં તત્ત્વો છે. (ક) તે તમામ માનવોની સમાનતાના આદર્શ સાથે સહમત થાય છે; અને (ખ) તે એવું પણ માન્ય રાખે છે કે કેટલીક સ્થિતિ - વ્યક્તિની જ્ઞાતિ - વાસ્તવિક જીવનમાં સમાનતા મર્યાદિત કરે છે. આમુખમાં જાહેર કર્યું છે કે પ્રત્યેક નાગરિક ને 'દરજ્જા અને તકની સમાનતા' આપવામાં આવશે. તેનો અર્થ એ થાય કે સમાનતા કેવળ ઔપચારિક ન હોવી જોઈએ પણ તેને સાર્થક બનાવવા રાષ્ટ્રે પૂરતાં અને વિધેયાત્મક પગલાં લેવાં જોઈએ. આમ કલમ ૧૪ પ્રત્યેક નાગરિકને 'કાયદા સમક્ષ સમાનતા અથવા કાયદાનું રક્ષણ'નું વચન આપે છે. કલમ ૧૫ ખાતરી આવે છે કે "ધર્મ, વંશ, જ્ઞાતિ, જાતિ કે જન્મ સ્થાનના જ કારણસર રાષ્ટ્ર કોઈ નાગરિક સામે ભેદભાવ કરશે નહિ." તે જ પ્રમાણે કલમ ૧૬ જાહેર રોજગારની બાબતમાં તકની સમાનતાની ખાતરી આપે છે. આપણે જોઈ શક્યા છીએ તેમ આ કલમો વ્યક્તિઓમાં દરજ્જાની ઔપચારિક સમાનતાની ખાતરી આપે છે. આ ઔપચારિક દરજ્જાને અસરકારક બનાવવા આ કલમમાં જોગવાઈ છે. તેનો હેતુ જ્ઞાતિ, જાતિ, ધર્મ વગેરેના સંજોગોથી આવેલી અસમાનતા ભૂંસી નાખવાનો છે. આમ કલમ ૧૫ના ખંડ - ૩માં સ્ત્રીઓ અને બાળકો માટે ખાસ જોગવાઈ પૂરી પાડવાના રાષ્ટ્રના વિવેકાધિકારને અનામત રાખે છે. સંવિધાન (પ્રથમ સુધારો) અધિનિયમન ૧૯૫૧ એ ઉમેરેલ ખંડ ૪ નાગરિકોના, સામાજિક રીતે અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, એટલે અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓના ઉત્કર્ષ માટે ખાસ જોગવાઈ કરવા રાષ્ટ્રને અધિકૃત કરે છે. કલમ ૧૭ 'અસ્પૃશ્યતા' નાબૂદ કરે છે. અને તેના કોઈપણ સ્વરૂપે વ્યવહાર પર પ્રતિબંધ ફરમાવે છે. અસ્પૃશ્યતા (ગુના) અધિનિયમ, ૧૯૫૫ અને તેનું પાછળનું સ્વરૂપ નાગરિક હક રક્ષણ, અધિનિયમ ૧૯૭૬ સંસદીય કાયદા છે અને તે સંવિધાનના સિદ્ધાંતને અમલમાં મૂકવા માટે છે.

### ૭.૩.૬ સ્વાતંત્ર્યનો હક

કલમ ૧૯ થી ૨૨ થી રચવામાં આવેલ સ્વતંત્રતાનો હક છ મૂળભૂત સ્વતંત્રતા આપે છે : (ક) વાણી અને અભિવ્યક્તિના સ્વાતંત્ર્યની (ખ) શાંતિપૂર્વક અને હથિયાર વગર એકઠાં થવાનું સ્વાતંત્ર્ય (ગ) મંડળો અથવા સંઘ રચવાની સ્વાતંત્રતા, (ઘ) ભારતના રાજ્યક્ષેત્રમાં સર્વત્ર મુક્તપણે ફરવાની સ્વતંત્રતા, (ચ) ભારતના રાજ્યક્ષેત્રના ગમે તે ભાગમાં નિવાસ કરવાનું અને સ્થાયી થવાનું સ્વાતંત્ર્ય અને (છ) અથવા ગમે તે વ્યવસાય કરવાનું અને ગમે તે કામકાજ વેપાર અથવા ધંધો કરવાનું સ્વાતંત્ર્ય. જોકે કલમના ખંડ ૨ થી ૬ આ સ્વાતંત્ર્યને રાષ્ટ્રના 'વાજબી નિયંત્રણોને' આધીન રાખે છે. આમ રાષ્ટ્રને 'ભારતનાં સાર્વભૌમત્વ અને અખંડિતતા'ના હિતમાં રાષ્ટ્રની સુરક્ષા, 'જાહેર વ્યવસ્થા, લોકોના સામાન્ય હિતમાં આ સ્વતંત્રતાઓને મર્યાદિત કરવાની સત્તા આપવામાં આવે છે. કલમ ૨૦, ૨૧ અને ૨૨

અનુક્રમે ગુના માટે દોષિત ઠરાવવા સામે રક્ષણ, જાન અને શરીર સ્વાતંત્ર્યનું રક્ષણ અને અમુક દાખલાઓમાં ધરપકડ અને અટકાયત સામે નાગરિકોને રક્ષણ આપે છે. અહીં એ નોંધવું મહત્ત્વનું છે કે ધરપકડ કરાયેલ અને અટકાયતમાં લીધેલી વ્યક્તિઓના હકના અમુક 'રક્ષણ' માટે ૨૨માં જોગવાઈ છે. એટલે કે ધરપકડ કરવાનાં કારણો જણાવવાનો હક, ધારાશાસ્ત્રીઓ સાથે ચર્ચા વિચારણા કરવાનો અને તેની મારફત બચાવ કરવાનો હક, ૨૪ કલાકની અંદર મેજિસ્ટ્રેટ સમક્ષ હાજર કરવાનો હક; તેમ છતાં, 'શત્રુ દેશની' અને નિવારક અટકાયત માટેની જોગવાઈ કરતા કોઈ હુકમ હેઠળ ધરપકડ કરાયેલી અને અટકમાં રખાયેલી વ્યક્તિઓની બાબતમાં આ હક લાગુ પડશે નહિ. (કલમ ૨૨, ખંડ ૩(ખ) આમ એવી વક્રોક્તિ છે કે સ્વતંત્રતા માટેના મૂળભૂત હકની ખુદમાં જ એવી શરતો છે કે તેની હેઠળ આવી સ્વતંત્રતાને અલગ પાડી શકાય. આંતરિક સુરક્ષા જાળવણી અધિનિયમ (MISA) ૧૯૭૧, રાષ્ટ્રીય સુરક્ષા અધિનિયમ (NSA), ૧૯૮૦ તથા ત્રાસવાદી અને ભંગાણ પ્રવૃત્તિ (નિવારણ) અધિનિયમ (TADA) ૧૯૮૫માંથી ભારતમાં નિવારક અટકાયતના અસંખ્ય કાયદાના ઇતિહાસે બતાવ્યું છે કે શાસક સત્તાએ ઘણીવાર આ કાયદાઓનો અવિચારી ઉપયોગ કર્યો છે. ઘણીવાર રાજકીય વિરોધીઓને દાબી દેવા અને અધિનિયમોના ઉદ્દેશોમાં જણાવ્યા સિવાયના બીજા હેતુઓ માટે તેનો ઉપયોગ થયો છે.

### ૭.૩.૭ શોષણ સામે રક્ષણ

કલમ ૨૩ અને ૨૪ શોષણ સામેના હક તરીકે વર્ગીકૃત કરાઈ છે; અને તે "મનુષ્ય વેપાર" અને 'વેઠ' સામે મહત્ત્વની ખાતરી આપે છે. ગુલામી અને દાસત્વનાં 'બેગાર' અને બંધણી મજૂરો જેવાં બીજા સ્વરૂપોએ પેઢીઓથી દાસત્વમાં રખાયેલી સમગ્ર કોમ અથવા લોકોના જૂથની પ્રતિષ્ઠાનો ભંગ કર્યો છે. કલમ ૨૩ મહત્ત્વની છે; કેમ કે તે કારખાનાં, ખાણ અને બીજાં કામનાં જોખમી સ્થળોએ ૧૪ વર્ષની નીચેની વયનાં બાળકોને નોકરીમાં રાખવા માટે બાળકોના હકનું રક્ષણ કરે છે. સંવિધાનની આવી જોગવાઈઓ છતાં, ફટાકડા ઉદ્યોગ, જાજમ બનાવવાના ઉદ્યોગ વગેરે જેવાં ઉદ્યોગોમાં જીવન માટે ખતરારૂપ અને નિર્બળ બનાવે તેવી સ્થિતિમાં બાળમજૂરોનું શોષણ કોઈપણ જાતના ઘટાડા સિવાય ચાલુ રહ્યું છે.

### ૭.૩.૮ સંવિધાનમાંના ઉપાયોના હક

'સંવિધાનમાંના ઉપાયોના હક'ના શીર્ષકવાળી કલમ ૩૨, ૩૩, ૩૪ અને ૩૫ સંવિધાનના ભાગ ૩માં (કલમ ૩૨) "આપેલાં હકનો અમલ કરાવવા" ઉચ્ચત્તમ ન્યાયાલય પાસે દાદ માંગવાનો નાગરિકોને હક આપે છે. તે સશસ્ત્ર દળોને અથવા લશ્કરી કાયદા હેઠળના વિસ્તારોમાં લાગુ પાડવામાં મૂળભૂત હકમાં ફેરફાર કરવાની તેમજ મૂળભૂત હકને અમલમાં મૂકવા માટે કાયદા ઘડવાની સત્તા સંસદને આપે છે.

### ૭.૩.૯ ધાર્મિક અને લઘુમતિ હક

હવે આપણે કલમ ૨૫થી ૩૦ જોઈએ. વારંવાર એવું કહેવામાં આવે છે. કે કલમ ૧૪ થી ૨૪ વ્યક્તિોના હકની જીગવાઈ કરે છે, જ્યારે કલમ ૨૫ થી ૩૦ ધાર્મિક સાંસ્કૃતિક કોમોને ખાસ હક આપવા અંગે છે. તેમ છતાં, આ કલમોનું બારીક વાચન કરવાથી જોવા મળે છે કે હકીકતમાં આવું કંઈ અલગ નથી. અને દેખીતી રીતે વ્યક્તિને અપાતા હક સામૂહિક હકની વચનબદ્ધતા સામે આંતરિક રીતે ગૂંથાયેલા છે. દાખલા તરીકે કલમ ૧૪ અને ૧૫ને જોવામાં આવે તો એમ જોવા મળે કે તે પ્રત્યેક નાગરિકને કાયદા સમક્ષ સમાનતાની ખાતરી આપે છે. અને જ્ઞાતિ, ધર્મ, વંશ વગેરે પર આધારિત ભેદભાવની મના ફરમાવીને આ સમાનતાને સમર્થન આપવા માંગે છે. અને આમ સામાજિક સંદર્ભોએ પૂરા પાડેલ ભેદભાવ ઘટાડે છે. કલમ ૨૫ થી ૩૦ ધર્મ સ્વાતંત્ર્ય અને લઘુમતીના હકને લગતી છે અને તે અંતરાત્માની સ્વતંત્રતા, ધાર્મિક કોમોને ધાર્મિક સંસ્થાઓ સ્થાપવા અને નિભાવવાનો અને ધર્મની બાબતમાં પોતાની બાબતો પોતે વહીવટ કરવા, મિલકત પ્રાપ્ત કરવા અને તેનો વહીવટ કરવાનો, ધાર્મિક શિક્ષણ આપવાની, તેમનાં ભાષા, લિપિ, સંસ્કૃતિ વગેરે જાળવવાની સ્વતંત્રતા આપે છે. આ બધા હક ધાર્મિક અને સાંસ્કૃતિક કોમો અને લઘુમતી જૂથો અંગે સ્પષ્ટપણે કામ કરે છે, અને ધાર્મિક કોમોને લગ્ન, છૂટાછેડા, મિલકત, કસ્ટડી, વારસો વગેરે જેવી નાગરિક બાબતોમાં તેમના પોતાના 'વ્યક્તિગત કાયદા'થી પોતાનો વહીવટ કરવાનો આધાર પણ આપે છે.

### ૭.૩.૧૦ તમામ 'વ્યક્તિઓને' મૂળભૂત હક

અહીં એ દર્શાવી શકાય કે આંતરરાષ્ટ્રીય માનવહકની પરંપરામાં, ભારતનું સંવિધાન બધી 'વ્યક્તિઓને' તે ભારતીય નાગરિક હોય કે નહિ તે છતાં, કેટલાંક મૂળભૂત હકની ખાતરી આપે છે. આ હક કાયદા સમક્ષ સમાનતા અને બધા કાયદાઓને પણ સમાન રક્ષણ (કલમ ૧૪); ગુનામાં તકસીરવાર ઠરેલા અંગે રક્ષણ (કલમ ૨૧) કેટલાંક કેસોમાં ધરપકડ અને અટકાયત સામે રક્ષણ (કલમ ૨૨), ધર્મની સ્વતંત્રતા (કલમ ૨૫ થી ૨૮) વગેરેને લગતા છે, ધર્મવંશ, જ્ઞાતિ, જાતિ અથવા જન્મસ્થલના કારણસર ભેદભાવ સામે રક્ષણ (કલમ ૧૫), જાહેર રોજગારની બાબતમાં તકની સમાનતા (કલમ ૧૬) અને વાણી અને અભિવ્યક્તિ, ભેગા થવાના, મંડળ રચવાના, હરવા-ફરવાના, નિવાસ અને વ્યવસાયની સ્વતંત્રતા (કલમ ૧૯) જેવા કેટલાક હકના દાવા માત્ર નાગરિકો જ કરી શકે.

### ૭.૩.૧૧ સમાનતા અને સામાજિક ન્યાય

આમ સંવિધાને સામાજિક ન્યાયની સમાતનાને પૂરક બનવાનું ધાર્યું છે. આમ, સામાજિક અને ધાર્મિક કોમોને સાંસ્કૃતિક રીતે ભિન્ન હક આપવામાં આવ્યા હતા. કેટલીક જ્ઞાતિઓ અને કોમો પ્રત્યે ભૂતકાળમાં ભેદભાવ રખાયો હતો અથવા તેમને અલગ પાડી દેવાઈ હતી. તેમનો સમાન નાગરિક તરીકે સમાવેશ કરીને અગાઉના કૃત્ય માટે વળતરરૂપ જોગવાઈ કરાઈ છે. સાંયોગિક અશક્તતાને પહોંચી વળવા તેમના માટે ખાસ જોગવાઈ કરીને આ સમાનતાની ખાતરી અપાઈ છે. સામાજિક ભેદભાવનો અગાઉ ભોગ બનેલી અને વંચિત તરીકે ચાલુ રહેલી કોમો (દા.ત. અનુસૂચિત જાતિઓ અને દલિતો) બાકીના સમાજ સાથે સમાન શરતોએ સ્પર્ધા કરી શકે તે સુનિશ્ચિત કરવા માટે આમ કરવામાં આવ્યું છે.

**તમારી પ્રગતિ ચકાસો-૨**

૧. માનવ હકની અંતર્ગત સમાનતા મહત્ત્વનો સિદ્ધાંત છે. લોકોના જુદા જુદા વિભાગ માટે ઐતિહાસિક રીતે મૂળ ઘાલી ગયેલી અસમાનતા ઘટાડવાનું સંવિધાને કેવી રીતે કર્યું ?

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

૨. સંવિધાનમાં મૂળભત હકે બધાને પ્રતિષ્ટિત માનવ અસ્તિત્વની ખાતરી કેવી રીતે કરાવી ?

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

## ૭.૪ રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો

(Directive Principles of State Policy)

સંવિધાનના ભાગ ૪માં કલમ ૩૬ થી ૫૧માં રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો છે. માર્ગદર્શક સિદ્ધાંતો મૂળભૂત હકથી આ અર્થમાં જુદુ પડે છે કે કલમ ૩૭માં જણાવ્યું છે તેમ 'કોઈ પણ ન્યાયાલયથી આ જોગવાઈઓનો અમલ કરાવી શકાય નહિ, તેનાથી ઊલટું, મૂળભૂત હક નાગરિકો માટે છે. તેઓ તેમના હકના ભંગ બાબતમાં ઉચ્ચત્તમ ન્યાયાલયને અપીલ કરી શકે છે. માર્ગદર્શક સિદ્ધાંતો રાષ્ટ્ર માટે છે. અને નાગરિકોમાં હકની બાબત તરીકે આપમેળે નિહિત થતા નથી. તેમ છતાં, કલમ ૩૭માં જણાવ્યું છે તેમ તે રાજ્ય વહીવટમાં મૂળભૂત છે અને કાયદો કરતી વખતે આ સિદ્ધાંતોને લાગુ પાડવા તે રાજ્યની ફરજ રહેશે.

માર્ગદર્શક સિદ્ધાંતો સમાનતા અને સામાજિક ન્યાયની સ્થિતિ લાવવા માટે ભાવિ સરકારોને યાદ દેવડાવવાની ગરજ સારે છે. કલમ ૩૮ રાષ્ટ્રને 'શક્ય તેટલી અસરકારક રીતે સામાજિક ક્રમ પ્રાપ્ત કરીને અને તેનું રક્ષણ કરીને લોકોના કલ્યાણને પ્રોત્સાહન આપવા ફરમાવે છે. તેમાં સામાજિક અને આર્થિક ન્યાય આપવા રાષ્ટ્રીય જીવનની પ્રત્યેક સંસ્થાઓને ફરમાવે છે. મહદંશે માર્ગદર્શક સિદ્ધાંતો રાષ્ટ્રના સામાજિક રીતે ઉત્કર્ષમાં અથવા કલ્યાણકારી હકની શ્રેણી પૂરી પાડવામાં સક્રિય કામગીરી કરે તેવું વિચારાયું છે. આમાં આજીવિકાનાં પૂરતાં પગલાંની ઉપલભ્યતા, સમાન કામ માટે સમાન પગાર, કામદારોનાં આરોગ્ય અને બળ, કામદારો માટે આજીવિકા જેટલું વેતન, કામની ન્યાયી અને માનવીય શરતોની જોગવાઈ, કામનો, શિક્ષણનો અધિકાર, જાહેર સહાય, સમાન ન્યાય અને મફત કાનૂની સહાય, પૂરતાં પોષણ અને આરોગ્યનો અધિકાર વગેરેનો સમાવેશ થાય છે.

### ૭.૪.૧ વ્યક્તિ અને સમુદાય પ્રત્યે વચનબદ્ધતા

અગાઉના વિભાગમાં જણાવેલ હકની જેમ, આ વિભાગમાં શાસનના સિદ્ધાંતો સાંસ્કૃતિક સમુદાય અને વ્યક્તિગત નાગરિક બન્ને તરફ 'એક સાથે વચનબદ્ધતા' દર્શાવે છે. દાખલા તરીકે કલમ ૩૮ જેમાં સામાજિક આર્થિક તથા રાજકીય ન્યાયથી રાષ્ટ્ર જીવનની તમામ સંસ્થાઓ અનુપ્રાણિત થઈ હોય તેવી સામાજિક વ્યવસ્થા શક્ય તેટલી કાર્યસાધક રીતે સિદ્ધ કરી ને અને તે રક્ષીને રાજ્ય લોક કલ્યાણની અભિવૃદ્ધિ કરવાનો પ્રયત્ન કરશે. આ બાબત સિદ્ધ કરવા રાષ્ટ્રને 'આવકમાં અસમાનતા શક્ય તેટલી ઘટાડવા' તેમજ દરજ્જો, સગવડો અને તકોમાં અસમાનતા નાબૂદ કરવા' જહેમત ઉઠાવવા જણાવવામાં આવ્યું છે. તેમ છતાં, મહત્ત્વની બાબત એ છે કે આ ન્યાય અને સમાનતા વ્યક્તિઓ ઉપરાંત જુદાં જુદાં વિસ્તારોમાં રહેતા અથવા જુદા જુદા વ્યવસાયોમાં રોકાયેલા લોકોના જૂથમાં પણ પ્રાપ્ત કરવાની છે. તે જ પ્રમામે કલમ ૪૬માં રાષ્ટ્રને "લોકોના નબળા વિભાગ, ખાસ કરીને અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓના શૈક્ષણિક અને આર્થિક હિત માટે ખાસ કાળજી રાખીને પ્રોત્સાહન આપવા અને તેમને સામાજિક અન્યાય અને તમામ સ્વરૂપનાં શોષણ સામે રક્ષણ કરવા"ની સૂચના આપે છે.

**તમારી પ્રગતિ ચકાસો-૩**

૧. મૂળભૂત હકોથી ખાતરી અપાયેલા હકનું માર્ગદર્શક સિદ્ધાંત કેવી રીતે સમર્થન કરે છે ?

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

## ૭.૫ મૂળભૂત ફરજો (Funddamental Duties)

સ્વર્ણસિંઘ સમિતિની ભલામણો અનુસાર સંવિધાનમાં મૂળભૂત ફરજો અંગેનો નવો વિભાગ 'ભાગ-૪-ક ઉમેરાયો. તેમા એક કલમ (૫૧-૫)માં નાગરિકો માટે દસ મૂળભૂત ફરજોનો અધિકાર પત્ર છે. મૂળભૂત ફરજોનો કાનૂની દરજ્જો તો માર્ગદર્શક સિદ્ધાંતો જેટલો જ છે. આપણે જાણીએ છીએ તેમ તે રાષ્ટ્રને જણાવવામાં આવેલી સૂચનાઓ છે. અને આ સૂચનાઓને અનુસરવાનો પ્રકાર પણ સૂચનાઓ જેવો જ છે. તે કાયદેસર રીતે બંધાયેલ નથી. મૂળભૂત ફરજોના પ્રકાર પણ સૂચનાઓ જેવો જ છે;પણ તે નાગરિકોને જણાવેલી છે. તેની પણ એ અર્થમાં કાયદેસર મંજૂરી નથી કે નાગરિકોએઆ ફરજો બજાવી છે કે કેમ તે જોવા તેમના પર દેખરેખ - નિયંત્રણ રાખવાનું રાષ્ટ્ર માટે કાનૂની રીતે અપેક્ષિત નથી.

મૂળભૂત ફરજોનો અંતર્ગત સિદ્ધાંત એ છે કે એમ લાગે છે કે પોતાના હકનો ઉપયોગ કરનાર વ્યક્તિએ સમાજનાઅન્ય સભ્યોના હકને માન આપવું જોઈએ. આમ કોઈ વ્યક્તિ બોલીને કે લખીને બીજી વ્યક્તિની ધાર્મિક લાગણીને દુભાવે અને પછી તે પોતાને કલમ ૧ હેઠળ અભિવ્યક્તિની સ્વતંત્રતાના હકથી રક્ષિત હોવાની ભારપૂર્વક રજૂઆત ન કરી શકે. તેના અમલ માટે સંવિધાનમાં કોઈ જોગવાઈ ન હોવા છતાં, મૂળભૂત ફરજના ભંગની મના ફરમાવતા કોઈ કાયદાને, કાયદો

મૂળભૂત હકનું નિયંત્રણ કરતો હોય તે છતાં, અદાલતો તેનું સમર્થન કરી શકે. અમે એ પણ દર્શાવીએ છીએ કે કલમ ૩૧-ગ ની જોગવાઈઓ અનુસાર, માર્ગદર્શક સિદ્ધાંતોનો અમલ કરાવવા માંગતા અને મૂળભૂત હક પર નિયંત્રણની પ્રક્રિયા નાખતા કાયદાને પણ તે જ પ્રમાણે અદાલતો સમર્થન આપશે.

### ૭.૫.૧ મૂળભૂત ફરજના સમાવેશની અસર

મૂળભૂત ફરજોના વિભાગમાં યાદીમાં જણાવેલી વિશેષ ફરજો પર આવતાં પહેલાં, આપણે તેના સમાવેશની અસરો તપાસીએ. ફરજો અંગેના ખાસ વિભાગ દાખલ કરવાની બાબત, નાગરિકને મૂળભૂત હક ભોગવતી વખતે તેણે અદા કરવાની કેટલીક અપેક્ષિત જવાબદારીઓ દર્શાવે છે. તે સાર્વત્રિક માનવહક ઘોષણાની કલમ ૨૯(૧)નું પાલન જાહેર કરે છે. તેમાં જણાવ્યું છે કે "દરેકની સમુદાય પ્રત્યે જવાબદારી છે. તેમાં જ તેના વ્યક્તિત્વનો મુક્ત અને પૂરેપૂરો વિકાસ શક્ય છે." જાપાન, રશિયા અને ચીનના હક અંગે અલગ અધિકાર પત્ર છે.

તેમ છતાં તે દર્શાવવું રહ્યું કે કલમ ૫૧-ક થી વિશેષત ફરજો ઉમેર્યાં છતાં, સંવિધાન લોકોના 'જવાબદાર' સહયોગની અપેક્ષા દર્શાવે છે. દાખલા તરીકે, ભારતના લોકોએ આમુખમાં એક બીજા તરફ અને રાષ્ટ્ર પ્રત્યે જે વચન આપ્યું છે તેને વળગી રહે છે. આમ ભારતને 'સાર્વભૌમ, સમાજવાદી, બિન સાંપ્રદાયિક લોકશાહી પ્રજાસત્તાક, બનાવવાનાં વચનમાં "તેનાં બધા નાગરિકોને ન્યાય, સ્વતંત્રતા, સમાનતા અને ભ્રાતૃભાવનો" સમાવેશ થઈ જાય છે. આનાથી વ્યક્તિની પ્રતિષ્ઠા અને રાષ્ટ્રની અખંડિતતા સિદ્ધ થાય છે.

સંવિધાને આપેલા ઘણાખરા મૂળભૂત હક ભારતમાં લોકોએ આમુખમાં જાહેર કરેલા 'પ્રતિજ્ઞાપૂર્વકના ઠરાવની અભિવ્યક્તિ' છે. તેથી તેમાં અનુરૂપ ફરજનો સમાવેશ થાય છે. તેથી સમાનતા, સ્વતંત્રતા, ન્યાય વગેરેના હેતુ, વ્યક્તિની પ્રતિષ્ઠા જોખમાય નહિ અને રાષ્ટ્રીય અખંડિતતા સાથે બાંધછોડ ન કરાય તે રીતે સુરક્ષિત કરાયા છે. દાખલા તરીકે સંવિધાનમાં સ્વતંત્રતાને લગતા જુદા જુદા હકનાં અનુરૂપ ફરજોનો સમાવેશ થશે, જેથી આ હકનો ઉપયોગ બીજાના તેવા હક પર તરાપ ન મારે અને રાષ્ટ્રની સુરક્ષા, જાહેર વ્યવસ્થા વગેરે જોખમાય નહિ. વળી, માર્ગદર્શક સિદ્ધાંતો જે ન્યાયપૂર્ણ સમાજનું નિર્માણ કરવા માગે છે તે પણ આમુખમાં ભારતના લોકોએ એક બીજાને જે વચન આપ્યું હતું તેને અભિવ્યક્ત કરે છે. તેથી ઉચ્ચત્તમ ન્યાયાલયે અવલોકન કર્યું હતું તેમ, કલમ ૫૧-ક ઉમેર્યા પહેલાં પણ "આપણા સંવિધાનમાં ફક્ત હક છે; ફરજ નથી એમ વિચારવું તે તર્કદોષ છે. વિધાનમંડળે ભાગ-૪ માં જણાવેલી જોગવાઈઓ નાગરિકો પર વિવિધ ફરજો નાખી શકે છે. આપણા સંવિધાનનો આદેશ કલ્યાણકારી સમાજનું નિર્માણ કરવાનો છે અને સંવિધાન દ્વારા માર્ગદર્શક સિદ્ધાંતોનો અમલ થાય તેટલે અંશે તે ઉદ્દેશ પ્રાપ્ત કરી શકાય." (ચંદ્રાભવન વિરુદ્ધ મ્હૈસૂર રાજ્ય, ૧૯૭૦ એસ.સી. ૨૦૪૨)

### ૭.૫.૨ ભારતીય રાજકીય પરંપરાના ભાગ તરીકે ફરજની વિભાવના

ફરજ અને હક સાથે સાથે જ જાય છે અને જવાબદારીને આધીન બન્યા સિવાય હક ભોગવાની અપેક્ષા રાખી શકાય નહિ એ ભારતની રાજકીય પરંપરાનો ભાગ છે. તેમાં રાજાનો રાજધર્મ કે પ્રજાનો પરસ્પર ધર્મ હોય ત્યાં ધર્મ (ફરજ)ના ખ્યાલે અધિકાર (હક)ના ખ્યાલ પર પ્રાધાન્ય મેળવ્યું હતું. દાખલા તરીકે, ગાંધીજી તેમની 'નિરક્ષર પરંતુ ડાહી માતા' પાસેથી જે શીખ્યા હતા તેને ભારપૂર્વક દોહરાવ્યું હતું કે "લાયક બનવાના અને જતન કરવાના બધા હક સારી રીતે બજાવેલી ફરજમાંથી આવે છે." ગાંધીજીએ જણાવ્યું હતું કે "આપણે વિશ્વના નાગરિકની ફરજ બજાવીએ ત્યારે જીવવાનો હક આપણને પ્રાપ્ત થાય છે." આ એક મૂળભૂત નિવેદન પરથી પુરુષ અને સ્ત્રીની ફરજોની વ્યાખ્યા કરવાનું અને પ્રથમ અદા કરવાની કોઈ અનુરૂપ ફરજ સાથે પરસ્પર સંબંધથી જોડવાનું પૂરતું સરળ છે. (એમ. કે. ગાંધી, હરિજન, ૭મી, જાન્યુઆરી-૧૯૪૮)

### ૭.૫.૩ ફરજના મહત્ત્વ પરનું તાજેતરનું સાહિત્ય

'નાગરિકતા અને હક' પરના સાહિત્યના વૃદ્ધિ પામતા વિભાગોમાં હકની ખાતરીમાં ફરજના મહત્ત્વ પર ભાર મૂક્યો છે. સામાજિક ન્યાય, સમાનતા અને માનવ પ્રતિષ્ઠાની સ્થિતિ માટે જાહેર જીવનમાં 'સક્રિય' અને 'જવાબદાર' સહયોગ જરૂરી છે એના પર આ લખાણોમાં ભાર મુકાયો છે. જવાબદાર સહયોગ વિવિધ સામાજિક સ્થિતિઓમાં, પોતે પ્રાદુર્ભાવ આપશે એટલે કે, રાષ્ટ્રીય, પ્રાદેશિક, વંશીય અથવા ધાર્મિક ઓળખનાં સ્પર્ધક સ્વરૂપોની વચ્ચે નાગરિકો કેવી રીતે કામ કરશે અથવા કેવી

દ્રષ્ટિથી જોશે, તેમનાથી ભિન્ન હોય તેવા લોકો સાથે તેમના કામ કરવાની શક્તિ; લોકોનું ભલું થાય અને રાજકીય સત્તાધિકારીઓને જવાબદાર ઠરાવવા રાજકીય પ્રક્રિયામાં ભાગ લેવાની તેમની ઇચ્છા, તેમના આરોગ્ય અને પર્યાવરણને અસર કરતી તેમની આર્થિક માંગણીઓ અને અંગત પસંદગીમાં આત્મનિયંત્રણ અને વ્યક્તિગત જવાબદારી લેવાની તેમની ઇચ્છા વગેરે.

### ૭.૫.૪ જવાબદારીઓની શ્રેણી અને પ્રકાર

ભારતના સંવિધાનમાં ૪૨માં સુધારાથી જેનો સમાવેશ કરવામાં આવ્યો તે ફરજોમાં તેમનાં વ્યક્તિત્વ વિકસાવવા માટે વ્યક્તિઓને જણાવવાથી માંડી વિશ્વની વ્યવસ્થામાં રાષ્ટ્ર માટે અર્થપૂર્ણ કામગીરી શોધવાની શ્રેણી સુધીની ફરજો સમાવિષ્ટ છે. આમાંની કેટલીક ફરજો વ્યક્તિઓને 'સર્વોત્તમ' અને 'વૈજ્ઞાનિક માનસ' કેળવવા અથવા 'જાહેર મિલકત'ને સુરક્ષિત રાખવા માટે જહેમત ઉઠાવવા ફરમાવે છે. તેનો હેતુ સામાન્ય રીતે તેમનામાં નિષ્ઠા અને જવાબદારી ભરવાનો છે. તેમ છતાં, સામાન્ય ભાર રાષ્ટ્રીય સામાન્યતાની ભાવના આત્મસાત્ કરવા ઉપર છે. આમ, ભારતના પ્રત્યેક નાગરિકની ફરજ રાષ્ટ્રધ્વજ, સંવિધાન અને રાષ્ટ્રગીત જેવાં રાષ્ટ્રીય એકતાનાં પ્રતીકો અને સ્વતંત્રતા માટેની રાષ્ટ્રીય લડત જેવાં સામાન્ય વારસાના સ્રોત અને 'મિશ્ર સંસ્કૃતિ'માટે વચન આપીને 'રાષ્ટ્રીય સેવા' આપવા ઉપરાંત, 'સમાન ભ્રાતૃભાવ'ની લાગણી પ્રસરાવીને દેશનાં સાર્વભૌમત્વ અને એકતા જાળવવાનું નાગરિકો પાસેથી અપેક્ષિત છે.

**તમારી પ્રગતિ ચકાસો-૪**

૧. "લાયક બનવાના અને જતન કરવાના બધા હક સારી રીતે બજાવેલી ફરજમાંથી આવે છે." ફરજોના ખ્યાલે હકને કેવી રીતે સમજવાના છે તે પર કેવી અસર કરી ?

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

## ૭.૬ માનવ અસ્તિત્વ તરફના માર્ગો (Roads to a Human Existence)

સંવિધાનની અંદરની અધૂરપ અને જ્ઞાતિ, વર્ગ, ધર્મ, જાતિ વગેરેની સામાજિક - આર્થિક અસમાનતા જેવાં સંખ્યાબંધ પરિબળોએ માનવ હકનો સમાન ઉપયોગ કરવાની બાબતને મુશ્કેલ બનાવી છે. રાષ્ટ્ર પણ માનવહક પ્રાપ્ત કરવા માટેનાં સંસાધન પૂરાં ન પાડી શક્યું હોય અને વિકલ્પે તેની સંસ્થાઓ મારફત હક પર આક્રમણ કર્યું હોય અને તેનો ભંગ કર્યો હોય માનવ પ્રતિષ્ઠાનું રક્ષણ કરવામાં મૂળભૂત હક અને માર્ગદર્શક સિદ્ધાંતોની કલમ અપૂરતી છે એવું ઘણાં વિદ્વાનોને લાગ્યું છે.

### ૭.૬.૧ મૂળભૂત હક અને માર્ગદર્શક સિદ્ધાંતોની અધૂરપ

એ.આર.દેસાઈ ભારપૂર્વક જણાવે છે કે લોકો માટે હકનું આરક્ષણ કરાયું નથી. તે ઉપરાંત તેમને આપી દીધેલાં મૂળભૂત હકની જાળવણી કરાઈ નથી. તેમાં સુધારા કરવાની અને રાષ્ટ્રે તેની ઉપરવટ જવાની જોગવાઈ પણ ખુદ સંવિધાનમાં છે. વળી માર્ગદર્શક સિદ્ધાંતો લોકો માટે નથી. તેથી જીવનની માનવીય સ્થિતિ પૂરી પાડવા સરકારને સૂચના આપવા લોકો અદાલતોમાં જઈ ન શકે. દેસાઈ વધુમાં જણાવે છે કે રાષ્ટ્ર માટે જવાબદારીની કોઈ સ્પષ્ટ પ્રથા ન હોવાથી, લોકોને કેટલીક 'મૂળભૂત ફરજો' અપાઈ છે તેનો લોકોના હક મર્યાદિત કરવા સરકાર ઉપયોગ કરી શકે. છેવટે, કામ, આશ્રય, શિક્ષણ અને તબીબી સુવિધાઓ જેવા કેટલાક હક 'મૂળભૂત' બનાવ્યા નથી. તેથી ગરીબોને સાચા માનવ અસ્તિત્વ માટેની આવશ્યક શરતો નકારી કાઢવામાં આવી છે. 'શ્રમ કરનાર લોકોના મોટા વિભાગો, એટલે કે સામાજિક અને આર્થિક રીતે વંચિત લોકો તેમજ સ્ત્રીઓને આમ તેમના માનવ હક પ્રાપ્ત ન થાય તેવી સ્થિતિમાં રહેવા માટે ફરજ પડાય છે.

### ૭.૬.૨ નિવારક અટકાયત અને મૂળભૂત હક

નિવારક અટકાયત માટેની જોગવાઈ હેઠળ રાષ્ટ્ર, સંવિધાનના ભાગ-૩ માં (કલમ ૨૨) વિડંબનાથી નીતિ ઘડવા માટે કેટલીક અસાધારણ સત્તાઓ મેળવે છે. નિવારક અટકાયતનો હેતુ 'રક્ષણાત્મક' પગલાં તરીકે છે. તેમાંથી વ્યક્તિને ગુનો આચરવામાંથી અટકાવવા માટે સરકાર તેની ધરપકડ કરી શકે. 'મિસા', 'એન.એસ.એ.' અને 'ટાડા' જેવા નિવારક અટકાયતી કાયદાના અનુભવોએ દર્શાવ્યું છે કે આ કાયદાઓના ઉપયોગ વારંવાર રાબેતા મુજબ કાનૂની કાર્યપદ્ધતિ ટાળવા અને, નિર્દોષ વ્યક્તિઓ, ઘણું કરીને રાજકીય હરીફોને કામ ચલાવ્યા સિવાય લાંબો સમય માટે અટકાયતમાં રાખવા માટે થયો છે.

### ૭.૬.૩ ગરીબ અને વંચિત લોકોના હકના ભંગ

ગરીબ અને વંચિત લોકો, તેમજ સ્ત્રીઓ, બાળકો, દલિતો, આદિજાતિઓ અને લઘુમતીઓના હકનો વારંવાર ભંગ થાય છે. વિશેષ જૂથના હિતની સંભાળ રાખવા લઘુમતી આયોગ, રાષ્ટ્રીય મહિલા આયોગ વગેરે જેવાં આયોગ હોવા છતાં અને દલિતો અને આદિજાતિઓ સામેના ગુના અટકાવવા માટે અત્યાચાર અધિનિમ ૧૯૮૯, સ્ત્રીઓમાં અનૈતિક વ્યવહાર અટકાવવા બાબતનો અધિનિયમ, સતીપ્રથા અટકાવવા બાબતનો અધિનિયમ, દહેજ પ્રતિબંધ અધિનિયમ વગેરે જેવા કાયદા હોવા છતાં દલિતો અને સ્ત્રીઓ સામેના ગુના બંધ થયા નથી. તે જ પ્રમાણે, બાંધણી મજૂર પર પ્રતિબંધ મૂકતા બાંધણી મજૂર (વિનિમય અને નાબૂદી) અધિનિયમ અને વ્યવસાયી સંઘ અધિનિયમ જેવા જુદા જુદા શ્રમ કાયદા અને બાળમજૂરી સામેની જોગવાઈ હોવા છતાં, આ વિભાગોનું શોષણ ઘટ્યું નથી.

### ૭.૬.૪ માનવ હક અને લોક લડત

તેમ છતાં, આનો અર્થ એવો નથી કે માનવ હક કોઈ બંધિયાર પરિસ્થિતિમાં છે. અધિક્રમિક અને કોઈ પદ્ધતિને કારણે અસમાનતા સામે સમાનતાની પદ્ધતિ તરીકે માનવ હકના ઇતિહાસે દર્શાવ્યું છે કે લોક લડતો આપીને માનવ હક પ્રતિપાદિત થયેલા છે. કામદારોની વિશ્વવ્યાપી ચળવળે કામના સમયનું નિયમન, કામકાજની સ્થિતિની સુધારણા અને ઔદ્યોગિક કામદારો માટે કલ્યાણ પગલાંમાં ફાળો આપ્યો છે. માનવ હકની ફરી વ્યાખ્યા બાંધવા અને તેને વિસ્તૃત કરવા લોકોની ચળવળો અને લડતો ભારતમાં પણ થઈ છે. સ્ત્રી આંદોલન, દલિત આંદોલન, પર્યાવરણ આંદોલન, ખેડૂત આંદોલન વગેરેના હકના પ્રકારો અને તેની સમાવિષ્ટ બાબતોની વ્યાખ્યા ઉપર અગત્યનો આધાર હતો. દાખલા તરીકે, સરદાર સરોવર બંધ બાંધવા સામે નર્મદા ખીણના લોકોના સંઘર્ષ તેમને વિસ્થાપિત કરવા સામે વિરોધ કરવા અને તેમની ઓળખ, ઇતિહાસ, સંસ્કૃતિ અને આજીવિકાનાં સાધનો છોડવાનો ઇન્કાર તે ખીણના લોકોના હકને ઉજાગર કરે છે.

### ૭.૬.૫ કર્મશીલ ન્યાયતંત્રની કામગીરી

વર્ષો દરમિયાન સંખ્યાબંધ સરકારી સંસ્થાઓએ નાગરિકોના હકનો વ્યાપ વિસ્તૃત બનાવવા માટે ફાળો આપ્યો છે. તાજેતરમાં સર્વોચ્ચ અદાલતે બિન સરકારી સંઘઠનો અથવા સંબંધિત વ્યક્તિઓએ કરેલા સામાજિક પગલાં મુકદ્દમા (SAL) જાહેર હિતના મુકદ્દમા (PIL)ને વિધેયાત્મક પ્રતિભાવ આપ્યો હતો અને આમ માનવ હકમાં નવાં પાસાં ઉમેર્યાં હતાં. દાખલા તરીકે સજાને કારણે સ્પષ્ટપણે લઈ લેવામાં આવ્યા હોય તે સિવાયના મુક્ત નાગરિકો દ્વારા ભોગવાતા તમામ હક કેદીઓને આપવાના હાલના કાનૂની વલણને ઉલટાવી નાખ્યું હતું. (ચાર્લ્સ શોભરાજ વિરુદ્ધ અધિક્ષક, મધ્યસ્થ જેલ, તિહાર) (એ.આઈ.આર. ૧૮૭૮ એસ.વી. ૧૫૧૪). તેવી જ રીતે તેણે બાળ મજૂરી, સ્ત્રીઓની જાતીય કનડગતની મના ફરમાવતા અને પર્યાવરણની સુરક્ષા અંગેના હુકમો પસાર કર્યા.

### ૭.૬.૬ રાષ્ટ્રીય મહિલા આયોગની કામગીરી

સંસદમાં રાષ્ટ્રીય મહિલા આયોગ અધિનિયમ, ૧૯૯૦ પસાર કરીને ૧૯૯૨માં સ્થપાયેલ રાષ્ટ્રીય મહિલા આયોગે સંવિધાન હેઠળના સ્ત્રીઓના હક અને સ્ત્રીઓની સામાજિક-આર્થિક સ્થિતિ, આરોગ્ય અને તેમની સામેની હિંસાને લગતા પ્રશ્નો પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. વર્ષો દરમિયાન આયોગે સ્ત્રીઓ,

પર હિંસા, ત્રાસ અને છેડતી, બળાત્કાર, દહેજ સંબંધી હિંસા, કસ્ટડીમાં બળાત્કાર અને મૃત્યુ, કુટુંબની અંદર અને કામના સ્થળે ત્રાસ અને કનડગતને લગતા કેસ અને તપાસ અને છૂટકારા (Redemption) માટે સ્ત્રીઓના કાનૂની અને રાજકીય હકને લગતા પ્રશ્નો હાથ ધર્યા છે.

**૭.૬.૭ રાષ્ટ્રીય માનવ હક આયોગ**

લોકોના હકના ભંગ બાબતમાં તપાસ કરવા સંસદના રાષ્ટ્રીય માનવ હક આયોગ અધિનિયમ, ૧૯૯૩ હેઠળ રાષ્ટ્રીય માનવ હક આયોગ નામની બીજી સંસ્થા સ્થાપવામાં આવી છે. રાષ્ટ્રીય મહિલા આયોગ અને રાષ્ટ્રીય માનવહક આયોગ જેવી સંસ્થાઓનો અસરકારક ઉપયોગ થાય અને લોકો તેના માટે દબાણ કરે ત્યારે માનવહકને પૂરક થવામાં પોતાનો ફાળો આપી શકે.

**તમારી પ્રગતિ ચકાસો-૫**

૧. સંવિધાનમાં દર્શાવેલ માનવહક કેવી રીતે અસરકારક બનાવી શકાય ?

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

## ૭.૭. સારાંશ (Let us Sum Up)

ભારતના સંવિધાને ભારતના લોકો માટે વિસ્તૃત માનવ હક નિયત કર્યા છે. વ્યક્તિમાં અંતર્ગત હોય તેવા માનવ અસ્તિત્વ માટે કેટલાક આવશ્યક મૂળ હક છે. તેને સંવિધાનના મૂળભૂત હકને લગતા ભાગ ૩ માં દર્શાવાયા છે. આ ભાગ લોકોને સ્વતંત્રતા અને સમાનતાની ખાતરી આપે છે. માર્ગદર્શક સિદ્ધાંતો ભવિષ્યની સરકારોને સામાજિક અને આર્થિક ન્યાયની સ્થિતિમાં લાવવાની ફરજ પાડીને આ હકને સુદઢ બનાવવા માગે છે. સમુદાયના સાથી સભ્યો પ્રત્યે જવાબદારીની ભાવના વ્યક્તિઓમાં પૂરવા મૂળભૂત ફરજોથી પ્રયત્ન થયા છે. તેમ છતાં, તે નોંધવું જોઈએ કે હક વ્યક્તિઓની સંવેદનશીલ ક્વાયત ઉપરાંત તેને અમલમાં મૂકવા સરકારની ઇચ્છા પર પણ આધાર રાખે છે. ઘણા માણસોને તેમના જન્મ, વર્ગ, જાતિ વગેરેના સંજોગોને કારણે હક મળતા નથી. ઘણીવાર રાષ્ટ્ર પોતે આક્રમક બનીને લોકોના હક મર્યાદિત કરે છે. તેમ છતાં, હક બંધિયાર નથી અને લાંબી લડતોના ઇતિહાસે હંમેશાં તેમાં વિકાસ કર્યો છે.

## ૭.૮ અગત્યના શબ્દો (Key Words)

**કારણરૂપ અધિક્રમિકતા** (AseriptiveHireachaies) : જન્મની સ્થિતિ લોકોના અધિક્રમિક સંગઠન નક્કી કરે તે દર્શાવે છે. જ્ઞાતિ પ્રથા કારણરૂપ અધિક્રમિકતાનું ઉદાહરણ છે.

**નાગરિક :** નાગરિકો રાષ્ટ્ર – દેશમાં વસતા રાજકીય સમૂહનાં સંપૂર્ણ અને સમાન સભ્યો છે.

**વંશીયતા :** વંશીયતામાં સામાન્ય રીતે મૂલ્યો અને પરંપરાઓને દર્શાવતી વિશિષ્ટ સાંસ્કૃતિક જૂથ/જૂથો અથવા પ્રાદેશિક વિસ્તાર અંગે વફાદારીની ભાવનાનો સમાવેશ થાય છે.

**જાતિ :** જાતીયતા દ્વારા જૈવિક તફાવત દર્શાવાય છે; પરંતુ જાતિ પુરુષ અને સ્ત્રી વચ્ચેના સામાજિક અને સાંસ્કૃતિક ભેદભાવનો ઉલ્લેખ કરે છે. સ્ત્રી હિમાયતી (Feminist) અનુસાર સ્ત્રીઓ માટે જૈવિક તફાવત, ભિન્ન પરતંત્ર અને અનુસેવી સામાજિક કામગીરી અને સ્થાન માટે આધારરૂપ બને ત્યારે જાતિ ભેદભાવ ઊભા થાય છે.

**સંવિધાનનું આમુખ :** સંવિધાન ઘડનારાઓએ સંવિધાન મારફત જે આદર્શો, હેતુ અને ઉદ્દેશ સિદ્ધ કરવા માંગતા હતા તે સ્પષ્ટ કરતો દસ્તાવેજ.

**વંશ :** તે વૈજ્ઞાનિક રીતે અને રાજકીય રીતે ચર્ચાસ્પદ પ્રકાર છે. વંશ અને જૂથને બીજા જૂથના લોકોથી અલગ પાડતા જૈવિક તફાવતનો ઉલ્લેખ કરે છે. ઘણા સમયથી વંશ લોકોમાં સાંસ્કૃતિક તફાવત સમજાવવા વપરાતો હતો. કેટલાકને મતે તે સંસ્કૃતિ જન્મ, લઘુતાગ્રંથી અને પછાતપણા અને બીજાન મતે ગુરુતાગ્રંથીનું આરોપણ હતું.

**મતદાન** (Suffrage) : મતદાનનો હક અથવા મતદાનના હકનો ઉપયોગ

## ૭.૯ કેટલાંક ઉપયોગી પુસ્તકો (Some Useful Books)

ડી.ડી. બસુ, 'ઈન્ટ્રોડક્શન ટુ ધી કોન્સ્ટીટ્યુશન ઓફ ઈન્ડિયા' (ભારતના સંવિધાનનો પરિચય), વાધવા એન્ડ કું. નાગપુર, અદ્યતન આવૃત્તિ.

એ. આર. દેસાઈ, એમપાવરિંગ ધી સોવરીન સિટિઝન્સ ઓફ ઈન્ડિયા, સમ કોન્સ્ટીટ્યુશનલ ઓબ્સ્ટેકલ્સ' (ભારતના સાર્વભૌમ નાગરિકોનું સશક્તિકરણઃ કેટલાક સંવિધાન વિષયક અવરોધો)

આભા અવસ્થી સંપા. સ્પેશ્યલ એન્ડ કલ્ચરલ ડાઈવર્સિટી, ડી.પી. મુકર્જી ઈન મેમોરિયમ, રાવત પબ્લિકેશન્સ, જયપુર, ૧૯૯૭

સુભાષ કશ્યપ, સિટિઝન્સ એન્ડ ધી કોન્સ્ટીટ્યુશન' (નાગરિકો અને સંવિધાન), પ્રકાશન વિભાગ, ભારત સરકાર, દિલ્હી ૧૯૯૭)

## ૭.૧૦ 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબ : સ્વાધ્યાય
(Answers to Check your Progress : Exercises)

**તમારી પ્રગતિ ચકાસો-૧**

૧. જુઓ વિભાગ ૭.૨ તમારા જવાબમાં આમુખ, મૂળભૂત હક અને રાષ્ટ્રની નીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનો ઉલ્લેખ કરવો જોઈએ.

**તમારી પ્રગતિ ચકાસો-૨**

૧. જુઓ વિભાગ ૭.૩ તમારા જવાબમાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટેની પ્રસ્તુત સંવિધાન વિષયક જોગવાઈઓનો ખાસ ઉલ્લેખ કરવો જોઈએ.

૨. જુઓ વિભાગ ૭.૩ અને ખાસ કરીને પેટા- વિભાગ ૭.૩.૧૦

**તમારી પ્રગતિ ચકાસો-૩**

૧. જુઓ વિભાગ ૭.૪

**તમારી પ્રગતિ ચકાસો-૪**

૧. જુઓ વિભાગ ૭.૫ અને ખાસ કરીને પેટા વિભાગ ૭.૫.૨ અને ૭.૫.૩

**તમારી પ્રગતિ ચકાસો-૫**

૧. જુઓ વિભાગ ૭.૬ અને ખાસ કરીને પેટા વિભાગ ૭.૬. ૪ થી ૭.૬.૭

# એકમ ૮ : માનવહકના રક્ષણ માટે તંત્ર
## (Mechanisms for Human Rights Protection)

**રૂપરેખા :**


૮.૦ ઉદ્દેશ

૮.૧ પ્રાસ્તાવિક

૮.૨ માનવહક અને કાયદો

૮.૩ માનવ હકના રક્ષણ માટે ખાસ સંસ્થાઓ

૮.૩.૧ રાષ્ટ્રીય માનવ હક આયોગ

(ક) સત્તા અને કાર્યો

(ખ) રાષ્ટ્રીય માનવ હક આયોગનાં કાર્યો / કામગીરી

૮.૩.૨ રાષ્ટ્રીય મહિલા આયોગ

(ક) રાષ્ટ્રીય મહિલા આયોગનાં કાર્યો

(ખ) રાષ્ટ્રીય મહિલા આયોગનાં કાર્યોના પ્રથમ સાત વર્ષ

૮.૩.૩ રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ આયોગ

૮.૩.૪ રાષ્ટ્રીય લઘુમતી આયોગ

૮.૩.૫ રાષ્ટ્રીય પછાત વર્ગ આયોગ

૮.૪ આંતરરાષ્ટ્રીય અને પ્રાદેશિક તંત્ર

૮.૪.૧ ભારતના અહેવાલો અંગે માનવહક સમિતિ

૮.૪.૨ માનવ હકને પ્રોત્સાહન કેવી રીતે આપવું

૮.૫ સારાંશ

૮.૬ અગત્યના શબ્દો

૮.૭ કેટલાંક ઉપયોગી પુસ્તકો

૮.૮ 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબ : સ્વાધ્યાય


## ૮.૦ ઉદ્દેશ (Objevties)

આ એકમના મુખ્ય ઉદ્દેશો તમને :

- રોજીંદા જીવનમાં માનવ હકનો ભંગ કેવી રીતે થાય છે તેનાથી પરિચિત કરવાનો છે.
- માનવ હકના રક્ષણ માટે ખાસ વૈધાનિક સંસ્થાઓ સ્થાપવાનાં કારણોથી પરિચિત કરવાનો છે.
- રાષ્ટ્રીય મહિલા આયોગ અને રાષ્ટ્રીય માનવહક આયોગનાં સત્તા, કાર્ય અને કામગીરીથી પરિચિત કરવાનો છે અને
- રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ આયોગ, રાષ્ટ્રીય લઘુમતી આયોગ અને રાષ્ટ્રીય પછાતવર્ગ આયોગનાં સત્તા, કાર્યો અને કામગીરીથી પરિચિત કરવાનો છે.

## ૮.૧ પ્રાસ્તાવિક (Introduction)

છેલ્લાં બે એકમે સ્વતંત્રતાની લડતના ખાસ સંદર્ભમાં ભારતમાં માનવ હકની વિભાવનાની ઉત્ક્રાંતિ અંગે તમને સારા વિચાર આપ્યા છે. આ ઉત્ક્રાંતિએ સંવિધાનની જોગવાઈઓમાં નક્કર સ્વરૂપ કેવી રીતે લીધું છે તે પણ તમે શીખ્યાં છો. સંવિધાનમાં હકનાં વ્યાપક વિધેયકનો ઉમેરો નોંધપાત્ર વિકાસ છે. જ્યારે ભારતમાં માનવહકની સ્થિતિએ નિયત કરેલ સિદ્ધાંતો/ ધોરણ સાથે મેળ ખાતો નથી. ત્યારે આ સ્થિતિ ચિંતાનું કારણ ઊભું કરે છે.

## ૮.૨ માનવહક અને કાયદો (Human Rights and The Law)

સંવિધાનની કલમ - ૩૨ અનુસાર, વ્યક્તિને તેના હકના અમલ માટે ભારતની સર્વોચ્ચ અદાલતને અરજી કરવાનો અધિકાર છે. સર્વોચ્ચ અદાલતને આ બાબતમાં વ્યાપક સંવિધાન સત્તાઓ નિહિત થઈ છે. તેમાં માનવ હકના અમલ માટે સૂચનાઓ, હુકમ અને રિટ આપવાની સત્તાનો સમાવેશ થાય છે. સંવિધાનની રકમ ૨૨૬ અનુસાર, રાજ્યની ઉચ્ચ અદાલતોને પણ સમાન સત્તાઓ છે. સંવિધાન વિષયક ઉપયોનો હક હોવા છતાં, બધી વ્યક્તિઓના બધા મૂળભૂત હકનો, ઉચ્ચ અદાલતની ફી (વકીલની ફી ઉપરાંત) અને પડતર કેસોના ભરાવા જેવાં જુદાં જુદાં કારણોસર અમલ કરાતો નથી. ફક્ત માનવહકની જોગવાઈઓ અથવા સંવિધાનમાં સંવિધાન વિષયક ઉપાયોની જોગવાઈ કરીને અથવા તેના અમલ માટે કાયદા ઘડીને માનવહકના ગંભીર ભંગના કેસોનો અંત આવશે નહિ તે દર્શાવવું જોઈએ. સંવિધાનના હકની ખાતરી ખાસ વહીવટી અથવા સંસ્થાગત પગલાં લઈને જ આપી શકાય. હકનો અમલ કાયદાના અમલથી કરાવી શકાય. પોલીસ અને અર્ધલશ્કરી કર્મચારીવર્ગ જેવી કાયદાનો અમલ કરનારી સંસ્થાઓને માનવહકના મહત્ત્વ અંગે સામાન્ય તાલીમ અને શિક્ષણ અપાય તો પણ માનવહકની સ્થિતિ સુધારવામાં મદદરૂપ નીવડે.

## ૮.૩ માનવહકનું રક્ષણ કરવા ખાસ સંસ્થાઓ (Special Institutions to Protect Human Rights)

છેલ્લા પાંચ દસકા દરમિયાન ભારત સરકારે, સમાજના નબળા અને વંચિત વિભાગો સહિતની બધી વ્યક્તિઓના માનવહકની સંવિધાન વિષયક જોગવાઈઓનો અમલ કરવા સંસદે પસાર કરેલા જુદા જુદા અધિનિયમો હેઠળ અસંખ્ય ખાસ સંસ્થાઓ સ્થાપી છે. આપણે આ સંસ્થાઓનાં સત્તા, કાર્યો અને કામગીરી વિશે જોઈએ.

### ૮.૩.૧ રાષ્ટ્રીય માનવહક આયોગ (NHRC)

દેશમાં, ખાસ કરીને ત્રાસવાદ અથવા બળવા (Insugency) થી અસર પામેલા વિસ્તારોમાં માનવહકના રેકર્ડ બાબતમાં સતત આંતરરાષ્ટ્રીય ટીકા થવાને કારણે, ભારત સરકારે ૨૮મી સપ્ટેમ્બર ૧૯૯૩ના માનવહક રક્ષણ વટહુકમ હેઠળ પ્રારંભમાં ૧૨મી ઓક્ટોબર ૧૯૯૩ના રોજ રાષ્ટ્રીય માનવહક આયોગની રચના કરી. સંસદે પાછળથી વટહુકમના બદલે અધિનિયમ પસાર કર્યો. માનવહકના ક્ષેત્રમાં બીજાં આયોગની સરખામણીમાં રાષ્ટ્રીય માનવહક આયોગમાં વધુ સભ્યો છે, અને વ્યાપક સત્તાઓ છે. તેમાં આઠ સભ્યો છે. અધ્યક્ષ (ભારતના પૂર્વ મુખ્ય ન્યાયમૂર્તિ), સર્વોચ્ચ અદાલતના હાલના કે અગાઉના ન્યાયમૂર્તિ, હાઈકોર્ટના હાલના કે અગાઉના મુખ્ય ન્યાયમૂર્તિ, માનવ હકના ક્ષેત્રમાં સારી જાણકારી ધરાવતી વ્યક્તિઓમાંથી બે સભ્ય અને રાષ્ટ્રીય મહિલા આયોગ, રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ, અને અનુસૂચિત આદિજાતિ આયોગ અને રાષ્ટ્રીય લઘુમતી આયોગના અધ્યક્ષ એમ કુલ ૮ સભ્યો છે. તેના અધ્યક્ષ અને બીજા સભ્યો (છેલ્લા ત્રણ સિવાય)ની નિમણૂંક સંસદના બન્ને ગૃહોના વિરોધપક્ષના નેતાઓ સાથે ચર્ચા વિચારણાની પ્રક્રિયા દ્વારા કરવામાં આવે છે. બીજું મહત્ત્વનું લક્ષણ એ છે કે રાષ્ટ્રીય માનવહક આયોગના અધ્યક્ષ અને પ્રથમ ચાર કક્ષાના સભ્યોને પાંચ વર્ષ માટે નીમવામાં આવે છે.

#### (ક) સત્તા અને કાર્યો

રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગને વિશાળ સત્તાઓ અને કાર્યો સોંપવામાં આવ્યાં છે. તે પોતાની મેળે અથવા ભોગ બનનાર અથવા તેની વતી બીજી કોઈ વ્યક્તિએ રજૂ કરેલી નીચેની ફરિયાદો અંગે તપાસ કરી શકે :

(૧) માનવ હકનો ભંગ અથવા મદદગારી, અથવા

(૨) આવો ભંગ થતો અટકાવવામાં જાહેર કર્મચારીની બેદરકારી.

- માનવ હકના ભંગ અંગેના કોઈ પણ આક્ષેપ અંગેની કોઈ પણ કાર્યવાહી અદાલત સમક્ષ પડતર રહેલી હોય તો આવી અદાલતની મંજૂરી લઈને હસ્તક્ષેપ કરી શકશે.
- વ્યક્તિઓને સારવાર, સુધારણા કે રક્ષણ માટે અટકાયતમાં રાખેલા કે મૂકેલા હોય ત્યાં રાજય સરકારના નિયંત્રણ હેઠળની કોઈ જેલ અથવા બીજી કોઈ સંસ્થાની તેમાં રહેતી વ્યક્તિઓની

રહેવાની સ્થિતિનો અભ્યાસ કરવા અને તે અંગે ભલામણ કરવા રાજ્ય સરકારની જાણ હેઠળ મુલાકાત લઈ શકશે.

- તે માનવહકના રક્ષણ માટે સંવિધાન અથવા તત્કાલીન અમલમાં હોય તેવા કાયદાથી અથવા તે હેઠળ જોગવાઈ કરાયેલ સલામતી સાધનોની સમીક્ષા કરી શકશે અને તેના અસરકારક અમલ માટે લેવાનાં પગલાંની ભલામણ કરી શકશે.
- માનવહક ભોગવવામાં નિયંત્રણ મૂકતાં ત્રાસવાદનાં કાર્યો જેવાં પરિબળોની સમીક્ષા કરી યોગ્ય ઉપાયાત્મક પગલાંની ભલામણ કરી શકશે.
- તે માનવહકના ક્ષેત્રમાં સંશોધન હાથ ધરી શકશે, તેને ઉત્તેજન આપી શકશે, સમાજમાં જુદા જુદા વિભાગોમાં માનવહકનું શિક્ષણ ફેલાવી શકશે અને પ્રકાશનો, માધ્યમ, સેમિનાર અને અન્ય ઉપલબ્ધ સાધનોનો ઉપયોગ કરીને આ હકના રક્ષણ માટે ઉપલબ્ધ સલામતી સાધનો અંગે જાગરૂકતાને ઉત્તેજન આપી શકશે.
- તે માનવહકના ક્ષેત્રમાં કામ કરતાં બિન સરકારી સંઘઠનો અને સંસ્થાઓના પ્રયત્નોને ઉત્તેજન આપી શકશે. તે માનવહકના પ્રોત્સાહન માટે જરૂરી લાગે તેવાં બીજાં કાર્યો પણ હાથ ધરી શકશે.

**(ખ) રાષ્ટ્રીય માનવહક આયોગનાં કાર્યો / કામગીરી**

૧૯૯૩થી ૧૯૯૮ના વર્ષો દરમિયાન રાષ્ટ્રીય માનવ હક આયોગે માનવ હકનો અસરકારક રીતે અમલ કરવામાં ઘણી પ્રગતિ કરી હતી. તેણે ઘણાં કામ પૂરાં કર્યાં હતાં અને કાયદામાં તેમજ માનવહક રક્ષણ અધિનિયમ, ૧૯૯૩માં ફેરફાર કરવા ઘણી મહત્ત્વની ભલામણો કરી હતી તે આપણે ટૂંકમાં જોઈએ.

રાષ્ટ્રીય માનવહક આયોજનની રચના ૧ નવેમ્બર ૧૯૯૩નાં રોજ થઈ. તેના પ્રારંભના એક મહિનાની અંદર, અર્ધ-લશ્કરી દળ, સરહદ સલામતી દળે ગોળીબાર કરવાથી જમ્મુ અને કાશ્મીરમાં બિજબંહારા (શ્રીનગર નજીક)માં અથવા તેની આસપાસ ૪૩ જેટલા નાગરિકોને મારી નાખવાના વર્તમાનપત્રના અહેવાલને તેણે પોતાની મેળે ધ્યાનમાં લીધો. ઉગ્રવાદીઓએ શ્રીનગરમાં હઝરતબાલના પવિત્ર સ્થાનના ઘેરા દરમ્યાન એકાદ અઠવાડિયા અગાઉ આ બન્યું. આ ઉગ્રવાદીઓનો હેતુ લોકોની ધાર્મિક લાગણીઓ ભડકાવવાનો હતો. પારિણામિક તંગદીલીમાં સરહદ સલામતી દળ દેખીતી રીતે વિનાશક જેટલું ઉગ્ર બન્યું. રાજ્ય સરકારે અને સરહદ સલામતી દળે સ્થાપેલી સ્ટાફ તપાસ અદાલતે મેજિસ્ટ્રેટ તપાસનાં તારણો તપાસ્યા બાદ, આયોગે જેમની સામે શિસ્તવિષયક કાર્યવાહી શરૂ કરી હતી તે સરહદ સલામતી દળનાં ૧૪ કચેરીઓ સામે ફરિયાદ માંડવા સરકારને જણાવ્યું. સરકારે રાષ્ટ્રીય માનવહક આયોગની ભલામણ સ્વીકારી. થોડાંક અધિકારીઓ સહિત ગુનેગાર કર્મચારીઓ સામે પગલાં લીધાં.

જમ્મુ અને કાશ્મીર સરકારે ગોળીબારમાં માર્યાગયેલા ૩૧ માણસોના દરેક આશ્રિતને રહેમરાહે વળતળ ચૂકવ્યું. ઘવાયેલી૪૪ વ્યક્તિઓને પણ વળતર ચૂકવવામાં આવ્યું. આ સંબંધમાં આપણે માનવહક અને માનવતાવાદી કાયદા અંગે તાલીમ અભ્યાસક્રમ યોજ્યા. તેમાં આંતરરાષ્ટ્રીય રેડ ક્રોસ સમિતિએ ભાગ લીધો.

ત્રાસવાદી અને વિનાશક પ્રવૃત્તિ (નિવારણ) અધિનિયમ (TADA) સામે રાષ્ટ્રીય માનવ હક આયોગે સતત ઝુંબેશ ચલાવવાને કારણે, તેની મુદત મે, ૧૯૯૫માં પૂરી થયા બાદ તેને ફરી ચાલુ ન કરવાનું સરકારે નક્કી કર્યું. અહીં એ યાદ કરાવવાનું થાય છે કે 'ટાડા' દસ વર્ષથી અમલમાં હતું. તે પંજાબ તથા જમ્મુ અને કાશ્મીર (misurgency) સ્થિતિ સાથે કામ લેવા માટે અને કામચલાઉ પગલાં તરીકે રચાયેલો કાયદો હતો. પરંતુ દુર્ભાગ્યે ઘણાખરા રાજ્યોએ, જેના પર ત્રાસવાદની અસર થઈ ન હતી તેવાં રાજ્યોએ, તેનો ઉપયોગ, ખરેખર તો દુરઉપયોગ કર્યો. હજી અદાલતોમાં 'ટાડા' ના સેંકડો કેસ બાકી છે અને તેના ઝડપી નિકાલ માટે રાષ્ટ્રીય માનવ હક આયોગ તેની ઝુંબેશ ચલાવી રહ્યું છે.

કસ્ટડીમાં હિંસા અને મૃત્યુનું બીજું ક્ષેત્ર રાષ્ટ્રીય માનવ હક આયોગના ધ્યાન પર આવ્યું. તેણે ઘણા કેસો/ ફરિયાદો અંગે વિચારણા કરી. ૧૯૯૪-૯૫માં કુલ કેસ ૨૭૬ હતા, તે વધીને ૧૯૯૫-૯૬માં

૧૧,૧૫૩ કેસ મળ્યા. તે દેશમાં પ્રવર્તી રહેલી માનવહકોની સ્થિતિ અંગે વધેલી જાગરૂકતા દર્શાવે છે; અને તેનો ભોગ બનેલાએ રાષ્ટ્રીય માનવહક આયોગનો રાહત માટે સંપર્ક સાધ્યો. પોલીસે ધરપકડ કરેલામાંથી પાછળથી અદશ્ય થઈ. દેખાતાં બંધ થઈ ગયેલા ૩૯ કેસ ઉપરાંત આ આયોગે ૧૯૯૫-૯૬ દરમિયાન કચેરીમાં મરણના ૪૪૪ જેટલા કેસ તપાસ્યા. મૃત્યુ પામેલામાંથી ૩૦૮ વ્યક્તિઓ તો ન્યાયિક કસ્ટડીમાં હતી. રાષ્ટ્રીય માનવહક આયોગની ઊંડી તપાસમાં બીજા કેસ પોલીસ 'અતિરેક' ના હતા. તેમાં કબૂલાત લેવા તપાસ દરમિયાન શંકાસ્પદોને અપાતા ત્રાસના કેસોનો સમાવેશ થતો હતો.

રાષ્ટ્રીય માનવ હક આયોગે સતત દબાણ કરવાથી સરકારે ઓક્ટોબર ૧૯૯૭માં સંયુક્ત રાષ્ટ્ર સંઘના ત્રાસ અને શિક્ષાની ક્રૂર, અમાનવીય અને અવહેલના કરતા વર્તાવ સામેના કરારને સંમતિ આપી (જોકે હજુ તેને સમર્થન આપવાનું બાકી છે.)

જો કે, એક વર્ષ અગાઉ બનેલા માનવહકના ભંગના બનાવોમાં તપાસ કરવા સામે વૈધાનિક પ્રતિબંધ હોવા છતાં,

બનાવટી અથડામણમાં ૧૯૯૧-૯૩ દરમ્યાન પંજાબ પોલીસથી મારી ગયેલી ૨૦૦૦ કરતાં વધારે વ્યક્તિઓના સમૂહ દહનની તેની તપાસ નોંધપાત્ર છે. રાષ્ટ્રીય માનવહક આયોગે તપાસ હાથ ધરી ત્યારે માનવહક રક્ષણ અધિનિયમથી નિયત કરેલી એક વર્ષની સમય મર્યાદાને અનુલક્ષીને સંઘ સરકારે તેના ક્ષેત્રાધિકાર અંગે ખરેખર પ્રશ્ન કર્યો. આયોગે આ વાંધાને નકારી કાઢ્યો ત્યારે, તે સર્વોચ્ચ અદાલતને અપીલ કરી શકે તે માટે સરકારે તપાસ સામે મનાઈ હુકમ મેળવ્યો. ટોચની અદાલતે પાછળથી ઠરાવ્યું કે આયોગને તે બાબત અંગે કામગીરી કરવા ક્ષેત્રાધિકાર છે. ઉપરાંત ઉમેર્યું કે આયોગ ભોગ બનનારના આશ્રિતોને કોઈ વળતર આપે, તો તે બંધનકર્તા અને ચૂકવવાપાત્ર રહેશે.

**તમારી પ્રગતિ ચકાસો-૧**

૧. રાષ્ટ્રીય માનવહક આયોગની કેટલીક મુખ્ય સત્તાઓ અને કાર્યોની યાદી બનાવો.

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

૨. રાષ્ટ્રીય માનવહક આયોગે પૂરા કરેલાં ત્રણ મુખ્ય કામ મુકરર કરો.

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

### ૮.૩.૨ રાષ્ટ્રીય મહિલા આયોગ (NCW)

રાષ્ટ્રીય મહિલા આયોગ અધિનિયમ, ૧૯૯૦ અનુસાર ૩૧મી જાન્યુઆરી ૧૯૯૨ના રોજ રાષ્ટ્રીય મહિલા આયોગની રચના કરવામાં આવી, તેમાં અધ્યક્ષ અને બીજાં પાંચ સભ્યો છે. તેમના હોદ્દાની મુદત ત્રણ વર્ષ છે. તે બહુવિધ કાર્યો કરે છે.

#### (ક) રાષ્ટ્રીય મહિલા આયોગનાં કાર્યો

તે ભારતના સંવિધાન અને બીજા કાયદાઓ હેઠળ સ્ત્રીઓ માટે જોગવાઈ કરાયેલ સલામતીઓને લગતી બધી બાબતોમાં તપાસ કરી તેનું પરીક્ષણ કરશે. તે કેન્દ્ર સરકારને આ સલામતીઓ અંગે કરેલી કામગીરી માટે દર વર્ષે અને આયોગને યોગ્ય જણાય તેવા બીજા સમયે અહેવાલ મોકલાવશે. સ્ત્રીઓની સ્થિતિ સુધારવા માટે સલામતીઓના અસરકારક અમલ માટે તે સંઘ સરકાર અથવા કોઈ રાજ્ય સરકારને આવા અહેવાલમાં ભલામણ કરશે. તે સ્ત્રીઓને અસર કરતાં સંવિધાનની હાલની જોગવાઈઓ અને અન્ય કાયદાઓની વખતોવખત સમીક્ષા કરશે અને આવા વિધાનોમાં કોઈ ઊણપ, અપર્યાપ્તતા કે

અધૂરાપણું હોય તો તે સરખું કરવા વૈધાનિક પગલાંની ભલામણ કરશે. તે સ્ત્રીઓનો લગતી સુવિધાની જોગવાઈઓ અને બીજા કાયદાના ભંગના કેસ યોગ્ય સત્તાધિકારીઓ પાસે લઈ જશે. તે ફરિયાદો અંગે જોશે અને નીચે લગતી બાબતો ધ્યાનમાં લેશે :

(૧) સ્ત્રીઓને તેમના હકથી વંચિત કરવી.

(૨) સ્ત્રીઓને રક્ષણ પુરું પાડવા તેમજ સમાનતા અને વિકાસનો ઉદ્દેશ સિદ્ધ કરવા માટે જોગવાઈ કરાયેલ કાયદાનો અમલ કરવો, અને

(૩) સ્ત્રીઓની હાડમારી ઘટાડવા અને તેમનું કલ્યાણ નિશ્ચિત કરવા અને તેમને રાહત આપવાના હેતુવાળા નીતિ વિષયક નિર્ણયો, માર્ગદર્શક સૂચનાઓ અથવા સૂચનાઓનું પાલન કરવું.

રાષ્ટ્રીય મહિલા આયોગ આવી બાબતોમાંથી ઊભા થતાં પ્રશ્નો યોગ્ય સત્તાધિકારીઓ સાથે હાથ ધરે છે. તે ભેદભાવ અને સ્થિતિ અંગે ખાસ અભ્યાસ અથવા તપાસ કરાવે છે. જેથી તે દૂર કરવા માટે વ્યૂહરચનાની ભલામણ કરી શકે. તમામ ક્ષેત્રોમાં સ્ત્રીઓનું યોગ્ય પ્રતિનિધિત્વ નિશ્ચિત કરવા માટે અને આવાસન અને મૂળભૂત સેવાઓની ઉપલભ્યતાનો અભાવ, વેઠ, વ્યાવસાયિક આરોગ્ય જોખમો ઘટાડવા અને તેમની ઉત્પાદકતા વધારવા માટે અપૂરતી સહાયક સેવાઓ અને પ્રૌદ્યોગિકી જેવા તેમની પ્રગતિ માટે અવરોધરૂપ જવાબદાર પરિબળો મુકરર કરવા માટે વિકાસલક્ષી અને શૈક્ષણિક સંશોધન હાથ ધરે છે. તે સ્ત્રીઓના સામાજિક-આર્થિક વિકાસની આયોજન પ્રક્રિયામાં ભાગ લે છે અને તે અંગે સલાહ આપે છે. તે સંઘ સરકાર અને કોઈ રાજ્ય સરકાર હેઠળ સ્ત્રીઓની પ્રગતિનું મૂલ્યાંકન કરે છે. તે સ્ત્રીઓના સામાજિક-આર્થિક વિકાસની આયોજન પ્રક્રિયામાં ભાગ લે છે અને તે અંગે સલાહ આપે છે. તે સંઘ સરકાર અને કોઈ રાજ્ય સરકાર હેઠળ સ્ત્રીઓની પ્રગતિનું મૂલ્યાંકન કરે છે. તે સ્ત્રીઓને કેદી તરીકે અથવા અન્યથા રખાતી હોય તેવા જેલ, સુધારગૃહ, સ્ત્રીઓની સંસ્થાઓ અથવા કસ્ટડીનાં અન્ય સ્થળોનું નિરીક્ષણ કરે છે. અથવા કરાવે છે. અને જરૂર જણાય ત્યારે સંબંધિત અધિકારીઓ સાથે ઉપાયાત્મક પગલાંની કામગીરી હાથ ધરે છે. સ્ત્રીઓની મોટી સંખ્યાને અસર કરતાં પ્રશ્નોના દાવા માટે નાણાં આપે છે. તે સ્ત્રીઓને લગતી કોઈ બાબત અને ખાસ કરીને જે જુદી જુદી મુશ્કેલીઓ હેઠળ સ્ત્રીઓને મજૂરી કરવી પડે છે તે અંગે સરકારને સામયિક અહેવાલો મોકલે છે.

**(ખ) રાષ્ટ્રીય મહિલા આયોગની કામગીરીનાં પ્રથમ સાત વર્ષ**

રાષ્ટ્રીય મહિલા આયોગનાં અસ્તિત્વનાં પ્રથમ સાત વર્ષ (૧૯૯૨-૯૮) દરમિયાન, તે સમન્યાય, સમાનતા ને ન્યાય મેળવવા સક્રિયપણે જહેમત ઉઠાવતું રહ્યું. સમાનતાના કાયદાના ભંગ, સ્ત્રીઓને તકનો ઈન્કાર અને સ્ત્રીઓના હક પડાવી લેવા જેવા કેસોમાં હસ્તક્ષેપ કરીને જાતિ ન્યાય મેળવવા પ્રયત્નો કર્યા. તે દેશભરમાં અત્યાચારનો ભોગ બનેલી અને દુઃખી સ્ત્રીઓને સહાય આપવાની અને સહાયની વ્યવસ્થા કરે છે.

આયોગ સમક્ષ વખતોવખત આવતી જુદી જુદી ફરિયાદો અને કેસ અંગે કામગીરી કરવા તેણે સલાહ અને પૂર્વ-મુકદ્દમા શાખાની રચના કરી છે. તેણે આ સમય દરમ્યાન ૩૦૦૦ કેસોને સફળતાપૂર્વક હલ કર્યા છે. આ ફરિયાદો સામાન્ય રીતે દહેજ કનડગત/ અત્યાચાર, ત્રાસ/ ક્રૂરતા, બળાત્કાર, દ્વિપત્નીત્વ, જાતિ ભેદભાવ, મિલકતના હક, કામના સ્થળે કનડગત, નિર્વાહ અને છૂટાછેડાને લગતી હતી.

તેણે દહેજ, બળાત્કાર, કસ્ટડી, મિલકતના હક, લગ્ન છૂટાછેડા, નિર્વાહ વગેરે જેવાં જુદાં જુદાં ક્ષેત્રોમાં સ્ત્રીઓના હિત માટે અપૂરતા હોય તેવા કાયદા સુધારવા ખાસ પહેલ કરી છે. તે બિન-સરકારી સંગઠનો, પારિવારિક મહિલા લોક અદાલતો અને કાનૂની જાગરૂકતા ઝુંબેશ મારફત તેના પ્રયત્નો ચલાવેછે. તેને બાળકી વેશ્યા, વિધવાઓ અને કસ્ટડીમાં રહેતી સ્ત્રીઓના પ્રશ્નો હલ કરવાનો અને માધ્યમમાં અશ્લીલતાનો પ્રતિકાર કરવાનો ખાસ આદેશ છે. તેના અન્ય ક્ષેત્રોમાં પ્રૌદ્યોગિકીને ગ્રામીણ સ્ત્રીઓને તબદીલ કરવાની બાબત છે.

રાષ્ટ્રીય મહિલા આયોગ સ્ત્રીઓને લગતા રાજકીય પ્રશ્નો સાથે પણ નિસબત ધરાવે છે. તેણે છેક નીચલા સ્તર (પંચાયત)થી માંડીને સંસદ જેવી તમામ વૈધાનિક અને નિર્ણય લેનારી સંસ્થાઓમાં પ્રતિનિધિત્વ આપીને સ્ત્રીઓના રાજકીય સશક્તિકરણ માટે રાષ્ટ્રવ્યાપી ઝુંબેશનું સમર્થન કર્યું હતું. આ બાબતમાં તેણે પંચાયતી રાજ્યમાં નીચલા સ્તરે કામ કરતી સ્ત્રીઓના પ્રભાવ અને તેના પ્રશ્નો તપાસવા તેણે સંશોધન અભ્યાસ પ્રસ્તુત કર્યા હતા.

આર્થિક પ્રશ્નો અંગેની તેની પ્રવૃત્તિઓમાં બીજી બાબતોની સાથોસાથ આયોગે સ્ત્રીઓને રોજગાર, રોજગારમાં સમાનતા અને આર્થિક સુધારાની અસર અંગે અભ્યાસ હાથ ધર્યા હતા.

આયોગ નિકાસલક્ષી ઉદ્યોગો અને અસંગઠિત ક્ષેત્રોમાં રોજગારની તકો અંગે ઊંડી તપાસ કરે છે. તે ઝૂંપડપટ્ટી વિસ્તારની સ્ત્રીઓ માટે રોજગાર ઊભા કરવા પ્રયત્નશીલ છે. તેની કામગીરીમાં વ્યવસાયિક તાલીમ યોજવામાં સહાય કરવી અને તેમને આત્મનિર્ભર બનાવવા સ્ત્રીઓને ધિરાણ પુરું પાડવા ગ્રામીણ બેન્કો શરૂ કરવાનો સમાવેશ થાય છે.

### ૮.૩.૩ રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ (SCs) અને અનુસૂચિત આદિજાતિ આયોગ (STs)

સંવિધાન સમાનતાનો હક સ્થાપે છે; અને જ્ઞાતિ વંશ, ધર્મ જાતિ અથવા જન્મ પર આધારિત ભેદભાવની મના ફરમાવે છે. અસ્પૃશ્યતાની વર્ષો જૂની પ્રથા ગેરકાયદે જાહેર કરવા છતાં પૂર્વ - અસ્પૃશ્યો/ અનુસૂચિત જાતિઓ/ દલિતો સામાજિક મુખ્ય પ્રવાહમાં પૂરેપૂરા ભળી ગયા નથી. તેમના હક્નો દરરોજ ભંગ કરવામાં આવે છે. સામાજિક સમાનતા/ ન્યાય લાવવા સામાન્ય રીતે અનામત નીતિ (નોકરી, શિક્ષણનાં સ્થળો અને વિધાનમંડળમાં) તરીકે ઓળખાતી પસંદગીની નીતિ મારફત સંવિધાન વિષયક અને વહીવટી સલામતી પૂરી પાડવામાં આવી હતી. સંવિધાનની કલમ ૧૭ અસ્પૃશ્યતા નાબૂદ કરે છે. તેનો અસરકારક અમલ કરવા સંસંદે ત્રણ અધિનિયમ પસાર કર્યા. આ અધિનિયમો છે : નાગરિક હક રક્ષણ અધિનિયમ ૧૯૫૫ અને તેનાથી સુધાર્યા મુજબ અસ્પૃશ્યતા (ગુના) અધિનિયમ, ૧૯૭૬; અને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિ જાતિ (અત્યાચાર અટકાવવા) અધિનિયમ ૧૯૮૯. આ અધિનિયમોમાં દલિતો સામે ગુનો/ અત્યાચાર માટે શિક્ષા ઠરાવવામાં આવી છે.

સમાજના આ વંચિત અને નબળા વિભાગો માટે જોગવાઈ કરાયેલી સલામતીને લગતી બધી બાબતો તપાસવા સંવિધાનની કલમ ૩૩૮ અનુસાર ૧૯૫૦માં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ કમિશનરનો હોદ્દો ધરાવતા ખાસ અધિકારીને નીમવામાં આવ્યા. પાછળથી એમ લાગ્યું કે એક ખાસ અધિકારીને બદલે ઉચ્ચ કક્ષાનું પાંચ સભ્યોનું આયોગ વધારે અસરકારક વ્યવસ્થા થશે. તદ્નુસાર, અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓના રક્ષણ, કલ્યાણ, સામાજિક-આર્થિક વિકાસ અને પ્રગતિ માટે અને આવી સલામતીની કામગીરીના મૂલ્યાંકન માટે ૧૯૯૦ માં રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ આયોગની રચના કરવામાં આવી. આ લોકોને હકથી વંચિત કરવાની ખાસ ફરિયાદો અંગે તપાસ કરવાની તેને સત્તા છે. તે આ સલામતીની કામગીરી પર ભારતના રાષ્ટ્રપતિને દર વર્ષે અહેવાલ મોકલે છે; અને આ સલામતી સાધનોના અસરકારક અમલ માટે પગલાં હાથ ધરવા ભલામણો પણ કરે છે.

**તમારી પ્રગતિ ચકાસો-૨**

૧. રાષ્ટ્રીય મહિલા આયોગે કયાં નક્કર પગલાં શરૂ કર્યાં ?

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

૨. રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ આયોગનાં કાર્યોની યાદી બનાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

### ૮.૩.૪ રાષ્ટ્રીય લઘુમતી આયોગ (NCM)

લઘુમતીઓને લગતી સંવિધાનની જોગવાઈઓનો અસરકારક અમલ સુનિશ્ચિત કરવા માટે૧૯૭૮માં રાષ્ટ્રીય લઘુમતી આયોગની રચના કરવામાં આવી હતી. અને તેને ૧૮૮૨માં વૈધાનિક દરજ્જો આપવામાં આવ્યો હતો. સરકારના જાહેરનામા મુજબ આ લઘુમતીઓમાં મુસ્લિમ, ખ્રિસ્તી, શીખ, બૌદ્ધ અને પારસી લઘુમતીઓનો સમાવેશ થાય છે. હાલ રાષ્ટ્રીય લઘુમતી આયોગમાં અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અને પાંચ સભ્યો છે. આ સભ્યો મુખ્યત્વે લઘુમતી કોમના છે. અધ્યક્ષ અને સભ્યોનાં હોદ્દાની મુદત ત્રણ વર્ષ છે. આ આયોગ બીજી બાબતોની સાથોસાથ નીચેનાં કાર્યો કરે છે :

- સંઘ સરકાર અને રાજ્યો હેઠળ લઘુમતીઓના વિકાસની પ્રગતિનું મૂલ્યાંકન કરે છે.
- સંવિધાનમાં જોગવાઈ કરેલાં તથા સંસદ અને રાજ્યની વિધાન સભાઓએ ઘડેલા કાયદાની અપાયેલાં સલામતી - સાધનોની કામગીરી પર દેખરેખ - નિયંત્રણ
- કેન્દ્ર સરકારે અને રાજ્ય સરકારોએ લઘુમતીના હિતના રક્ષણ માટે ઉપલબ્ધ કરેલાં સલામતી સાધનોનો અસરકારક અમલ માટે ભલામણો કરવી.
- લઘુમતીઓના હક અને સલામતી સાધનો લઈ લેવા અંગેના ખાસ કેસોમાં જોવું અને યોગ્ય સત્તાધિકારો સમક્ષ આ બાબત લઈ જવી.
- લઘુમતીઓ સામે કોઈ ભેદભાવમાંથી ઊભા થતાં પ્રશ્નો અંગે અભ્યાસ હાથ ધરવા અને તે દૂર કરવા માટે લેવાનાં પગલાંની ભલામણ કરવી;
- કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકારે કોઈ લઘુમતી અંગે લેવાનાં યોગ્ય પગલાં સૂચવવાં; અને
- લઘુમતીને લગતી કોઈ બાબત, ખાસ કરીને તેમને વેઠવી પડતી મુશ્કેલીઓ અંગે કેન્દ્ર સરકારને સામાયિક અથવા ખાસ અહેવાલ તૈયાર કરી મોકલવા.

### ૮.૩.૫ રાષ્ટ્રીય પછાત વર્ગ આયોગ (NCBC)

રાષ્ટ્રીય પછાત વર્ગ આયોગ અધિનિયમ, ૧૯૯૩ અનુસાર રાષ્ટ્રીય પછાત વર્ગ આયોગની રચના કરવામાં આવી હતી. અન્ય પછાત વર્ગોને કેન્દ્ર સરકારની નોકરીમાં ૨૭ ટકા જગ્યા અનામત રાખવાની માંડલ આયોગની ભલામણોનો અમલ કરવા માટે આ આયોગ સ્થાપવામાં આવ્યું હતું. ૧૯૯૩ના અધિનિયમ મુજબ, પછાત વર્ગો એટલે કેન્દ્ર સરકાર તેની વખતોવખતની યાદીમાં નિર્દિષ્ટ કરે તેવા અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ સિવાયના અન્ય પછાત વર્ગના નાગરિકો.

રાષ્ટ્રીય પછાત વર્ગ આયોગમાં અધ્યક્ષ (સર્વોચ્ચ અદાલત અથવા હાઈકોર્ટના હાલના કે અગાઉના ન્યાયાધીશ), સામાજિક વિજ્ઞાની અને પછાતવર્ગોને લગતી બાબતોમાં ખાસ જાણકારી ધરાવતી બે વ્યક્તિ અને એક સભ્ય સચિવ (જે કેન્દ્ર સરકારમાં સચિવ કક્ષાના સનદી અધિકારી હોય અથવા રહ્યા હોય) છે. આ સભ્યોની હોદ્દાની મુદત ત્રણ વર્ષ હોય છે.

આયોગનાં મુખ્ય કાર્યોમાં, કોઈપણ વર્ગના નાગરિકને પછાત વર્ગોની યાદીમાં સમાવેશ કરવા માટેની વિનંતીની તપાસ અને કેન્દ્ર સરકારે તૈયાર કરેલી આવી યાદીઓમાં કોઈ પછાત વર્ગનો વધારે સમાવેશ કે ઓછો સમાવેશ થતો હોય તેની ફરિયાદો સાંભળવી અને તે બાબતમાં સલાહ આપવી. આયોગની આવી સલાહ સામાન્ય રીતે સરકારને બંધનકર્તા રહે છે. નવા પછાત વર્ગોનો સમાવેશ કરવા અથવા બાકાત રાખવાની દૃષ્ટિએ આવી યાદીઓ પ્રત્યેક દસવર્ષના અંતે સુધારવાનો કેન્દ્ર સરકારને આદેશ અપાયો છે. આવી સુધારણા હાથ ધરતી વખતે સરકાર આયોગની સાથે ચર્ચા વિચારણા કરશે.

## ૮.૪ આંતરરાષ્ટ્રીય અને પ્રાદેશિક તંત્ર
## (International and Regional Machinary)

આંતરરાષ્ટ્રીય નાગરિક અને રાજકીય હક કરાર (ICCPR) આંતરરાષ્ટ્રીય આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક હક કરાર; સ્ત્રીઓ સામે તમામ સ્વરૂપના ભેદભાવની નાબૂદી અંગે કરાર, અને ત્રાસ સામે કરાર જેવા આંતરરાષ્ટ્રીય માનવ હક કરારોને અનુક્રમે ૧૯૭૯, ૧૯૯૨ અને ૧૯૯૭માં સમર્થન

આપ્યું છે. સંયુક્ત રાષ્ટ્રસંઘના આ કરાર/ સમજૂતી હેઠળ સંધિ દેખરેખ નિયંત્રણ સંસ્થાઓને ભારત સરકારે સામયિક અહેવાલો રજૂ કરવાના રહે છે.

### ૮.૪.૧ ભારતના અહેવાલો અંગે માનવહક સમિતિ

આંતરરાષ્ટ્રીય નાગરિક અને રાજકીય હક કરારની કલમ ૪૦ અનુસાર, કરારને સમર્થન આપતા દેશોએ માનવહક સમિતિને સામયિક અહેવાલો ફરજિયાત મોકલવાના હોય છે. કરારમાં માન્ય રખાયેલ હુકમોનો અમલ કરવા અપનાવેલાં પગલાં અને આ હક ભોગવવામાં થયેલી પ્રગતિનું વર્ણન અને આ અહેવાલોમાં હોય એ અપેક્ષિત છે. આજ સુધીમાં ભારતે આંતરરાષ્ટ્રીય નાગરિક અને રાજકીય હક કરાર હેઠળત્રણ અહેવાલ મોકલ્યા છે. જો કે તેને નિયમિત સમયસર મોકલ્યા નથી. તેણે પ્રથમ અહેવાલ ૧૯૮૩માં, બીજો અહેવાલ ૧૯૮૯ માં અને ત્રીજો અહેવાલ ૧૯૯૫માં મોકલ્યો. ભારતના ત્રીજા અહેવાલ પરનાં સમિતિના ટીકા - ટિપ્પણ અને અવલોકનો દર્શાવે છે કે ભારતમાં માનવહકની સ્થિતિ સંતોષકારક નથી.

સમિતિએ નોંધ્યું હતું કે અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો અને વંશીય અને રાષ્ટ્રીય લઘુમતીઓ સામે સખત સામાજિક ભેદભાવ ચાલુ રહ્યા હતા. સામાજિક ભેદભાવોને સુદૃઢ કરતી જ્ઞાતિવાદને વાસ્તવિક રીતે કાયમી બનાવવા અંગે નારાજગી વ્યક્ત કરી આ સંબંધમાં સમિતિએ આ સહાયપાત્ર જૂથો સામે તમામ સ્વરૂપના ભેદભાવ નાબૂદ કરવા શૈક્ષણિક કાર્યક્રમો સહિત અપનાવવાનાં પગલાંની ભલામણ કરી હતી.

ભારતમાં સ્ત્રીઓના દરજ્જા અંગે ચર્ચા કરતાં, સમિતિએ આટલું નોંધ્યું (૧) જાહેર જીવનમાં સ્ત્રીઓનું ઓછું પ્રતિનિધિત્વ છે. અને(૨) ધર્મના આધારે બનેલાં અંગત કાયદા સ્ત્રીઓની સમતાનતાના હક્નો ભંગ કરે છે. તેણે કરાર સાથે સુસંગત હોય તેવા અંગત કાયદા ઘડવાની ભલામણ કરી. સાંસ્કૃતિક બહુવિધવાદના માનવહકના માપદંડ ધ્યાનમાં લઈ જાતિ ન્યાય સુનિશ્ચિત કરવા માટે કોમ આધારિત અંગત કાયદામાં સુધારો કરવાનું અનિવાર્ય હોવાનું જણાવ્યું.

સશસ્ત્ર દળ (ખાસ સત્તા) અધિનિયમ, લોક સલામતી અધિનિયમ અને રાષ્ટ્રીય સુરક્ષા અધિનિયમ જેવા કાયદા હેઠળની અશાંત વિસ્તારમાં ખાસ સત્તાઓ પર આધાર રાખવા અંગે પણ સમિતિએ તેમની ચિંતા વ્યક્ત કરી હતી.

સમિતિએ સશસ્ત્ર દળો સામેની સીધી ફરિયાદોની તપાસ કરવામાં રાષ્ટ્રીય માનવ હક આયોગ પરનાં નિયંત્રણો અને ફરિયાદો રજૂ કરવાની એક વર્ષની મુદત પણ દૂર કરવાની ભલામણ કરી હતી. તેણે બધાં રાજ્યોને માનવહક આયોગ રચવા પ્રોત્સાહન આપવાની પણ ભલામણ કરી.

સલામતી દળો સામાન્ય રીતે અને ખાસ કરીને કસ્ટડીમાં મૃત્યુ, બળાત્કાર અને ત્રાસ સંદર્ભમાં કાયદાના શાસનને માન આપતા નથી. તમણે કરેલી ભલામણોમાં, પોલીસ કસ્ટડીમાં દેખાતાં બંધ થવું (ભેદી રીતે અદશ્ય થઈ જતા દર્શાવવું), મૃત્યુ તથા બળાત્કારના કેસોમાં ફરજિયાત ન્યાયિક તપાસની અને કાયદાનો અમલ કરનાર અધિકારીઓ, કસ્ટોડિયલ અધિકારીઓ, સલામતી અને સશસ્ત્ર દળના અધિકારીઓ તેમજ જજ અને વકીલોને માનવ હકના ક્ષેત્રમાં તાલીમ અને શિક્ષણ વગેરે બાબતો સમાવિષ્ટ હતી.

રદ કરેલા 'ટાડા' અધિનિયમની જોગવાઈ હેઠળ ૧૬૦૦ માણસોની અટકાયત ચાલુ રાખવા અંગે પણ સમિતિએ નોંધ લીધી હતી.

સમાપનના ફકરામાં ભારતનું ધ્યાન દોરવામાં આવ્યું હતું કે ૩૧મી ડિસેમ્બર ૨૦૦૧ના રોજ મોકલવાના થતા "હવે પછીનાં સામયિક અહેવાલ"માં આ બધા સમાપન અવલોકનોનો પ્રતિભાવ આપે તેવી સામગ્રીની જરૂરિયાત નિયમો મુજબ હોવી જોઈએ. સમિતિએ ફરીથી વિનંતી કરી કે આ સમાપન અવલોકનોનો ભારતના બધા ભાગમાં સામાન્ય લોકોમાં વ્યાપક રીતે ફેલાવો કરવો.

### ૮.૪.૨ માનવહકને પ્રોત્સાહન કેવી રીતે આપવું

પ્રાદેશિક તંત્ર ઉપલબ્ધ નથી અને સંયુક્ત રાષ્ટ્રસંઘની માનવ હક સમિતિ જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ ઝાઝી અસરકારક નથી; તેથી પોતાના નાગરિકોના માનવહકનું રક્ષણ કરવા માટે રાષ્ટ્રીય સંસ્થાઓની જવાબદારી ઘણી મહત્ત્વની બની જાય છે. વળી, આંતરરાષ્ટ્રીય કરારો મુજબ, માનવહકની જોગવાઈઓનો અમલ કરવાની પ્રાથમિક જવાબદારી સંબંધિત રાષ્ટ્રની હોવાથી, પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય તંત્ર રચનાઓ રાષ્ટ્રીય સરકારોને ફક્ત ઉદ્દીપ્ત કરે છે. આંતરરાષ્ટ્રીય પ્રાદેશિક પ્રયત્નો,

વાતચીત, વાર્તાલાપ, માળખું, શિક્ષણ, માહિતીના આદાનપ્રદાન વગેરે બાબતો રાષ્ટ્રીય પ્રયત્નોને પૂરક બને છે.

રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના બધા અહેવાલ દેશનાં વિધાન મંડળોમાં મૂકવા જોઈએ અને તેની યોગ્ય ચર્ચા થવી જોઈએ.

**તમારી પ્રગતિ ચકાસો-૩**

૧. ભારતની માનવહક સ્થિતિ અંગે માનવહક સમિતિની ભલામણોની ચર્ચા કરો.

........................................................................................

........................................................................................

........................................................................................

........................................................................................

........................................................................................

## ૮.૫ સારાંશ (Let us Sum Up)

આ એકમમાં તમે આપણા દેશમાં માનવહકના રક્ષણ માટેની જુદી જુદી તંત્ર રચનાઓ અંગે વાંચી ગયા. તમે પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ પ્રવર્તતી આવી તંત્ર રચનાઓ વિશે પણ તમે શીખ્યા. આ એકમ વાંચ્યા બાદ, તમે માનવ હકનું રક્ષણ કરવા ભારતમાં છે. તેવી કેટલીક ખાસ સંસ્થાઓની કામગીરી, સત્તા અને કાર્યો સમજાવી શકશો. દાખલા તરીકે, રાષ્ટ્રીય માનવહક આયોગ, રાષ્ટ્રીય મહિલા આયોગ, રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ આયોગ વગેરે. આ એકમમાં દેશનાં સંવિધાનને તમને આપેલા અને ભારતે જેના પર સહી કરી છે તે આંતરરાષ્ટ્રીય માનવહક કરાર હેઠળ ખાતરી અપાયેલ મૂળભૂત હકના રક્ષણ અંગે જાગૃતિ કેળવવા તમને મદદરૂપ થવાનો છે.

## ૮.૬ અગત્યના શબ્દો (Key Words)

**દ્વિપત્નીત્વ / દ્વિપતિત્વ :** એકનું બીજા સાથે કાયદેસર લગ્ન થયું હોવા છતાં અન્ય વ્યક્તિ સાથે લગ્નવિધિ કરવાનું કામ.

**સમન્યાય :** કાયદા હેઠળ પૂરતો ઉપાય ન હોય ત્યારે વધુ સંતોષકારક ન્યાય આપવા તૈયાર કરેલ કાનૂની સિદ્ધાંતો.

**મુકદ્દમા :** દાવો માંડનારે લેવાનાં કાનૂની પગલાં, કાયદાનું એવું ક્ષેત્ર જે બધી બાબતો સાથે નિસ્બત ધરાવતું હોય.

**વિધાન :** સંસદ અથવા વિધાનસભાએ ઘડેલો કાયદો

**રિટ :** રાજ્યોનો લિખિત આદેશ, તે સામાન્ય રીતે કર્મચારી અથવા બીજી વ્યક્તિને કોર્ટ ઇસ્યુ કરે છે.

## ૮.૭ કેટલાંક ઉપયોગી પુસ્તકો (Some Useful Books)

'ઇન્ડિયા એન્ડ હ્યુમન રાઈટસ (ભારત અને માનવહક, (નવી દિલ્હી, લોકસભા સચિવાલય ૧૯૯૮)

કે. પી. સક્સેના (સંપા.) હ્યુમન રાઈટ્સ; ફીફટી ઇયર્સ ઓફ ઇન્ડિયાઝ ઇનડીપેન્ડસ.

(માનવ હક : ભારતની સ્વતંત્રતાનાં પચાસ વર્ષ) (નવી દિલ્હી, જ્ઞાન પબ્લિશિંગ હાઉસ ૧૯૯૯)

હ્યુમન રાઈટ્સ ઇન ઇન્ડિયા : ધી અપડેટ એમ્નેસ્ટી ઇન્ટરનેશનલ રિપોર્ટ (ભારતમાં માનવહક) એમનેસ્ટી આંતરરાષ્ટ્રીય સંસ્થાનો સુધારેલો અહેવાલ (નવી દિલ્હી, વિકાસ પબ્લિકેશન્સ, ૧૯૯૩)

રાષ્ટ્રીય માનવહક આયોગ : રાષ્ટ્રીય મહિલા આયોગ, રાષ્ટ્રીય અનુસૂચિ જાતિ અને અનુસૂચિત આદિજાતિ આયોગના વાર્ષિક અહેવાલ.

## ૮.૮ 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબ : સ્વાધ્યાય
(Answers to Check your Progress : Exercises)

**તમારી પ્રગતિ ચકાસો - ૧**

૧. જુઓ પેટા વિભાગ ૮.૩.૧ (ક)

૨. જુઓ પેટા વિભાગ ૮.૩.૨ (બ)

**તમારી પ્રગતિ ચકાસો-૨**

૧. જુઓ પેટા -વિભાગ ૮.૩.૨

૨. જુઓ પેટા વિભાગ ૮.૩.૩

**તમારી પ્રગતિ ચકાસો-૩**

૧. જુઓ પેટા વિભાગ ૮.૪.૧

ઈન્દિરા ગાંધી
નેશનલ ઓપન યુનિવર્સિટી

ડૉ.બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

# CHR-02

## સર્ટિફિકેટ ઈન હ્યુમન રાઈટ્સ
## માનવ હક અને ભારત

વિભાગ

# 4

## ખાસ વિભાગોના હક


એકમ ૯
સહાયપાત્ર જૂથ : મહિલાઓ અને બાળકો 04

એકમ ૧૦
લઘુમતીઓ, દલિતો અને આદિજાતિઓ 17

એકમ ૧૧
વૃદ્ધો, વિકલાંગો અને નિર્વાસિતો 28

# Expert Committee


| | | |
|---|---|---|
| Prof. Rajni Kothari | Justice Ranganath Mishra | Dr.Asghar Ali Engineer |
| Sh. Shankar Sen | Sh.H.Hanumanthappa | Sh. Rajmohan Gandhi |
| Prof. G.Hargopal | Prof.Imtiaz Ahmed | Dr. Nandita Haksar |
| Prof. V.S.Mani | Dr. D. Gopal | Sh. R. V. Pillai |
| Dr. R. M. Pal | Prof. Ram G. Takwale | Sh. Joseph Gathia |
| Dr. A.S. Narang | Prof. Ashwini Ray | Prof. Pandav Nayak. (Chairman and Convenor) |


## Progamme Coordinator and Editor : Prof. Pandav Nayak

### Block Preparation Team

| Unit No. | Writer | Editor | Acknowledgement | IGNOU faculty (Political Science) |
|---|---|---|---|---|
| 9 | Sh. Joseph Gathia | | | Dr. A.S.Narang |
| 10 | Sh. Joseph Gathia | | | Dr. D.Gopal |
| 11 | Ms.B. Kiranmayi | | Ms.Sumbul Rizvi | Dr. Anurag Joshi |
| | | | | Dr. S.V. Reddy |
| | | | | Sh. S.Venkatesh |
| | | | | Dr. Jagpal Singh |
| | | | | Prof Pandav Nayak |

**Block Coordinator** : Dr. D. Gopal **Assitance** : Sh. Ashutosh Chandra **Block Editor** : Sh. Joseph Gathia Sh.JagjeetSingh

**Project Coordinator :** Prof. A.S. Narang

**Material Production :** Prof. A.S.Narang


May 2002, (Reprint) Human Rights Project IGNOU.



© Indira Gandhi National Open University 2000



ISBN-81-266-(XX)8-X



All rights reserved. No pan of this work may be reproduced in any form, by mimeograph or any other means, without permission in writing from the Indira Gandhi National Open University.



Further information on the Indira Gandhi National Open University course may be obtained from the University's office at Maidan Garhi, New Delhi-110068.

Printed and Published on behalf of the Indira Gandhi National Open University New Delhi by Director (School of Social Sciences)]

**Laser type set and Printed at :** **Sudarshan Graphics,**
Kankaria, Ahmedabad - 380 028. Phone : 079-25430560
Year : 2010


આ પુસ્તિકામાંની અભ્યાસ - સમાગ્રી મૂળ ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી
નવી દિલ્હી દ્વારા તૈયાર કરવામાં આવી છે. તેની સંમતિથી
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (અમદાવાદ) એ
તેનો ગુજરાતી અનુવાદ કરાવી આ પુસ્તિકા પ્રસિદ્ધ કરી છે.

| **અનુવાદક** | |
| --- | --- |
| શ્રી સી.એમ. શાહ | ૩, આદીશ્વર એપાર્ટમેન્ટ,<br>ઝવેરીપાર્ક, નારણપુરા,<br>અમદાવાદ - ૩૮૦૦૧૩ |

| **પરામર્શક (વિષય)** | |
| --- | --- |
| ડૉ. બાબુલાલ મ. શાહ | ૩એ, જીવન જ્યોત સોસાયટી,<br>મનીષ હોલ સામે, નારણપુરા<br>અમદાવાદ - ૩૮૦ ૦૧૩. |

| **પરામર્શક (ભાષા)** | |
| --- | --- |
| શ્રી સી.એમ. શાહ | ૩, આદીશ્વર એપાર્ટમેન્ટ,<br>ઝવેરીપાર્ક, નારણપુરા,<br>અમદાવાદ - ૩૮૦૦૧૩ |

| **સંયોજન સહાય** | |
| --- | --- |
| ડૉ. હરીશ દેસાઈ | કુલસચિવ<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,<br>અમદાવાદ |

**પ્રકાશક**
**ડૉ. હરીશ દેસાઈ, રજિસ્ટ્રાર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ**
**આર.સી.ટેકનિકલ કંપાઉન્ડ, ગુજરાત હાઈકોર્ટ સામે, સોલા, અમદાવાદ**
**સર્વ હક્ક સ્વાધીન. આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈ પણ ભાગને ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમતિ વગર મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈ પણ રીતે પુનઃ મુદ્રિત કરવાની મનાઈ છે.**

# એકમ : ૯ સહાયપાત્ર જૂથ : મહિલાઓ અને બાળકો

## (The Vulnerable Groups : Women And Children)

રૂપરેખ :


૯.૦ ઉદ્દેશ

૯.૧ પ્રાસ્તાવિક

૯.૨ મહિલાઓના હક : મહિલાઓના હક એ માનવ હક

- ૯.૨.૧ ભારતમાં મહિલાઓ અંગેના કાયદા
- ૯.૨.૨ મહિલાઓ અંગે રાષ્ટ્રીય નીતિ

૯.૩ બાલિકા : દરજ્જો અને નીતિ

- ૯.૩.૧ જીવન જીવવાનો હક
- ૯.૩.૨ રક્ષણનો હક
- ૯.૩.૩ વિકાસનો હક
- ૯.૩.૪ ભાગીદારીનો હક

૯.૪ સરકારી નીતિઓ

- ૯.૪.૧ નાગરિકો અને સમાજની ભૂમિકા

૯.૫ બાળ મજૂરી : સમસ્યા

- ૯.૫.૧ બાળમજૂરીનો ટૂંકો ઇતિહાસ
- ૯.૫.૨. બાળમજૂરી શું છે ?
- ૯.૫.૩ બાળમજૂરોની સંખ્યા
- ૯.૫.૪ બાળમજૂરી માટેનાં મુખ્ય કારણો કયાં ?
- ૯.૫.૫ બાળમજૂરી સંબંધી કાયદા : રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય
- ૯.૫.૬ આંતરરાષ્ટ્રીય પ્રતિભાવ

૯.૬ સહાયપાત્ર જૂથોના માનવહકનું રક્ષણ

૯.૭ સારાંશ

૯.૮ મહત્ત્વનાં શબ્દો

૯.૯ કેટલાંક ઉપયોગી પુસ્તકો

૯.૧૦ 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબ : સ્વાધ્યા


## ૯.૦ ઉદ્દેશ (Objectives)

આ એકમના વાંચન પછી તમે :

- મહિલાઓના હક અને ભારતના સંવિધાનની સંબંધિત જોગવાઈઓ સમજાવી શકશો;
- બાલિકાઓની સ્થિતિ અને તે સંબંધી વિવિધ નીતિઓની ચર્ચા કરી શકશો;
- બાલમજૂરી સંબંધી નીતિઓ અને કાર્યક્રમોને સારી રીતે આત્મસાત્ કરી શકશો;
- સહાયપાત્ર જૂથોના માનવ હકના રક્ષણનું મૂલ્યાંકન કરી શકશો.

## ૯.૧ પ્રાસ્તાવિક (Introduction)

સહાયપાત્ર જૂથોના માનવ હકમાં, આવાં જૂથોના સમાજમાં વિકાસને અવરોધક સામાજિક, સાંસ્કૃતિક અને માળખાકીય અવરોધોને શોધી તેમને દૂર કરવાનું પણ સમાવિષ્ટ છે. આ પ્રક્રિયામાં કાનૂનને પણ મહત્ત્વની ભૂમિકા અદા કરવાની છે. કાયદાઓમાં બદલાવ લાવવાની સામાજિક માગ આવશ્યક છે. અથવા કાયદા દ્વારા તેમાં પરિવર્તન આવે છે એ ચર્ચામાં પડ્યા સિવાય એટલું સમજવું પૂરતું છે કે કાનૂન

અને સમાજ વચ્ચે હંમેશાં ગાઢ આંતરક્રિયા થતી હોય છે. અને આ આંતરક્રિયાને સામાજિક માળખાનું પ્રતિબિંબ તેમજ સામાજિક પરિવર્તનના માધ્યમ એમ બંને પ્રકારે જોઈ શકાય. બહુલક્ષી પરંપરાઓ જો કે સમાજમાં મહિલાઓના ઊતરતાં દરજ્જાના એક પ્રશ્નની નજીક લઈ જાય છે. મહિલાઓ સિવાય બીજાં પણ કેટલાક સહાયપાત્ર જૂથો છે - જેમ કે નિર્વાશ્રિતો, સ્થળાંતર કરી આવેલા મજૂરો, એઈડ્ઝ-ગ્રસ્ત લોકો, બાળમજૂરો વગેરે, સહાયપાત્ર પેટા - જૂથોમાં બાલિકાઓ અને બાળ મજૂરો છે. તેઓ તીવ્ર દમનનો સામનો કરી રહેલ છે અને તેમના હકનો ભંગ થઈ રહેલ છે. આ એકમમાં, આપણે બાલિકાઓ અને બાળમજૂરો ઉપર ધ્યાન કેન્દ્રિત કરીશું.

## ૯.૨ મહિલાઓના હક : મહિલાઓના હક અને માનવ હક
## (Righs of Women : Women's Rights are Human Rights)

ઑંગ સેન સૂ કુઈ વર્ષોથી મ્યાનમાર (બર્મા)માં નજર કેદ છે, કારણ કે તેણે લશ્કરી દળનો વિરોધ કર્યો. તેણે ૧૯૮૪માં સ્થાપેલ પક્ષ 'નેશનલ ફ્રન્ટ ફોર ડેમોક્રેસી' એ ૧૯૯૦ની ચૂંટણીમાં જ્વલંત વિજય પ્રાપ્ત કર્યો ત્યારે પણ તે અટકાયત હેઠળ હતી. લશ્કરી સરકારે આ ચૂંટણીનાં પરિણામોનો સ્વીકાર કરવાનો ઈનકાર કર્યો અને તેમના પક્ષના મોટા ભાગના નેતાઓની ધરપકડ કરી. તેને ૧૯૯૧માં શાંતિનું નોબેલ પ્રાઈઝ આપવામાં આવ્યું ત્યારે તેનું નામ અને તેની અટકાયત આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે જાણીતી થઈ ગઈ.

સુમતિ અનુસૂચિત જાતિ (જેને દલિત તરીકે ઓળખવામાં આવે છે) ની મહિલા છે. તે મધ્ય પ્રદેશના છેવાડા ગામમાં રહે છે. હિત ધરાવતા જોરદાર જૂથના વિરોધ છતાં તેણે પંચાયતની ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવી અને તે સરપંચ (ગામની સભાના વડા) તરીકે ચૂંટાઈ આવી. ગામના માથાભારે જૂથને આ ગમતી વાત ન હતી. તેથી તેઓએ સુમતિ પર હુમલો કર્યો. તેઆએ તેને પંચાયતની બેઠક જ બોલાવવા ન દીધી. પરંતુ તે પોતાના હક માટે લડી. અંતે, મધ્યપ્રદેશના મુખ્ય મંત્રી વચ્ચે પડ્યા અને સુમતિએ પ્રજાસત્તાક દિને જિલ્લા કેન્દ્ર પર ધ્વજ ફરકાવ્યા ઉપરાંત પોલીસ સલામી પણ ઝીલી. પરંતુ અનુસૂચિત જાતિ અને આદિજાતિની બધી મહિલાઓ આટલી ભાગ્યશાળી હોતી નથી.

**આવું માત્ર નિરક્ષણ ગ્રામીણ મહિલાઓ સાથે જ બને છે ?**

આપણે રેખા, ઉ. વ. ૨૬ વિશે વિચારીએ. તે સ્નાતક છે. એક બેન્ક કર્મચારી સાથે તેનાં લગ્ન થયા પછી રેખાએ એક નાનકડી પેઢીમાં કામ શરૂ કર્યું. તે પોતાના ઘરનું કામકાજ પતાવવા માટે સવારે વહેલી ઊઠી જાય છે. તેમજ રાત્રે પણ મોડી સૂઈ જાય છે. આટવી સખત મહેનત કરવા છતાં, તેનાં સાસરિયાં તરફથી પૂરતું દહેજ ન લાવવાના કારણસર તેને વારંવાર મહેણાં મારવામાં આવે છે.

તેણે જ્યારે એક દીકરીને જન્મ આપ્યો ત્યારે તો પરિસ્થિતિ વધારે ખરાબ થઈ. તેનાં સાસરિયાંએ હવે બીજી પ્રસૂતિ વેળાએ, તેને ગર્ભ-જાતિ પરીક્ષણ માટે જવા ચેતવણી આપી દીધી છે. "શા માટે ?" "પછીથી પાંચ લાખ ચૂકવવા પડે તે કરતાં અત્યારે જ પાચસો ખર્ચી નાખવા સારા." આવું તેઓ કહે છે. તેમનો નિર્દેશ આ રેખાની દીકરીને દહેજ આપવું પડશે તે પરત્વે છે. રેખાના સસરા તો સારા માણસ છે અને રેખા સાથે પોતાના પુત્રનાં લગ્ન દહેજની કોઈ પણ માગણી કર્યા વિના કરવાનું તેઓએ સ્વીકાર્યું હતું. હવે રેખા શું કરશે ? તમારા અડોશપડોશમાંથી તમને આવો કોઈ કિસ્સો જોવા મળેલ છે ?

ત્રણ જુદી જુદી પશ્ચાદ્‌ભૂમિકાવાળી આ ત્રણ મહિલાઓ, અત્યારના સમયગાળાની મહિલાઓનું પ્રતિનિધિત્વ કરે છે. જુદાં જુદાં કારણોસર સહન કરતી મહિલાઓનું તેઓ પ્રતીક છે અને તેઓ અમુક જૂથમાં રહેલી છે માટે તેમના માનવ હકનો ભંગ થાય છે. કોઈ પણ વ્યક્તિની સામાજિક વ્યક્તિ તરીકે ઓળખ માટે તેમની જૂથની ઓળખ અનિવાર્ય છે. કદાચ; અસરકારક અને અસલ માનવ હક સાર્વત્રિકતા માટે, કોઈપણ વ્યક્તિ માટે કોઈ પણ અપવાદ સિવાય, માનવ હક હક તરીકે મળે તે આવશ્યક છે.

આજે, વૈશ્વિક રીતે મહિલાઓને જોડતાં તત્ત્વો સર્વોત્કૃષ્ટતા પ્રાપ્ત કરતાં વર્ગો, ધર્મ, રાષ્ટ્રીયતા, વંશીય મૂળ છે. તેમને નકારવામાં અથવા ભંગ કરવામાં આવતાં માનવ હક પરત્વે તેમની સહાયપાત્રતા અને તેમના હકની પ્રાપ્તિ માટે તેમના સમર્પિત પ્રયાસો છે. આજના વિશ્વના, મોટાભાગના નિર્વાસિતો અને વિસ્થાપિતો તેમજ ગરીબમાં મહિલાઓ અને બાળકો વધારે પ્રમાણમાં છે. મહિલાઓ સાથેના ઘણા હક ભંગની વાતો બહાર આવતી નથી. કારણ કે તે વિશે કોઈ કંઈ કહેતું નથી.

ડિસેમ્બર ૧૯૯૩માં મહિલાઓ સાથે ભેદભાવની નાબૂદી માટેના સંયુક્ત રાષ્ટ્ર સંઘના ઠરાવ CEDAW 'સીડો' સ્વીકારવામાં આવ્યો છે અને આજે વિશ્વભરના કાર્યક્રમો માટે તે માર્ગદર્શક પરિબળ બની રહેલ છે.

**મહિલાઓ પરની હિંસા માટે માત્ર સરકાર જ જવાબદાર છે ?**

વાસ્તવમાં મહિલાઓ પ્રત્યે દુર્વ્યવહારની જવાબદારી સરકાર પૂરતી સીમિત નથી. રાષ્ટ્રીય અલગતાવાદી અને વંશીય જૂથો મહિલાઓ સામે હિંસાની એકસરખી પદ્ધતિઓ અજમાવે છે. મહિલાઓની હત્યા કરાય છે, તેમના પર બળાત્કાર થાય છે, તેમની સાથે દુર્વ્યવહાર થાય અને વિશ્વના લોકો દ્વારા તમામ પ્રદેશોના વિરોધી સશસ્ત્ર જૂથો તેને કેદી પણ બનાવે છે. મહિલાઓને બેવડી મુસીબતો છે. બહુ ઓછા દેશો પોતાના દેશના પુરુષને જેટલી સારી રીતે અને સભ્યતાપૂર્વક રાખે છે તેટલી તેમની મહિલાઓને રાખતા નથી.

સંયુક્ત રાષ્ટ્રસંઘના મહિલાઓ સામે હિંસા અટકાવવાની ઘોષણામાં તમા માનવ જાતિઓને સમાનતા, સલામતી, સ્વાતંત્ર્ય પ્રામાણિકતા અને ગૌરવને સાર્વત્રક રીતે લાગુ પાડવાનું કહેવાયું છે. કેટલાંક રાષ્ટ્રો હકનું અર્થઘટન પોતાનાં તત્ત્વજ્ઞાન અને સંજોગો અનુસાર કરે છે. પરંતુ જે ભોગ બનનાર છે તે શું વિચારે છે ? જે પોતાનાં હક માટે અડગ હોય તેના ઉપર બળાત્કાર ગુજારવામાં આવે છે. તે એવું વિચારશે કે તેના રાષ્ટ્રના માનવ હકને પોતાના રીતરિવાજો અનુસાર અર્થઘટન કરવાના હકને કારણે ચૂકવવી પડતી વાજબી કિંમત તેણે ચૂકવી છે. જે ગરીબ બાલિકાને રીતરિવાજને કારણે વેશ્યાવૃત્તિમાં ધકેલવામાં આવે છે તે શું એમ વિચારશે કે આ સાંસ્કૃતિક રીતે સ્વીકાર્ય એવી પદ્ધતિ છે ?

પ્લાસીના યુદ્ધ પછી અહીં સ્થાયી થયેલા બ્રિટિશરોએ થોડીક નિસ્બત તો દર્શાવી, પરંતુ તેમનો મુખ્ય ઉદ્દેશ તો વેપારનો હતો. આ સમયે રાજા રામમોહનરોય, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, દયાનંદ સરસ્વતી અને વિવેકાનંદ જેવા સામાજિક સુધારકોએ મહિલાઓના ઉત્કર્ષ માટે ચળવળ કરી. બ્રિટિશ સરકારે ૧૮૨૯ માં સતી પ્રતિબંધ કાનૂન પસાર કર્યો, ૧૮૫૬માં વિધવા પુર્નલગ્ન કાયદો પસાર કર્યો અને ૧૮૭૨માં કાનૂની લગ્ન (સિવિલ મેરેજ) અધિનિયમ પસાર કર્યો. ૧૮૭૮માં પરિણીત મહિલાઓ માટે મિલકતના હકનો કાયદો અને ૧૯૨૯માં બાળ લગ્ન પ્રતિબંધ કાયદો પસાર કર્યો વગેરે. સામાજિક સુધારણાને કારણે યુદ્ધ પછીના સમયની પરિસ્થિતિમાં પરિવર્તન શરૂ થયું.

સ્વાતંત્ર્ય બાદ, ભારતની સંવિધાનના ઘડવૈયાઓએ મહિલાઓની પરિસ્થિતિની સુધારણા માટે કેટલીક જોગવાઈઓ દાખલ કરી. ભારત સરકારે તૈયાર કરેલ ૧૯૭૪નો અહેવાલ "સમાનતા પ્રતિ : ભારતમાં મહિલાઓના દરજ્જા માટે સમુદાયનો અહેવાલ" પ્રસિદ્ધ થતાં એક પારવેધક પગલું ભરાયું.

અગાઉના ધુરંધરોએ મહિલાઓ માટે સમાન સામાજિક દરજ્જો મેળવવાની ઈચ્છા રાખી હતી. તો મહાત્મા ગાંધીજીએ તેમની વિશિષ્ટ દૂરંદેશીથી, મહિલાઓને ભારતીય સ્વાતંત્ર્યની લડતમાં જોડાવા અંગે આહ્‌વાન કર્યું.

**મહાત્મા ગાંધીએ કહ્યું :**

મહિલા એ પુરુષની સહભાગી છે, તેને પણ ઈશ્વરે સરખી માનસિક ક્ષમતા આપી છે. પુરુષની પ્રવૃત્તિઓની નાનામાં નાની વિગતોમાં પણ તેને ભાગ લેવાનો હક છે, તેને પણ પુરુષની જેમ સ્વાતંત્ર્ય અને સ્વતંત્રતાનો સમાન હક છે. પુરુષની જેમ તેને પણ પોતાના કાર્યક્ષેત્રના સર્વોત્તમ સ્થાને પહોંચવાનો હક છે. પુરુષ અને સ્ત્રીનો દરજ્જો સમાન છે, પરંતુ તે એકસરખો નથી. તેઓ એવી બેજોડ જોડી છે, જેઓ એક બીજાને પૂરક છે અને એક બીજાને મદદ કરે છે. તેથી એકના અસ્તિત્વ વિના બીજાનું અસ્તિત્વ વિચારવાનું પણ અશક્ય છે. તેથી આ વાસ્તવિક હકીકત પરથી એવું નિષ્પન્ન થાય છે કે બેમાંથી કોઈના પણ દરજ્જામાં કંઈક નુકસાન થાય તો બંનેને સરખુ નુકસાન થવાનું છે.

**૯.૨.૧ ભારતમાં મહિલાઓ અંગેના કાયદા**

ભારતના સંવિધાનના ઘડવૈયાઓએ સંવિધાનમાં વિશેષ પ્રકારે મહિલાઓના કલ્યાણને લગતી કલમો સામેલ કરી હતી. સંવિધાનની આ જોગવાઈઓ કાયદાઓ બનાવવા માટે માર્ગદર્શક રૂપ પુરવાર થાય છે.

આપણું સંવિધાન ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ના રોજ અમલમાં આવ્યું. સંવિધાને બક્ષેલા મૂળભૂત હક પૈકીનો એક હક કલમ ૧૯નો સમાનતાનો હક છે. સમાનતાની આ યોજના સંવિધાનીય પોતાના ત્રણ વિભાગોમાં પથરાયેલી છે.

- આમુખ
- મૂળભૂત હક
- રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો

સંવિધાનનું આમુખ દરજ્જા અને તકની સમાનતાની વાત કરે છે. મૂળભૂત હક કલમ ૧૪, ૧૫ અને ૧૬ નીચે સમાનતાની જોગવાઈ કરે છે. કલમ ૧૪માં સમાનતાનો સામાન્ય સિદ્ધાંત સમાવિષ્ટ છે.

રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો જુદા જુદા પ્રકારે સમાનતાના પ્રશ્ને ચર્ચા કરે છે. સંવિધાનના આ પ્રકરણમાં તે વ્યવહારુ સિદ્ધાંત પર ભાર મૂકે છે. તે એમ કહે છે કે રાષ્ટ્ર પોતાની નીતિ એવી દિશામાં ઘડશે, જ્યાં તેના નાગરિકો - સ્ત્રીઓ અને પુરુષોને એકસરખી રીતે જીવન નિર્વાહ માટે પૂરતાં સાધનો ઉપલબ્ધ થશે. (કલમ ૨૯(ક)), અથવા તો સ્ત્રીઓ અને પુરુષોને એકસરખા કામ માટે એક સરખું વેતન મળશે. (કલમ ૩૯ (ઘ)), અને સ્ત્રીઓ તથા પુરુષ કારીગરોના આરોગ્ય અને શક્તિનો દુરુપયોગ કરવામાં નહિ આવે (કલમ ૩૯(ક)). ઉપરાંત રાષ્ટ્રે કાર્ય માટે તેમજ માતૃત્વ રાહત માટે વાજબી અને માનવતાપૂર્ણ પરિસ્થિતિ સુનિશ્ચિત કરવા માટે પણ કાર્ય કરવાનું છે. (કલમ ૪૨).

ઓગણીસમી સદીના અંત ભાગમાં, લગ્ન માટે ઓછામાં ઓછી વય નિર્ધારિત કરતો કાયદો ઘડવામાં આવ્યો. લગ્ન માટે છોકરીની લઘુતમ વય વધારીને ૧૨ વર્ષ સુધી લઈ જવાના પગલા સામે સખત વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો. હિંદુ પરંપરા મુજબ તો સ્ત્રી માસિક ધર્મમાં આવે તે પહેલાં તેના લગ્ન કરી લેવામાં આવતાં હતાં. બાળલગ્ન પ્રતિબંધ અધિનિમય ૧૯૨૯માં પસાર થયો અને ૧૯૪૯માં તેમાં સુધારો થયો,. આજે આ કાયદા નીચે છોકરીની ઉંમર ૧૮ વર્ષ કરવામાં આવી છે. તેમ છતાં બાળલગ્નો તો થતાં જ રહે છે.

વળી અન્ય એક કાયદા દ્વારા સ્ત્રીઓના જીવન જીવવા અંગેના પાયાના હકની સુરક્ષા કરતો કાયદો ૧૮૨૯માં પસાર થયો અને તે દ્વારા સતી થવા સામે પ્રતિબંધ ફટકારવામાં આવ્યો. સતી થવા માટે પ્રોત્સાહન આપવાની અને તેનો ઉત્સવ મનાવવાના જંગલી રીતરિવાજને પ્રતિબંધિત કરતો સતી થવાનું નિવારવા માટેનો અધિનિયમ (કમિશન ઓફ સતી પ્રિવેન્શન એક્ટ) ૧૯૮૭માં પસાર થયો.

૧૮૫૬ માં વિધવા પુનઃ લગ્ન કાયદો પસાર થયો અને તે દ્વારા હિંદુ વિધવાને પુનઃ લગ્ન કરવાનો હક પ્રાપ્ત થયો. આજે દોઢ સદી જેટલો સમય વીતી ગયો છતાં વિધવાઓની સ્થિતિમાં કોઈ નોંધપાત્ર પરિવર્તન આવ્યું નથી.

મહિલાઓની સુરક્ષા માટે તમામ કાયદાઓમાં જેનો અમલ સૌથી મુશ્કેલ છે તે છે દાયજા (દહેજ) વિરોધી કાયદો. આ અંગે પ્રથમ કાયદો ૧૯૬૧માં પસાર કરવામાં આવ્યો અને ૧૯૮૪માં તેમાં સુધારો કરવામાં આવ્યો. દહેજ - મૃત્યુનાં કેસો અને મહિલાઓ સામેની હિંસાનાં અન્ય સ્વરૂપો, આ કાયદો અસ્તિત્વમાં હોવા છતાં નિરંતર ચાલ્યા જ કરે છે.

### ૯.૨.૨ મહિલાઓ અંગેની રાષ્ટ્રીય નીતિ

ભારતમાં, સંવિધાન દ્વારા આપવામાં આવેલી મહિલાઓ અંગેની વિવિધ ક્ષેત્રોમાંની સમાનતાને કારણે એવું કાનૂની માળખું ઉપલબ્ધ થયેલ છે જેની અંદર રહીને નીતિઓ ઘડવામાં આવી છે. ૧૯૭૦ સુધીના દશકાની 'કલ્યાણ'ની વિભાવનાથી માંડી છેલ્લાં ૫૦ વર્ષમાં નીતિ અંગેના અભિગમોમાં ઘણાં પરિવર્તનો આવ્યાં છે. ૧૯૮૦ના દશકામાં 'કલ્યાણ' ને સ્થાને 'વિકાસ'નો અને ૧૯૯૦ના દશકામાં 'સશક્તિકરણ'નો અભિગમ આવ્યો. મહિલાઓનાં કલ્યાણ અને વિકાસ પરત્વે સમર્પિત અને તેવાં મહિલાઓનાં જૂથોને વિવિધ પ્રકારની સહાયરૂપ માનવ હકલક્ષી સેવાઓ બજાવતી વિવિધ સંસ્થાઓએ તાલીમ, જાગૃતિ અભિયાન અને જાતીય સંવેદનશીલતા દ્વારા સક્ષમતા પેદા કરવાની બાબત ઉપર હવે ભારતની નીતિઓમાં મુખ્ય ઝોક રહ્યો છે.

તમારી પ્રગતિ ચકાસ ૧

નોંધ (૧) તમારા જવાબ માટે નીચેની ખાલી જગ્યાનો ઉપયોગ કરો.

(૨) આ એકમના અંતે આપેલા નમૂના રૂપ જવાબ સાથે તમારા જવાબ ચકાસો.

(૧) મહિલાઓનાં હક ટૂંકમાં દૃષ્ટાંતો સાથે સમજાવો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

(૨) મહિલાઓના દરજ્જામાં સુધારણા લાવવા માટેના સરકારના કાયદા અને નીતિઓ સમજાવો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

## ૯.૩ બાલિકા : દરજ્જો અને નીતિ (The Girl Child : Status and Policies)

ધર્મગ્રંથોએ બાલિકાઓ ઉપર મજબૂત પૈતૃક નિયંત્રણને સમર્થન પૂરું પાડ્યું છે. તેને એક બોજો, અભિશાપ અને જવાબદારી લેખવામાં આવે છે. જાતીય પક્ષપાત, બાલિકા માટે ઊંડા પૂર્વગ્રહો અને ભેદભાવની નીતિ, પુત્ર માટેની પસંદગીયુક્ત અપેક્ષા વગર કારણોસર સ્ત્રીભ્રૂણ હત્યા કે જન્મતાની સાથે જ બાલિકાની હત્યા થતી હોય છે. ભારતમાં પુરુષ-સ્ત્રીના જન્મ ગુણોત્તર એવું સૂચન કરે છે કે ભારતમાં સ્વાતંત્ર્ય બાદ પણ બાલિકાઓની પરિસ્થિતિમાં કંઈ જ સુધારો થયો નથી. બાળકના હકના કરારમાં સમાવિષ્ટ ચાર પ્રકારના હકના સંદર્ભમાં આપણે બાલિકાની પરિસ્થિતિ સંબંધી ટૂંકમાં સમીક્ષા કરીએ.

### ૯.૩.૧ જીવન જીવવાનો હક

પહેલું તો, બાલિકાને જન્મ લેવાનો હક નકારવામાં આવે છે. ગર્ભપાત, સ્ત્રીભ્રૂણ હત્યા અને બાલિકા શિશુની હત્યાના વધતા જતા બનાવો એ બાબતનો નિર્દેશ કરે છે કે બાલિકાઓનો આ સૌપ્રથમ અને અગ્ર હક સુનિશ્ચિત કરાયો નથી. વિશેષમાં, પ્રત્યેક બાલિકા અંગે, તેના જન્મ સમય અંગેની પૂર્ણ તૈયારીઓ તથા તેની માતાને પ્રસૂતિ પૂર્વે તેમજ પ્રસૂતિ સમયે અને પ્રસૂતિ બાદ સંભાળ લેવાનો હક આવશ્યક છે. બાલિકા અંગે, તેના ભૌતિક, શારીરિક અને માનસિક તથા સામાજિક વિકાસ માટે અનુરૂપ વાતાવરણ મેળવવાનો હક છે. પ્રત્યેક સામાજિક રીતે, શારીરિક રીતે કે માનસિક રીતે વિકલાંગ બાલિકાને સામાજિક ન્યાય અને સમાનતા તેમજ તાત્કાલિક નિદાન અને સારવારની સુવિધા મેળવવાનો હક છે. બાલિકાના હકો અંગે સામાજિક જાગૃતિની ભારતમાં જરૂર છે તેની તકલીફો પર ભાર આપવાનું જરૂરી છે. પ્રવર્તમાન પરિસ્થિતિ શું છે તે જોઈએ.

આપણા દેશમાં, ધાર્મિક માન્યતાઓ અને પરંપરાગત પ્રથાઓને કારણે બાલિકા પ્રત્યે ભેદભાવભર્યું વર્તન દાખવવામાં આવે છે. બાલિકાને તેના જન્મથી જ પરિવાર જેવા પ્રાથમિક જૂથમાં પણ તેની ભૂમિકાને સીમિત કરે તેવાં અનેક સામાજિક અને સાંસ્કૃતિક પરિબળો તેનાં હકને અસર પહોંચાડે છે. એક સરખા વય-જૂથમાં છોકરાઓ કરતાં છોકરીઓનો મૃત્યુ દર ઊંચો હોય છે.

શહેરી કેન્દ્રો કરતાં ગ્રામીણ વિસ્તારોમાં સ્ત્રી મૃત્યુ દર ઊંચો હોય છે. ગ્રામીણ બાલિકાઓમાં ઊંચા શિશુ મૃત્યુ દર નું કારણ જાતીય પક્ષપાત, ખોરાક જેવી બાબતમાં પણ છોકરાઓની સરખામણીમાં છોકરીઓને મળતાં દ્વિતીય સ્થાનને કારણે માતા અને શિશુ બાલિકાને પોષણમાં ખામી આવે છે. ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં પ્રાથમિક આરોગ્ય સંભાળ સેવાઓનું સ્તર નીચું હોય છે. તે પણ અન્ય કારણો પૈકી એક છે. ૧૯૦૧થી સ્ત્રી-પુરુષ જાતિ ગુણોત્તર સતત ઘટતું જોવા મળ્યું છે. ૧૯૦૧માં દર હજાર છોકરાઓના

જન્મ સામે છોકરીઓની સંખ્યા ૯૭૨ હતી અને ૧૯૫૧માં તેમાં ઘટાડો તથા તે સંખ્યા ૯૪૬ થઈ અને ૧૯૯૧માં તે ઘટીને ૯૨૯ થઈ. ભારતના સંવિધાનની કલમ ૨૧ના સંદર્ભમાં, જીવન જીવવાના હકમાં તેને પોતાના શરીર પરનો હક, પોતાના મન પરનો હક, પોતાના બાળપણ પરનો હક, પોતાના પરિવાર અને ગૃહ માટેના હકનો સમાવેશ થાય છે. પોતાના શરીર પરના હકમાં ગુનાહિત હુમલા સામે રક્ષણ તેમજ પરિવારમાં અને બહાર પણ બાલિકા સામે થતાં માનસિક અત્યાચાર સામે રક્ષણનો સમાવેશ થાય છે.

### ૯.૩.૨ રક્ષણનો હક

પોતાના શરીર પરના હકમાં નાની કુમળી વયે થતાં લગ્નથી રક્ષણ મેળવવાના હકનો સમાવેશ થાય છે. હાલમાં, કાયદા દ્વારા લગ્ન માટે ઠરાવેલ ઉંમર છોકરીઓ માટે ૧૮ વર્ષની છે. રાજસ્થાનમાં અને અન્યત્ર મોટા પાયા પર થતાં બાળલગ્નોની બાબત ઘણી જાણીતી છે. ૧૯૨૯ના બાળલગ્ન પ્રતિબંધક અધિનિયમ અન્વયે બાળલગ્ન કરતાં બાળકોના વાલીઓ પણ શિક્ષાને પાત્ર છે, પરંતુ લગ્ન તો કાયદેસર તેમજ બંધનકર્તા છે. હિંદુ લગ્ન અધિનિયમ અને મુસ્લિમ વ્યક્તિગત કાયદો (પર્સનલ લો) બાલિકાના લગ્નને તેનો માસિક ધર્મ શરૂ થતાં પહેલાં કરવાની છૂટ આપે છે. સામાજિક પરિસ્થિતિ જોતાં, બાલિકા પોતે કાયદાથી જાણકાર હોય તો, પણ તે પોતાનો આ હક અખત્યાર કરે એ શક્ય લાગતું નથી. તાજેતરનાં વર્ષોમાં બાળ-વેશ્યાવૃત્તિનો પ્રશ્ન બહુ અગત્યનો બનેલ છે. એક અભ્યાસ મુજબ, વેશ્યાવૃત્તિમાં સંકળાયેલી મહિલાઓ પૈકી ૩૦ ટકા તો ૧૬ વર્ષથી પણ નાની વયની છે. દેવદાસી પદ્ધતિ જેવા રિવાજોને નામે સંખ્યાબંધ બાલિકાઓને પણ વેશ્યાવૃત્તિમાં ધકેલવામાં આવતી હોય છે. સરકારે આવી બધી પદ્ધતિઓની સામે કડક કાયદા બનાવ્યા છે, પરંતુ સમસ્યા તો ચાલુ જ છે.

### ૯.૩.૩ વિકાસનો હક

તમામ સુસંસ્કૃત સમાજોએ સ્વીકારેલ માનવ હકનું મુખ્ય અંગ તકની સમાનતાનો સિદ્ધાંત છે. પરંતુ દરેક સમાજમાં કેટલાંક એવા જૂથ છે, જેમને શિક્ષણ માટેની અર્થપૂર્ણ પહોંચનો અભાવ છે. આમાં બાલિકાઓના જૂથનો પણ સમાવેશ થાય છે. મહિલાઓના સાક્ષરતાના દર સામે પુરુષોની સાક્ષરતાનો દર લગભગ બમણો જોવા મળે છે. શિક્ષણમાં મહિલાઓની ભાગીદારી કુલ શૈક્ષણિક પ્રવેશના ૧/૩ છે. જ્યારે તેમની વસતિ ૪૮ ટકા છે. શાળાએ જતા દર ૧૦૦ છોકરાઓ દીઠ શાળાએ જતી બાલિકાઓની સંખ્યા ૫૫ છે. ૬ થી ૧૧ વર્ષની વયજૂથની બાલિકાઓ પૈકી માત્ર ૬૮ ટકા જ પ્રાથમિક શાળામાં દાખલ થાય છે. ૧૧ થી ૧૪ની વયજૂથની બાલિકાઓ પૈકી માત્ર ૬૮ ટકા જ પ્રાથમિક શાળામાં દાખલ થાય છે. ૧૧ થી ૧૪ની વયજૂથમાં માત્ર ૨૪ ટકા બાલિકાઓ જ શાળાએ જાય છે. જ્યારે તે જ વયજૂથમાં ૫૪ ટકા છોકરાઓ શાળાએ જતા હોય છે. ઉચ્ચ શિક્ષણમાં દર ૧૦૦ છોકરા દીઠ છોકરીઓની સંખ્યા ૪૦ છે અને વ્યવસાયી શિક્ષણમાં દર ૧૦૦ છોકરાઓ સામે માત્ર ૧૫ છોકરીઓ છે.

### ૯.૩.૪ ભાગીદારીનો હક

અનુભવ એમ નિર્દેશ કરે છે કે આ મોરચે બહુ જૂજ પ્રગતિ થઈ છે. બાળકોનો આ હક, બાળકોના માહિતી મેળવવાના હક અને મુક્ત અભિવ્યક્તિના હક સાથે સંકળાયેલ છે. આપણે ભાગ્યે જ બાળકોને સાંભળીએ છીએ કે તેમના જીવનને સ્પર્શતા નિર્ણયો લેવાની બાબતમાં પણ તેમનો ભાગ્યે જ અભિપ્રાય લઈએ છીએ. શિક્ષણની બાબતમાં, તાલીમ માટે કે લગ્ન માટે છોકરીઓની તો લગભગ અવજ્ઞા જ થાય છે. આ પરિસ્થિતિમાં ફેરફાર થવો જરૂરી છે.

## ૯.૪ સરકારી નીતિઓ (Policies of the Government)

ભારત સરકારે 'સાર્ક' (સાઉથ એશિયન એસોસીએશન ફોર રિજીયોનલ કો-ઓપરેશન) ની રાષ્ટ્રી કાર્યયોજનાના બાલિકાઓનો દશકો (૧૯૯૧-૨૦૦૦)નો અમલ કર્યો : તેમાં બાલિકાઓ માટે વિવાહ રક્ષણ અને વિકાસ યોજનાના વિશેષ ધ્યેય નક્કી કરીને બાલિકાઓના દરજ્જામાં સમાનતા સુનિશ્ચિત કરવાનો ઉદ્દેશ હતો. તેમાં સામાજિક વલણો અને વર્તનની પદ્ધતિઓમાં બદલાવ લાવવાનો અનુરોધ હતો. સંકલિત બાળ વિકાસ યોજના (ICDS) અંતર્ગત કિશોરીઓ માટેની યોજનાઓ તથા કસ્તૂરબા ગાંધી શિક્ષણ યોજના વગેરે આ દિશામાં લેવાયેલાં કેટલાંક પગલાં હતાં.

તેમ છતાં, ભારત સરકારે, આરોગ્ય, શિક્ષણ અને સલામતી પ્રાપ્ત કરવામાં સમાનતા સુનિશ્ચિત કરીને બાલિકાઓનાં એકંદર દરજ્જામાં સુધારો લાવવાની તાત્કાલિક જરૂર છે. આ સમસ્યા પરત્વે અભિગમમાં બેવડે દોરે કાર્ય કરવાનું રહે છે.

એક તો, બાલિકાઓ માટેની રાષ્ટ્રીય કાર્ય યોજનાનો સઘન અમલ અને બીજું, બાલિકાઓનો એકંદર દરજ્જો ઊંચો લાવવા માટે સંકલિત યોજના શરૂ કરવી.

### ૯.૪.૧ નાગરિકો અને સામજની ભૂમિકા

બાળકો સાથે, સવિશેષપણે બાલિકાઓ સાથેના આપણા અનુભવો એમ સૂચવે છે કે, જે જથો બાકાત રહી ગયેલ છે તેમના ગૌરવનો અન્ય લોકો સ્વીકાર કરે છે. તેમાં બહારનાં જૂથો તેમના ઉપર દબાણ લાવે તે પદ્ધતિ કામ કરતી હોય છે. નાગરિકો અને બિનસરકારી સંગઠનો બાલિકાઓની પરિસ્થિતમાં સુધારો લાવવા માટે જે કાર્યક્રમો હાથ ધરી શકે તેના પ્રકારો વ્યાપક રીતે નીચે મુજબ હોઈ શકે :

- બાલિકાઓ પ્રત્યે વિધેયાત્મક સામાજિક વલણ પેદા કરવું, આ સમાજ, જે સૈકાઓથી બાલિકાઓ વિરુદ્ધ પૂર્વગ્રહો ધરાવે છે. તેમના વલણોમાં ફેરફાર લાવવાં માટે શિક્ષણ અને બીજાં માધ્યમો મારફત પ્રયાસો હાથ ધરવા.
- બાળલગ્નો બહુ જ ગંભીરતાપૂર્વક અટકાવવાં જોઈએ. બિનસરકારી સંગઠનો અને વ્યક્તિઓ સત્તાવાળાઓને બાળલગ્નો, સ્ત્રી-ભૃણ હત્યા, બાલિકા શિશુ હત્યા અને બાલિકાઓ સામેના અન્ય અત્યાચારો વિશેની માહિતી આપી શકે. જેથી યોગ્ય પગલાં લઈ શકાય. તેઓ ખાસ કરીને બાલિકાઓને લોહીનો વેપાર, અશ્લિલ ચિત્રોમાં બાલિકાઓનો ઉપયોગ, બાલિકા વેશ્યાવૃત્તિ વગેરે જે બાલિકાઓના શોષણનું આંત્યાંતિક સ્વરૂપ છે તે અંગે રાષ્ટ્રીય માનવ હક આયોગ (NHRC) તથા રાષ્ટ્રીય મહિલા આયોગ (NCW) ને માહિતી આપી શકાય. બિનસરકારી સંગઠનો, બાલિકાઓ જે વિશેષ પ્રકારે ભોગ બની રહેલ છે તેને અટકાવવા માટે કાર્યરત કાયદાઓનો અમલ કરનાર તંત્રને, તેમની ફરજો બજાવવામાં સહાય કરી શકે.
- બિનસરકારી સંગઠનો જાતિય ભેદભાવ સંબંધી કાયદાઓ તેમજ અન્ય સાંસ્કૃતિક વર્તનો જે બાલિકાઓના હકોનો ભંગ કરે છે તે સંબંધી લોકોને શિક્ષિત કરી શકે.
- આપણા સમાજમાં મહિલાઓ સામેના ભેદભાવમાં ધર્મના વિકૃત અર્થઘટને પણ ભાગ ભજવ્યો છે. બિનસરકારી સંગઠનો આવા પૂર્વગ્રહો નિવારવામાં અને ધર્મનો સાચો અર્થ સમાજને સમજાવવામાં મોટો ફાળો આપી શકે.

**તમારી પ્રગતિ ચકાસો-૨**

**નોંધ :** (૧) તમારા જવાબ માટે નીચેની ખાલી જગ્યાનો ઉપયોગ કરો.

(૨) આ એકમના અંતે આપેલા નમૂના રૂપ જવાબ સાથે તમારા જવાબ ચકાસો.

(૧) આજે ભારતીય સમાજમાં બાલિકાઓની સ્થિતિ વિશે ટૂંકમાં સમજાવો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

(૨) બાલિકાઓની સ્થિતિમાં સુઅધિનિયમે લાવવાની ભારત સરકારની નીતિઓ વિશે ટૂંકમાં સમજાવો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

## ૯.૫ બાળમજૂરી : સમસ્યા (Child Labour : The Problem)

અબ્દુલ ક્યારેય શાળાએ ગયો નથી. તે સવારે ૫-૦૦ વાગ્યે ઊઠે છે અને કામની શોધમાં નીકળે છે. તેને ક્યારેક બંગડી બનાવતા એકમમાં છૂટક મજૂરીના દરે કામ આપવામાં આવે છે. કરાર પદ્ધતિ હેઠળ અબ્દુલને રોજના રૂ. ૧૦ મજૂરી મળે છે. તે દસ કલાક કામ કરે છે. છ મહિનાના કામ પછી તેને ખરાબ ઉધરસ થાય છે. અબ્દુલની ઉંમર ૧૧ વર્ષની છે.

દૂર રહેતી કલાવતી પણ ૪-૦૦ વાગ્યે ઊઠી જાય છે. ગામમાં આવતી બસ તેને લઈ જાય છે. તે શિવાકાશીએ આવેલ ફટાકડાના એકમમાં કાર્ય કરે છે. થોડાક સમય પહેલાં જ બાજુના ફટાકડા બનાવતા એકમમાં ધડાકો થયો હતો અને ત્રણ બાળકો સહિત પાંચ વ્યક્તિઓનાં મૃત્યુ થયાં હતાં. કલાવતી ફિક્કી અને માંદી લાગે છે. તેની ઉંમર માત્ર ૧૦ વર્ષની છે. તે રાત્રે ૮-૦૦ વાગ્યે ઘરે પાછી ફરે છે. કલાવતીને ખબર પણ નથી કે શાળા શું કહેવાય કે રમવું કોને કહેવાય ?

અબ્દુલ અને કલાવતી એકબીજાથી હજારો કિલોમીટર દૂર રહે છે. છતાં તે બેઉની વચ્ચે કંઈક સામ્ય છે. તેઓ બંને બાળમજૂરો છે અને તેમને ખબર જ નથી કે 'બાળપણ' શું કહેવાય. આ બાળપણ તેમની પાસેથી છિનવાઈ ગયું છે. ભારતમાં તેમના જેવાં લાખો બાળકો છે. બાળમજૂરી શું છે તે સમજીએ.

### ૯.૫.૧ બાળમજૂરીનો ટૂંકો ઈતિહાસ

બાળમજૂરીનો ઈતિહાસ ઉદ્યોગીકરણ અને રાષ્ટ્રોના સાંસ્કૃતિક વિકાસ જેટલો જૂનો છે. તે આપણાં બાળકો પ્રત્યેના અભિગમ સાથે સંકળાયેલો છે. આંતરરાષ્ટ્રીય મજૂર સંગઠન (ILO) ની બાળકો માટેની પરિષદ ૧૯૧૯માં તેની સ્થાપનાના વર્ષમાં જ મળી હતી. ૧૯૭૩ના આંતર રાષ્ટ્રીય સંગઠન (ILO)ની ૧૩૮મી સભા "નોકરીમાં દાખલ થવા માટેની ન્યૂનત્તમ ઉંમર" સંબંધમાં હતી. તે ખૂબ અગત્યની હતી. તદુપરાંત ૧૯૩૦ની મહત્ત્વની ૨૯મી સભા "બળજબરીથી મજૂરી" સંબંધી હતી; તેમાં બાળગુલામીની પ્રથાને વખોડી કાઢવામાં આવી હતી. તાજેતરમાં બાળમજૂરીનો પ્રશ્ન સંયુક્ત રાષ્ટ્રસંઘની ઘણી સંલગ્ન સંસ્થાઓ વિશેષ કરીને આંતરરાષ્ટ્રીય મજૂર સંગઠન (ILO) અને યુનસેફ (UNICEF) માટે મહત્ત્વનો બની ગયેલ છે.

### ૯.૫.૨ બાળ મજૂરી શું છે ?

બાળમજૂરી માટેની કોઈ નિશ્ચિત વ્યાખ્યા નથી. બાળક શાળાએ જતો હોય અને પોતાની ખિસ્સા ખર્ચી માટે થોડી રકમ કમાય અથવા શાળાએથી છૂટ્યા પછી ઘરમાં પાછળ ૧- ૨ કલાક કામ કરી મદદરૂપ થાય. જે બાબત બાળકના વિકાસ માટે અવરોધરૂપ ન હોય તે બાળમજૂરી નથી.

આંતરરાષ્ટ્રીય મજૂર સંગઠને (ILO) તેની ૧૩૮મી પરિષદમાં, નોકરીમાં દાખલ થવા માટેની ન્યૂનત્તમ ઉંમર ૧૫ વર્ષ અથવા તેનું ફરજિયાત શિક્ષણ પૂરું કરે તે ઉંમર વધુ હોય તો તે, ઠરાવેલ છે. આ પરિષદે જોખમી પ્રકારના કાર્ય માટે ૧૮ વરસની ઉંમર ઠરાવી છે. હળવું કામ ૧૩ થી ૧૫ વર્ષ સુધીની ઉંમરે આપી શકાય. ન્યૂનત્તમ ઉંમર માટેના આ કરાર સાથે જ્યારે કોઈ પણ રાષ્ટ્ર સંમતિ દર્શાવે છે ત્યારે રાષ્ટ્રના કાયદાઓમાં આ ઉંમર મર્યાદા દર્શાવવામાં આવતી હોય છે. "કામ" શબ્દનું પણ દરેક દેશમાં અર્થઘટન એકસરખું થયું નથી. બાળક દ્વારા કરાતાં દરેક કામને બાળમજૂરી ગણાવવામાં આવતી નથી. બાળમજૂરીમાં એવા કાર્યનો સમાવેશ થાય છે. જે 'શારીરિક કે માનસિક આરોગ્ય માટે સલામતી કે વિકાસ માટે હાનિકર્તા હોય' તેમ બાળકો માટેના હકોના સંયુક્ત રાષ્ટ્રસંઘના કરારમાં દર્શાવવામાં આવેલ છે.

ભારતના બાળમજૂરી અંગેના કાયદામાં બાળમજૂરી અંગેની ન્યૂનતમ ઉંમર ૧૪ વર્ષ કે તેથી ઓછી દર્શાવવામાં આવી છે. આંતરરાષ્ટ્રીય મજૂર સંસ્થા (ILO) હવે બાળમજૂરી માટેના સૌથી ખરાબ સ્વરૂપો ઉપર એક નવો કરાર તૈયાર કરી રહેલ છે. જેમાં ૧૮ વર્ષથી નીચેની ઉંમરવાળાને બાળમજૂર ઠરાવવામાં આવશે.

**તમારી પ્રગતિ ચકાસો-૩**

નોંધ : (૧) તમારા જવાબ માટે નીચેની ખાલી જગ્યાનો ઉપયોગ કરો.

(૨) આ એકમના અંતે આપેલા નમૂના રૂપ જવાબ સાથે તમારા જવાબ ચકાસો.

૧. 'બાળમજૂરી' શબ્દનો અર્થ સમજાવો.

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

૨. નીચેનાં વિશે ટૂંકી નોંધ લખો :

ક) બાળમજૂરોએ સામનો કરવો પડતો હોય તેવી સમસ્યાઓ.

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

ખ) દીકરીનો જન્મ

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

ગ) મોટર ગેરેજમાં કામ કરતો બાળક

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

૩. નીચેનાં ટૂકાં રૂપોનું વિસ્તરણ કરો :

(ક) ILO

(ખ) UNICEF

.......................................................................................

.......................................................................................

### ૯.૫.૩ બાળમજૂરોની સંખ્યા

જુદી જુદી સંસ્થાઓ વચ્ચે ભારતમાં બાળમજૂરોની સંખ્યા પરત્વે એકમતી નથી. તેમ છતાં વાસ્તવિક સંખ્યા જોતા અથવા કુલ મજૂરોની સરખામણીમાં બાળમજૂરોની સંખ્યાની દૃષ્ટિએ ભારતમાં બાળમજૂરીનું પ્રમાણ ઘણું ઊંચું છે. ૧૯૯૧ની વસતિ ગણતરીમાં ૧૧૨ લાખ પૂરા સમયના અને ૧૦૭ લાખ અર્ધ સમયના બાળ મજૂરો ભારતમાં હોવાનો અંદાજ હતો. જો કે બિનસરકારી સંગઠનો એમ કહે છે કે બાળમજૂરોની ખરેખર સંખ્યા ઘણી મોટી છે.

મીરઝાપુરનો કાર્પેટ ઉદ્યોગ, ફીરોઝાબાદનો કાચ ઉદ્યોગ, શિવાકાશીમાં દીવાસળી તથા ફટાકડા બનાવવાનો ઉદ્યોગ, જયપુર અને સુરતમાં હીરા-ઝવેરાત ઘસવાનો ઉદ્યોગ, મોરાદાબાદમાં પિત્તળના સામાનના એકમો, કાશ્મીરમાં કાર્પેટ બનાવનારાઓ અને અલિગઢમાં તાળાં ઉદ્યોગ એ એવાં ક્ષેત્રો છે, જ્યાં બાળમજૂરોની સંખ્યા ઘણી મોટી છે.

### ૯.૫.૪ બાળમજૂરી માટેનાં મુખ્ય કારણો કયાં ?

બાળમજૂરી બાબતમાં કોઈ એક ખાસ કારણ દર્શાવી શકાય તેમ નથી. જો કે મોટા ભાગનાં બાળકો એટલા માટે કાર્ય કરે છે કે તેમના પરિવારો ગરીબ છે, પરંતુ તે કોઈ એક માત્ર કારણ નથી. ન્યાયપૂર્તિ પી. એન. ભગવતીએ કહ્યું છે, "એ તો ભ્રામક માન્યતા છે કે બાળ મજૂરી એ વ્યાપક ગરીબીનું પરિણામ છે. આ ભ્રમને દૂર કરવો જ રહ્યો. બાળમજૂરી એક એવું પરિબળ છે, જેનાથી ગરીબીને પ્રોત્સાહન મળે છે અને તેને ગરીબી સાથેનું આવશ્યક સહયોગ ગણીને તેની અવગણના કરવાનું સાચું નથી."

બાળમજૂરી અસમાન આર્થિક સ્થિતિમાંથી પેદા થાય છે. તેમાં આર્થિક વૃદ્ધિના લાભ બધાને મળતા નથી.

### ૯.૫.૫ બાળમજૂરી સંબંધી કાયદા : રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય

છેલ્લાં એકસો વર્ષ દરમિયાન ભારતમાં બાળમજૂરી સંબંધી ૨૪ કાયદા બન્યા છે. આ શ્રેણીનો પ્રથમ કાયદો ૧૮૮૧ નો Functions Ac તેમાં બાળમજૂરી માટે ન્યૂનત્તમ ઉંમર સાત (૭) વર્ષની ઠરાવવામાં આવી હતી એ તેમા ૧૦૦ કે તેથી વધુ કામદારોને રોજગારી આપતાં કારખાનાને સમાવી લેવામાં આવ્યાં હતાં. ૧૯૩૮માં બાળમજૂરી સંબંધી કાનૂન અસ્તિત્વમાં આવ્યો. નવા કાયદાઓમાં બાળમજૂરી સંબંધી ઉંમર મર્યાદા વધારીને ૧૪ વર્ષ કરવામાં આવી, અને 'કારખાના'ની વ્યાખ્યામાં ફેરફાર કરીને જેમાં ૨૦ કે તેથી વધુ કામદારો કામ કરતા હોય તેને કારખાનું ગણવામાં આવે તેમ ઠરાવ્યું.

૧૯૭૯માં ગુરુપદસ્વામી સમિતિની ભલામણોને પરિણામે સરકારે ૧૯૩૮ના કાયદામાં ફેરફાર કર્યો અને ૧૮૮૬માં બાળમજૂરી (પ્રતિબંધ અને નોંધણી) અધિનિયમ પસાર કર્યો. આ કાયદાની જોગવાઈઓ અત્યાર સુધીના બાળમજૂરી સંબંધી તમામ કાયદાઓની ઉપર હતી. ભારત સરકારે ૧૯૮૭ માં બાળમજૂરી સંબંધી નીતિ ઘડી. આ નીતિના મુખ્ય હેતુઓ બાળમજૂરો માટે કાનૂની શૈક્ષણિક, આરોગ્ય સેવાઓ અને જનજાગૃતિ હતાં.

### ૯.૫.૬ આંતરરાષ્ટ્રીય પ્રતિભાવ

સંયુક્ત રાષ્ટ્રસંઘના બાળમજૂરી નાબૂદી સંબંધી કાર્યક્રમો, ફરજિયાત અને મફત શિક્ષણ, બાળમજૂરીનો દુષણો સંબંધી વ્યાપક જાગૃતિનો બાળમજૂરીના ક્ષેત્રે રાષ્ટ્રીય કાયદાઓનો કડક અમલ અને બાળમજૂરીનાં પ્રશ્ન, આંતરરાષ્ટ્રીય સાધનો સંબંધી વ્યાપક જાગૃતિ વગેરે હતાં. યુનિસેફ (UNICEF) અને આંતરરાષ્ટ્રીય મજૂર સંગઠન (ILO) જેવી સંયુક્ત રાષ્ટ્રસંઘની સંસ્થાઓના મુદ્દા અગ્રતાનાં ધોરણે હાથ ધરેલ છે. આંતરરાષ્ટ્રીય મજૂર સંસ્થા (ILO) અને બાળમજૂરી નાબૂદી સંબંધી આંતરરાષ્ટ્રીય કાર્યક્રમો (IPEC) નામે ઓળખાતો કાર્યક્રમ બાળમજૂરી દૂર કરવા અને શિક્ષણને પ્રોત્સાહન કરવા અંગે હાથ ધરેલ છે.

**આ ક્ષેત્રે શું કરી શકાય ?**

બિન સરકારી સંગઠનો અને વ્યક્તિઓ નીચેની પ્રવૃત્તિઓ હાથ ધરી શકે.

- બાળકોના હક સંબંધી જુદા જુદા પ્રકારના રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કાયદાઓ સંબંધી લોકોમાં જાગૃતિ પેદા કરવી.
- બાળકોનાં હિતોને નુકસાન કરે તેવાં જાહેર નીતિઓ અને કાર્યક્રમોનો વિરોધ કરવો;
- બાળકોના હકના રક્ષણ માટે પ્રચાર અને હિમાયત; અને
- બાળમજૂરો પૈકીના વિશિષ્ટ લક્ષિત જૂથો અંગે પુનઃ સ્થાપન અને કલ્યાણ પ્રવૃત્તિઓ.

નાગરિકો અને બિનસરકારી સંગઠનો આ ઉપર દર્શાવેલી પ્રવૃત્તિઓમાં ભાગ લે, પરંતુ સરકારે બાળકોને પ્રકાશમાં લાવવા માટે યોગ્ય એવી નીતિઓ અને કાર્યક્રમો ઘડવા માટે મહત્ત્વની ભૂમિકા નિભાવવાની છે.

## ૯.૬ સહાયપાત્ર જૂથો માનવ હકનું રક્ષણ

(Protection of Human Rights of Vulnerable Groups)

સહાયપાત્ર જૂથોના માનવ હકનું રક્ષણ કરવા માટે કેટલીક પદ્ધતિઓ છે. તેનાથી કોઈ વ્યક્તિ અથવા બિનસરકારી સંગઠનો ભોગ બનેલાને મદદ કરી શકે અથવા એવું કોઈ પગલું લેવાની પહેલ કરી શકે. માનવ હક માટેના ઘણા કરાર કે સમજૂતીઓ જે જુદી જુદી સરકારો વચ્ચે સ્વીકારાયેલી છે. રાષ્ટ્રીય કે સ્થાનિક કક્ષાના બિનસરકારી સંગઠનોએ તર્કસંગત રીતે એ વિચારવું જોઈએ કે આ તંત્રો - પ્રયુક્તિઓ તેમના કાર્યોમા કેવી રીતે સહાયક બની શકશે. જો કે, આંતરરાષ્ટ્રીય પગલાં કંઈક અપીલ કરી શકે, પરંતુ તેને માટે અહેવાલો મોકલવાની અને આંતરરાષ્ટ્રીય પ્રક્રિયાઓનો ઉપયોગ કરવાની બાબતો ખૂબ જ સમય અને સાધનો માગી લે છે તે છતાંય તેનાં પરિણામો મર્યાદિત માત્રામાં જ આવતાં હોય છે. તેથી હવે તો એ જ સલાહભર્યું માનવામાં આવે છે કે સંયુક્ત રાષ્ટ્રસંઘની એજન્સીને અપીલ કરવા કરતાં રાષ્ટ્રીય કક્ષાએ ઉપલબ્ધ તેવા માર્ગો જ પસંદ કરવા જોઈએ. તેથી કોઈ પણ વ્યક્તિ કે બિનસરકારી સંગઠન કોઈ આંતરરાષ્ટ્રીય વ્યવસ્થાનો ઉપયોગ કરવાની વિચારણા કરે તે પહેલાં તેણે રાષ્ટ્રીય વ્યવસ્થાનો ઉપયોગ કરવાથી શરૂઆત કરવી જોઈએ.

રાષ્ટ્રીય કક્ષાએ આવા હેતુ માટે મુકદ્દમાં દાખલ થઈ શકે. બિનસરકારી સંગઠનો અથવા વ્યક્તિઓએ જે પ્રશ્ન હોય તે હકોના મુખ્ય અંશોનો હિસ્સો છે કે કેમ તે બાબતે સંબંધિત સંસ્થાનો અભિપ્રાય કે ભલામણ મેળવવી જોઈએ.

રાષ્ટ્રીય કક્ષાએ આપણી પાસે સહાયપાત્ર જૂથોને ટેકો પૂરો પાડી શકે તેવી કેટલીક માનવ હક સંસ્થાઓ છે. આ પૈકી મુખ્ય રાષ્ટ્રીય માનવ હક આયોગ (NHRC) છે. કોઈ પણ વ્યક્તિ કે બિનસરકારી સંગઠન માનવ હકના ભંગના બનાવની વિગતોની કમિશનને પત્ર લખીને જાણ કરે તો પણ કમિશન તેને ફરિયાદ તરીકે ગણીને લક્ષ આપે. રાષ્ટ્રીય મહિલા આયોગ (NCW) પણ આવી જ મહિલાઓના હકોનું રક્ષણ કરવા માટે પ્રતિબદ્ધ સંસ્થા છે. તેનું કેન્દ્રબિંદુ બાલિકાઓને બાળવેશ્યાઓ અને હિંસાનો ભોગ બનેલી મહિલાઓ જેવી, જરૂરિયાતમંદ મહિલાઓને રક્ષણ પુરું પાડવાનું છે.

**તમારી પ્રગતિ ચકાસો-૪**

નોંધ : (૧) તમારા જવાબ માટે નીચેની ખાલી જગ્યાનો ઉપયોગ કરો.

(૨) આ એકમના અંતે આપેલા નમૂનારૂપ જવાબ સાથે તમારા જવાબ ચકાસો.

૧. બાળમજૂરી સંબધી રાષ્ટ્રીય નીતિની ત્રણ મુખ્ય લાક્ષણિકતાઓ વર્ણવો.

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

૨. સહાયપાત્ર (Vulnerable) જૂથોના હકો સંબંધી ટૂંકમાં ચર્ચા કરો.

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

૩. નીચેનાં ટૂંકા રૂપોનાં વિસ્તૃત રૂપ બતાવો :
(ક) IPEC (ખ) NHRC (ગ) NCW

.........................................................................................

.........................................................................................

.........................................................................................

.........................................................................................

.........................................................................................

.........................................................................................

## ૯.૭ સારાંશ (Let us Sum Up)

ઉપરની ચર્ચામાં આપણે જોયું કે સહાયપાત્ર (Vulnerable) જૂથ, ખાસ કરીને બાલિકાઓ, બાળમજૂરોને સૌથી વધુ સહન કરવું પડે છે. માનવ હક પ્રાપ્ત કરવાનો માર્ગ સરળ નથી, પરંતુ ક્યાંક શરૂઆત કરવી પડશે, બાલિકાઓની તથા બાળમજૂરોની સમસ્યાઓના અભ્યાસે આપણને આ સમસ્યાની ગતિશીલતાનું ભાન કરાવ્યું છે અને આ પરિસ્તિતિ હળવી કરવા માટે શું કરી શકાય તે પણ સમજાવ્યું છે. તદ્દુપરાંત આપણે, સહાયપાત્ર (Vulnerable) જૂથોના માનવહકોનું રક્ષણ કરવા માટે પ્રવૃત્ત એવી આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય સંસ્થાઓ વિશે પણ શીખ્યા. આ જ્ઞાન આપણને, આવા સહાયપાત્ર (Vulnerable) જૂથો સાથે રોજબરોજના કાર્યક્રમોમાં ઉપયોગી બની શકે.

## ૯.૮ મહત્ત્વના શબ્દો (Key Words)

| | | |
|---|---|---|
| MDBS - Multilateral Development Banks | : | બહુલક્ષી વિકાસ બેન્ક |
| Subservient | : | હાથ નીચેનું, ઊતરતું |
| Exploitative Conditions | : | અન્યનો ગેરલાભ લે તેવી સ્થિતિ; શોષણની પરિસ્થિતિ |
| Deprivation | : | વંચિતતા; વ્યક્તિ પાસે હોવી જોઈએ |
| Taboo | : | અમાન્ય; નિષિદ્ધ |
| IPEC | : | International Programme for |
| Elimination of Child Labour | : | આંતરરાષ્ટ્રીય બાળમજૂરી નાબૂદી માટેનો કાર્યક્રમ |

## ૯.૯ કેટલાંક ઉપયોગી પુસ્તકો (Some Useful Books)

Baxi Upendra, 1985 Child Labour in India, New Delhi, Indian Social Institute 14 November (mimeo)

Burra Neera, 1494 Boru to work, New Delhi, Oxford University Press.

Gathiua Joseph. 1992 Analytical Study of Child Labour, Centre of Concern for Child Labour, New Delhi.

Neational Human Rights Commission's Annual Repor, 1996.

Saxena K.P. (1999) Human Eight, Fifty years of India's Independence

Gyan Publishing House, New Delhi.

## ૯.૧૦ 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબ : સ્વાધ્યાય

## (Answers to Check Your Progress : Exercises)

**તમારી પ્રગતિ ચકાસો ૧**

૧. મહિલાઓના હક વિશે કેસ અભ્યાસ કે દૃષ્ટાંતો સાથે લખી શકાય. આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ, દલિત મહિલાઓનાં દૃષ્ટાંતો અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓની ભૂમિકા દર્શાવવી.

૨. સંવિધાનની કલમ ૧૪ અને રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોના સંદર્ભમાં મહિલાઓ સંબંધી કાયદા, સતી થવા અંગે પ્રતિબંધના કાયદા વિશે પણ લખી શકો.

**તમારી પ્રગતિ ચકાસો ૨**

૧. પેટા વિભાગ ૯, ૩, ૧ અને ૯.૩.૨ જોઈને કેટલાંક દૃષ્ટાંતો સાથે તમારો જવાબ લખી શકો.

૨. વિભાગ ૯.૪ અને પેટા વિભાગ ૯.૪.૧માંથી તેમજ નાગરિકો અને સમાજની ભૂમિકામાંથી તમારો જવાબ લખવા પ્રયાસ કરો.

**તમારી પ્રગતિ ચકાસો ૩**

૧. જુઓ વિભાગ ૯.૫ કેટલાંક વધુ દૃષ્ટાંતો પણ લખો.

૨. જુઓ પેટા વિભાગ ૯.૫.૧ અને ૯.૫.૨

૩. ILO - International Labour Organisation - આંતરરાષ્ટ્રીય મજૂર સંસ્થા

UNICEF - United Natioans International Children's Education Fund - 'યુનિસેફ' - સંયુક્ત રાષ્ટ્રસંઘનું બાળકોના શિક્ષણ અંગેનું આંતરરાષ્ટ્રીય ફંડ

**તમારી પ્રગતિ ચકાસો ૪**

૧. જુઓ વિભાગ ૯.૬

૨. સહાયપાત્ર જૂથોના હક માટે બિનસરકારી સંગઠનોની ભૂમિકા તમારી ભાષામાં લખો.

૩. IPEC - International Programme on Eliminations of Child Labour

બાળમજૂરી દૂર કરવા માટેના આંતરરાષ્ટ્રીય કાર્યક્રમ

NHRL - National Human Rights Commission for Women

રાષ્ટ્રીય મહિલા માનવહક આયોગ

## એકમ ૧૦ : લઘુમતીઓ, દલિતો અને આદિજાતિઓ
## (Minorities, Dalits and The Tribals)

રૂપરેખા :

૧૦.૦ ઉદ્દેશ
૧૦.૧ પ્રાસ્તાવિક
૧૦.૨ લઘુમતીઓ
 ૧૦.૨.૧ તેમને આવું જોવા મળ્યું
 ૧૦.૨.૨ ભારતમાં પરિસ્થિતિ
 ૧૦.૨.૩ શું કરી શકાય ?
૧૦.૩ અનુસૂચિત જાતિઓ (દલિતો)
 ૧૦.૩.૧ આજની પરિસ્થિતિ
 ૧૦.૩.૨ શું કરી શકાય ?
૧૦.૪ આદિજાતિઓ
 ૧૦.૪.૧ આદિજાતિઓ કોણ છે ?
 ૧૦.૪.૨ ભારતમાં આદિજાતિઓ
 ૧૦.૪.૩ જમીન અને સંસાધનોથી અલિપ્તતા
 ૧૦.૪.૪ સંસ્કૃતિથી અલિપ્તતા
 ૧૦.૪.૫ સામૂહિક નિરક્ષરતા
 ૧૦.૪.૬ આરોગ્ય
 ૧૦.૪.૭ શું કરી શકાય ?
 ૧૦.૪.૮ બિનસરકારી સંગઠનોની ભૂમિકા
 ૧૦.૪.૯ વ્યક્તિઓની ભૂમિકા
૧૦.૫ સારાંશ
૧૦.૬ મહત્ત્વના શબ્દો
૧૦.૭ કેટલાંક ઉપયોગી પુસ્તકો
૧૦.૮ 'તમારી પ્રગતિ ચકાસો.ના જવાબ : સ્વાધ્યાય

## ૧૦.૦ ઉદ્દેશ (Objectives)

આ એકમના વાંચન પછી તમે,

- લઘુમતીઓના પ્રશ્નો વિશે વર્ણન કરી શકશો;
- લઘુમતીઓના હક અને આ હકની બહેતર સુરક્ષા માટેની સંવૈધાનિક જોગવાઈઓનો અર્થ સમજાવી શકશો;
- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, લઘુમતીઓ, નિર્વાસિતો અને વિસ્થાપિત લોકો જેવા કેટલાક વધુ જૂથો વિશે શીખી શકશો; અને
- આ એકમની ચર્ચાને તમારા રોજબરોજના અનુભવો સાથે જોડી શકશો અને આ સમજને, તેમના માટે એકતા માટેની યોગ્ય આયોજિત કાર્ય માટે ઉપયોગમાં લઈ શકશો.

## ૧૦.૧ પ્રાસ્તાવિક (Introduction)

આ પહેલાંના એકમમાં આપણે સહાયપાત્ર જૂથો (Valnerable Groups) નો અર્થ સમજાવવાનો પ્રયાસ કર્યો અને મહિલાઓ તથા બાળમજૂરો વિશે આવાં જૂથો તરીકે માહિતી મેળવી. આ એકમમાં, આ વિષયના વધારે ઊંડાણમાં આપણે જોઈશું. તેમાં આપણે કેટલાક બહુ સાંભળેલા શબ્દો જેવા કે લઘુમતીઓ

અને અનુસૂચિત જાતિઓ (જેઓ મોટે ભાગે દલિતો તરીકે ઓળખાય છે.)નો તથા અનુસૂચિત આદિજાતિઓ (જેઓનો ઘણીવાર આદિવાસીઓ તરીકે ઉલ્લેખ થાય છે) વિશે શીખીશું.

અત્યારે આપણે બહુ કટોકટીભરી પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યા છીએ. એક સામાન્ય લાગણી એવી છે કે ભારત એકવીસમી સદીમાં મહાસત્તા તરીકે ઊભરી આવશે અને એક ઉજ્જવળ ભવિષ્ય તેને સલામ કરશે. તેમ છતાં, ભવિષ્યની શક્યતાઓને કારણે આજની વાસ્તવિકતાઓ તરફ આંખ મિંચામણાં કરી શકાય નહિ. સહાયપાત્ર જૂથોના માનવ હકના ભંગને આપણે ભારતીય સમાજમાં વ્યાપક પરિપ્રેક્ષ્યમાં તપાસવું પડશે. તમે ઘણી વખત એવું નથી વિચારતા કે " આ બધું 'હું' કેવી રીતે કરી શકું ? હું તો એક વિદ્યાર્થી માત્ર છું. પરંતુ આપણી બધાની પાસે હકનો તેમજ ફરજોનો હિસ્સો છે. સામાજિક વ્યક્તિ તરીકે, આપણી એક જવાબદારી છે કે આપણે આપણાં પોતાના હકોનો ઉપયોગ કરીએ અને બીજાના હકોમાં હસ્તક્ષેપ થતો અટકાવીએ. વળી, આપણી એ ફરજ છે કે, આપણે બીજાઓની સાથે રહીને તેમજ બીજાઓ માટે આ હકને સક્રિયતાથી પ્રોત્સાહિત કરીએ. માનવ એકતા ન્યાયના હિતમાં કાર્ય ઝંખે છે. એકતા એટલે અન્યાયના ભોગ બનેલાના પડખે ઊભા રહેવું- ભૂખ્યા, બેરોજગાર, જેલમાં સજા ભોગવી.રહેલા મતલબ કે તેમની સાથે તેમજ બીજાઓની સાથે જોડાઈને સૌપ્રથમ તો રાજકીય, આર્થિક અને સાંસ્કૃતિક માળખું અને સંસ્થાઓ, જે તેમને ભોગ બનાવે છે તેને બદલી નાખીએ. આપણામાંથી જેઓ ભૌતિક રીતે વધુ સુખી અને સંપન્ન છે તેઓ આવા લોકોની સાથે વધુ સંપૂર્ણપણે જોડાઈને પોતાના જીવનમાં વધુ સફાઈ અપનાવીને તેમની સાથે આત્મસાત્ થઈ શકે છે. આમાં ગરીબી અપનાવવાનો મુદ્દો નથી, પરંતુ ગરીબ લોકોના ખર્ચે આપણે જે સુખસગવડો ભોગવીએ છીએ તે સુખ સગવડો કે હક જતા કરવાનો મુદ્દો છે આપણા રાષ્ટ્ર, માટે કંઈક કરવાના ઉદ્દેશથી અને તેમને બહેતર ભવિષ્ય ઉપલબ્ધ કરવા માટે આપણે આ સહાયપાત્ર જૂથો વિશે વધારે જાણકારી મેળવવાની જરૂરી છે.

## ૧૦.૨ લઘુમતીઓ (Minorities)

અહમદ આનંદ કરતાં જુદી જાતનાં વસ્ત્રો પહેરે છે. એક વખત અહમદ તેના મિત્ર આંનદ માટે મિઠાઈનું એક પેકેટ લાવ્યો. "આજે અમારો ઇદનો તહેવાર છે." અહમદે કહ્યું : થોડાંક દિવસો પછી લઘુમતીની સમસ્યાઓ વિશે ટેલિવિઝન પર એક ચર્ચા થઈ. આ ચર્ચામાં ભાગ લેનાર પૈકી એકે એવું સૂચન કર્યું કે લઘુમતી સમસ્યાઓ પેદા કરે છે. બીજાઓએ આ વિધાનનો વિરોધ કર્યો. બીજા દિવસે, વર્ગમાં આનંદે તેના મિત્ર અહમદે પૂછ્યું "તું લઘુમતી સમુદાયનો નથી ?" "અહમદ ગુંચવાયો - મને એ બધી ખબર નથી, પરંતુ હું મુસ્લિમ છું" તેણે જવાબ આપ્યો. તે દરમ્યાન એન્થની પણ તેમાં જોડાયો. તેમની ચર્ચાને કારણે શાળાના એક શિક્ષકે સમજાવ્યું કે ભારતમાં મુસ્લિમો તથા ખ્રિસ્તીઓને લઘુમતી સમુદાય તરીકે ગણાવામાં આવે છે. પરિણામે આ ત્રણ છોકરાઓએ આ વિષય પર વધારે માહિતી મેળવવાનું નક્કી કર્યું.

### ૧૦.૨.૧ તેમને આવું જોવા મળ્યું

શરૂઆતમાં 'લઘુમતી' એએક અસ્પષ્ટ અભિવ્યક્તિ છે. ૧૯૩૦માં આંતરરાષ્ટ્રીય ન્યાય માટેની કાયમી અદાલતે કહ્યું હતું. "લઘુમતી એક એવા લોકોનો સમુદાય છે, જે કોઈ એક દેશમાં અથવા સ્થાનમાં રહેતા હોય છે, તેમને પોતાની જાતિ હોય છે, ધર્મ હોય છે, ભાષા હોય છે અને પરંપરા હોય છે અને જાતિ, ધર્મ, ભાષા કે પરંપરાથી બંધઈને અને ક્યારેક એકતાથી પણ બંધાઈને, પોતાની પરંપરાઓ જાળવી રાખવાના હેતુથી, તેઓની પ્રાર્થના કરવાનું સ્વરૂપ જાળવી રાખવાના હેતુથી, તેમની પોતાની જાતિની ભાવના અને પરંપરાઓ અનુસાર તેમનાં બાળકોનો ઉછેર કરવા માટે અને તે પ્રમાણેનું તેમનું શિક્ષણ સુનિશ્ચિત કરવા માટે અને પરસ્પર એક બીજાને સહાય કરવા માટે છે." આંતરરાષ્ટ્રીય ન્યાય માટેની કાયમી અદાલતના આ ચુકાદાઓ, પ્રો. કેપોટીરીએ ૧૯૭૭ માં લઘુમતીઓના રક્ષણ સંબંધી અહેવાલમાં ટાંકીને લઘુમંતીની વ્યાખ્યા માટેનું આધાર બિંદુ બનાવ્યું. પ્રો. કેપોટોરીએ 'લઘુમતી' નક્કી કરવા માટેના કેટલાક વ્યક્તિલક્ષી અને કેટલાંક વિષયલક્ષી માપદંડ પ્રસ્થાપિત કર્યા. તેમણે દર્શાવ્યું કે વિષયલક્ષી દષ્ટિએ લઘુમતી રાષ્ટ્રની અન્ય પ્રજા કરતાં માત્ર સંખ્યાની દૃષ્ટિએ ઉતરતી હોવા ઉપરાંત, તે બિનપ્રભાવક પરિસ્થિતિમાં પણ હોવી જોઈએ. વ્યક્તિલક્ષી દષ્ટિએ પ્રો. કેપોટોરીના મતે, લઘુમતીઓમાં પોતાની સંસ્કૃતિ, પરંપરાઓ ધર્મ અને ભાષા જાળવી રાખવા માટે એક પ્રમાણની એકતાની ભાવના જોવા મળે છે. લઘુમતીઓનું આ વ્યક્તિલક્ષી પરિમાણ, જે લોકો એકતાથી બંધાવા માગે છે તેમના કદમો તેમને અલગ પાડે છે. તેમ છતાં ડેસચેનેસ, લઘુમતીઓ માટેના હક્ક અંગેના સંયુક્ત રાષ્ટ્રસંઘના પેટા કમિશન માટે લઘુમતીની વ્યાખ્યા કરતાં આ ત્રણ પાયાની લાક્ષણિકતાઓનો નિર્દેશ કરે છે. (૧)

સંખ્યાની દષ્ટિએ ઉતરતાપણું (૨) બિનપ્રભાવક દરજ્જો અને (૩) વંશીય, ધાર્મિક ભાષાકીય લાક્ષણિકતાઓ, જે રાષ્ટ્રની અન્ય પ્રજા કરતાં અલગ છે. ડેસચેનેસને એ જણાવ્યું નથી કે પોતાની ઓળખ જાળવી રાખવીએ લઘુમતી પરિસ્થિતિ માટેની આવશ્યક લાક્ષણિકતા છે.

ભારતના સંવિધાનની કલમ ૨૫, અંતરાત્માના સ્વતંત્ર અને ધર્મના ઉપદેશ, પાલન અને પ્રચાર માટેની સ્વતંત્રતા "જાહેર વ્યવસ્થા, નૈતિકતા, આરોગ્ય અને અન્ય બાબતોને અધીન હોય" તેમ નિર્દેશ કરે છે. ભારતમાં 'લઘુમતી' શબ્દ મોટે ભાગે ધાર્મિક સમુદાયોના સંદર્ભમાં વપરાય છે. મુસ્લિમો, ખ્રિસ્તીઓ, શીખ, પારસી અને યહૂદીઓ, હવે જૈનો પણ તેમાં જોડાયા છે. પ્રો. ઇમ્તિહાસ અહમદ અને અન્ય પણ લઘુમતી માટેની આવા સંકુચિત અર્થઘટન વિષે પ્રશ્નો ઉઠાવે છે. તેમની દલીલ છે કે, "લઘુમતીઓ કોઈ ધાર્મિક અલગતા પર જ આધારિત નથી. તેનો આધાર સામાજિક ગેરલાભ અને વંચિતતા પર રહેલો છે." અહમદે ભારતમાં નીચે પ્રમાણેની લઘુમતીઓની યાદી તૈયાર કરી :

- બિન-હિન્દુ ધાર્મિક સમુદાયો (જે હિન્દુ ધર્મ નથી પાળતા તે)
- અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ
- નિર્વાસિતો અને હિજરતી
- એવા સમુદાયો, જેમની ભાષાને સ્વીકૃતિ પ્રાપ્ત થઈ નથી અને જેની યાદી સંવિધાનના ૮માં પરિશિષ્ટમાં કરાઈ છે અથવા જેની ભાષાને સ્વીકૃતિ પ્રાપ્ત થઈ છે, પરંતુ શિક્ષણમાં કે વહીવટમાં તેના ઉપયોગ માટેની કોઈ સુવિધાઓ ઉપલબ્ધ કરાઈ નથી, કેમ કે વહીવટની નીતિમાં આવો ભેદભાવ કરાયો છે.

સ્પષ્ટપણે ભારતની લઘુમતીઓની સમસ્યાઓને સમજવાનું સરળ નથી. આ એકમમાં ભારતની ધાર્મિક લઘુમતીઓને કેન્દ્રમાં રાખવામાં આવી છે.

### ૧૦.૨.૨ ભારતમાં પરિસ્થિતિ (The Situation in India)

ભારતના સંવિધાને ધાર્મિક લઘુમતીઓનો સ્વીકાર કરેલ છે. કુલ વસતિ પૈકી લઘુમતીઓની વસતિની ટકાવારી આ પ્રમાણે છે. મુસ્લિમ ૧૨.૧૦ ટકા, ખ્રિસ્તીઓ ૨.૩૦ ટકા, શીખ ૧.૯૫ ટકા, બૌદ્ધ ૦.૭૫ ટકા, જૈન ૦.૪૮ ટકા, ભારતમાં વિશ્વની સૌથી વધુ મુસ્લિમ વસ્તી છે. જે લગભગ ૧૧૨૦ લાખ જેટલી છે. આનાથી જ ભારતની સહિષ્ણુતા અને બિનસાંપ્રદાયિકતાની સાબિતી મળે છે.

આજે, મોટાભાગના લઘુમતી સમુદાયો બહુમતી સાથે તનાવની પરિસ્થિતિમાં છે. આનાં ઘણાં કારણો છે. તેમ છતાં ભારતનું સંવિધાન તમામ માટે શિક્ષણ, રોજગારી તેમજ રાજકીય પ્રતિનિધિત્વ માટેની સમાન તકો ઉપલબ્ધ કરે છે. ૧૯૯૦ ના દશકાની શરૂઆતમાં પંજાબની સ્થિતિ, બાબરી મસ્જિદ, રામ જન્મભૂમિ વિવાદ તેમજ ખ્રિસ્તી મિશનરીઓની સતામણી વગેરે આપણા સમયની દુર્ભાગ્યપૂર્ણ ઘટનાઓ છે. મોટા ભાગના ભારતીયો સહિષ્ણુ છે અને પોતાના સાથી નાગરિકો સાથે શાંતિપૂર્ણ રીતે રહેવા ઇચ્છે છે.

લઘુમતીઓને શા માટે માત્ર ભારતમાં જ નહિ, સમગ્ર દક્ષિણ એશિયામાં - બાંગ્લાદેશને બૌદ્ધ મૂળના ચકમા સાથે, પાકિસ્તાનને હિંદુઓ અને ખ્રિસ્તી લઘુમતીઓ સાથે શ્રીલંકાને તમિલ લઘુમતીઓ સાથે અને ભૂતાનને નેપાળીઓ સાથે સમસ્યાઓ છે ? કાશ્મીર સમગ્ર પ્રદેશમાં વિક્ષુબ્ધતાનું કેન્દ્ર બન્યું છે. દેશમાં ત્રાસવાદ વધતો જાય છે. પાકિસ્તાને પણ મુજાહિદો અથવા ૧૯૪૭ ના ભાગલા પછી ભારતમાંથી પાકિસ્તાન હિજરત કરી ગયેલા ઉર્દૂ બોલતા મુસ્લિમો સાથે સમસ્યાઓ છે. આ પેટાખંડમાં વધતા જતા હિંસક પરિણામોને કારણે દક્ષિણ એશિયામાં લઘુમતીઓનો મુદ્દો વધુને વધુ સમસ્યારૂપ બનતો જાય છે.

લઘુમતીઓને તેમના હકથી વંચિત રાખવા માટેની જવાબદાર વાસ્તવિકતાને ચાર પ્રકારમાં વિભાજિત કરી શકાય. રાજ્યો જેમણે બહુમતી જૂથોનું વંશીય, ભાષાકીય, ધાર્મિક ચડિયાતાપણાને પ્રોત્સાહન આપ્યું અને નિભાવ્યું. તેમનો સૈદ્ધાંતિક પાયો એ રાજકારણમાં કોમવાદ અને ધર્મનું રાજકીયકરણ, માનવ હક અને લોકશાહી સંબંધી લઘુમતીઓમાં જાગૃતિો અભાવ અને સામાજિક કક્ષાએ સમાનતાના સિદ્ધાંત.

### ૧૦.૨.૩ શું કરી શકાય ? (What can be done ?)

ઉપરના પરિબળોની અસરોનો સામનો કરવા માટે, ચાર જુદી જુદી કક્ષાએ લઘુમતીઓના હકોના રક્ષણ માટે સઘન પ્રાયસો હાથ ધરવા જોઈએ. નાગરિક સમાજ, રાજ્ય, પ્રદેશ અને આંતરરાષ્ટ્રીય સમુદાય કક્ષાએ બિનસરકારી સંગઠનો અને અન્ય નાગરિક સમાજના કર્મશીલોએ રાજકી પક્ષો ઉપર દબાણ લાવવા તેમના ચૂંટણી ઢંઢેરામાં લઘુમતીઓના હકનું રક્ષણ કરવાની અને ચૂંટણીમાં લઘુમતી કોમોના ઉમેદવારોને પૂરતી સંખ્યામાં ઊભા રાખવા માટે જણાવવું જોઈએ.

લઘુમતી સમુદાયોમાં શિક્ષણને પ્રોત્સાહન આપવાનું પણ અગત્યનું છે. દાખલા તરીકે મુસ્લિમોમાં શિક્ષણનું પ્રમાણ નીચું હોવાને કારણે દરેકને ચિંતા થાય છે. હવે તો મુસ્લિમ નેતાગીરીમાં પણ એ બાબત વધારે સારી રીતે સ્વીકારાયેલી છે કે મુસ્લિમ સામાન્ય રીતે શિક્ષણ અને વિશેષ કરીને મહિલાઓના શિક્ષણ માટે પ્રયાસો કરવાની તાકીદની જરૂરિયાત છે. તેજ રીતે લઘુમતી સમુદાયે પણ પોતાના રક્ષણ માટે લોકશાહી સંસ્થાઓનો જ ઉપયોગ કરવો જોઈએ. સૌથી વિશેષ તો માધ્યમો અને સરકારે લોકોને શિક્ષિત કરવા જોઈએ તેમજ તેમનો અગ્રતાક્રમ પણ આ કાર્યસૂચિની જટિલતા વિશેની જાગૃતિ વધારવાનો હોવો જોઈએ. લક્ષ્ય હોવું જોઈએ. સમસ્યાના ઉકેલ માટે લોકશાહી ધોરણે ચર્ચા - વિચારણાં જરૂરી છે.

**તમારી પ્રગતિ ચકાસો ૧**

નોંધ : (૧) તમારા જવાબ માટે નીચેની ખાલી જગ્યાનો ઉપયોગ કરો.

(૨) આ એકમના અંતે આપેલા નમૂનારૂપ જવાબ સાથે તમારા જવાબ ચકાસો.

૧. "લઘુમતી" શબ્દ દ્વારા તમે શું સમજો છો તે સમજાવો.

.............................................................................................

.............................................................................................

.............................................................................................

.............................................................................................

.............................................................................................

૨. લઘુમતીઓના રક્ષણ માટે ભારતના સંવિધાનમાં કંઈ જોગવાઈઓ છે તે સમજાવો.

.............................................................................................

.............................................................................................

.............................................................................................

.............................................................................................

.............................................................................................

## ૧૦.૩ અનુસૂચિત જાતિઓ (દલિતો) (Scheduled Castes (Dalits))

"સામાજિક રીતે તેઓ કુષ્ટરોગી જેવા છે, આર્થિક રીતે તેઓ ગુલામો કરતાં બદતર છે, ધાર્મિક રીતે તેઓ આપણે જેને 'ઈશ્વરનું સ્થાન' કહીએ છીએ તેમાં પ્રવેશ નિષિદ્ધ છે." - મહાત્મા ગાંધી

'દલિત' શબ્દ સંસ્કૃત ભાષાનો છે. તે દબાયેલા, કચડાયેલા, પછાત રહી ગયેલા માટે વપરાય છે. આ શબ્દ આજે અસ્પૃશ્યો, હરિજનો અથવા જેમને ભારતના સંવિધાનમાં "અનુસૂચિત જાતિઓ" કહે છે. તેમને માટે વપરાય છે. આ એકમમાં આપણે તેમને "દલિત" તરીકે ઓળખીશું.

વિભાવનાની રીતે દલિતોનું મૂળ અને સંસ્કૃતિ પૂર્વ - દ્રવિડિયન અને દ્રવિડિયનકાળનું છે. ભારતમાં જ્ઞાતિપ્રથાનું મૂળ આર્યપ્રજા સાથે સૈકાઓ જૂનું રહેલું છે. આ ભૂમિના લોકોને ચાર વર્ણમાં વહેંચવામાં આવ્યાં હતા : બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો અને શૂદ્રો. શરૂઆતમાં આ વિભાગો કાર્ય - આધારિત હતા. લોકો જે કાર્યો કરતાં તેના આધારે તેમની જ્ઞાતિ નક્કી થતી. પરંતુ મનુના સમયમાં તે જન્મના આધારે નક્કી થવા લાગ્યા. ઈ.સ. પૂર્વે ૬ઠ્ઠી સદીમાં બુદ્ધ અને મહાવીરે આવા વિભાગો સામે પોતાના ધર્મો રચ્યા. મુસ્લિમ રાજયકર્તાઓએ શરૂઆતમાં આવી જ્ઞાતિ પ્રથાને ગણકારી નહીં, પરંતુ પાછળથી ભારતીય સમાજના આવા વિભાજનોનો લાભ લીધો. ૧૫મી સદીમાં લોકપ્રિય બનેલા ભક્તિ સંપ્રદાયનું નેતૃત્વ નીચલા વર્ણના લોકોએ લીધું અને જ્ઞાતિ પ્રથા પર હુમલો કર્યો. ભક્તિ સંપ્રદાયના નેતાઓ અંશતઃ ઈસ્લામ દ્વારા ઉપદેશવામાં આવતી માનવતાની સમાનતાના સિદ્ધાંતથી પ્રભાવિત હતા. તેવું જ ૧૬મી સદીમાં શીખ ધર્મના સ્થાપક ગુરુ નાનકની બાબતમાં હતું.

બ્રિટિશરોએ એક તરફ આ જ્ઞાતિ પ્રથાનો વિરોધ કર્યો, પરંતુ બીજી તરફ જયાં તેમના લાભની વાત આવી ત્યાં તેમણે શક્યતઃ પોતાના લાભમાં તેનો ઉપયોગ કર્યો. પાછળથી, ખ્રિસ્તી મિશનરીઓએ

જ્ઞાતિ પ્રથાનો વિરોધ કર્યો અને તેની અસર ૧૯મી સદીના સમાજ સુધારકો જેવાં કે કેશવસિંહ સેન વગેરે ઉપર પડી. તેમણે જ્ઞાતિને આપણા સામાજિક રિવાજોમાં સૌથી વધારે અનિષ્ટ ગણાવ્યું.

સ્વાતંત્ર્ય બાદ ભારતના સંવિધાને અનુસૂચિત જાતિઓના રક્ષણ માટે વિશિષ્ટ જોગવાઈઓ કરી. તેણે જ્ઞાતિપ્રથાના માળખાનો અસ્વીકાર કર્યો. સંવિધાનની કલમ ૧૪માં કાયદાની સામે તમામ લોકોની સમાનતાનો સિદ્ધાંત સ્વીકાર્યો છે. કલમ ૧૫(૧) ધર્મ, જાતિ, જ્ઞાતિ અથવા જન્મસ્થાનના આધારે ભેદભાવનો નિષેધ કરે છે. કલમ ૧૭ કોઈ પણ સ્વરૂપે અસ્પૃશ્યતાનો નિષેધ ફરમાવે છે. તદુપરાંત ઘણી કાયદાકીય જોગવાઈઓ પણ ઘડવામાં આવી છે. અસ્પૃશ્યતા (અપરાધ) અધિનિયમ પ્રથમવાર ૧૯૫૫માં ઘડાયો, તેને સ્થાને ૧૯૭૬માં નાગરિક હક સુરક્ષા અધિનિયમ ઘડાયો, તેમાં અસ્પૃશ્યતાના કારણસર જાહેર પ્રાર્થના સ્થાને કોઈને પ્રવેશ કરતાં અટકાવવા અથવા ત્યાં પ્રાર્થના કરતાં રોકવા તેમજ પવિત્ર ટાંકામાંથી કે કૂવામાંથી કે ઝરણામાંથી પાણી લેતા અટકાવવા બદલ શિક્ષાની જોગવાઈ કરવામાં આવી છે. કોઈ પણ વ્યક્તિને અસ્પૃશ્યતાના કારણસર ગંદકી સાફ કરવા કે ભંગીનું કામ કરવા માટે ફરજ પાડવી, મૃત્યુ પામેલ જાનવર ઉઠાવવા અથવા તેવા પ્રકારનું કામ કરવા માટે ફરજ પાડવી વગેરેને આ કાયદાની જોગવાઈ નીચે ગુનો ગણવામાં આવેલ છે. આવા કોઈ ગુનાની તપાસ કરવામાં કોઈ જાહેર સેવક ઉપેક્ષા કરે તેને પણ આ કાયદા નીચે ગુનો ગણવામાં આવેલ છે. જે વિસ્તારમાં લોકો અસ્પૃશ્યતાના ગુનામાં સંડોવાયેલાં હોય તેવા રહેવાસીઓ ઉપર રાજ્ય સરકારને સામૂહિક દંડ કરવાનો પણ હક આપવામાં આવેલ છે.

### ૧૦.૩.૧ આજની પરિસ્થિતિ (The Situation Today)

સુધારણાં માટેની ચળવળો, સંવૈધાનિક ખાતરીઓ અને કાનૂની જોગવાઈઓ છતાં પણ જ્ઞાતિના પૂર્વગ્રહો, અસ્પૃશ્યતા અને જ્ઞાતિના આધાર પર ભેદભાવો આજે પણ ચાલુ છે.

- **અસ્પૃશ્યતા :** ચાની કેન્ટીન પર તેમને માટે ચાનાં જુદાં વાસણો રાખવામાં આવે છે અને તેને સાફ કરવાની અને સાચવવાની જવાબદારી તેમની છે. જેથી સવર્ણો માટે રાખવામાં આવેલા પ્યાલા 'અભડાય' નહિ. સવર્ણો માટેના પાણીના નળનો ઉપયોગ દલિતોને કરવા દેવામાં આવતો નથી. તેમને પાણી લાવવા માટે એક કિલોમીટર જેટલે દૂર જવું પડે છે.
- **પોલીસ દ્વારા મહિલાઓની સતાવણી : (જાપ્તામાં હિંસા)** : એક વખત પોલીસ કોઈ સ્થાને દરોડો પાડે ત્યારે પુરુષવર્ગ નાસી જાય છે. તે પછી પોલીસ મહિલાઓને પરેશાન કરે છે. તેઓ બાળકોને કે તેની પત્નીને દૂર લઈ જાય છે. જેથી નાસી ગયેલો પુરુષવર્ગ પાછો આવે છે. તેમને એમ જ લાગે છે કે સમગ્ર પરિસ્થિતિના તેઓ માલિક છે. આને કારણે સામૂહિક બળાત્કારોની ઘટનાઓ પણ બને છે. (સ્ત્રોત : HR Watch, ન્યૂયોર્ક, ૧૯૯૯ પૃષ્ઠ ૧૧૬)

**દલિતો સામે લોહિયાળ આક્રોશ વધુને વધુ સામાન્ય બનતો જાય છે.**

દલિતો સામેના વધતા જતા અન્યાયો માત્ર સામાજિક પ્રકારના નથી, પરંતુ આર્થિક પ્રકારના પણ છે. સદીઓથી શિક્ષણ અને રોજગારીના ક્ષેત્રે દલિતો ભેદભાવનો ભોગ બનેલ છે. તેમને શિક્ષણ કે રોજગારીની તકો મળે છે ત્યાં પણ તેમને તમામ પ્રકારના ભેદભાવનો સામનો કરવો પડે છે. આ વલણો સામે પ્રતિકાર તરીકે અનામતની પ્રથાનો પ્રયોગ કરવામાં આવેલ છે. ૧૯૨૧માં મ્હૈસૂરના રાજકુમારે કૃષ્ણરાજ વોડેયાર, પોતાના રાજ્યમાં બિન-બ્રાહ્મણો માટે સરકારી નોકરીમાં અનામતની પ્રથા દાખલ કરી હતી. તે પછી ટૂંક સમયમાં બ્રાહ્મણો વિરુદ્ધ ઉગ્રવાદી ચળવળ-દ્રવિડ કઝગામે સફળતાપૂર્વક તમિલનાડુમાં તે પ્રમાણે અનામત જગ્યાની માગણી કરી. આમ અનામતનો અભિગમ ભારતના સંવિધાનમાં સારી રીતે પ્રવેશ પામ્યો. વંચિત રહી ગયેલા લોકો માટે અનામત બેઠકો રાખવી એવી વિભાવનાનો નૈતિક રીતે પણ બચાવ થઈ શકે તેમ છે. તમારી દૃષ્ટિએ દલિતોની સતત કથળતી પરિસ્થિતિ માટે કયાં પરિબળો જવાબદાર છે ? એક અને વળી સૌથી અગત્યનું તો એ કે સામાજિક, આર્થિક માળખું તેને માટે જવાબદાર છે. બીજું કાનૂની પગલાં જો કે સાચી દિશામાં લઈ જાય છે. ત્રીજું રાજકીય ઇચ્છા શક્તિનો અભાવ. અમલ કરતી જુદી જુદી સંસ્થાઓને અનુસૂચિત જાતિ અનુસૂચિત આદિજાતિ કમિશને કેટલીક સૂચનાઓ આપી છે. તે ચોક્કસપણે દલિતોને ન્યાય આપવાના સરકારના પ્રયાસોનું કેન્દ્રીય આધારબિંદુ બની રહેલ છે. અનામત પાછળનો હેતુ મુખ્યત્વે સામાજિક છે. આર્થિક નહીં. અનામતનો હેતુ હાલના આર્થિક વિકાસમાંથી પેદા થતી અસમાનતાઓ હલ કરવાનો નથી. પરંતુ મુખ્યત્વે પાછલા ભૂતકાળમાં સામાજિક અભાવોને પરિણામે ઊભી થયેલી અસમાનતાઓને સરભર કરવાનો છે. અહીં એ નોંધવું અગત્યનું છે કે સવર્ણો પૈકી ઘણા એવા છે, જેમણે અસ્પૃશ્યતા નિવારણ માટે તેમજ દલિતોના હકો માટે પણ તેમણે લડત આપી છે.

### ૧૦.૩.૨ શું કરી શકાય ? (What can be done ?)

**"સમાનતા કદાચ ભ્રામક કલ્પના હોઈ શકે, પરતુ તે છતાંય દરેકે તેના નિયંત્રક સિદ્ધાંત તરીકે સ્વીકાર કરવો જોઈએ." - ડૉ. બાબાસાહેબ આંબેડકર**

જ્ઞાતિપ્રથા એક સામાજિક અનિષ્ટ છે. રાષ્ટ્રીય માનવ હક પંચે તેને "ઐતિહાસિક ખરાબી" ગણાવી છે. આ ખરાબીને હવે સુધારવી કઈ રીતે ? જ્ઞાતિપ્રથા મુખ્યત્વે સામાજિક સમસ્યા છે. લોકોને જૂના રીતરિવાજોને બદલે નવા દૃષ્ટિકોણથી વિચારવા પુખ્ત થવા માટે તેમને શિક્ષિત બનાવવા સર્વગ્રાહી પ્રયાસો કરવા જોઈએ. શૈક્ષણિક અને ધાર્મિક સંસ્થાઓએ આ બાબતને અગ્રતાક્રમે હાથ ધરવી જોઈએ અને સામાન્ય લોકોને દલિતોના હક અંગે સમજ આપવી જોઈએ.

સરકારે ખાસ કરીને શૈક્ષણિક તકો પૂરી પાડવા બાબતે કંઈક નક્કર કાર્ય કરવું જોઈએ. કાનૂની ઉપાયો પણ સુદૃઢ બનાવવા જોઇએ. નાગરિક હકની સુરક્ષા (PCR) અંગેના કાયદાના અમલથી અનુસૂચિત જાતિના લોકોના સામાજિક શોષણને અટકાવવામાં ઘણી સહાય મળશે. કાનૂની શિક્ષણનું વિસ્તરણ અને કાનૂની સહાયની ઉપલબ્ધિ પણ ઉપયોગી થઈ શકે. કાનૂન સાથે સંકળાયેલ વ્યક્તિઓની ભૂમિકા ઉપર પણ ભાર મૂકવો જોઈએ.

સામાજિક અનિષ્ટ સામે લડવા માટે બિનસરકારી સંગઠનોએ પણ અગત્યની ભૂમિકા નિભાવવાની છે. તેઓ કાનૂની શિક્ષણ, ઝુંબેશ, કાયદા સંબંધી તાલીમ, કાનૂની સલાહ, સામાજિક-કાનૂની મોજણી વગેરે હાથ ધરી શકાય અને દલિતોમાં શિક્ષણનો પ્રસાર થઈ શકે.

તમે દલિત બાળકો પ્રતિ માનવતાપૂર્ણ વર્તાવ દાખવીને અને આ બાળકોના શિક્ષણને ટેકો પૂરો પાડીને સહાયરૂપ બની શકો. શિક્ષણ સામાજિક પરિવર્તન માટે લાંબાગાળાની ચાવી છે.

**તમારી પ્રગતિ ચકાસો ૨**

નોંધ (૧) તમારા જવાબ માટે નીચેની ખાલી જગ્યાનો ઉપયોગ કરો.
(૨) આ એકમના અંતે આપેલા નમૂનારૂપ જવાબ સાથે તમારા જવાબ ચકાસો.

૧. "દલિત" ની વ્યાખ્યા ૨૦૦ શબ્દોમાં લખો.

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

૨. તમે અસ્પૃશ્યતા આચરવામા આવતી હોય તેવા કેટલાક બનાવો, જે હાલ બની રહ્યા હોય અથવા ભૂતકાળમાં બન્યા હોય તેને સમજાવી શકશો ?

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

## ૧૦.૪ આદિજાતિઓ (Tribals (Adivasis))

મનજી અને તેનો પરિવાર ઓરિસ્સા રાજ્યમાં મયૂરભંજ જિલ્લામાંજ રસુગડાનું પોતાનું સ્થાન છોડીને ૧૯૬૦ના દશકામાં કલકત્તા આવ્યો. મનજી પાસે પાંચ એકર જમીન હતી અને કુદરતના સાનિધ્યમાં શાંતિથી જીવતો હતો. આજે કલકત્તામાં તે રીક્ષા ખેંચે છે. તેની જમીન ખાણમાં જતી રહી. જે કંઈ નાણાકીય વળતર મળ્યું તેમાંથી તે પોતાનું જૂનું વાતાવરણ અને સામાજિક માળખું પુનઃ ગોઠવી શકે તેમ ન હતું. ધનિયા ભોપાલમાં બાંધકામના મજૂર તરીકે કામ કરે છે. ભોપાલ મધ્યપ્રદેશનું પાટનગર છે. તેને પોતાના વડવાઓની જગ્યા, એક મોટા બંધના બાંધકામને કારણે છોડવી પડી. આદિજાતિ વિસ્તારમાં ગઈકાલ સુધી હસતે ચહેરે દેખાતી ધનિયા આજે વાંસો તૂટી જાય તેટલી હદે મજૂરીનું કામ કરતાં કરતાં જાણે પોતાનો ચહેરો જ ખોઈ બેઠી છે. આ બંને જણનાં કામનાં સ્થાન ભલે અલગ અલગ પ્રદેશમાં છે; પરંત આજે પણ જ્યાં આદિજાતિ વસે છે તેવા કોઈ પણ પ્રદેશમાં આવાં દશ્યો જુદા જુદા સ્વરૂપે જોવા મળશે.

### ૧૦.૪.૧ આદિજાતિઓ કોણ છે ?

આદિજાતિઓ માટે સામાન્ય રીતે કોઈ સ્વીકૃત વ્યાખ્યા નથી. પરંતુ આવી વ્યાખ્યાના કેટલાક મુખ્ય અંશો લગભગ સૌને સ્વીકાર્ય બને તેમ છે. આદિજાતિ લોકો માટેની વ્યાખ્યામાં કુલ ચાર મુખ્ય અંશો છે. પૂર્વ અસ્તિત્વ (એટલે કે આ લોકો પૂર્વે એવા સ્થાનમાં રહેતાં હતાં જ્યા આજે બીજા લોકો રહેવા આવી ગયા છે), સત્તાધિકારનો અભાવ, સાંસ્કૃતિક તફાવત અને આદિજાતિ તરીકે પોતાની આગવી ઓળખ. માપદંડ પરત્વે કોઈ વિવાદ નથી. તેઓ મૂળ અમુક પ્રદેશમાં રહેતા હતા, ત્યાં બીજી પ્રજાએ લડાઈ કરીને તે પ્રદેશ કબજે કર્યો અથવા પરદેશી પ્રજા સાથે કરાર મુજબ તે પ્રદેશ તેઓએ ગુમાવ્યો. આમ અમેરિકા કે ઓસ્ટ્રેલિયાના કે ન્યુઝીલેન્ડના મૂળ વતનીઓ ત્યાંની દેશીપ્રજા છે, જે આજે આદિજાતિ બની ગયેલ છે. જો કે એશિયામાં યુરોપિયન સંસ્થાનો પ્રમાણમાં મોડેથી સ્થાપ્યા, વળી ત્યાં મુખ્યત્વે મોટી પરદેશી છે. જો કે એશિયામાં યુરોપિયન સંસ્થાનો પ્રમાણમાં મોડેથી સ્થાપ્યા, વળી ત્યાં મુખ્યત્વે મોટી પરદેશી વસાહતો ન હતી. તેથી મૂળ વતનીઓ સંબંધી સમસ્યા વધારે જટિલ હતી. ભારતીય ઉપખંડમાં, સ્પષ્ટતાપૂર્વક જોઈએ તો, છેલ્લો હજારો વરસોમાં સતત આવી વસેલા વસાહતીઓને કારણે પુરોગામીઓની સમસ્યાનો ઉકેલ સરળ નથી.

આંતરરાષ્ટ્રીય કક્ષાએ સંયુક્ત રાષ્ટ્રસંઘ આદિજાતિઓ માટે વ્યવહારુ વ્યાખ્યા પ્રયોજે છે. તે સંયુક્ત રાષ્ટ્રસંઘના ભેદભાવ અટકાવવા અને લઘુમતીઓને રક્ષણ આપવા સંબંધી પેટા - કમિશનના ખાસ ખબરપત્રીના અહેવાલના આધારે વિકસાવવામાં આવી છે.

સંયુક્ત રાષ્ટ્રસંઘના દસ્તાવેજ નંબર એનયુઈ/સીએચએન/એસયુબી ૨/એલ ૫૬૬ તા. ૨૯ જુન ૧૯૭૨ અનુસાર, મૂળ દેશી વસ્તી એટલે અગાઉ જે લોકો દેશના આ પ્રદેશમાં રહેતા હતા અને તે વખતે દુનિયાના અન્ય ભાગના લોકોએ તેમના પર ચઢાઈ કરી અને ગમે તેમ કરીને તેમને બિન-નિવાસી અગર વસાહતીઓની સ્થિતિમાં મુકી દીધા તે તેમના વંશજો છે. આજે તેમના પોતાના સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક રીતરિવાજોને અનુસરે છે અને પોતે જે દેશમાં રહે છે તેની સંસ્થાઓ કરતાં તે પ્રકારે અલગ પડે છે.

### ૧૦.૪.૨ ભારતમાં આદિજાતિઓ

ભારતના સંવિધાને આદિજાતિને રાષ્ટ્રપતિની ખાસ રક્ષણ નીચે મૂક્યા છે. અને ૧૯૫૬ ના આદેશથી ૪૧૪ આદિજાતિઓને અનુસૂચિત આદિજાતિ તરીકે ઘોષિત કરેલ છે. ૧૯૯૧ની વસ્તી ગણતરી અનુસાર ભારતમાં ૧૦૯૧ અનુસૂચિત જાતિઓ અને ૫૭૩ અનુસૂચિત આદિજાતિઓ છે. તે કુલ વસ્તીના અનુક્રમે ૧૬ ટકા અને ૮ ટકા જેટલી છે. સંવિધાનની કલમ ૧૯(૫) થી કોઈ પણ અનુસૂચિત આદિજાતિના હિતમાં, નાગરિકોના સ્વતંત્રતાપૂર્વક હરવાફરવાના, વસવાના અને મિલકત-વસાવવાના સામાન્ય હકમાં કાયદા દ્વારા કાપ મૂકવામાં આવેલ છે. સંવિધાનની કલમ ૧૬૪ અને ૩૩૮ તેમજ સંવિધાનની પાંચમી અનુસૂચિ અનુસાર આદિજાતિ સલાહકાર પરિષદ રચવા અને રાજ્યોમાં અલગ ખાતાં રચવા સુચવાયું છે. સંવિધાનની કલમ ૨૪ અને પાંચમી તથા છઠ્ઠી અનુસૂચિતમાં અનુસૂચિત આદિજાતિઓ એ આદિજાતિ વિસ્તારોનાં વહીવટ અને નિયંત્રણ માટે વિશિષ્ટ જોગવાઈઓ કરવામાં આવી છે.

ભારતમાં આદિજાતિઓની વસતિ કુલ વસતિનાં ૮ ટકા છે. ૧૯૯૧ની વસતિગણતરી અનુસાર જુદાં જુદાં રાજ્યોમાં આદિજાતિ વસ્તીની ટકાવારી નીચે પ્રમાણે છે.

આંધ્રપ્રદેશ ૬ ટકા, આસામ ૧૩ ટકા, બિહાર ૮ ટકા, ગુજરાત ૧૫ ટકા, મધ્યપ્રદેશ ૨૩ ટકા, મહારાષ્ટ્ર ૯ ટકા, ઓરિસ્સા ૨૨ ટકા, રાજસ્થાન ૧૨ ટકા, પ. બંગાળ ૬ ટકા.

તેઓ જે વિસ્તારમાં રહે છે તે વિવિધ રાજ્યોમાં મળી, દેશની ૭૦ ટકા ખનિજ અને પાણી તથા હાઈડ્રો પાવર સંસાધનો છે. તેમજ મોટા ભાગનો જંગલ વિસ્તાર પણ આવેલો છે. સરકારે પણ આદિજાતિ કલ્યાણ અને વિકાસ માટે સંખ્યાબંધ કાર્યક્રમો શરૂ કર્યા છે. આમાં બહુ-હેતુક આદિજાતિ વિકાસ પરિયોજના (MEDP) અને સંકલિત આદિજાતિ વિકાસ અભિયાન (ITDA) અગત્યના છે. પાંચમી યોજના પછી, નાણાકીય રોકાણોમાં પણ ખાસ્સો ઉછાળો આવેલ છે, પરંતુ ઘણાં કારણોને લીધે આદિજાતિઓની સામાજિક - આર્થિક પરિસ્થિતિ ઉપર નોંધપાત્ર અસર દેખાતી નથી.

પરિણામે, આદિજાતિઓને હજી પણ ઘણી સમસ્યાઓ સતાવે છે. આ સમસ્યાઓ પૈકી નીચેની સૌથી વધારે નોંધપાત્ર છે.

### ૧૦.૪.૩ જમીન અને સંસાધનોથી અલિપ્તતા

તમને મનજી યાદ આવે છે ? તેણે પોતાના પૂર્વજોની ભૂમિ શા માટે છોડી ? અને ધનિયાએ પણ ? આ એક વિરોધાભાસ છે કે આદિજાતિ વિસ્તારમાં રહેલ વિપુલ કુદરતી સંસાધનો અને ખનિજ સંપત્તિ એ જ આદિજાતિ લોકોને જમીનથી વિમુખ બનાવે છે. આદિજાતિઓની જમીન ઔદ્યોગિક માળખાઓની રચના માટે સિંચાઈ માટેનો બંધ રસ્તાઓ વગેરે માટે મેળવીને આધુનીકરણની પ્રક્રિયામાં વનવાસીઓને વિસ્થાપિત કરાય છે. જંગલમાં રહેલા આદિજાતિઓએ માત્ર તેમની જમીન જ નહીં પરંતુ પોતાના રોજગાર-જીવનનિર્વાહનું સાધન ગુમાવેલ છે. તેઓ સામાન્યતઃ પોતાનાં ખોરાક, બળતણ, ઘાસચારો અને વપરાશી ચીજવસ્તુઓ માટે જંગલ પર આધાર રાખે છે. હવે આ બધાં સંસાધનોની ઉપલબ્ધિ અત્યંત ઓછી કે મર્યાદિત બની જવાથી, મધ્યપ્રદેશના સરગુજા, ઓરિસ્સામાં કાલાહાન્ડી, બિહારમાં પાલમુ, ઉત્તર પ્રદેશમાં શોણભદ્ર, મહારાષ્ટ્રમાં ધુલિયા વગેરે કેટલાંક સ્થાનોમાં ભૂખમરો એ વાસ્તવિકતા બની ગયેલ છે. નિરાધારપણા અને દેવાને કારણે આદિજાતિ સમાજો તૂટવા માંડ્યા છે.

### ૧૦.૪.૪ સંસ્કૃતિથી અલિપ્તતા

આધુનિક વિકાસને નામે આદિજાતિ સંસ્કૃતિમાં તોડફોડ કે ઉઝરડા પડ્યા છે. જંગલ ઉપર આધાર રાખવાનો તેમનો રચનાત્મક આધાર નાશ પામ્યો છે. આદિજાતિઓના ધર્મની માન્યતાઓ, વિધિઓ, માણસો અને પરિસ્થિતિવિષયક જરૂરિયાતો વચ્ચે સમતુલા જાળવવા માટે પ્રયોજાતી સામાજિક નિયંત્રણ વ્યવસ્થાને ખલેલ પહોંચી છે. તેમની માન્યતાઓ, તેઓ પોતે જેને પરમેશ્વર સ્વરૂપે માનતા એવાં વૃક્ષોની આસપાસ વણાયેલી રહેતી અને આવા વૃક્ષોને પાડવાની મનાઈ હતી. આજે સામુદાયિક ધોરણે વહેંચણી અને વ્યક્તિ સાથે સંકળાયેલી પવિત્રતા ઘસાઈ ગયાં છે અને ભૌતિકવાદ અને ઉપભોક્તાવાદનાં ખોટાં મૂલ્યો ઉપસી આવ્યાં છે.

### ૧૦.૪.૫ સામૂહિક નિરક્ષરતા

આદિજાતિઓમાં અક્ષરજ્ઞાનનું પ્રમાણ હજી પણ ઘણું નીચું છે. તેમાં સૌથી વધારે સહન કરવાનું આદિજાતિ મહિલાઓને ફાળે આવે છે. જે પ્રકારનું શિક્ષણ આપવામાં આવે છે તે તેમની જરૂરિયાતો અને સંદર્ભો સાથે અસંગત છે. વળી જે લોકો શિક્ષણ પ્રાપ્ત કરે છે તેઓ પણ પોતાનાં મૂળિયામાંથી એટલા અલિપ્ત બની જાય છે કે તેઓ પોતાના લોકો સાથે રહેવાને બદલે સમાજનાં મુખ્ય પ્રવાહ સાથે પોતાને ઓળખાવે છે.

### ૧૦.૪.૬ આરોગ્ય

તેમનાં ઝૂંપડાંઓની બિન-આરોગ્યપ્રદ પરિસ્થિતિ, અપૂરતું પોષણ અને પીવાના ચોખ્ખા પાણીની અછત વગેરે બાબતો આદિજાતિઓના વિવિધ રોગો માટેનાં મુખ્ય કારણો છે. જંગલમાં જવા માટેની મનાઈને કારણે ખોરાકની પ્રાપ્યતામાં ઘટાડો ખુદ આદિજાતિઓ દ્વારા દર્શાવાતું મુખ્ય કારણ છે. નિષ્ણાંતોએ એમ પણ દર્શાવ્યું છે કે તેને કારણે વનસ્પતિજન્ય ઔષધીઓ અને પરંપરાગત દવાઓની પ્રાપ્તિમાં ઘટાડો થયો છે. કેટલીક આદિજાતિઓનું બહુ ઊંચુ શિશુ મૃત્યુ પ્રમાણ છે. હવે તો ધોરી માર્ગ પર આવતા આદિજાતિ વિસ્તારોમાં મહિલાઓમાં એઈડ્ઝન અસરો પણ જણાય છે.

### ૧૦.૪.૭ શું કરી શકાય ?

આ પ્રમાણેનું વલણ ચાલુ જ રહે તો આદિજાતિઓ હંમેશાં જમીન, સંસ્કૃતિ અને ભાષાનું નુકસાન થવાનું ચાલુ જ રહેશે. સરકાર પાસેથી અસરકારક ખાતરીઓ વિના આ લોકોને ખાણો, અનામત જંગલો અથવા અભયારણ્યો અને બંધ વગેરે કારણે ફેંકી દેવાશે. ખરેખર એમ સૂચન કરવામાં કોઈ અતિશયોક્તિ નથી કે કેટલીક આદિજાતિઓનું અસ્તિત્વ અને બીજી કેટલીક આદિજાતિઓનું કલ્યાણ સરકારી નીતિઓ અને કાર્યક્રમોમાં નાટ્યાત્મક પરિવર્તન પર જ આધારિત છે. સંયુક્ત રાષ્ટ્ર સંઘ તથા

ભારતના તજજ્ઞોએ કરેલી વિવિધ ભલામણોના પૃથક્કરણને આધારે એમ કહી શકાય કે કુલ ત્રણ એવા ક્ષેત્રો છે જેમાં સરકારે ગંભીરતાપૂર્વક કંઈક કરવું જોઈએ :

આદિજાતિ લોકોના દૃષ્ટિકોણની પરિસ્થિતિ પરત્વે લોકોમાં જાગૃતિ ઊભી કરવી, આદિજાતિ લોકોની કાનૂની અને રાજકીય સ્થિતિમાં સુધારા લાવવા, આદિજાતિ લોકોના હિતાર્થે સામાજિક પગલાંના કાર્યક્રમોમાં રોકાણ કરવું અને આદિજાતિઓની મજૂરી કે જમીનમાં શોષણ કરતાં ખાનગી હિતોને દાબી દેવા. બિનસરકારી સંગઠનોએ બહુ નોંધપાત્ર કામગીરી કરી છે અને સરકારે આદિજાતિ લોકોની સમસ્યાઓ હલ કરવામાં તેમને સાથીદાર ગણવા જોઈએ.

આંતરરાષ્ટ્રીય મજૂર સંગઠન (ILO) આદિજાતિ લોકોના રક્ષા માટે ખાસ પગલાં લેતી આંતરરાષ્ટ્રીય સસ્થાઓમા મોખરાનું સ્થાન ધરાવે છે. તેણે છેક ૧૯૨૧ માં આ અંગેનો પહેલો અભ્યાસ હાથ ધર્યો અને આદિજાતિ અને અર્ધ-આદિજાતિ વસ્તીના રક્ષણ અને સંયોજન માટે તેણે એક પરિષદ યોજી હતી. ૧૯૮૯માં આવી પરિષદનું પુનરાવર્તન થયું. સંયુક્ત રાષ્ટ્રસંઘની અન્ય સંસ્થાઓ - વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) /યુનેસ્કો અને યુનિસેફ વગેરે પણ આદિજાતિ લોકોના વિકાસ અંગે ખાસ કાર્યક્રમો હાથ ધરી રહ્યાં છે.

### ૧૦.૪.૮ બિન સરકારી સંગઠનોની ભૂમિકા

બિન સરકારી સંગઠનોએ આદિજાતિઓની કરુણ પરિસ્થિતિ અંગે લોકોમાં જાગૃતિ ફેલાવવામાં ઘણું પ્રદાન કર્યું છે. તેઓ આંતરરાષ્ટ્રીય સમુદાયને પણ આદિજાતિઓની માગણીઓ ધ્યાન પર લેવા માટે દબાણ કર્યું છે. ઘણીવાર તો બિનસરકારી સંગઠનોના પ્રયાસોનું અલગતાવાદી તરીકે ખોટું અર્થઘટન કરવામાં આવે છે. આ ખોટું છે. મોટા ભાગના આદિજાતિ લોકો જમીન પરનો હકનો દાવો ગેરકાનૂની રીતે કરતા નથી. તેમજ મોટા ભાગના આદિજાતિઓ તેઓ જે રાજ્યોમાં રહે છે તે રાજ્યો માટે ઔપચારિક સ્વતંત્રતાની પણ માગણી કરતા નથી. પરંતુ તેઓની માગણી તો માત્ર બચી ગયેલી જમીન અને સંસાધનોના સ્વ-વ્યવસ્થાપનની છે.

નાગરિકોએ આદિજાતિઓની આ સમસ્યાઓએ ઉપસ્થિત કરેલ માનવીય પડકારને ઝીલવાનું આવશ્યક છે. જો ભારતે રાષ્ટ્રોના સમુદાયમાં આદરભર્યું સ્થાન પ્રાપ્ત કરવું હશે તો આદિજાતિઓના માનવ તરીકેના હકને સુરક્ષા આપવી પડશે.

### ૧૦.૪.૯ વ્યક્તિઓની ભૂમિકા

આદિજાતિઓને સહાય કરવા માટે કોઈએ કંઈ નિષ્ણાંત બનવાની જરૂર નથી. તમે કોઈ બિનસરકારી સંગઠનનો સંપર્ક સાધી આદિજાતિઓનાં બાળકોને ઉનાળામાં કંઈક શીખવવા માટે સ્વયંસેવક બની શકો. તમે રજાઓમા અભ્યાસ સહ-પરિચય પ્રવાસ ગોઠવી શકો. તમે વનૌષધિઓએ વિશે માહિતી મેળવવાનં આયોજન કરી શકો. છોકરીઓ પોતાનું જૂથ બનાવીને આદિજાતિ છોકરીઓ સાથે વાતચીત કરી શકે અને તેમને એઈડ્ઝ વિશે તેમજ અન્ય આધુનિક સ્વાસ્થ્ય આચારો વિશે જાણકારી આપી શકે. કોઈક વ્યક્તિ પોતાના ખિસ્સા ખર્ચમાંથી બચત કરીને સારા હેતુ માટે બિનસરકારી સંગઠનને દાન પણ આપી શકે. તમે આમાંનું કાંઈ પણ ન કરી શકો તો પણ તમારે નિરાશ થવાની જરૂર નથી. તમે રાજ્યના મુખ્યમંત્રીને એક પત્ર લખી અથવા તો કોઈ અખબારના તંત્રીને કે પછી રાષ્ટ્રીય માનવ હક પંચ કે રાષ્ટ્રીય મહિલા આયોગ કે અનુસૂચિત આદિજાતિ કમિશનને પત્ર લખી શકો.

હા, તમારું નાનકડું પગલું પણ દૂર સુધી લઈ જશે.

**તમારી પ્રગતિ ચકાસો-૩**

નોંધ : (૧) તમારા જવાબ માટે નીચેની ખાલી જગ્યાનો ઉપયોગ કરો.
(૨)આ એકમના અંતે આપેલા નમૂનારૂપ જવાબ સાથે તમારા જવાબ ચકાસો.

૧. 'આદિજાતિ'ની વ્યાખ્યા ૨૦૦ શબ્દમાં દર્શાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

૨. સ્થાનિક અખબારના તંત્રીને પત્ર લખી તમારા વિસ્તારમાં આદિજાતિઓના વિસ્થાપન અંગે પ્રશ્ન ઉપસ્થિત કરો.

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

૩. ભારતનું સંવિધાન આદિજાતિઓનું કયું રક્ષણ આપે છે ?

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

## ૧૦.૫ સારાંશ (Let Us Sum Up)

આપણે આગળના એકમોમાં જોયું અને ચર્ચા કરી કે બાળકો અને મહિલાઓ સહાયપાત્ર (Vulnerable) જૂથો છે. તેના રોજબરોજનાં દૃષ્ટાંતો સાથે મહિલાઓ અને બાળકોના હક સંદર્ભે અભ્યાસ કરવાનો લાભ પ્રાપ્ત કર્યો. લઘુમતીઓ, દલિતો અને આદિજાતિઓના અભ્યાસથી તમને આ પ્રશ્નોની ગતિશીલતા, સમસ્યાઓ અને તેના નિવારણ અંગે દૃષ્ટિ પ્રાપ્ત થઈ. આપણે લઘુમતીઓ અને આદિજાતિઓની વિશિષ્ટ માનવ હકની સમસ્યાઓ વિશે શીખ્યા. આ ચર્ચા તમને તમારા મિત્રો અને પરામર્શકો સાથે, સહાયપાત્ર (Vulnerable) જૂથોના હકના રક્ષણના મુદ્દા પર વાતચીત કરવા મદદરૂપ થશે.

## ૧૦.૬ મહત્ત્વનાં શબ્દો (Key Words)

દલિત (Dalit) : શબ્દાર્થમાં તેનો અર્થ નીચલા દરજ્જાનું હકના કર્મશીલોએ અસ્પૃશ્યોને દર્શાવવા પ્રયોજેલો શબ્દ.

PCR : Protection of Civil Rights Act. 1995
નાગરિક હક સુરક્ષા અધિનિયમ, ૧૯૯૫

અનુસૂચિત જાતિ (Scheduled Castes) : સામાજિક રીતે વંચિત અસ્પૃશ્યોની જાતિઓની યાદી બ્રિટિશ સરકારે ૧૯૩૫માં બનાવી હતી. આ અનુસૂચિત જાતિની યાદી બનાવવાનો હેતુ વિધાન સભામાં કે સરકારી નોકરીમાં અને યુનિવર્સિટીમાં અનામત જગ્યા માટે થાય છે. આ શબ્દો સંવિધાન અને અન્ય કાયદાઓમાં પણ વપરાય છે.

અનુસૂચિત આદિજાતિ (Scheduled Tribes) : દેશી આદિજાતિ વસ્તીની યાદી, જેમને અનુસૂચિત જાતિઓની જેમ કેટલાક વળતરરૂપ લાભો મળવાપાત્ર છે.

અસ્પૃશ્યો (Untouchables) : સવર્ણ હિન્દુઓથી નીચેની જાતિમાં જન્મેલા. હવે વહીવટમાં તેમને સ્થાને અનુસૂચિત જાતિ શબ્દ વપરાય છે. જ્યારે માનવ હકના કર્મશીલો અને તે વસતિ પોતે સામાન્યપણે દલિત શબ્દનો ઉપયોગ કરે છે.

## ૧૦.૭ કેટલાંક ઉપયોગી પુસ્તકો (Some Useful Books)

Arvind Sharma (1997), Minority versus Majority Rights in Subhash Kashyap (ed.) perspectives on the Constitution (published by IICS, Simla).

A. S. Narang (1997), Jusice for Minorities in Ajit Battacharya (ed.) Social Justice and Indian Consitution, IIAS Simla.

B. R. Ahluwalia and Shashi, B. R. (1981), Ambedkar And Human Rights, K. K. Pubs., New Delhi.

Marc Galanter (1983), Competing Equalities : Law and the Backward Classes in India, Berkelery, University of California Press.

Susane R. Chaplin,. "Scavengers : Still Marginalised", The Administrator, Vol. XL 11 January - March 1977, P.P. 123 - 151.

Human Rights : A Source Book, NCERT.

Human Rights in India, Amnesty International 1993.

Changing India by Robert W. Stern, Cambridge University Press, 1993.

Annual Report of National Commission for Women.

Reports of Scheduled Castes an Scheduled Tribes Commission.

## ૧૦.૮ 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબ : સ્વાધ્યાય
(Answers to Check Your Prrogress : Exercises)

**તમારી પ્રગતિ ચકાસો ૧**

૧. તમારા જવાબમાં નીચેના મુદ્દાઓ આવરી લેવા જોઈએ :

ક) 'લઘુમતી' વિભાગ ૧૦.૨માંથી

ખ) રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ તમને યોગ્ય લાગે તેવાં ઉદાહરણો ઉમેરવાં.

૨. પેટા વિભાગ ૧૦.૨.૨માં દર્શાવેલ કેટલાક કેસ અભ્યાસ. દક્ષિણ એશિયાના દેશોના સંદર્ભમાં તમે કેટલાંક દૃષ્ટાંતો ઉમેરી શકો.

**તમારી પ્રગતિ ચકાસો ૨**

૧. જુઓ વિભાગ ૧૦.૩

૨. જુઓ પેટા વિભાગ ૧૦.૩.૧

**તમારી પ્રગતિ ચકાસો ૩**

૧. જુઓ વિભાગ ૧૦.૪

૨. તમે પેટા વિભાગ ૧૦.૪.૨ જુઓ અન આદિજાતિઓની શિક્ષણ, આરોગ્ય અને જમીન સંસાધનના પ્રશ્નો ઉપસ્થિત કરતો પત્ર લખો.

૩. જુઓ પેટા વિાગ ૧૦.૪.૨

# એકમ ૧૧ : વૃદ્ધો, વિકલાંગો અને નિર્વાસિતો
(The Old, The disabled and The Refugees)

રૂપરેખા


૧૧.૦ ઉદ્દેશ
૧૧.૧ પ્રાસ્તાવિક
૧૧.૨ વૃદ્ધજનો
 ૧૧.૨.૧ ઉપેક્ષાની પરિસ્થિતિ
૧૧.૩ રાજ્યના હસ્તક્ષેપની જરૂરિયાત
 ૧૧.૩.૧ રાજ્યની કેટલીક પહેલ
 ૧૧.૩.૨ વૃદ્ધજનો માટેની રાષ્ટ્રીયનીતિ
 ૧૧.૩.૩ વૃદ્ધજનોના હક
૧૧.૪ વિકલાંગો કોણ છે ?
૧૧.૪.૧ 'વિકલાંગતા' શબ્દ પ્રયોગ
૧૧.૫ સામાજિક પગલાં
 ૧૧.૫.૧ ભારતમાં પહેલ
૧૧.૬ નિર્વાસિતોની યાતનાઓ
૧૧.૭ નિર્વાસિતોના પ્રશ્નો આંતરરાષ્ટ્રીય પહેલ
 ૧૧.૭.૧ નિર્વાસિત કોણ છે ?
 ૧૧.૭.૨ સંયુક્ત રાષ્ટ્ર સંઘ માનવ હક આયોગ (UNHRC)
 ૧૧.૭.૩ ભારતમાં સંયુક્ત રાષ્ટ્ર માનવ હક કમિશ્નર
૧૧.૮ સારાંશ
૧૧.૯ મહત્ત્વના શબ્દો
૧૧.૧૦ 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબ : સ્વાધ્યાય


## ૧૧.૦ ઉદ્દેશ (Objectives)

આ એકમના અભ્યાસ પછી તમે,

- વૃદ્ધજનો, વિકલાંગો અને નિર્વાસિતોના પ્રશ્નોને યાદ કરી શકશો;
- સહાયપાત્ર જૂથોના હક વિશે જાણી શકશો;
- આ જૂથોના હક અંગેની માહિતી આપણી આજુબાજુના વાતાવરણ સાથે ટીકાત્મક રીતે અને યોગ્ય પગલા માટે તેને જોડી શકાશે; અને
- સંયુક્ત રાષ્ટ્ર સંઘ માનવ કમિશનની ભૂમિકા સમજાવી શકશો.

## ૧૧.૧ પ્રાસ્તાવિક (Introduction)

જુદાં જુદાં, સહાયપાત્ર (Vulnerable) જુથો સંબંધી અગાઉના એકમોમાં આપણે મહિલાઓ, બાળકો અને લઘુમતી જૂથોની પરિસ્થિતિ સમજવાનો પ્રયાસ કર્યો. આ એકમમાં આપણે વૃદ્ધજનો, વિકલાંગો અને નિર્વાસિતોના હક સંબંધી આપણે જાણીશું.

તમે જાણો છો તેમ, આ લોકોની ઘણીવાર ઉપેક્ષા થતી હોય છે. ઘણીવાર તો તેમની બિનલાભદાયી સ્થિતિની નોંધ લેવાતી હોતી નથી. જાણે કે તેઓ તે પ્રમાણે રહેવા માટે જ સર્જાયા હોય ! આમાં નવાઈ પામવા જેવું નથી કે ઘણા લોકોને એવી સમજ પણ હોતી નથી કે વૃદ્ધજનો અને અશક્તોને પણ અન્યોની જેમ સમાજમાં ગૌરવપૂર્ણ જીવન જીવવાનો હક છે.

એક દૃષ્ટાંત લઈએ. કોઈ વૃદ્ધ વ્યક્તિ (જો કે બહુ ઉંમરલાયક નહિ) તેનુ નામ રામનાથ છે. તે બીમાર પડ્યા અને ડોક્ટરે તેમને હોસ્પિટલ જવા માટે સલાહ આપી. થોડાક દિવસ પછી, તેમની સારવાર પૂરી થઈ, પરંતુ આશરે ૬૦ વર્ષની વયના રામનાથને પોતાને ઘેર પાછા જવું ન હતું. "મને ઘરે પાછો મોકલશો નહિ." તેમણે હોસ્પિટલના ડૉક્ટરને વિનંતી કરી, તેણે જણાવ્યું કે તેમના પુત્રે તેમની બધી જ રકમ લઈ લીધી છે. અને હવે તે તેમને હેરાન કરે છે. રામનાથ આપણા દેશના ૭ કરોડ વ્યક્તિઓ પૈકી એક છે - જેઓ વૃદ્ધત્વની સમસ્યાનો સામનો કરી રહેલ છે.

બીજું દૃષ્ટાંત લઈએ. કુલદીપ ૧૧ વર્ષની વયનો વિકલાંગ બાળક છે. તે માંડ માંડ ચાલી શકે છે. તેને પોલિયો થયેલ છે. તે રમતના મેદાનની પાસે ઉભો છે. તે ક્રિકેટ રમી શકે તેમ નથી. તે વિવશ નજરે દડાની હેરફેરને જોઈ રહ્યો છે.

આ એકમમાં આપણે વૃદ્ધોની, વિકલાંગોની અને નિર્વાસિતોની અને તેમના હકની વાતો કરીશું. તમે એ બાબતે તો સંમત થશો કે આ બધા લોકોને સમાજમાં અન્ય સશક્ત લોકોની જેમ ગૌરવપૂર્ણ જિંદગી જીવવાનો હક છે.

આ એકમમાં ત્રણ મુખ્ય વિભાગો છે અને તેમાં ઉપર દર્શાવેલ ત્રણેય સીમાન્ત જૂથોની ચર્ચા છે.

## ૧૧.૨ વૃદ્ધજનો (The Old People)

સંયુક્ત રાષ્ટ્રસંઘે ૧ લી ઓક્ટોબર ૧૯૯૮ થી ૩ જી ડિસેમ્બર ૧૯૯૯ના સમયગાળાને વૃદ્ધજનોના વર્ષ માટે જાહેર કર્યું. પ્રસંગપાત્ત આપણે કોઈ સામયિકમાં એકાદ અહેવાલ વાંચીએ છીએ, પરંતુ તે સિવાય સામાન્યપણે વૃદ્ધજનો જે સમસ્યાઓનો સામનો કરવો પડતો હોય છે તે વિષયે ભાગ્યે જ કોઈ ચર્ચા થતી હોય છે. વાસ્તવમાં ઘણા લોકોને એવી સમજ નથી કે વૃદ્ધજનોને કોઈ ગંભીર ફરિયાદો છે અને તેમને પણ સારસંભાળની જરૂર છે. આપણને જરૂર એમ માનવાનું મન થાય કે ભારતમાં કૌટુંબિક મૂલ્યોની સુદૃઢ પ્રણાલિકાઓ છે અને આપણે આપણા વડીલોને માન આપીએ છીએ અને તેમની સંભાળ લઈએ છીએ.

પરંતુ ખરેખર આપણે તેમ કરીએ છીએ ખરા? આપણે માત્ર આજુબાજુ નજર કરીશું તો પણ સમજાશે કે વૃદ્ધજનો કેવી કરુણ સ્થિતિમાંથી પસાર થઈ રહેલ છે. તેમની પાસે હવે જૂનું કૌટુંમ્બિક માળખું રહ્યું નથી કે જેના પર તેઓ આધાર રાખી શકે. રાજ્યોએ પણ તેમની રોજબરોજની જરૂરિયાતો પૂરી પાડવા માટે કોઈ કલ્યાણ કાર્યક્રમ શરૂ કરેલ નથી.

તો આપણે વૃદ્ધજનોની સ્થિતિ વિશે થોડુંક વધારે વિસ્તારથી જોઈએ. તેઓ જે સ્થિતિમાં મુકાયેલા છે તેમની સામાજિક પરિસ્થિતિ વિશે જાણીએ.

### ૧૧.૨.૧ ઉપેક્ષાની પરિસ્થિતિ

ઉપેક્ષિત વૃદ્ધજનોની વધતી જતી સંખ્યા માટે ઘણા સામાજિક અને આર્થિક કારણો છે.

વધતા જતા ઉદ્યોગીકરણ અને શહેરીકરણને કારણે પરંપરાગત કૌટુમ્બિક પરિસ્થિતિમાં પરિવર્તન આવ્યું છે. હવે બાળકો પોતાના પિતાની ઘેરથી તેમના પોતાના ઘરમાં રહેવા જાય છે. વૃદ્ધજનોને ગામમાં એકલા છોડી દેવામાં આવે છે. કેટલાક વૃદ્ધજનો તેમનાં સંતાનો સાથે શહેરમાં રહેવા જાય છે. પરંતુ ત્યાંની પરિસ્થિતિ અજાણી જણાય છે અને તેઓ પરાવલંબી બનીને દુઃખી થાય છે. શહેરી વાતાવરણમાં દીકરો અને પુત્રવધુ બંને બહાર નોકરી કરવા જતાં હોવાથી, આવી રીતે બાળકો સાથે રહેતા વૃદ્ધજનોને પોતાની સંભાળ લેવાતી નથી તેવી લાગણી થાય છે. વૃદ્ધજનો માટેની પરિસ્થિતિ એક સરખી નથી. કોઈ વ્યક્તિ હવે પૂરતા ઉપયોગની રહી નથી એમ જણાય ત્યારે તેને બાજુએ ધકેલી દેવાય છે. વયસ્ક નાગરિકો વૃદ્ધજનોનું આવું જ કંઈક થતું હોય છે. વૃદ્ધજનો માત્ર ઉંમરની પ્રક્રિયામાં જ ભૌતિક અને વધતી જતી વયની બાબતમાં જ સહન કરે છે. તેવું નથી, પરંતુ તેઓ પોતે નકામાપણાની લાગણીથી પીડાતા હોય છે.

સામાજિક માળખું કે મૂલ્ય-પદ્ધતિ બદલાવા ઉપરાંત વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકીના ક્ષેત્રે પણ ખૂબ જ પ્રગતિ થયેલ છે. આ બધાને કારણે માણસની વયમર્યાદામાં ઉમેરો થયો છે. એમ કહેવાય છે કે ૧૯૯૧થી શરૂ થતાં ૨૫ વર્ષના સમયગાળામાં ૬૦ વર્ષ કે તેથી વધુ ઉંમર ધરાવતા લોકોની સંખ્યા આપોઆપ જ બમણી થઈ જશે. (વૃદ્ધજનો માટેની રાષ્ટ્રીયનીતિના મુસદ્દો)

વૃદ્ધજનોમાં પણ સ્ત્રીઓ કરતાં પુરુષોની સંખ્યા વધુ છે, કારણ કે તેઓ લાંબું જીવે છે. વધારે ને વધારે સ્ત્રીઓ વિધવા બનતી જાય છે. વિધુરો કરતાં વિધવાઓનું પ્રમાણ ચાર ગણું છે. વૃદ્ધ મહિલાઓની સ્થિતિ તો વધુ ખરાબ છે, કારણ કે બહુ ઓછી વ્યક્તિઓ તેમની સંભાળ લેવા ઉત્સુક હોય છે. આમ વૃદ્ધ સ્ત્રીઓ ત્રણ પ્રકારે ઉપેક્ષાનો અને ભેદભાવને ભોગ બને છે, એક તો સ્ત્રી તરીકે, બીજું વિધવા તરીકે અને ત્રીજું ઉંમરને કારણે.

**ભારતમાં ઉંમરનું ચિત્ર - કેટલાંક આંકડા**

- ૬૦ વર્ષ કે તેથી વધુ ઉમરની વ્યક્તિઓ ૭ કરોડ
- ૨૦૨૫ સુધીમાં તેમની સંખ્યા થશે ૧૭.૭ કરોડ
- આ પૈકી ૯૦ ટકા લોકો અસંગઠિત ક્ષેત્રના છે. તેનો અર્થ એ થયો કે એ બધાંને પેન્શન નહિ, પ્રોવિડંડ ફંડ નહિ, ગ્રેચ્યુઈટી નહી, તબીબી વીમો નહિ.
- ૮૦ ટકા ગ્રામીણ વિસ્તારોમાં રહે છે.
- ૪૦ ટકા લોકો ગરીબી રેખાની નીચે જીવે છે, પૂરતા ખોરાકનો અભાવ, પૂરતાં કપડાં કે આવાસનો પણ અભાવ.
- ૬૦ ટકા કરતાં વધારે વયની મહિલાઓમાં ૫૫ ટકા વિધવા.
- ૬૦ ટકા કરતાં વધારે વયના વૃદ્ધજનોમાં ૭૦ ટકા નિરક્ષર.

સ્રોત : વૃદ્ધજનો : એક સ્થગિત સમાજ 'સ્વાગત'ના ૫૯માં અંકમાં નીલમ મખ્ખીજાનીનો લેખ, ફેબ્રુઆરી ૧૯૯૯.

પરિસ્થિતિ આટલી બધી ગંભીર હોવાને કારણે, અને ધોળાવાળ ધરાવતા વૃદ્ધજનોની સંખ્યામાં સતત વધારો થતો હોવાને કારણે એ બાબત સ્પષ્ટપણે સ્વીકારાઈ છે કે વૃદ્ધજનોની ઉપેક્ષા થતી ટાળવા માટે પ્રયાસો કરવા પડશે. આ પૈકી ઘણા પ્રયાસો તો ખુદ વૃદ્ધજનોના સમુદાયમાંથી કે તેમના સંગઠનોમાંથી થવા જોઈશે. આવા નોંધપાત્ર સંગઠનો પૈકીનું હેલ્પ એજ ઇન્ડિયા એક છે.

**હેલ્પ એજ ઇન્ડિયા : Help Age India**

હેલ્પ એજ ઇન્ડિયા વૃદ્ધજનો માટે સમર્પિત અગ્રણી સ્વૈચ્છિક સંસ્થા છે.

હેલ્પ એજ ઇન્ડિયાની સ્થાપના ૧૯૭૮માં થઈ હતી અને આજે વિવિધ પ્રકારની સેવાઓને આવરી લેતી ૧૩૦૦ પરિયોજનાઓ સાથે તે સંકળાયેલી છે. તેમની સંભાળ અને સેવાઓથી લગભગ ૨૦ લાખ વૃદ્ધજનોના જીવનમાં પરિવર્તનનો સંચાર થયો છે.

નીચેનાં કેટલાંક ક્ષેત્રોમાં હેલ્પ એજ ઇન્ડિયા સંકળાયેલ છે :

- **વૃદ્ધાશ્રમો :** ૨૫૦ કરતાં પણ વધુ વૃદ્ધાશ્રમો ગરીબ અને લાભવંચિત વૃદ્ધોને આશરો આપે છે.
- **દિવસ માટે સંભાળ કેન્દ્રો :** લગભગ ૧૨૩, ત્યાં વૃદ્ધજનો પરસ્પર મૈત્રીભાવના માટે કે નાનીમોટી આર્થિક પ્રવૃત્તિ માટે એકત્ર થાય છે.
- **ગામને દત્તક લેવાનો કાર્યક્રમ :** આ યોજના નીચે ગરીબ અને નિરાધાર વૃદ્ધજનોને ખોરાક, કપડાં, દવા, તબીબી સારવાર ઉપલબ્ધ કરાય છે.
- **મોબાઈલ મેડિ-કેર એકમ (ફરતું દવાખાનું) :** દૂરદૂરના ગ્રામીણ વિસ્તારો કે શહેરી ઝૂંપડપટ્ટીઓમાં વૃદ્ધજનો માટે કુલ ૧૨ એકમો.
- **આર્થિક પ્રવૃત્તિ માટેના કાર્યક્રમો :** જેથી વૃદ્ધજનોને આર્થિક સ્વાતંત્ર્ય મળે.
- **આંખની સંભાળ :** માત્ર ૧૯૯૭ના વર્ષમાં જ મોતિયાનાં ૫૭,૦૦૦ થી વધુ ઓપરેશન કરાયાં હતાં.
- **ખાસ કાર્યક્રમો :** પૂર, વાવાઝોડું જેવી કુદરતી આફતો દરમિયાન જરૂરિયાત મંદ વૃદ્ધજનોને રાહત પહોંચાડાય છે.

પરંતુ આ માટે માત્ર વ્યક્તિગત પ્રયત્નો કે સામૂહિક સંગઠનોના કાર્યક્રમો પર્યાપ્ત નથી. તેઓ વૃદ્ધજનો માટે પ્રચાર કાર્ય કરી રહેલ હોવાં છતાં આ વંચિત વિભાગો પ્રત્યે રાજ્યની જવાબદારી રહેલી છે.

## ૧૧.૩ રાજ્યના હસ્તક્ષેપની જરૂરિયાત (Need for State Intervention)

આપણે સ્પષ્ટપણે જોઈ શકીએ છીએ કે, વૃદ્ધજનોની વધતી જતી વસતિની સમસ્યા અને તેના તમામ સૂચિતાર્થો માત્ર એકલા પરિવાર દ્વારા હલ થઈ શકે તેમ નથી. એનો અર્થ એ થયો કે રાજ્યે એવી રીતે હસ્તક્ષેપ કરવો જોઈએ, જેથી અસર પામતા વૃદ્ધજનોને ટેકણ લાકડી મળી રહે. આવી કેટલીક પહેલ વિશે જોઈએ :

### ૧૧.૩.૧ રાજ્યની કેટલીક પહેલ

વૃદ્ધજનોનું કલ્યાણ એ તો ભારતના સંવિધાનમાં આપેલ આદેશ છે. સંવિધાનમાં રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો ને લગતી કલમ ૪૧માં એવો આદેશ આપવામાં આવેલ છે કે રાજ્ય, તેની આર્થિક ક્ષમતા અને વિકાસની મર્યાદામાં રહીને વૃદ્ધજનો માટે જાહેર સહાયનો હક સુનિશ્ચિત કરવા માટે અસરકારક જોગવાઈ કરશે. જો કે હજી સુધી કંઈ જ નક્કર થયું નથી. આમ છતાં નીચેના પ્રયાસો થયા છે :

- નોકરીમાં રહેલા લોકો માટે વૃદ્ધ પેન્શનની શરૂઆત ૧૯૫૦ અને ૧૯૬૦ના દશકામાં શરૂ થઈ.
- ફોજદારી કાર્યવાહી સંહિતા (ક્રિમિનલ પ્રોસીજર કોડ) કલમ ૧૨૫(૧)(ક), ૧૯૭૩ના સંદર્ભમાં અને હિન્દુ દત્તક અને નિભાવ અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૨૦(૩)ના સંદર્ભમાં વૃદ્ધજનોની નિભાવની વ્યવસ્થા

જો કે આ કાયદાઓ બિનઅસરકારક નીવડ્યા છે અને મોટેભાગે કાગળ પર જ રહ્યા છે, કારણ કે મોટાભાગના વૃદ્ધજનો પોતાના જ પરિવારજનો/ સંતાનો સામે કાયદાનું શસ્ત્ર ઉગામવામાં શરમ અનુભવે છે. આપણે તે પછીના ઘટનાક્રમો જોઈએ. દા. ત. વૃદ્ધજનો માટેની રાષ્ટ્રીય નીતિ.

### ૧૧.૩.૨ વૃદ્ધજનો માટેની રાષ્ટ્રીય નીતિ

"રાષ્ટ્રીય નીતિ દ્વારા, રાજ્ય વૃદ્ધજનોને એ ખાતરી આપવા માગે છે કે તેમની ચિંતા એ રાષ્ટ્રની ચિંતા છે, તેઓ અસુરક્ષિત રહેશે નહિ, ઉપેક્ષિત રહેશે નહિ કે સીમાન્ત રહેશે નહિ." (વૃદ્ધજનો માટેની રાષ્ટ્રીય નીતિનો મુસદ્દો, ૧૯૯૯)

આ નીતિનો એક મહત્ત્વનો મુદ્દો એ હતો કે આ નીતિમા વૃદ્ધજનોને આધારિત ગણવામાં આવ્યા નથી. તેમાં એ બાબતનો સ્વીકાર થયો છે કે વૃદ્ધજનો પણ સંસાધન છે. અને તેઓ સમાજ માટે ઉપયોગી છે. આ નીતિમાં એવું જણાવાયું છે કે વૃદ્ધજનોને યોગ્ય તક અને સુવિધાઓ ઉપલબ્ધ કરવી જોઈએ. જેથી તેઓ વધુ અસરકારક રીતે ફાળો આપી શકે. આ નીતિ એમ પણ ઇચ્છે છે કે રાજ્ય વૃદ્ધજનો માટે વધારે રકમની ફાળવણી કરે. તે સાથે તેને એવું પણ જણાય છે કે નાગરિક સમાજે તેના વિવિધ માર્ગોએ વૃદ્ધજનો માટે ગૌરવપ્રદ જિંદગી મેળવી આપવામાં જોડાઈ જવું જોઈએ.

### ૧૧.૩.૩ વૃદ્ધજનોના હક

૧૯૯૧ના ડિસેમ્બરની ૧૬મી તારીખે, સંયુક્ત રાષ્ટ્ર સંઘની મહાસભાએ એક ઠરાવ નંબર ૪૬/૯૧ પસાર કર્યો, જેમાં સંયુક્ત રાષ્ટ્રસંઘના વૃદ્ધજનો માટેના સિદ્ધાંતો સમાવિષ્ટ છે. રાષ્ટ્રની સરકારોને આ સિદ્ધાંતો શક્ય હોય ત્યાં તેમના રાષ્ટ્રીય કાર્યક્રમોમાં સમાવવા માટે પ્રોત્સાહિત કરાય છે. આવા કુલ પાંચ પાયાના સિદ્ધાંતો છે :

- સ્વાતંત્ર્ય
- ભાગીદારી
- સંભાળ
- આત્મસંતોષ
- ગૌરવ

**સ્વાતંત્ર્ય :**

વૃદ્ધજનોને,

- પૂરતા પ્રમાણમાં ખોરાક, પાણી, આવાસ, કપડાં અને આરોગ્ય સંભાળ પૂરાં પાડવાં. તે માટે તેમને આવક, કૌટુંબિક ટેકો અને સ્વ સહાય ઉપલબ્ધ કરવાં;

- અન્ય આવક ઉપલબ્ધ કરે તેવી તકો પૂરી પાડવી જોઈએ અથવા કામ કરવાની તક મળવી જોઈએ;
- શિક્ષણ અને તાલીમ કાર્યક્રમો પૂરા પાડવા જોઈએ;
- કામ કરવામાંથી ક્યારે અને કઈ ઝડપે મુક્તિ મળે તે નક્કી કરવામાં સહયોગી બનાવવા જોઈએ;
- સલામત અને વ્યક્તિગત પસંદગી સાથે ઉપયુક્ત અને બદલાતા વર્તાવના વાતાવરણમાં રહેવા માટે સક્ષમ બનાવવા જોઈએ;
- શક્ય હોય ત્યાં સુધી ઘેર જ રહેવા માટે સક્ષમ બનાવવા જોઈએ.

**ભાગીદારી :**

- વૃદ્ધજનો સમાજમાં એકરૂપ થઈને રહે, તેઓના પોતાના કલ્યાણ માટેની નીતિઓ ઘડવામાં અને તેનો અમલ કરવામાં તેઓ ભાગીદાર બને અને યુવાનપેઢી સાથે પોતાના જ્ઞાન અને કૌશલ્યની આપ-લે કરે.
- સમુદાય માટે સેવાની તક શોધવા અને વિકસાવવા સમર્થ બને અને પોતાના રસના વિષયમાં અને શક્તિને અનુરૂપ સ્થિતિમાં સ્વયંસેવક તરીકે સેવા આપે.

**સંભાળ :**

- વૃદ્ધજનોને કુટુંબ અને સમુદાયની સેવા અને સારસંભાળનો, જે તે સમાજની પદ્ધતિ અને સાંસ્કૃતિક મૂલ્યો અનુસાર લાભ મળવો જોઈએ.
- યોગ્ય પ્રમાણમાં શારીરિક, માનસિક અને લાગણી વિષયક કલ્યાણ પ્રાપ્ત કરવા અને જાળવી રાખવા માટે જરૂરી આરોગ્ય સંભાળ સુધીની પૂરી પાડવી જોઈએ, જેથી માંદગી ટાળી શકાય અથવા દૂર ધકેલી શકાય.
- વૃદ્ધજનોને તેમની સ્વાયત્તતા, સુરક્ષા અને સંભાળ ને વિસ્તૃત કરવા માટે સામાજિક અને કાનૂની સેવાઓ પૂરી પાડવી જોઈએ.
- રક્ષણ, પુનઃસ્થાપન તેમજ માનવીય અને સલામત વાતાવરણમાં સામાજિક અને માનસિક સ્ફૂર્તિ પ્રાપ્ત કરવા યોગ્ય કક્ષાએ સંસ્થાકીય સેવાઓનો ઉપયોગ કરવા માટે તેઓ સક્ષમ બનવા જોઈએ.
- તેઓ ગમે ત્યાં રહેતા હોય, ગમે તેની સંભાળ કે સારવાર હેઠળ હોય તો પણ તેમને માનવહક અને મૂળભૂત સ્વાતંત્ર્ય ભોગવવા માટે સક્ષમ બનાવવા જોઈએ. તેમાં તેમના ગૌરવ માટે, માન્યતાઓ, જરૂરિયાતો, ગોપનીયતા અને પોતાની સંભાળ અને પોતાના જીવનની ગુણવત્તા માટે નિર્ણય કરવાના હક માટે પણ પૂર્ણ સન્માન હોવું જોઈએ.

**આત્મગૌરવ :**

- વૃદ્ધજનો, તેમની વૃદ્ધાવસ્થા દરમિયાન તેમની શક્તિઓનો સંપૂર્ણ વિકાસ કરી શકે તે માટે તકો શોધવા માટે સક્ષમ હોવા જોઈએ.
- તેમને સમાજમાં શૈક્ષણિક, સાંસ્કૃતિક, આધ્યાત્મિક અને મનોરંજક સંસાધનો પ્રાપ્ય હોવાં જોઈએ.

**ગૌરવ :**

- વૃદ્ધજનો, ગૌરવપૂર્ણ રીતે, સલામત રીતે, કોઈપણ પ્રકારના શોષણથી તેમજ શારીરિક અને માનસિક દુર્વ્યવહારથી મુક્ત રીતે જીવી શકે.
- વૃદ્ધજનોને તેમની ઉંમર, જાતિ, વંશ કે જાતિય પૂર્વભૂમિકા, વિકલાંગતા અથવા અન્ય કોઈ દરજ્જાના ભેદભાવ વિના યોગ્ય પ્રકારનો વર્તાવ પ્રાપ્ત થવો જોઈએ અને તેમના આર્થિક પ્રદાનનું સ્વતંત્ર્યપણે મૂલ્યાંકન થવું જોઈએ.

હવે પછીના વિભાગમાં વિકલાંગોના માનવહક વિશે ચર્ચા કરીએ તે પહેલાં, તમે આ વિભાગમાં કેટલું સમજ્યા છો તે વિશે આપણે જોવાનો પ્રયાસ કરીએ.

**તમારી પ્રગતિ ચકાસો ૧**

નોંધ : (૧) તમારા જવાબ માટે નીચેની ખાલી જગ્યાનો ઉપયોગ કરો.

(૨) આ એકમના અંતે આપેલા નમૂના રૂપ જવાબ સાથે તમારા જવાબ ચકાસો.

૧. વૃદ્ધજનોની ઉપેક્ષાના કેટલાંક દૃષ્ટાંતો તમારી આજુબાજુના નિરીક્ષણને આધારે આપો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

૨. તમે માનો છો કે વૃદ્ધજનો કોઈપણ પ્રકારે સમાજમાં ફાળો આપે છે ? કઈ રીતે ?

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

૩. તમે એમ કહી શકો કે વૃદ્ધજનોની ગ્રામીણ વિસ્તારોમાં વધુ સારી સંભાળ લેવાય છે ?

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

## ૧૧.૪ વિકલાંગો કોણ છે ? (Who are the Disabled ?)

આપણે વિકલાંગ લોકોના હક વિશે વાત કરવાનું શરૂ કરીએ તે પહેલાં આપણે જાણી લઈએ કે વિકલાંગ કોણ છે અને તેઓ કયા પ્રકારની વિકલાંગતાનો ભોગ બનેલ છે.

એક દૃષ્ટાંત લઈએ. એક વ્યક્તિ જેને પોતાના શરીરની ચિકિત્સા માટે દિલ્હીની મુખ્ય હોસ્પિટલ, એટલે કે એપોલો હોસ્પિટલમાં જવાનું થયું. બીજી અનેક હોસ્પિટલોની પેઠે એપોલો હોસ્પિટલમાં પણ વ્હીલચેરમાં જતા દર્દી માટે 'રેમ્પ' (ઢોળાવવાળો રસ્તો) નથી. "ડૉક્ટરે તેને પેશાબનો નમૂનો આપવાનું કહ્યું, ફરજ પરની નર્સે, સામાન્ય રીતે કરવામાં આવે છે તેમ તેને એક શીશી આપી અને કહ્યું 'જાઓ, બાથરૂમમાં જાઓ." આદર્શ પરિસ્થિતિ તો એ છે કે આવા પગથી વિકલાંગ વ્યક્તિ માટે તો તે જ વિભાગમાં પેશાબનો નમૂનો મેળવી શકાય. સાચો આઘાત તો મને ત્યારે લાગ્યો જ્યારે મેં જોયું કે હોસ્પિટલમાં બાથરૂમનો દરવાજો સામાન્ય બાથરૂમના દરવાજા કરતાં અત્યંત સાંકડો હતો. એ સ્પષ્ટ થયું કે એ બાથરૂમ તો માત્ર સામાન્ય પ્રકારના દર્દીઓ માટે હતો, નહિ કે વિકલાંગ દર્દીઓ માટે. આપણી કોઈપણ હોસ્પિટલ પાસે એવી વ્યવસ્થા નથી કે વ્હીલચેર વાપરનાર ત્યાં અવરજવર કરી શકે" (જાવેદ અબિદી, 'હિન્દુ' અખબારના ૨૯ જુન, ૧૯૯૮ના અખબારમાં 'ફોલીઓ વિભાગમાં')

આ તો માત્ર એક દૃષ્ટાંત છે, સાદું દૃષ્ટાંત છે - તેમાં એ જણાઈ આવે છે કે સામાન્ય લોકોના સંદર્ભમાં વિકલાંગ લોકો ક્યાંય દૃષ્ટિગોચર થતા નથી.

તમને એ જાણ છે કે આપણી વસતિના ૫ થી ૬ ટકા લોકો એક યા બીજી વિકલાંગતાનો ભોગ બનેલ છે ? આમાં અંધ, ઓછું દેખતા, કુષ્ટરોગીઓ, બહેરા, શારીરિક રીતે વિકલાંગ, માનસિક પંગુતા અને માનસિક બીમારીનો સમાવેશ થાય છે. લોકો વિવિધ પ્રકારની વિકલાંગતાથી પીડાતા હોય છે.

### ૧૧.૪.૧ 'વિકલાંગતા' - શબ્દપ્રયોગ

આપણે સમસ્યાને વધુ સારી રીતે સમજવા માટે 'વિકલાંગતા' શબ્દ જોઈએ. તેનું વ્યાપક રીતે નીચેની પાંચ રીતે પૃથક્કરણ કરી શકાય :

એક તો, શારીરિક રીતે, માનસિક રીતે વિકૃત અથવા અંગને ગુમાવવું તે. વિકલાંગ એવી વ્યક્તિને કહેવામાં આવે છે, જેણે પોતાનું કોઈ અંગ ગુમાવ્યું હોય અથવા ઓપરેશન, અકસ્માતમાં પોતાના જ્ઞાનતંત્રનો ભાગ ગુમાવી બેઠો હોય, અંધ બને, બહેરો બને, લકવાગ્રસ્ત બને, શારીરિક રીતે અપંગ બને અથવા તેનામાં વિકૃતિ આવે.

બીજું, ત્યાં કાયમી બીમારીની પરિસ્થિતિ હોય, જેનાથી સામાન્ય શારીરિક કે માનસિક પ્રક્રિયામાં ફેરફાર કે વિક્ષેપ પેદા થાય. જેમકે દમ, ક્ષય, વાઈ, માનસિક રોગ - સ્કીઝોફેનિયા અને માનસિક હતાશા. આ બે વિભાવનાઓ - વિકૃતિ, કાયમી રોગ વગેરે આમ તો પરસ્પર અતિક્રમણ કરે છે. કારણ કે રોગ વિના પણ નુકસાન લાંબા ગાળાનું હોઈ શકે. લાંબા સમય સુધી ચાલતી બીમારીની સામાન્ય રીતે કોઈને કોઈ શારીરિક કે શરીરના સંવિધાન પર અસર પડતી હોય છે.

ત્રીજું વિકલાંગતાને સામાન્ય રીતે, સામાન્ય પ્રવૃત્તિ પછી તે પ્રવૃત્તિ એકલે હાથે કરવાની હોય કે બીજાઓની સાથે રહીને કરવાની હોય - તેમાં કાર્યલક્ષી મર્યાદા આવી જાય તે રીતે જોવામાં આવે છે. તેનું સૌથી સરળ દૃષ્ટાંત છે. પોતાની જાતે સંભાળ લઈ શકવાની કે પોતાની જાતને સાચવી લેવાની અક્ષમતા, જાતે હલનચલનની અક્ષમતા, સીડી પર ચડવાની અક્ષમતા, નહાવા ધોવાની અક્ષમતા. મર્યાદાનો આ સિદ્ધાંત, જીવનનાં બીજાં પાસાંને પણ લાગુ કરી શકાય. સમાન જાતિની સરેરાશ વ્યક્તિના સંદર્ભમાં સાપેક્ષ અક્ષમતા-ઘરનો સામાન્ય વ્યવહાર ચલાવવામાં, પિતા કે પત્ની તરીકે, પિતા તરીકે, માતા તરીકે, પડોશી તરીકે કે ધંધાકીય કામગીરીની સામાન્ય સામાજિક ભૂમિકા નિભાવવામાં પડતા તફાવતથી સમીક્ષા કરી શકાય.

**ચોથું :** વિકલાંગને કોઈ વર્તાવની પદ્ધતિ તરીકે પણ જોઈ શકાય. તેમાં સામાજિક વિમુખતા પ્રકારનું અમુક તત્ત્વ હોય. વર્તનની આ પદ્ધતિ, જેનું અંશતઃ કારણ ઇન્દ્રિયોની બીમારી અથવા રોગજન્ય પરિસ્થિતિ હોય. જેમકે નિયમિતપણે થતી શારીરિક ધ્રુજારી, કંપવા અથવા લંગડાતી ચાલ, અથવા તો પ્રસંગોપાત્ત આવતી વાઈ વગેરે. આને કારણે પ્રવૃત્તિઓમાં નિયંત્રણ આવી જાય છે. એટલું જ નહિ, પ્રવૃત્તિઓ હાલકડોલક પણ થઈ જાય છે અને પ્રવૃત્તિઓનું આ હાલકડોલકપણું વ્યક્તિ પોતે અને અન્ય લોકો પણ તેને કેવી રીતે સ્વીકારે છે અથવા તેના પ્રત્યે કેવો અભિગમ દાખવે છે તેના ઉપર જેમ આધાર રાખે છે તેમ તેની શારીરિક નિર્ણયાત્મકતા ઉપર પણ આધાર રાખે છે. સમાજશાસ્ત્રીઓએ હમણાં તેમનું ધ્યાન ....'માંદગીની ભૂમિકા' અને 'માંદગીભર્યું વર્તન'ની વિભાવના ઉપર કેન્દ્રિત કર્યું છે. સમાજ અંધવ્યક્તિને, બહેરી-મૂંગી વ્યક્તિને કોઈ નિશ્ચિત અથવા અમુક ચોક્કસ રીતે વર્તવાની અપેક્ષા રાખે છે તે ઘણું જ દુર્ભાગ્યપૂર્ણ છે.

**અંતમાં,** વિકલાંગતા એટલે સામાજિક રીતે વ્યાખ્યાયિત પરિસ્થિતિ કે દરજ્જો. સંબંધિત વ્યક્તિ માત્ર અલગ પ્રકારે વર્તાવ કરે છે. એટલું જ નહિ પરંતુ તેને કારણે એક એવી સ્થિતિ પ્રાપ્ત કરે છે. જેને કારણે કંઈક અલગતા, અનુગ્રહ, કાળજી અને તટસ્થતાના મિશ્ર ભાવો જન્મે છે. વિકલાંગ વ્યક્તિ સમાજના અન્ય લોકો પાસેથી અમુક પ્રકારનું ધ્યાન ખેંચે છે. કારણ કે તે સમાજમાં તેનું અમુક પ્રકારનું સ્થાન નિશ્ચિત કરાયું છે. કેટલાક એવા પણ સમાજ છે, જ્યાં વ્યક્તિ સાધારણપણે સામાન્ય / સરેરાશ કરતાં કંઈક ઓછી ક્ષમતાવાળી હોય, જેના મગજમાં કંઈક દ્વિધાભાવની સામાન્ય બીમારી હોય અથવા તો તેનામાં સાધારણ અશક્તતા હોય તો તેમને વિકલાંગ તરીકે ગણવામાં આવતા નથી.

લોકોને સામાન્ય રીતે વિકલાંગ ત્યારે ગણવામાં આવે છે, જ્યારે તેઓ સામાન્ય રીતે સ્વીકૃત કાર્ય કે વર્તનની બહારનું વર્તન કરે. આમ વિકલાંગતાની વિભાવના કેટલીકવાર સામાજિક નિર્ણયથી પ્રેરાય છે.

વાસ્તવિક રીતે, વિકલાંગતા એટલે સામાજિક, ભૌતિક અને વલણીય અવરોધોના પરિણામે થતા નુકસાન કે મર્યાદાઓથી ઓળખાય છે. આમ, ચાલવાની અક્ષમતા એ અશક્તતા છે, જ્યારે કોઈ મકાનના પ્રવેશમાં પગથિયાં લગાવેલા હોય તે કારણે તેમાં પ્રવેશની અક્ષમતા એ વિકલાંગતા છે. આમ વિકલાંગતા એ કોઈ વ્યક્તિમાં પૂર્વગ્રહો, વલણો કે ભેદભાવયુક્ત કાર્યને પરિણામે શારીરિક, ઇન્દ્રિયજન્ય કે બૌદ્ધિક અશક્તતાનો અનુભવ કરે છે. ટૂંકમાં, વિકલાંગતા એ વ્યક્તિની શારીરિક મર્યાદાઓને કારણે નહિ, પરંતુ તે વિકલાંગતાના સામાજિક પરિણામોનું પ્રતિબિંબ છે.

તમે જોઈ શકશો કે શારીરિક કે માનસિક રીતે અશક્ત વ્યક્તિ લોકોનો ભેદભાવયુક્ત વ્યવહાર અનુભવે છે તેને કારણે જ વ્યક્તિને વિકલાંગતા અકળાવે છે. આ વલણ નક્કર વર્તાવનું સ્વરૂપ ધારણ કરે છે. માળખાકીય સુવિચારોનો અભાવ એ તેનું એક દૃષ્ટાંત છે. સૌથી મોટો પડકાર તો વિકલાંગ વ્યક્તિઓ પણ સૌ પ્રથમ તો માનવ છે. અન્ય માનવોની જેમ તેમની પણ કેટલીક પાયાની જરૂરિયાતો છે. શારીરિક જરૂરિયાતો - ખોરાક અને ઉષ્મા, આવાસ, જાતીયતા અને જેમાં આત્મ ગૌરવનું ભાન થાય તેવી જરૂરિઆતો - સલામતી, પ્રેમ, પોતાપણાની ભાવના, સ્વમાન, સામાજિક સ્વમાન, નવા અનુભવો

માટેની તકો, અંગત વિકાસ તમને એમ લાગે છે કે આ માહોલમા વિકલાંગ વ્યક્તિને આમાંની કોઈપણ જરૂરિયાતો પરિપૂર્ણ કરવા માટે લાંબી મંજિલ કાપવાની છે.

## ૧૧.૫ સામાજિક પગલાં (Social Action)

વિકલાંગતાં ધરાવતી વ્યક્તિઓનાં તેમના સમાજમાં ભાગીદાર બનવાના હક મેળવવાનું મુખ્યત્વે રાજકીય કે સામાજિક પગલાંથી શક્ય બની શકે. કાયદાએ તો વિકલાંગ વ્યક્તિઓ માટે શાળામાં શિક્ષણ, રોજગારી અને સામુદાયિક સુવિધાઓની ઉપલબ્ધિના હકની ખાતરી આપી છે. તેમના સાંસ્કૃતિક અને શારીરિક અવરોધો હટાવવાની અને વિકલાંગ વ્યક્તિઓની સામે ભેદભાવને પ્રોત્સાહન ન અપાય તેમજ તે ભેદભાવ દૂર કરાય તે સુનિશ્ચિત કરવાની ખાતરી પણ કાયદાએ આપી છે.

વિકલાંગોના હકોની ચળવળના ઉદય ને કારણે વિકલાંગોના વિવિધ પ્રકારોમાં એકતાની સુદૃઢ ભાવના પેદા થઈ અને વિકલાંગતાની વ્યાખ્યાને કાનૂની સ્વરૂપ પ્રાપ્ત થયું. ૧૯૮૦ ના દશકામાં, સંયુક્ત રાષ્ટ્ર સંઘની મહાસભાએ ૧૯૮૧ના વર્ષને 'વિશ્વ વિકલાંગતા વર્ષ' જાહેર કરતાં, વિકલાંગતાની ચળવળને ખૂબ ઝડપી વેગ પ્રાપ્ત થયો. આને કારણે પ્રમાણમાં નવાં એવાં ત્રણ ક્ષેત્રો ઉપર ધ્યાન કેન્દ્રિત થયું. (૧) વિકલાંગતા ધરાવતી વ્યક્તિને તે અમુક લાભોથી વંચિત એવી લઘુમતીનો દરજ્જો મળ્યો. તે અંગેની વિકાસશીલ જાગૃતિ અને સમુદાયમાં પોતાને યોગ્ય સ્થાન પ્રાપ્ત થાય તે માટેના આગ્રહની આવશ્યક્તા (૨) ભૂતકાળમાં વિકલાંગ વ્યક્તિઓને માત્ર અનુગ્રહ અને દયાને પાત્ર પદાર્થો કરતાં જરીક જ વિશેષ એવી કક્ષામાં મૂકવામાં આવ્યા હતા એ અંગેની વધતી જતી સમજ અને (૩) આવા લાભોથી વંચિત લોકોને સંભવિતપણે ઉત્પાદક અને સમાજમાં કંઈક ફાળો આપી શકે તેવા નાગરિકો તરીકેના હકની વૈશ્વિક સુરક્ષાનો ઉદય.

### ૧૧.૫.૧ ભારતમાં પહેલ

આઝાદી પછી, ભારતે વિકલાંગ વ્યક્તિઓના કલ્યાણને પ્રોત્સાહન આપ્યું. તેમાં નીચેનું સમાવિષ્ટ છે :

- વિકલાંગો માટે ખાસ રોજગાર કેન્દ્રો
- વ્યાવસાયિક પુનઃ સ્થાપન કેન્દ્રોની સ્થાપના
- શેલ્ટર્ડ વર્કશોપની સ્થાપના
- કેટલીક નિયત નોકરીઓમાં અનામત જગ્યાઓ
- નાણાકીય સહાયની જોગવાઈ

વિકલાંગતા અંગેનો કાયદો (Persons with Disabilities (Equal Opportunities Protection of rights and full participation) Act.) 1995) એ ઘણો પ્રગતિશીલ અને માર્ગદર્શક કાયદો છે. સસ્થાકીય વ્યવસ્થા અને રાજ્યનો ટેકો જરૂરી છે, પરંતુ તે કંઈ સમુદાય દ્વારા લેવાતાં પગલાંઓનો પર્યાય નથી બની શકતો અને તે જ તો વિકલાંગ વ્યક્તિના સમુદાયમાં એકરૂપ થવાનો સાચો પુરાવો છે.

સ્વૈચ્છિક સંસ્થાઓ પણ મોટે ભાગે તો પરંપરાગત અભિગમને જ અનુસરે છે. લગભગ ૨૫ ટકા જેટલી સ્વૈચ્છિક સંસ્થાઓ પાસે તો કોઈ કાર્યક્રમો જ નથી. તેઓ માત્ર વિકલાંગ વ્યક્તિઓને, સરકારી નાણાંનો ઉપયોગ કરીને સાધનો પૂરાં પાડે છે. તેમનું મૂળ જ દયાભાવનામાં રહેલું છે. બીજી કેટલીક સંસ્થાઓ, જે પુનઃ સ્થાપન સાથે નિસબત ધરાવે છે. તેઓ વિશેષ શૈક્ષણિક અને વ્યવસાયી તાલીમના કાર્યક્રમો ચલાવે છે. જે કોઈ કૌશલ્યોની તાલીમ આપવામાં આવે છે તેનાથી મોટાભાગનાં કૌશલ્યોમાંથી આવક / નફો પેદા કરી શકાય તેવું હોતું નથી. જેમ કે સુથારીકામ, દરજીકામ વગેરે. ઇલેક્ટ્રોનિક કે કોમ્પ્યુટર ક્ષેત્રમાં કે અન્ય ઉપયોગી ક્ષેત્રોમાં ભાગ્યે જ કોઈ તાલીમ અપાય છે.

સરકારી કે બિન-સરકારી કાર્યક્રમોમાં મૂલ્યાંકન માટેની કોઈ પદ્ધતિ કે તેમની અસરકારકતા આપી શકાય તેવી સુનિયંત્રણની કોઈ પદ્ધતિ નથી.

આથી સ્વાભાવિક છે કે જે વ્યક્તિઓમાં નિશ્ચયાત્મકતા છે, અન્ય સશક્ત વ્યક્તિઓ સુધી પહોંચવાની સંવેદનશીલતા છે, તેઓ જ કંઈ નવીન કરી શકે છે.

ઉત્તર પ્રદેશના બદાઉન જિલ્લાના ઝાનકી ગામનો ઉમાશંકર પાંડે માંડ માંડ ચાલીને પોતાના ઘરેથી શાળા સુધી જઈ શકતો. તે પગે લંગડો હતો અને તે કારણે તેને ગામના લોકો ટોણાં કે ક્રૂર મજાક વેઠવાં પડતાં. તેથી જ્યારે તે સાત વરસનો થયો, ત્યારે તે પોતાની દાદીમાને ત્યાં ચાલ્યો ગયો અને ક્યારેય શાળાએ ગયો નહિ.

આવી વાતોનું સતત પુનરાવર્તન દરેક ગામમાં, દરેક કસબામાં, દરેક શહેરમાં થતું હોય છે. આ બાળકોનું

પછી શું ? કોઈને ચિંતા છે ખરી ? હા, અલબત્ત, ઘણાને એવી ચિંતા થાય છે પણ ખરી. દાખલા તરીકે, ૩૨ વર્ષની ઉંમરનો પાંડે બાંદામાં પાછો આવ્યો ત્યારે તેનામાં ગામની સિકલ બદલી નાખવાનો ઉત્સાહ હતો. તેણે વિકલાંગ આવાસી વિદ્યાલય એવમ્ પ્રશિક્ષણ કેન્દ્રની સ્થાપના કરી.

"મારો શાળાનો અભ્યાસ તો પૂરો ના થયો પણ મેં કંઈ શીખવાનું તો ક્યારેય બંધ કર્યું જ ન હતું. સ્વ-પ્રયત્નના મારા પાઠો મેં અન્ય મિત્રો સાથે વહેચ્યાં હતા." પાંડેએ કહ્યું જે માણસ કેવળ લાકડીની ઘોડીની મદદ વિના ચાલી પણ શકતો ન હતો તેને માટે તો આ એક વિરાટ કાર્ય હતું. રાજ્યના કલ્યાણ વિભાગના દરવાજા વારંવાર ખટખટાવ્યા બાદ, જેમાં તેની માગણી તો માત્ર નામની રકમની લોન કે ટેકણ લાકડી ખરીદવા માટે નાનકડા દાનની હતી, તેમાં પણ તે નિષ્ફળ ગયો. (તેણે રૂ. ૪૫ની કિંમતની ટેકણ લાકડી માટે રૂ. ૧૨૫ની લાંચ આપી). હવે પાંડેએ એકલે હાથે કામ કરવાનો નિર્ધાર કરીને ૧૯૯૦ના દશકામાં ઉત્તર પ્રદેશના બાદા જિલ્લામાં વિકલાંગ વ્યક્તિઓ માટે ચળવળ શરૂ કરી. તે વક્રતાપૂર્વક કહે છે. "માત્ર બાંદા જિલ્લામાં જ ૧૨,૨૦૦ વિકલાંગ વ્યક્તિઓ છે. રાજ્ય સરકારના તેમના માટેના રૂ. ૫૦ કરોડના બજેટ પછી પણ કંઈ બતાવવા જેવું કર્યું નથી." પાંડે કહે છે કે "મારા તદ્દન નગણ્ય સાધનોથી જો હું માત્ર ૫૦ બાળકોને પણ પ્રસ્થાપિત કરી શકું તો હું ખુશ થઈશ."

તેના જુસ્સાથી ઉત્સાહિત થઈને એક શિક્ષિત વિકલાંગ યુવક તેની સાથે જોડાયો. ૧૯૯૭માં શાળા માટેનો પાયો નંખાયો. આજે ૨૦૦૦માં આ શાળામાં ૧૦૦ વિદ્યાર્થીઓ છે અને ૧૪ કર્મચારીઓ છે. તે બધા વિના વેતને કામ કરે છે.

આ કાર્યની પાછળનો ઉમદા હેતુ જોઈને બાંદાના એક ઝવેરાતના વેપારીએ પાંચ વીઘા જમીન તથા એક ટાઈલ્સ ફેક્ટરીનો વણવપરાશમાં રહેલ જમીન ઉપર જ આવેલ બાંધકામ દાનમાં આપ્યું. ગામ લોકોએ તથા વિસ્તારના મુખ્ય વિકાસ અધિકારીએ તેને મદદ કરી. લોકોએ શક્ય તે તમામ પ્રકારે મદદ કરી. કોઈકે શાકભાજી આપ્યાં. કોઈકે લોટ આપ્યો, કોઈકે ફળ આપ્યાં, કોઈએક પેન્સિલ તો કોઈએ કાગળ આપ્યા. પાંડેએ એવા ૨૦ ડૉક્ટરોની યાદી તૈયાર કરી. જેઓ કોઈપણ રકમ લીધા વિના વૈદ્યકીય નિદાન અને સારવાર તથા દવાઓ પૂરી પાડે છે.

પાંડે માટે અને તેના સાથી સ્વયંસેવકો માટે હજી ઘણી લાંબી મંજિલ કાપવાની બાકી છે. તે કહે છે : "હું મારાં બાળકો માટે માત્ર ડિગ્રી મેળવી આપવાના વ્યવસાયમાં નથી, મારે તેમનામાં આત્મવિશ્વાસ સીંચવો છે. તેમનામાં સુષુપ્ત રહેલી શક્તિઓને પ્રોત્સાહિત કરવી છે અને તેમને સ્વાવલંબનના માર્ગ પર સ્થિર કરવા છે. જો હું માત્ર ચાર બાળક માટે પણ સફળ થાઉં તો તેઓ બીજાં દશ બાળકો માટે આવું કાર્ય કરશે. "મારું ધ્યેય છે કે કોઈ વિકલાંગ વ્યક્તિને રડવા દેવું નહિ."

**તમારી પ્રગતિ ચકાસો ૨**

નોંધ : (૧) તમારા જવાબ માટે નીચેની જગ્યાનો ઉપયોગ કરો.

(૨) આ એકમના અંતે આપેલ નમૂનારૂપ જવાબ સાથે તમારા જવાબ ચકાસો.

૧. લોકોને વિકલાંગ વ્યક્તિઓ પ્રત્યે જે પ્રકારે ભેદભાવનું વલણ છે તે ધ્યાનમાં લેતાં, તમને એમ લાગે છે કે માત્ર તેમના માટેની જ અલગ વિશિષ્ટ શાળાઓ હોવી જોઈએ ?

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

૨. વિકલાંગ વ્યક્તિને ગૌરવપૂર્ણ જીવન જીવવામાં સહાયક થાય તેવી સામાન્ય નાગરિક માટેની કેટલીક સરળ રીતો બતાવો.

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

> ૩. તમે કોઈ વિકલાંગ વ્યક્તિને સ્વમાન ભંગ થાય તેવી રીતે ઉતારી પાડતી જોઈ હોય તેવો તમારા જીવનના અનુભવનો કોઈ પ્રસંગ યાદ કરીને લખો.
>
> ....................................................................................
>
> ....................................................................................
>
> ....................................................................................
>
> ....................................................................................

## ૧૧.૬ નિર્વાસિતોની યાતનાઓ (The Plight of Rufugees)

વિશ્વભરમાં એવા સમુદાયો છે જેમને પોતાનો દેશ છોડી બીજા દેશમાં આશ્રય લેવો પડતો હોય છે. મોટા ભાગના આવા લોકો, તેમના દેશના શાસકોની દમનકારી નીતિને કારણે અથવા કોઈ એક વંશીય સમુદાયની સામુદાયિક હત્યા અથવા યુદ્ધની પરિસ્થિતિ કે પછી દુષ્કાળને કારણે સ્થળાંતર કરે છે. નિર્વાસિતોનો પ્રશ્ન માત્ર આંતરરાષ્ટ્રીય બાબત નથી. આંતરિક ગરબડોને કારણે આવી સ્થાનિક સમસ્યા પણ ઉદ્ભવી શકે. કાશ્મીરી પંડિતોનાં વિશાળ સમૂહનું મરજી વગર કાશ્મીરમાંથી જમ્મુ અને દિલ્હી ખાતે સ્થળાંતર એ આવા સ્થાનિક બળજબરીપૂર્વકના વિસ્થાપનનું ઉદાહરણ છે.

પોતાના જન્મ સ્થાન, ઉછેર સ્થાન અને પરિવારમાંથી ઉચ્છેદન પામીને વિસ્થાપિત થવું એ પોતે જ એક દુર્ભાગ્યપૂર્ણ ઘટના છે. આવા નિર્વાસિતો જ્યારે હિજરત કરીને તેમના આશ્રિત દેશમાં આશ્રય પામવા માટે પહોંચે છે ત્યારે ત્યાં તેમના કયા હક હોય છે ? અલબત્ત, તેમના પોતાના વતનમાં પણ તેમને વતન છોડીને અન્ય દેશમાં આશરો લેવો પડ્યો એ પ્રશ્ન તો છે જ. આપણા આ એકમના આ વિભાગમાં આ પ્રશ્નો વિશે વિચારણા કરીશું.

૧૯૪૭માં ભારત સ્વતંત્ર થયા બાદ તરત જ ઘણી મોટી સંખ્યામાં લોકો નવા બનેલા પાકિસ્તાનના પ્રદેશમાં અનેક પ્રકારે હિંસા અને જુલમના ભોગ બન્યા અને નિર્વાસિતો તરીકે અથવા વિસ્થાપિતો તરીકે ભારતમાં આવ્યા. ભારતે સરકારી અને બિન-સરકારી કક્ષાએ તેમને પુનઃસ્થાપિત કરવા માટે તમામ પ્રયાસો કર્યા. તેમણે કોઈ પણ ભેદભાવ વિના, સંપૂર્ણ ગૌરવ અને સન્માન સાથે ભારતીય સમાજમાં સમાવ્યા. પરંતુ કંઈ બધા જ નિર્વાસિતો એવા ભાગ્યશાળી હોતા નથી. ભારતમાંથી પાકિસ્તાન હિજરત કરી ગયેલા ઉર્દૂ બોલતા મુસ્લિમો સાથે હજી પણ પાકિસ્તાનમાં ભેદભાવયુક્ત રીતે મુહાજીરો તરીકે વર્તન થાય છે.

સોવિયેટ રશિયાના લશ્કરે ૧૯૭૯ના અંતમાં અફઘાનિસ્તાન પર કબજો જમાવ્યો ત્યારે ઘણી મોટી સંખ્યામાં અફઘાનિસ્તાનમાંથી લોકો ઈરાન, પાકિસ્તાન અને ભારતમાં પણ ભાગી આવ્યા હતા. સંયુક્ત રાષ્ટ્રસંઘના માનવ હક કમિશને (UNHRC) તેમને તમામ સહાય ઉપલબ્ધ કરી.

૧૯૩૩માં જર્મનીમો હિટલર સત્તા પર આવ્યો ત્યારે ઘણી મોટી સંખ્યામાં યહૂદીઓ ઉપર જુલમ ગુજારવામાં આવ્યા હતા અને તેમાંના કેટલાક ભાગી છૂટીને અન્યત્ર આશ્રય મેળવવામાં સફળ થયા હતા.

> સોનમ ડોલ્મા ૧૨ વરસની છે અને ડેકી ડોલ્માની ઉંમર ૧૦ વરસની છે. એક વસંતઋતુના દિવસે તેઓ બહાદુરીપૂર્વક પર્વતમાં થઈને ભાગી છૂટી. દક્ષિણ-પૂર્વ તિબેટની આ બે બહેનોની ઇચ્છા તેમની માતા ઉપર બોજો બનવાની ન હતી. અને સ્થાનિક ગુંડાઓથી પોતાની જાતને દૂર લઈ જવાની હતી. આથી તેઓ ભારતમાં ધરમશાળા તરફ આગળ વધી.
>
> તેની માતાને ખાતરી હતી કે તેમનાં સંતાનો ધરમશાળામાં વધારે સારી રીતે સચવાશે તેથી તે લ્હાસા સુધી તો તેમની સાથે આવી. ત્યાં બે મહિના સુધી તેઓએ પ્રાર્થના કરી અને પછી તેઓએ તેમના એક સંબંધી, જેઓ અગાઉ ભારત આવી ગયેલ હતા તેમની સાથે તેમણે ગોઠવણી કરી. તેમની પ્રથમ મુસાફરી બે દિવસ બસમાં લ્હાસાથી ડ્રેમ સુધીનો પ્રવાસ હતો. ડ્રેમ તિબેટના નેપાળ સાથેની સરહદનું સ્થાન છે.
>
> ડ્રેમથી આ બે છોકરીઓ એકલી જ હતી, સિવાય કે નેપાળી ભોમિયો. તેમનો જે સંબંધી હતો તે તે દરમિયાન, ચાઈનીઝ ટ્રાવેલ વિઝા લઈને આગળની બસમાં રવાના થયો. ઘોર અંધકારમાં આ બે બાળાઓ એક પૈસા ચુકવાયેલ વળાવિયાને અનુસરી રહી. આ ત્રણે જણા મોટે ભાગે રાત્રિએ જ ચાલતા, દિવસે આરામ કરતા અને સશસ્ત્ર ચાઈનીઝ પેટ્રોલિંગથી બચતા ચાલતા હતા. કોઈક વાર

આ ભોમિયો તો કોઈકવાર સોનમ ડોલ્મા થાકેલી ડેકીને, જીવજંતુવાળાં જંગલો, પવનના સુસવાટાવાળી ખીણો, બરફથી છવાયેલા ઘાટ અને અત્યંત સાંકડા રસ્તાઓ ઉપર પીઠે બેસાડીને ઉંચકી લેતા.

અંતે તેઓ ભારત પહોંચ્યા અને કેટલાક મહિનાઓ પછી ધરમશાલા પહોચ્યાં. ડેકી તિબટ્ટન આવકાર કેન્દ્રના પગથિયે, અન્ય બાળકોને તેમની માતા સાથે ગેલ કરતાં ઈર્ષાપૂર્વક જોતી, નિરાશ વદને બેઠી છે.

સ્રોત : તિબેટન બુલેટિન, જુલાઈ - સપ્ટેમ્બર, ૧૯૯૮

દુનિયાનાં ઘણાં રાષ્ટ્રો નિર્વાસિતોની સમસ્યાઓનો અનુભવ કરી રહેલ છે. કેટલેક અંશે, આ સમસ્યા અંગે વૈશ્વિક અભિગમ અપનાવવાની પણ જરૂરિયાત વરતાઈ છે. તેને પરિણામે, કેટલાંક આંતરરાષ્ટ્રીય સંમેલનો અને સંધિઓ, નિર્વાસિતોની સમસ્યા પરત્વે હાથ ધરાયેલ છે. જેમ કે ૧૯૫૧ અને ૧૯૬૭નું સંયુક્ત રાષ્ટ્રસઘનું સંમેલન. ૧૯૬૯માં આફ્રિકાનું એકતા સંસ્થાનું સંમેલન અને ૧૯૮૪ નું કાર્ટિજીના ખાતેનું સંમેલન. જે લોકો રાષ્ટ્રવિહોણા છે તેમને માટે ૧૯૫૪ નો સંયુક્ત રાષ્ટ્રસંઘનો કરાર છે. આપણે ટૂંકમાં તે બધા વિશે જોઈએ અને એ પણ જોઈએ કે તેઓ નિર્વાસિતોને તેમના હક સુરક્ષિત કરવા માટે કેટલે અંશે ઉપયોગી નીવડેલ છે.

## ૧૧.૭ નિર્વાસિતોના પ્રશ્ને આંતરરાષ્ટ્રીય પહેલ

## (International Initiatives on the Problem of Refugees)

નિર્વાસિતો માટેના હક, સાર્વત્રિક માનવ હક માટેની ઘોષણામાંથી નિષ્પન્ન થાય છે. તેમાં કહેવાયું છે : "સાર્વત્રિક માનવ હકની ઘોષણા તમામ લોકો માટે અને તમામ રાષ્ટ્રો માટે, દરેક વ્યક્તિને અને સમાજના દરેક અંગને માટે પ્રાપ્તિ માટેનું સામાન્ય ધોરણ છે. આ ઘોષણાને સતત મન સમક્ષ રાખીને, આ હક માટે સન્માન વિકસાવવા માટેનું શિક્ષણ આપીને અને પ્રગતિશીલ પગલાં દ્વારા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ તેની સાર્વત્રિક અને અસરકારક સંપૂર્તિ હાંસલ કરવી.

આ હક માનવોના મૂળભૂત ગૌરવમાંથી નિષ્પન્ન થાય છે અને યોગ્ય પરિસ્થિતિ પેદા કરવામાં આવે તથા તેના સભ્યોને તે ઉપલબ્ધ કરવામાં આવે તો તે હકની પ્રાપ્તિ કરી શકાય છે.

### ૧૧.૭.૧ નિર્વાસિત કોણ છે ?

મૂળભૂત ગૌરવના આ સંદર્ભમાં, નિર્વાસિત એવી વ્યક્તિ છે જેને આવું ગૌરવ અને તેને સંલગ્ન એવું સ્વાતંત્ર્ય નકારવામાં આવ્યું છે. સંયુક્ત રાષ્ટ્રસંઘના જુદા જુદા કરારોમાં, નિર્વાસિતોની વ્યાખ્યા આ પ્રમાણે આપવામાં આવી છે :

- એવી વ્યક્તિ કે જે પોતાના દેશ કે રાષ્ટ્રીયતાની બહાર છે;
- જેને વાજબી પ્રકારનો જુલમનો ભય છે;
- જે જાતિ, ધર્મ, રાષ્ટ્રીયતા, અમુક સામાજિક જૂથના સભ્યપદ અથવા સામાજિક અભિપ્રાયને કારણે હોય; અને
- તેવા ભયને કારણે તે પોતાના દેશમાં પાછા ફરી શકે તેમ નથી.

### ૧૧.૭.૨ સંયુક્ત રાષ્ટ્રસંઘ માનવ હક આયોગ

જાન્યુઆરી ૧૯૫૧માં સંયુક્ત રાષ્ટ્રસંઘની મહાસભાએ સંયુક્ત રાષ્ટ્રસંઘના નિર્વાસિતો માટેના હાઈ કમિશનની એક બિન-રાજકીય સંસ્થા તરીકે સ્થાપના કરી. તેમનું પ્રથમ કાર્ય ૧૦ કરોડ કરતાં વધુ લોકો જે પ્રથમ અને બીજા વિશ્વયુદ્ધોમાં નિર્વાસિત બન્યા હતા તેમને મદદ કરવાનું હતું.

સંયુક્ત રાષ્ટ્ર સંઘના માનવ હક કમિશનરનો મુખ્ય હેતુ નિર્વાસિતોના હક અને તેમના કલ્યાણનું રક્ષણ કરવાનો છે. તે સુનિશ્ચિત કરે છે કે દરેકને અન્ય રાષ્ટ્રમાં આશ્રય લેવા અને સલામત આશ્રય શોધવાનો તેમજ સ્વેચ્છાએ પોતાના વતન પાછા ફરવાના હકનો ઉપયોગ કરી શકે. નિર્વાસિતોને પોતાના દેશમાં પાછા ફરવામાં સહાય કરવાને કારણે સંયુક્ત રાષ્ટ્રસંઘ માનવ હક કમિશન શાંતિ અને સલામતીને પ્રોત્સાહિત કરે છે. રાષ્ટ્રો વચ્ચે મૈત્રીભર્યા સંબંધો વિકસાવે છે અને માનવ હક તથા મૂળભૂત સ્વાતંત્ર્ય માટેના સન્માનને પ્રોત્સાહિત કરે છે. આ પ્રમાણે સંયુક્ત રાષ્ટ્રસંઘ માનવ હક કમિશ્નરનો નિર્વાસિતો પ્રત્યેનો અભિગમ બે પ્રકારનો છે.

૧) નિર્વાસિતોને આંતરરાષ્ટ્રીય રક્ષણ ઉપલબ્ધ કરવું અને તેમની મુશ્કેલીઓને વ્યવહારુ રીતે અને અસરકારક પદ્ધતિએ દૂર કરવી અને

૨) નિર્વાસિતોના પ્રશ્નો વિવિધ સરકારોના સહયોગમાં રહીને હલ કરવાની સક્રિયતાત્મક ભૂમિકા દ્વારા નિર્વાસિતોના પ્રશ્નો પરત્વે ટકાઉ અને લાંબાગાળાનો ઉકેલ ઉપલબ્ધ કરવો.

નિર્વાસિતોને લગતા વિવિધ આંતરરાષ્ટ્રીય દસ્તાવેજો આ છે :

- આંતરરાષ્ટ્રીય હક માટેનું વિધેયક
- નિર્વાસિતોના દરજ્જા સંબંધી કરાર
- દરિયાખેડૂ નિર્વાસિતો સંબંધી કરાર
- દરિયાખેડૂ નિર્વાસિતો સંબંધી કરારને લગતો મુસદ્દો
- સંયુક્ત રાષ્ટ્રસંઘની પ્રાદેશિક આશ્રય સંબંધી ઘોષણા
- રાષ્ટ્રવિહોણી વ્યક્તિઓ માટેના કરાર
- રાષ્ટ્રવિહોણાપણું નિવારવા માટેના કરાર
- યુદ્ધ સમયે નાગરિકોને સુરક્ષા સંબંધી જીનિવા કરાર
- બાળકો માટેના હક અંગે કરાર
- મહિલાઓ સામે બધા જ પ્રકારનાં ભેદભાવની નાબૂદી માટેના કરાર

### ૧૧.૭.૩ ભારતમાં સંયુક્ત રાષ્ટ્રસંઘ માનવ હક કમિશનર

જીનીવાના નિર્વાસિતો સંબંધી ૧૯૫૧ના કરારમાં ભારત જોડાયેલું નથી. તેમજ હાલના કાનૂની માળખામાં ભારતમાં કોઈ નિર્વાસિતો સંબંધી કોઈ વિશેષ કાયદો ઘડાયો નથી. આવા સંજોગોમાં જે નિર્વાસિતો ભારતમાં આશ્રય લે તેમની સુરક્ષા અને સહાય કરવામાં સંયુક્ત રાષ્ટ્રસંઘના માનવ હક કમિશનરની વિશેષ ભૂમિકા છે.

ભારતમાં વિદેશીઓની નોંધણીનો અધિનિયમ, ૧૯૩૯ વિદેશીઓ સંબંધી, અધિનિયમ, ૧૯૪૬ તેમજ પાસપોર્ટ અધિનિયમ, ૧૯૬૯ નીચે નિર્વાસિતોની બાબત હાથ ધરાઈ છે. તેઓ વચગાળાના વહીવટી નિર્ણયો કે પાસપોર્ટ, પ્રદેશ, નિવાસ અને ભારતમાંથી બહાર જવા બાબતે જે સ્થાનિક કાયદાઓ હોય તેની નીચે આવરી લેવાય છે. ભારતે અન્ય સંધિઓ તથા માનવ હક સંબંધી અન્ય કરારોમાં સહી કરેલ છે. તે છતાં તેની પાસે નિર્વાસિતો સંબંધી સાર્વત્રિક નીતિ કે માર્ગદર્શિકા નથી.

આપણે અગાઉ દર્શાવ્યું છે તેમ, સંયુક્ત રાષ્ટ્રસંઘ માનવ હક કમિશનર, ભારતમાં સ્પષ્ટ માર્ગદર્શિકાના અભાવે વિશેષરૂપે નિર્વાસિતોનો હકના રક્ષણ અને સલામતી માટે અગત્યની ભૂમિકા નિભાવે છે. તે આ ભૂમિકા નિભાવવા માટે વાય.એમ.સી.એ. (YMCA), ભારત સ્વૈચ્છિક આરોગ્ય સંસ્થા (Voluntary Health Association of India) પબ્લિક ઈન્ટરેસ્ટ અને લીગલ સ્ટડીઝ રિસર્ચ સેન્ટર વગેરેના સક્રિય સહકાર અને સહયોગ મળે છે. તે ભારત સરકારના ગૃહ મંત્રાલય અને ફોરેન રિજિયનલ રજિસ્ટ્રેશન ઓફિસ (FRRO) સાથે ગાઢ સંપર્ક રાખે છે. તદુપરાંત તે રાષ્ટ્રીય માનવ હક આયોગ (NHRC) જેવી કાનૂની સસ્થા સાથે પણ ખૂબ ગાઢ સહયોગ રાખે છે.

**તમારી પ્રગતિ ચકાસો ૩**

નોંધ : (૧) તમારા જવાબ માટે નીચેની ખાલી જગ્યાનો ઉપયોગ કરો.

(૨) આ એકમને અંતે આપેલા નમૂનારૂપ જવાબ સાથે તમારા જવાબ ચકાસો.

૧. નિર્વાસિતો માટે સંયુક્ત રાષ્ટ્રસંઘ માનવ હક કમિશ્નરે કયા ઉપાયો દર્શાવ્યા છે ?

.................................................................................................

.................................................................................................

.................................................................................................

.................................................................................................

૨. સંયુક્ત રાષ્ટ્રસંઘ માનવ હક કમિશનરને આપવામાં આવેલ આદેશનું સ્રોત કયું છે ?

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

૩. ભારતમાં સંયુક્ત રાષ્ટ્રસંઘ માનવ હક કમિશનરના અમલમાં સહયોગી કોણ છે ?

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

## ૧૧.૮ સારાંશ (Let Us Sum Up)

આ એકમમાં, આપણે સહાયપાત્ર (Vulnerable) જૂથો જેવાં કે વૃદ્ધજનો, વિકલાંગો અને નિર્વાસિતોની પરિસ્થિતિ વિશે ચર્ચા કરી. આ બધા લોકોને પણ ગૌરવપૂર્ણ રીતે જીવન જીવવાનો હક છે.

પ્રથમ વિભાગમાં, આપણે વૃદ્ધજનો વિશે ચર્ચા કરી. ૨૧મી સદીની લાક્ષણિકતા "સફેદ વાળવાળાઓના પ્રભાત" (Graying Dawn) તરીકેની છે. જેનો અર્થ એ થાય છે કે આ સદીમાં વૃદ્ધજનોની વધતી જતી સંખ્યા અને ઘટતી જતી ટેકારૂપ પદ્ધતિને કારણે પરિસ્થિતિ ટૂંક સમયમાં જ ચિંતાજનક રહેવાની છે. રાજ્યો તેમજ અન્ય નાગરિક સંસ્થાઓએ આ પ્રશ્નો હાથ ધરવા માટે ઘણા પ્રયાસો કર્યા છે. આ એકમમાં આપણે ભારતમાં વૃદ્ધજનો માટેની કેટલીક જોગવાઈઓ, નીતિ વિષયક પગલાં અને હક વિશે જોવાનો પ્રયાસ કરેલ છે.

આપણા બીજા વિભાગમાં વિકલાંગોની સમસ્યાઓ ચર્ચી છે. વિકલાંગતા માત્ર શારીરિક કે ભૌતિક સ્વરૂપે જ નહિ, માનસિક સ્વરૂપે પણ વિવિધ પ્રકારે અનુભવી શકાય છે. આ વિભાગમાં 'વિકલાંગતા' શબ્દ વિશે પણ ચર્ચા કરવામાં આવી છે. કારણ કે તેમાં વિકલાંગતાની સમગ્ર શ્રેણીનો સમાવેશ થાય છે. વ્યક્તિની કોઈ અમુક વિકલાંગતાને આધારે કોઈ વિશેષ ઉપાયો કરીને તેમને સામાન્ય જીવન જીવવા માટે સહાય કરી શકાય છે.

છેલ્લા વિભાગમાં આપણે વધતી જતી નિર્વાસિતોની સમસ્યાની ચર્ચા કરી છે. નિર્વાસિતોને તેમની માતૃભૂમિ છોડવાની ફરજ પડે છે અને તેમણે સહન કરવુ પડે છે. તે માટે તેમનો પોતાનો કોઈ ગુનો નથી. તેમને પણ ગૌરવપૂર્ણ જીવન જીવવાનો હક છે. આપણે કેટલાંક સમેલનો, કરારો અને સંધિઓ તથા નિર્વાસિતોના પ્રશ્ન હલ કરવા માટેની સંસ્થાઓ વિશે ચર્ચા કરી છે.

માનવ હક વિશે માહિતી મેળવવા ઇચ્છતી એક વ્યક્તિ તરીકે, તેમના સંબંધિત સંદર્ભોમાં સહાયપાત્ર જૂથોના પ્રશ્નોનું પૃથક્કરણ કરો અને ટીકાત્મક રીતે એવી વ્યૂહરચના વિકસાવો. જેથી તેઓને પોતાના હક માટે લડવામાં સહાયક બની રહે. આ શક્ય છે. તમે જ્યાં પણ હો, તમને તમારા સાથી માનવોને માટે ચિંતા રહેતી હોય અને તેમને સહાય કરવામાં તમને રસ હોય તો આ કરવું શક્ય છે.

## ૧૧.૯ મહત્ત્વનાં શબ્દો (Key Words)

| | | |
|---|---|---|
| Asylum | : | આશ્રય: જેઓને પોતાનું વતન છોડવાની જરૂર પડી છે તેમને માટેનું આશ્રય સ્થાન |
| Chronic | : | કાયમી, સતત : જેમ કે માંદગી લાંબા સમય સુધી આવ્યા કરે. |
| Convention (કરાર) | : | કોઈ ઔપચારિક કરાર, જે રાષ્ટ્રો વચ્ચે હોય. |
| Demographic | : | વસતિને લગતા આંકડા : આંકડાકીય માહિતી, જે ઉંમર, જન્મ, મૃત્યુ, અપેક્ષિત આયુષ્ય વગેરેની માહિતી સમગ્ર વસતિ માટે ઉપલબ્ધ કરે. |

Genocide : સામૂહિક હત્યા, નિકંદન કોઈ અમુક વંશ કે ધર્મના અનુયાયીઓની હત્યા.

Impairment and Enabling : કોઈને નુકસાન કરે કે અશક્ત બનાવે. દા.ત. પગ ન હોય, તેથી ચાલવામાં તકલીફ પડે. તેને ટેકણ લાકડી પૂરી પાડવામાં આવે તો અથવા કૃત્રિમ પગ આપવામાં આવે કે વ્હીલ ચેર આપવામાં આવે તો ચાલવામાં સહાયક બને છે.

Vulnerable : સહાયપાત્ર બાળકો, વૃદ્ધજનો, વિકલાંગો વગેરે જૂથ

Condescensin : સહાય રૂપ થવાનું વલણ

Psychosomatic : મૂળે શારીરિક નહિ, પરંતુ માનસિક

## ૧૧.૧૦ 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબ : સ્વાધ્યાય (Answers to Check Your Progress : Exercises)

### તમારી પ્રગતિ ચકાસો-૧

૧) નીચે એક બે દૃષ્ટાંત આપ્યાં છે. તમારા અનુભવો અને આજુબાજુના વાતાવરણમાંથી બીજાં દૃષ્ટાંતો ઉમેરી શકો. શહેરોમાં તમે પતિ-પત્ની બેઉને કામ કરતાં જુઓ છો, તમે ઘણીવાર જોશો કે વૃદ્ધજન, વડીલ દાદા-દાદીને બીમાર હોવા છતાં કોઈ હોસ્પિટલે લઈ જનાર હોતું નથી.

૨) વૃદ્ધજનો પણ સમાજમાં ઘણું પ્રદાન કરે છે. આ બધું ઝટ નજરે પડે તેમ ન હોય. દાખલા તરીકે, તેઓ સલાહસૂચન આપે છે તે તેમના વિશાળ અનુભવોને કારણે શીખવવાની પ્રક્રિયામાં મહત્ત્વપૂર્ણ બની રહે. તેમની પાસે જૂના જ્ઞાનનો વિશાળ ભંડાર હોય છે, જેમ કે ઘરગથ્થુ ઉપચારો, વનસ્પતિમાંથી બનતા દવાઓ, આ સિવાય બીજી કઈ રીતે વૃદ્ધજનો સમાજને ઉપયોગી થાય છે તે શોધી કાઢો.

૩) કેટલેક અંશે એમ કહી શકાય કે ગ્રામીણ વિસ્તારોમાં વૃદ્ધજનોની વધારે સારી સંભાળ લેવાય છે. ત્યાં હજી પરંપરાગત સંયુક્ત કુટુંબની પ્રથા જીવંત છે. તેમાં વૃદ્ધજનોને ગૌરવ અને દરજ્જો પ્રાપ્ત થાય છે. ગ્રામીણ વિસ્તારમાં શહેર કરતાં લોકોને ઘણો સમય પણ હોય છે. સમુદાયના પરસ્પર એક બીજા સાથે ગાઢ સંપર્કમાં હોય છે. તેથી શહેરોની સરખામણીમાં ત્યાં ઝાઝું અજાણ્યાપણું દેખાતું નથી.

### તમારી પ્રગતિ ચકાસો-૨

૧) કેટલેક અંશે એમ દલીલ કરી શકાય કે વિકલાંગ વ્યક્તિઓને અલગ રાખવાથી, તેમને હાંસિયામાંથી ધકેલી દેવાય છે અને તેથી તેઓ મુખ્ય પ્રવાહની સાથે રહેતી નથી. તેથી ક્યારેય સામાન્ય બની શકશે નહિ. તેની સાથે સાથે, વિશિષ્ટ શાળામાં તેમને તેમના જ પોતાના સમુદાયો સાથે રહેવાની તક પ્રાપ્ત થશે. તેમની શીખવા માટેની જે વિશિષ્ટ જરૂરિયાતો છે તેની ઉપર વિશેષ ધ્યાન આપવાનું ત્યાં શક્ય બનશે, જેમકે અંધશાળા વગેરે.

એક નાનકડી મોજણી શા માટે કરતા નથી ? વિકલાંગ વ્યક્તિઓ સાથે જ ચર્ચા કરી લો કે તેમને માટે વિશિષ્ટ શાળા હોવી જોઈએ કે નહિ ?

૨) તમે કોઈ સંસ્થામાં કામ કરતા હો તો સુનિશ્ચિત કરો કે ત્યાં ઢોળાવવાળા રસ્તા (Ramp) હોય, માત્ર પગથિયાં ન હોય, જેથી કરીને વ્હીલચેરવાળી વ્યક્તિ પણ છૂટથી પ્રવેશી શકે.

આ તો એક દૃષ્ટાંત થયું, તેમ વિકલાંગ વ્યક્તિઓને ઉપયોગી થાય તેવી શક્ય બીજી બાબતો વિશે પણ વિચારી શકાય અને તમારા પ્રશ્નોના જવાબમાં તેને લખી શકાય.

૩) અમને ખાતરી જ છે કે લોકો ઉતારી પડાતા હોય તે સ્થિતિમાં તમે ઓછામાં ઓછી એક વિકલાંગ વ્યક્તિને જોયેલ હશે. તેથી તમારા જવાબમાં તમે જે કંઈ જોયું હોય તે લખો.

**તમારી પ્રગતિ ચકાસો-૩**

૧) સંયુક્ત રાષ્ટ્રસંઘ માનવ હક કમિશનરે નિર્વાસિતોના પ્રશ્ને રજૂ કરેલ ઉપાયો નીચે પ્રમાણે છે

(૧) નિર્વાસિતોને વ્યવહારુ અને અસરકારક રીતે આંતરરાષ્ટ્રીય રક્ષણ આપવું, રક્ષણ કરવું નિર્વાસિતો સંબંધી ઘણાં બધાં સાધનો છે. પુસ્તિકામાં જોઈ લો.

(૨) ટકાઉ લાંબા ગાળાના ઉકેલ માટે જુદા જુદા રાષ્ટ્રોનો અને સરકારોનો સહયોગ વ્યવહારુ રીતે મેળવીને તેમને સામેલ કરવા.

૨) નિર્વાસિતોને આપણામાં આવેલ હક સાર્વત્રિક માનવ હક ઘોષણામાંથી ઉદ્દભવેલ છે. આ હક માનવો માટેનાં મૂળભૂત ગૌરવમાંથી નિષ્પન્ન થાય છે યોગ્ય પરિસ્થિતિનું નિર્માણ કરવામાં આવે તો જ તે પ્રાપ્ત થઈ શકે છે. સંયુક્ત રાષ્ટ્ર માનવ હક કમિશનની રચના માટે આમાંથી આદેશ પ્રાપ્ત થયો.

૩) ભારતમાં સંયુક્ત રાષ્ટ્ર માનવ હક આયોગ (YMCA) વાલેન્ટરી હેલ્થ એસોસિએશન ઓફ ઇન્ડિયા, પબ્લિક ઇન્ટરેસ્ટ અને લીગલ સ્ટડીઝ રિસર્ચ સેન્ટર જેવી સંસ્થાઓના સક્રિય સહયોગમાં રહી કાર્ય કરે છે. ઉપરાંત તે ભારત સરકારના ગૃહમંત્રાલય તેમજ ફોરેન રજિસ્ટ્રેશન ઓફિસ તેમજ રાષ્ટ્રીય માનવ હક આયોગ (NHRC) જેવી કાનૂની સંસ્થાના સહયોગમાં રહી કાર્ય કરે છે.

**Note**

Note

ઈન્દિરા ગાંધી
નેશનલ ઓપન યુનિવર્સિટી

ડૉ.બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી



વિભાગ

# 5

## માનવહકને ખતરો
(Threats to Human Rights)

એકમ ૧૨
માનવ હક અને રાષ્ટ્ર
(State) **04**

એકમ ૧૩
સામાજિક સંસ્થાઓ તરફથી માનવ હકને ખતરો
(Social Institutions) **12**

એકમ ૧૪
અર્ધ રાષ્ટ્રેતર જૂથ (આતંકવાદી, મૂળભૂતવાદી, રાજકીય આત્યંતિકવાદી)
(Para-Statal Groups (terrorists, Fundamentalists, Political Extremists) **19**

## Expert Committee


| | | |
|---|---|---|
| Prof. Rajni Kothari | Justice Ranganath Mishra | Dr.Asghar Ali Engineer |
| Sh. Shankar Sen | Sh.H.Hanumanthappa | Sh. Rajmohan Gandhi |
| Prof. G.Hargopal | Prof.Imtiaz Ahmed | Dr. Nandita Haksar |
| Prof. V.S.Mani | Dr. D. Gopal | Sh. R. V. Pillai |
| Dr. R. M. Pal | Prof. Ram G. Takwale | Sh. Joseph Gathia |
| Dr. A.S. Narang | Prof. Ashwini Ray | Prof. Pandav Nayak. (Chairman and Convenor) |


## Progamme Coordinator and Editor : Prof. Pandav Nayak

### Block Preparation Team

| Unit No. | Writer | Editor | Acknowledgement | IGNOU faculty (Political Science) |
|---|---|---|---|---|
| 12 | Sh. Aditya Nigam | | | Dr. A.S.Narang |
| 13 | Ms. Geetanjali | | | Dr. D.Gopal |
| 14 | Prof. Harish Puri | | | Dr. Anurag Joshi |
| | | | | Dr. S.V. Rcddy |
| | | | | Sh. S.Venkatesh |
| | | | | Dr. Jagpal Singh |
| | | | | Prof Pandav Nayak |

**Block Coordinator** : Dr. D. Gopal **Assitance** : Sh. Ashutosh Chandra **Block Editor** : Sh. Joseph Gathia Sh.JagjeetSingh

**Project Coordinator :** Prof. A.S. Narang

**Material Production :** Prof. A.S.Narang


May 2002, (Reprint) Human Rights Project IGNOU.



© Indira Gandhi National Open University 2000



ISBN-81-266-(XX)8-X



All rights reserved. No pan of this work may be reproduced in any form, by mimeograph or any other means, without permission in writing from the Indira Gandhi National Open University.



Further information on the Indira Gandhi National Open University course may be obtained from the University's office at Maidan Garhi, New Delhi-110068.

Printed and Published on behalf of the Indira Gandhi National Open University New Delhi bv Director (School of Social Sciences)]

**Laser type set and Printed at :** **Sudarshan Graphics,**
Kankaria, Ahmedabad - 380 028. Phone : 079-25430560
Year : 2010

આ પુસ્તિકામાંની અભ્યાસ - સમાગ્રી મૂળ ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી
નવી દિલ્હી દ્વારા તૈયાર કરવામાં આવી છે. તેની સંમતિથી
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (અમદાવાદ) એ
તેનો ગુજરાતી અનુવાદ કરાવી આ પુસ્તિકા પ્રસિદ્ધ કરી છે.

**અનુવાદક**


| | |
|---|---|
| ડૉ. બાબુલાલ મ. શાહ | ૩એ, જીવન જ્યોત સોસાયટી,<br>મનીષ હોલ સામે, નારણપુરા<br>અમદાવાદ - ૩૮૦ ૦૧૩. |


**પરામર્શક (વિષય)**


| | |
|---|---|
| શ્રી સી.એમ. શાહ | ૩, આદીશ્વર એપાર્ટમેન્ટ,<br>ઝવેરીપાર્ક, નારણપુરા,<br>અમદાવાદ - ૩૮૦૦૧૩ |


**પરામર્શક (ભાષા)**


| | |
|---|---|
| ડૉ. બાબુલાલ મ. શાહ | ૩એ, જીવન જ્યોત સોસાયટી,<br>મનીષ હોલ સામે, નારણપુરા<br>અમદાવાદ - ૩૮૦ ૦૧૩. |


**સંયોજન સહાય**


| | |
|---|---|
| ડૉ. હરીશ દેસાઈ | કુલસચિવ<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,<br>અમદાવાદ |



**પ્રકાશક**

**ડૉ. હરીશ દેસાઈ, રજિસ્ટ્રાર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ**

**આર.સી.ટેકનિકલ કંપાઉન્ડ, ગુજરાત હાઈકોર્ટ સામે, સોલા, અમદાવાદ**



**સર્વ હક્ક સ્વાધીન. આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈ પણ ભાગને ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમતિ વગર મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈ પણ રીતે પુનઃ મુદ્રિત કરવાની મનાઈ છે.**

# એકમ ૧૨ : માનવ હક અને રાષ્ટ્ર (Human Rights and The State)

રૂપરેખા :


૧૨.૦ ઉદ્દેશ

૧૨.૧ પ્રાસ્તાવિક

૧૨.૨ ઘટનાવૃત્ત (Ancedote)

૧૨.૨.૧ ઘટનાવૃત્ત પરથી અનુમાન

૧૨.૩ ભારતના સંવિધાનમાં જણાવેલાં મૂળભૂત હક અને માર્ગદર્શક સિદ્ધાંતો

૧૨.૪ વ્યક્તિગત હકના ભંગ : વહીવટી અધિકારીઓના કૃત્યો

૧૨.૪.૧ સંઘર્ષ, કસ્ટડીમાં મૃત્યુ, ત્રાસ

૧૨.૫ લોકશાહી હક

૧૨.૬ ન્યાયિક કર્મશીલતા અને હકના ભંગ

૧૨.૭ માનવ હકની વ્યાપક પરિપ્રેક્ષ્યમાં સમજ

૧૨.૮ સારાંશ

૧૨.૯ મહત્ત્વના શબ્દો

૧૨.૧૦ "તમારી પ્રગતિ ચકાસો"ના જવાબ : સ્વાધ્યાય


## ૧૨.૦ ઉદ્દેશ (Objectives)

આપણે શીખી રહ્યા છીએ કે, માનવ હક ઉદાર કલ્યાણ રાષ્ટ્રની એક મુખ્ય ફરજ છે. રાષ્ટ્ર હકનું કઈ રીતે રક્ષણ કરી શકે તે જાણવા ઉપરાંત, આપણે રાષ્ટ્રની સંસ્થાઓએ કરેલાં માનવહક ભંગના દાખલો પણ આપણે જોયાં છે.

આ એકમમાં આપણે તદ્દન મહત્ત્વના-

- દિલ્હીમાં માનવ હક ભંગના તાજેતરના સાચા બનાવનું પૃથક્કરણ કરીશું; અને
- અધિકારીઓ કાયદાની સત્તાનું શાસન આપે તેવી રીતો તરફ જોઈશું.

આ એકમ વાંચ્યાં પછી તમે,

- રાષ્ટ્ર વ્યક્તિઓના માનવ હકનો ભંગ કેવી રીતે કરે છે તે જાણી શકશો; અને
- માનવહકનું વિસ્તૃત અર્થઘટન સમજી શકશો

## ૧૨.૧ પ્રાસ્તાવિક (Introduction)

માનવ હક સંસ્કારી જીવન જીવવા માટે સ્ત્રીઓ અને પુરુષો માટે પાયામાં રહેલો છે. લોકશાહીએ દુનિયાભરમાં અનેક પ્રકારના હકની ખાતરી આપી છે. જેથી તેમનાં નાગરિકો સ્વસ્થ જીવન જીવી શકે. ભારતમાં મૂળભૂત હકની માગ ખુદ રાષ્ટ્રીય લડત દરમિયાન ઊઠી. તેથી ૧૯૪૭ પછી સંવિધાન સભાએ માનવહક અંગે પ્રકરણો લખવાની જવાબદારી જાતે ઉઠાવી અને નાગરિકોના જીવન માટે તેને નિર્ણાયક મુદ્દો બનાવ્યો. તેને એટલું બધું મહત્ત્વ અપાયું કે બીજી બધી જોગવાઈઓ અને પ્રવૃત્તિઓ પર તેની પ્રત્યક્ષ કે પરોક્ષ અસર પડી. તેમ છતાં, વર્ષો દરમિયાન કેન્દ્ર અને રાજ્યોની પછીની સરકારોએ જુદા જુદા કાયદા બનાવીને નાગરિકોના સ્વાતંત્ર્ય પર કાપ મૂકવા માંડ્યો. આવા ઘણા કાયદા વ્યક્તિઓના વ્યક્તિત્વને હાનિકારક નીવડ્યા. આપણે આ એકમમાં વ્યક્તિગત સ્વાતંત્ર્ય કેવી રીતે ઘટ્યું તેનો અભ્યાસ કરીશું. કંઈ સંસ્થાઓએ માનવ સ્વાતંત્ર્ય અને નાગરિક હકમાં કાપ મૂક્યો તે પણ આપણે જોઈશું. સાથોસાથ આપણે માનવહકના ક્રમશઃ વિસ્તરતા જતા અર્થ અને અર્થઘટન વિશે પણ જાણીશું.

## ૧૨.૨ ઘટનાવૃત (Anecdote)

રમઝાન દિલ્હીમાં નવી સીમાપુરીના ઝુગ્ગીમાં રહેતો હતો. અને મૃત્યુ પામ્યો. તે ચીંથરાં વીણતો હતો. તે બાંગ્લાદેશમાંથી અહીં નિરાશ્રિત તરીકે આવ્યો હતો. તે ગેરકાયદેદેશાગત (Immigrant) પણ હોઈ શકે. રમઝાને પોતાનું પેટ ભરવા ઉપરાંત ઘેર તેનાં કુટુંબને પણ ટેકો કરવાનો હતો. તેની મુખ્ય હકીકતમાં તેની નાગરિકતા જ શંકાસ્પદ હતી. સત્તાવાહી રીતે કહીએ તો તે અનધિકૃત વસાહત - ઝુગ્ગી ઝોંપડી (ઝુંપડપટ્ટી)માં રહેતો હતો. તે એક દિવસ જુગાર રમતાં પોલીસનાં હાથે ઝડપાઈ ગયો. અને કસ્ટડીમાં મૃત્યુ પામ્યો. પેટા- વિભાગીય મેજિસ્ટ્રેટની તપાસમાં તેને અકસ્માત મૃત્યુ ઠરાવ્યું. લોકોના વિરોધ છતાં, માર્ચ ૧૯૮૨માં રમઝાનના મૃત્યુ અંગે તપાસનો કોઈ હુકમ થયો ન હતો. (મોટા ગુના : પોલીસ કસ્ટડીમાં મૃત્યુ, દિલ્હી ૧૯૮૨-૯૭, લોકશાહી હક માટે લોકસંઘ, દિલ્હી, માર્ચ ૧૯૯૮)

### ૧૨.૨.૧ ઘટનાવૃત્ત પરથી અનુમાન

આ નાનકડી વાર્તામાં સંખ્યાબંધ બાબતો એવી છે કે, હકના ભંગમાં રાષ્ટ્ર તરીકે કહેવાતા તંત્રની ભૂમિકા સમજવામાં મદદરૂપ થશે,. માનવહક અથવા સામાન્ય હક ઉત્કૃષ્ટ ઉદાર રાજકીય સિદ્ધાંતમાં માનવ વ્યક્તિત્વ કારણરૂપ છે. ખાતરી આપનાર અને અમલ કરનાર તરીકે આ હકનું રક્ષણ કરનાર ખુદ રાષ્ટ્રથી રક્ષણ થાય તે રાષ્ટ્ર અને કાયદાએ નિશ્ચિત કરવાનું છે. તેમ છતાં, આપણે અહીં હકના સંખ્યાબંધ ભંગ જોઈશું તે બધા રાષ્ટ્રે કર્યા છે.

૧. એક વ્યક્તિ સંભવતઃ બાંગ્લાદેશ યુદ્ધની નિર્વાસિત છે અને તે આ દેશમાં સલામતી અને આજીવિકા માટે રહેવા આવી છે. બે સરકારો વચ્ચેની ઔપચારિક સમજૂતીને પરિણામે તેને અહીં રહેવાની મંજૂરી આપવામાં આવી હતી. તે એકાએક 'ગેરકાયદેદેશાગત' બની જાય છે. તેના માટે કોઈ સાબિતીની જરૂર નથી, કોઈ સાબિતી હોઈ શકે નહિ. આ વ્યક્તિ ભૂતકાળમાં કોઈ સમયે ઓળખપત્ર ધરાવતી હોય તો પણ સંભવતઃ તેને ઉંદરો કોતરી ગયા હોય અથવા ધોવાઈ ગયું હોય અથવા ઝુગ્ગીમાં ખોવાઈ ગયું હોય. કોણ જાણે ! આ બધું ચાલતું હતું તે દરમિયાન નિર્વાસિતોને 'ઘુસણખોર' તરીકે ગણવાની મોટી ઝુંબેશ ચાલતી હતી. આ બાબત 'સામાન્ય સમજ'નું ભિન્ન સ્વરૂપ ધારણ કરી રહી હતી. આ 'સામાન્ય સમજ'માં બંગાળી (બાંગ્લાદેશી હોવાનું જરૂરી નથી) અને મુસ્લિમ બન્ને હોય તો તે તરત જ ઘુસણખોર બની જાય છે. (આજે તે સામાન્ય સમજ તે સ્થાને છે અને રમઝાનના નસીબને અગાઉ કરતાં આજે વધુ ગંભીર ભય રહેલો છે.:)

૨. સંબંધિત વ્યક્તિને નજીવા ગુના બદલ પકડ્યો હતો. જુગારમાં નજીવી રકમ સંડોવાઈ હોય ત્યારે તે ગુનો બને છે, પરંતુ નાણાંકીય બજારોમાં કરોડોની આપ-લે કરે ત્યારે તે આદરણીય વ્યવસાય બની જાય છે. તેથી જુગાર કેમ ગુનો છે તે પણ સ્પષ્ટ થતું નથી. આ ગુના બદલ તે વ્યક્તિને મૃત્યુ પામી ત્યાં સુધી મારવામાં આવી. તેના હકની ખાતરી આપનાર રાષ્ટ્ર તેની પોતાની જ વ્યક્તિનો દુશ્મન બન્યું. તેનું કારણ એ હતું કે; રમઝાન નાગરિક ન હતો. ગેરકાયદે ઘૂસણખોર હતો. અને તેની જિંદગી છીનવી લેવાની હતી અને તે કારણસર જ તેના મૃત્યુની કોઈ ગણતરી કરવાની ન હતી. રમઝાન વાસ્તવિક નાગરિક હોય તો રાષ્ટ્રે અને તેના કર્મચારીઓ રમઝાનના જીવનના હક પ્રત્યે થોડું વધુ માન ધરાવતા હોત. રેકર્ડ, સંખ્યા અને રાષ્ટ્રનું તંત્ર જે રીતે વ્યક્તિઓનું જીવન ખૂંચવી લે છે તે વિચારણામાં લેતાં આ અનુમાનને પણ ભાગ્યે જ સમર્થન મળે. દાખલા તરીકે, આંધ્રપ્રદેશનાં માનવ હક જૂથોએ ૧૯૯૦ અને ૧૯૯૬ દરમિયાન પોલીસ સાથેના સંદર્ભમાં લગભગ ૯૦૦ વ્યક્તિઓ મારી ગઈ હોવાનું નોંધ્યું છે. (લોકશાહી અવકાશમાં સંશોધન, સંબંધિત નાગરિક સમિતિ, હૈદ્રાબાદ, ઓગસ્ટ ૧૯૯૮), ઘણાં વર્ષોઅગાઉ તારકુંડે આયોગે પ્રસિદ્ધ કર્યા મુજબ આપણે સંઘર્ષનાં લક્ષણની વાસ્તવિકતાની નીચે જોઈશું. હકીકત એ છે કે, અમુક બિંદુ પછી તે તેના નાગરિક અને બિન-નાગરિક વચ્ચે કોઈ ભેદ પાડતી નથી.

૩. રમઝાન રામચંદ્ર હોત, તો પણ ઝુગ્ગીમાં રહેતો હતો ત્યાં સુધી આ બાબતમાં કોઈ ફરક પડત નહિ. ઝુગ્ગી ઝોંપરી 'અનધિકૃત' વસાહત છે અને ગેરકાયદેકામ કરે છે. તેથી શિક્ષાપાત્ર છે. શહેરી ઝૂપડપટ્ટી અને કબજો જમાવનાર વસાહતોમાં રહેનારાઓને માનવહકનો પ્રશ્ન કઈ રીતે વધારે સામાન્ય સ્વરૂપમાં નકારવામાં આવે છે તે હવે જોઈશું.

## ૧૨.૩ ભારતમાં સંવિધાનમાં જણાવેલ મૂળભૂત હક અને માર્ગદર્શક સિદ્ધાંતો (Fundamental Rights and Directive Principles of the Indian Constitution)

ભારતનાં સંવિધાનમાં મૂળભૂત હક તરીકે સાત સ્વતંત્રતાની જોગવાઈ કરવામાં આવી છે. તે ભારતના નાગરિકોને મળતા તમામ માનવહકનો આધારરૂપ છે. તમે અગાઉની પુસ્તિકામાં જોઈ ગયા તેમ હક કલમ ૧૪ થી ૨૨માં દર્શાવેલા છે. તમે અગાઉની પુસ્તિકામાં એ પણ શીખી ગયા કે આ મૂળભૂત હક ઉપરાંત વ્યક્તિગત નાગરિકો અને નાગરિકોના જૂથને શોષણ સામે હક ઉપરાંત ધર્મ અને માન્યતાના સ્વાતંત્ર્ય અને સાંસ્કૃતિક અને શિક્ષણના સ્વાતંત્ર્ય જેવા બીજા કેટલાક હક પણ છે. રાષ્ટ્રની નીતિના માર્ગદર્શક સિદ્ધાંતો પણ છે. અલબત્ત, તેની જોગવાઈઓ મુકદમા પાત્ર નથી..(જેને કાયદાની અદાલતમાં પડકારી શકાય નહિ.) જોકે, તેમાં દર્શાવેલા મુકદ્દમાપાત્ર મૂળભૂત હકને પણ ઘણી રીતે કાયદેસર કે ગેરકાયદેસર ટુંકાવી શકાય કે તેનો ભંગ પણ કરી શકાય. આ કઈ રીતે બને છે તેવી કેટલીક રીતો આપણે જોઈએ.

**તમારી પ્રગતિ ચકાસો : ૧**

૧. બાંગ્લાદેશ સ્વતંત્રતાની લડત ક્યારે થઈ ?

............................................................

............................................................

............................................................

૨. તારકુંડે આયોગે શાની તપાસ કરી ?

............................................................

............................................................

............................................................

............................................................

૩. રાષ્ટ્રની નીતિના માર્ગદર્શક સિદ્ધાંતો મુકદ્દમાપાત્ર છે ?

............................................................

............................................................

............................................................

## ૧૨.૪ વ્યક્તિગત હકના ભંગ : વહીવટી અધિકારીઓનાં કૃત્યો

## (Violation of Individual Rights : Acts of The Executive)

મૂળભૂત હકનું અસ્તિત્વ હોવા છતાં, ખુદ સંવિધાન વહીવટીતંત્ર અને વિધાનમંડળને તે મર્યાદિત કરવાની, માફક રાખવાની અને તેને રદ કરવાની પૂરતી તક આપે છે. વટહુકમનો અમલ મુદત પછી મુદત લંબાવીને ચાલુ રાખી શકાય છે. બહારની ધમકી અથવા આંતરિક ગેરવ્યવસ્થાના બહાના હેઠળ કટોકટી લાદી શકાય છે.

વ્યક્તિઓના હક ઘણી રીતે રદ કરવામાં આવે છે. તેમાં એક રીત નવારક અટકાયતની છે. ભારતમાં માનવહકની સ્થિતિ, ૧૯૯૬ (સામાજિક પગલાં માટે કાનૂની સંસાધન, ચેંગલપટ્ટ, તારીખ વગરના) અનુસાર, ભારતના વિધાન પુસ્તકોમાં લગભગ ચાળીસ નિવારક અટકાયત હુકમો છે. આમાં પ્રથમ કાયદો નિવારક અટકાયત અધિનિયમ ૧૯૫૦ હતો. તે ૧૯૬૯ સુધી અમલમાં રહ્યો. સશસ્ત્ર દળ (ખાસ સત્તા) અધિનિયમ ૧૯૭૮ સુધી અમલમાં હતો અને તે વખતના શાસનના રાજકીય વિરોધીઓ સામે તેનો વિસ્તૃત ઉપયોગ થયો હતો. ભારત સુરક્ષા અધિનિયમ જેવા કાયદા જૂન ૧૯૭૫માં આંતરિક કટોકટીની ઘોષણા પછી ઘડવામાં આવ્યા હતા. જમ્મુ અને કાશ્મીર લોક સલામતી અધિનિયમ ૧૯૭૮માં અમલમાં આવ્યો. આસામ નિવારક અટકાયત અધિનિયમ અને રાષ્ટ્રીય સલામતી અધિનિયમ હબંને ૧૯૮૦માં રચાયા અને રાષ્ટ્રીય સલામતી અધિનિયમ હજીય કાયદાપોથીમાં ચાલુ રહ્યા છે. સશસ્ત્રદળ (પંજાબ અને ચંદીગઢ) ખાસ સત્તા અધિનિયમ અને પંજાબ અશાંત વિસ્તાર અધિનિયમ ૧૯૮૩માં પસાર થયો. તેના પછી ત્રાસવાદ અને અછતગ્રસ્ત વિસ્તાર (ખાસ અદાલત) અધિનિયમ ૧૯૮૪ પસાર થયો. કટોકટીનાં દસ વર્ષ પછી સૌથી વધુ કુખ્યાત ત્રાસવાદ અને તોડફોડ પ્રવૃત્તિ (નિવારણ) અધિનિયમ (ટાડા): ૧૯૮૫માં અમલમાં આવ્યો. અહેવાલ મુજબ ટાડા અધિનિયમે નવી કાર્યપદ્ધતિઓ ઊભી કરી. નવા અધિક્રમ ઘડ્યા અને લોકોના જીવન અને સ્વતંત્રતા પર નવાં નિયત્રણ મૂક્યાં. વ્યક્તિને બે વર્ષ સુધી અટકાયતમાં રાખી શકાય અને આ મુદત અનેકવાર અચોક્કસ મુદત સુધી લંબાવી પણ શકાય. તેણે ન્યાયનાં મૂળભૂત ધોરણોને પૂરેપૂરો ઉલટાવીને સાબિતીની જવાબદારી તહોમતદાર પર નાખી. આ અધિનિયમન હેઠળ ધરપકડ કરાયેલ અંગે કામ ચલાવવા સામાન્ય અદાલતો પર પ્રતિબંધ હતો. જમ્મુ અને કાશ્મીર અશાંત વિસ્તાર અધિનિયમ ૧૯૯૦ પણ વ્યક્તિઓની ધરપકડ કરવા અને તેમનું નાગરિક સ્વાતંત્ર્ય રદ કરવાની ઘણી મનસ્વી સત્તાઓ સશસ્ત્ર દળને આપે છે.

એ યાદ રાખવું હકીક્તમાં ઉપયોગી નીવડશે કે 'ટાડા' અધિનિયમ અમલમાં આવ્યા ત્યારથી સર્વોચ્ચ અદાલતમાં 'ટાડા'ની સંવિધાન ક્ષમતાને પડકારતી ૪૦૦ ઉપરાંત રિટ અરજી, ખાસ રજા અરજીઓ અને અપીલ થયાં હતાં. રાષ્ટ્રીય માનવહક આયોગ આ કાયદો રદ કરવા સક્રિય ઝુંબેશ પણ કરી હતી. 'નવ વર્ષના સંવિધાન ભંગ' પછી ફેબ્રુઆરી / માર્ચ ૧૯૯૪ માં સર્વોચ્ચ અદાલતની સંવિધાન બેન્ચે આ અપીલોની આખરી સુનાવણી કરી (સ્ટ્રાઈકિંગ ટેરર, તામિલનાડુ ત્રાસવાદી પ્રવૃત્તિ વિધેયક અને તેની અસરો, પીયુડીઆર, દિલ્હી જુલાઈ (૧૯૯૮) અને ત્રણ ચુકાદા આપ્યા. એક ચુકાદો ત્રણ ન્યાયમૂર્તિએ આપ્યો અને બે ચુકાદા લઘુમતી બેન્ચે

આપ્યા. મુખ્ય ચુકાદામાં નોંધ્યું હતું કે, સમગ્ર રાજ્યોને 'ત્રાસવાદથી અસરગ્રસ્ત' જાહેર કરવા અને તેની અસરગ્રસ્તતા કદી રદ ન કરવી તે ખોટું છે અને તેવું સમીક્ષા સમિતિની ભલામણો પરથી જ કરી શકાય. તેણે એવું પણ નોંધ્યું કે, 'ગુના-સહાય' ની વ્યાખ્યા ઘણી વ્યાપક છે. અને ધરપકડ કર્યાના ૧૮૦ દિવસની અંદર તહોમતનામું રજૂ કરવામાં ન આવે, તો જામીન મેળવવા તે તહોમતદારનો 'રદન કરી શકાય તેવો અને નિરપેક્ષ હક' છે તેવો નિર્ણય પછીના ચુકાદામાં અપાયો હતો. આ દેશની સર્વોચ્ચ અદાલતના ચુકાદાના આ પાસાં તમને નિવારક અટકાયતની જોગવાઈઓનો કેવી રીતે ઉપયોગ અથવા દુરપયોગ થયો હતો તેનો નિર્દેશ આપે છે. તહોમતનામું રજૂ કર્યા સિવાય આરોપીઓને અટકાયતમાં રખાય છે. જામીનની ના પાડવામાં આવે છે અને 'ગુના-સહાય'ની વ્યાખ્યાઓ એટલી બધી વ્યાપક છે કે જેમને ત્રાસવાદી પ્રવૃત્તિઓ સાથે કંઈ લેવા-દેવા નથી તેવા ઘણા માણસો ખરેખર જેલમાં હોઈ શકે. વિસ્તારોને મનસ્વીપણે અનધિસૂચિત કરવાનું ફરજિયાત ન બનાવાય તો આવા કાયદાની કામગીરીના ક્ષેત્રને મરજી મુજબ લંબાવી શકાય. આવા નિવારક અટકાયતી શ્રેણીમાં સૌથી છેલ્લું તામિલનાડુ ત્રાસવાદી પ્રવૃત્તિ નિવારણ વિધેયક (પોટા) છે. તે ઉપર્યુક્ત 'ટાડા' ના ચુકાદાની બધી ભલામણોનું છેડે ચોક ઉલ્લંઘન (Flout) કરે છે. વાસ્તવમાં, તે જ 'ટાડા' ચુકાદામાં જણાવાયું છે કે 'ત્રાસવાદ' ભારતની સુરક્ષાના ક્ષેત્રમાં જ આવે છે. તેમ છતાં, રાજ્ય સરકારે દાખલ કર્યા છે અને રાજ્ય સરકાર તેવું કરવા કાર્યક્ષમ નથી. નિવયરક અટકાયત કાયદાઓના મનસ્વીપણાનો નિર્દેશ એ હકીકત પરથી મળે છે કે નવ વર્ષમાં ધરપકડ કરાયેલ ૭૬, ૧૬૬ વ્યક્તિઓમાંથી ફક્ત ૮૪૩ (૧.૧૧ ટકા) ના ગુના સાબિત થઈ શક્યા છે. આપણે એ પણ ખ્યાલમાં લઈએ કે આ ગુના સાબિતીઓમાં પોલીસ અધિકારીઓ સમક્ષ કરેલી 'કબુલાતો'ને પણ પુરાવા તરીકે વિચારણામાં લીધી હતી. આ બાબત પર પાછળથી સર્વોચ્ચ અદાલતની સંવિધાન બેન્ચ પણ ૩:૨માં વહેંચાઈ હતી. આવું કહેવા છતાં પણ, છોડી મુકાયેલા કે આરોપમુક્ત થયેલા ૩૮,૦૦૦ સામે કોઈ પુરાવા લાવી શકાયો ન હતો.

### ૧૨.૪.૧ સંઘર્ષ અને કસ્ટડીમાં મૃત્યુ, ત્રાસ

૧૯૯૦ના દાયકામાં પ્રથમ છ વર્ષમાં આંધ્ર પ્રદેશમાં માર્યા ગયેલા ૯૦૦ માણસો સંબધમાં આપણે ઉપરના 'સંઘર્ષ'નો ઉલ્લેખ કર્યો છે. એપ્રિલ ૧૯૭૭માં જનતા સરકારના શાસનમાં કટોકટી દરમિયાન સક્રિય નક્સલવાદીઓને મારી નાખવામાં આવ્યા હતા. તેવા સો ઉપરાંતના કેસો અંગે તપાસ કરવા 'લોકશાહી માટે નાગરિકો'ના વડા તરીકે જયપ્રકાશ નારાયણે ન્યાયમૂર્તિ વી. એમ. તારકુંડેના અધ્યક્ષપદે આયોગની રચના કરી હતી. તેમણે ખૂબ શ્રમ લઈ કરેલી તપાસ દરમિયાન તારકુંડે આયોગ એવા નિષ્કર્ષ પર પહોંચ્યા કે 'સંઘર્ષ' ફક્ત નાટક હતાં અને તેમનાં બધાંનાં ઠંડે કલેજે ખૂબ કરવામાં આવ્યાં હતાં. એવું ખરેખર શોધી શકાયું હતું કે પોલીસ જાતે રાજકીય કર્મશીલોને (activist) ઉપાડીને જંગલમાં લઈ હતી અને તેમને ઝાડ સાથે બાંધી ગોળી મારી નાંખ્યા હતા અને પછી એવાં નિવેદન બહાર પાડ્યાં કે તેમને સ્વબચાવ માટે ગોળીબાર કરવો પડ્યો હતો. મૃતદેહોને બાળી દેવામાં કે દાટી દેવામાં આવ્યા હતા. તેમનાં સગાસંબંધીઓને સોંપાયા ન હતા. (પી.એ. સેબસ્ટીયન, ધી શીફટીંગ મોડાલિટીઝ ઓફ સ્ટ્રગલ - ધી સેટિંગ અપ ઓફ હ્યુમન હાઈટ્સ ટ્રિબ્યુનલ એસ. કોઠારી અને એચ. સેઠી (સંપા) "રીથિન્કિંગ" હ્યુમન રાઈટ્સ) ન્યુ હોરાઈઝન પ્રેસ, ન્યુયોર્ક અને લોકાયતન, નવી દિલ્હી ૧૯૮૯). આયોગે રજૂ કરેલા બે અહેવાલોમાં એ સ્પષ્ટ કર્યું હતું કે ભોગ બનનારાઓની ઠંડે કલેજે હત્યા કરવામાં આવી હતી. ત્યારે ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ ૧૭૪ હેઠળ નિયત કર્યા મુજબ રાજ્યના વહીવટી તંત્રે તપાસ યોજી ન હતી. ૧૯૬૯ પછી અને ખાસ કરીને ૧૯૭૨ પછી પશ્ચિમ બંગાળની શહેરી ગોઠવણીમાં રાજકીય ખૂનની લગભગ આ ઢબ હતી. ૧૯૮૦ પછી આંધ્રપ્રદેશની પોલીસે આ કલાને બરાબર પુરી કરી હતી. ૧૯૮૦ પછી આ પ્રથાનો તામિલનાડુમાં પણ વ્યાપક ઉપયોગ થયો હતો. ઉત્તર આંકોંર જિલ્લાના તિરુપદુર નજીક ઓગસ્ટ ૧૯૮૦માં બોમ્બે વિસ્ફોટની દુર્ઘટના પછી થયો હતો. તેના પછીના તેર મહિનામાં ૧૮ યુવાનો "ઘાતક આત્યંતિકો" ની ટોળીમાં જોડાયા હતા. તેમાંથી અર્ધા દલિત હતા અને બાકીના તદ્દન પછાત જાતિઓના હતા. આ બધા ખેડૂત અને કારીગર વર્ગમાંથી આવતા હતા. તેમાંના ત્રણ 'સંઘર્ષ' માં માર્યા ગયા હતા, એક પર પોલીસે પાશવી હુમલો કર્યો હતો. બીજાને ધોળે દિવસે ત્રાસ આપી મારી નાંખવામાં આવ્યો હતો. એકને ચાલતા વાહનમાંથી ધકેલી દેવામાં આવ્યો હતો અને બે પોલીસ કસ્ટડીમાંથી 'અદશ્ય' થઈ ગયા હતા. (કે. મનોહરન, એન્કાઉન્ટર ડેથ્સ ઇન તામિલનાડુ, એ. આર. દેસાઈ (સંપા.) 'વાયોલેશન ઓફ ડેમોક્રેટિક રાઈટ્સ ઇન ઇન્ડિયા, પોપ્યુલર પ્રકાશન, મુંબઈ ૧૯૮૬')

ઉપરનાં વર્ણનોમાં તમે 'કસ્ટડીમાં મૃત્યુ અને ત્રાસની છૂપી ઘટના જોઈ શક્યા. જેલમાં ગોંધી રાખવાનું કામ જ સંવિધાને ખાતરી આપેલા જુદા જુદા માનવ હક / મૂળભૂત હકથી વંચિત કરે છે. કેદીઓને જેલમાં પૂર્યા છે. તે જ કારણસર તેઓ તેમના માનવ / મૂળભૂત હક ગુમાવી દેતા નથી. કારણ કે તેમના 'હક જન્મજાત અને અનન્યસંક્રામ્ય' છે.' માનવ હકને જીવન સાથે સાંકળવાના છે. સ્વતંત્રતા સાથે નહિ' (એલ. આર. એસ. એ અહેવાલ) માનવહકના તત્ત્વજ્ઞાનનો આ ગહન અર્થ છે. ભારતની સર્વોચ્ચ

અદાલતે ચાર્લ્સ શોભરાજ વિરુદ્ધ તિહારના કેસમાં સમર્થન કર્યું હતું કે, કેદીઓને કોઈપણ મુક્ત નાગરિકના તમામ હક છે,.સિવાય કે, જેલમાં રાખવાની સ્થિતિથી તેને પૂરેપૂરા ભોગવવા માટેની તેની શક્તિમાં ઘટાડો થયો હોય. ત્રાસ અને કેદીઓ સાથેના વર્તન અંગે થયેલા જુદા જુદા આંતરરાષ્ટ્રીય કરાર ઉપરાંત સંવિધાનના ભાગ ૩, કેદી અધિનિયમ ૧૮૯૪ અને જેલ નિયમસંગ્રહમાં પણ તેમના હક દર્શાવ્યા છે. એકાંત કેદ, બેડી લગાડવી, કેદીઓને ભૂખ્યા રાખવા, સ્ત્રી કેદીઓને ગાળ દેવી જેવા આત્યંતિક વિકૃતતાના કેસ છે. દિલ્હી ઉચ્ચ ન્યાયાલય સમક્ષ એક આઘાતજનક કેસ આવ્યો. કેદીએ લાંચ આપવાની ના પાડતાં તે કેદીના શરીર પર જેલ અધીક્ષકે ગરમ સળિયાથી તેનું નામ કોતર્યું હતું. આમ ફક્ત શાસનના રાજકીય વિરોધીઓ માટે જ ત્રાસ આપવાં ઉપરાંત તે વધારે રોજેરોજ (Quotidion) અને સામાન્ય કક્ષાએ પણ પ્રવર્તતો હતો. આવા ત્રાસ અને થર્ડ ડિગ્રી પદ્ધતિને પરિણામે થયેલાં ઘણાં મૃત્યુ ભોગ થનાર છૂટા કર્યા પછી બન્યા છે. કેમકે પોલીસ જાણે છે કે, નિર્દય રીતે માર્યા પછી તેમને લોક-અપમાં રાખવાનું જોખમી છે. તે ગમે તે ક્ષણે મૃત્યુ પામી શકે. કટોકટી પછીના સમયમાં હાથ ધરેલી કેટલીક તપાસ પરથી શોધી શકાયું હતું કે, કેન્દ્રીય પુછપરછ સંસ્થા (CIA) ના રૂપમાં ખાસ કરીને પંજાબ અને હરિયાણામાં ખરેખર ત્રાસ ગુજારાયો હતો. આ સંસ્થા તેના નામ મુજબ પૂછપરછમાં વિશેષજ્ઞ હોય છે. તપાસમાં નહિ (સુદીપ મઝમુદાર, 'પોલીસ કસ્ટડીમાં મૃત્યુ' એ. આર. દેસાઈ મૃત્યુ પામે, તો કેન્દ્રીય પુછપરછ સંસ્થા તેને જોયો હોવાની ના પાડે. તેથી ત્રાસ નાઝી એકત્રીકરણ છાવણી કે સ્ટેલિનિસ્ટર શ્રમ છાવણીઓની વાર્તાઓમા જ નથી. ભારત જેવા સામાન્ય લોકશાહી સમાજ તેનો માટે બીજા જેટલો જ દાવો કરી શકે તેમ છે.

જેલવાસીઓમાં કાચા કામના કેદીઓની ઘણી મોટી બહુમતી રહે છે તે નોધવું રસપ્રદ થશે. આ આંકડો કેટલીકવાર તો ૯૦ ટકા જેટલો ઊંચો હોય છે, પરંતુ સરેરાશ ૬૦ થી ૭૦ ટકા આસપાસ રહે છે. તેમાંના ઘણાખરા નજીવા ગુના બદલ ત્યાં હોય છે. તે ખાસ ગુના બદલ કાયદા અનુસાર તેમને જે વધુમાં વધુ સજા થઈ હોય તેનાથી પણ વધારે લાંબા સમય માટે કાચા કામના કેદી તરીકે જેલમાં ગોંધી રખાયા હોવાનો અંદાજ છે. કાચા કામના ૩૦ કેદીઓ મુંબઈની જેલોમાં સાત વર્ષ કરતાં વધારે સમય સુધી રખાયા હતા. તેમની તેમના ગુના બદલ સજા ઘણી ઓછી હતી. આ બનાવ ઓક્ટોબર ૧૯૯૫માં ધ્યાન પર આવ્યો અને સમાચારપત્રમાં લેખ પ્રસિદ્ધ છતાં અદાલતે તેમને છોડી મુકવાનો હુમક કર્યો. એસ. આર. એસ.એ. અહેવાલમાં જણાવ્યા મુજબ, તેઓ જામીન પર તેમની સ્વતંત્રતા ખરીદી ન શક્યા હોવાને કારણે તેમાના ઘણાખરા જેલમાં છે. આ માટેની કાર્યપદ્ધતિ ખૂબ જ અસંતોષકારક છે અને તેમાં મિલકતલક્ષી અભિગમની ખામી રહેલી છે. આ જેલમાં કેદીઓ ગીચોગીચ ભરેલા રહે છે. તેથી તે સ્થિતિ અને ધોરણ અનારોગ્યપ્રદ અને જીવવાલાયક નથી. ૧૯૮૦માં ભૂતપૂર્વ ન્યાયાધીશ એ. એન. મુલ્લાના અધ્યક્ષપદે નિમાયેલી મુલ્લા સમિતિએ ૧૯૮૩માં રજૂ કરેલા તેના અહેવાલમાં નોંધ્યું હતું કે જેલમાં ગોંધી રખાયેલા ઘણાખરા કેદીઓ વંચિત વર્ગના અને મુખ્યત્વે ગ્રામીણ અને ખેતીની ભૂમિકા ધરાવતા લોકો હતા.

ભારતે ૧૩ વર્ષના સમય બાદ જૂન ૧૯૯૭માં ત્રાસ સામેના આંતરરાષ્ટ્રીય કરારને સમર્થન આપ્યું. દેશભરમાં કસ્ટડી હેઠળનાં મૃત્યુની સંખ્યા ઘણી વધી. ગૃહમંત્રાલયના આંકડા મુજબ ૧૯૯૫-૯૬માં આવો મૃત્યુ ૪૪૪ હતા. તેની સરખામણીમાં ૧૯૯૬-૯૭માં ૮૮૯ મૃત્યુ થયો. (આ આંકડામાં ન્યાયિક કસ્ટડીના આંકડાનો સમાવેશ થાય છે.) આ ૮૮૯ માં ૭૦૦ મૃત્યુ તો ફક્ત ન્યાયિક કસ્ટડીમાં થયાં હતાં. પી.યુ.ડી.આર. એ. ૧૯૮૦ અને ૧૯૯૭ વચ્ચે કસ્ટડી મૃત્યુના ૯૩ કેસના દસ્તાવેજ પાટનગર શહેરના જ તૈયાર કર્યા છે. સ્ત્રીઓની સાથેના દુર્વ્યવહાર બાબતમાં કસ્ટડીમાં બળાત્કારના સ્વરૂપે છે. તાજેતરનાં વર્ષોમાં આવા સંખ્યાબંધ કેસ પ્રકાશમાં આવ્યા છે. તેમાંના કેટલાક કુખ્યાત રમીઝા બી અને મથુરા બળાત્કાર કેસ પ્રસંગોપાત દેશની સ્ત્રી ઝુંબેશના વિકાસમાં સીમાચિહ્નરૂપે છે. મજબૂત અને રાજકીય રીતે જોરદાર સ્ત્રી ઝુંબેશ ઉભી થવા માટે ૧૯૮૦ના શરૂઆતના દશકામાં દહેજ મૃત્યુના પ્રશ્નો સાથે આ કેસોએ મહત્ત્વનું એકત્રીકરણ બળ પુરું પાડ્યું છે.

આવાં મૃત્યુ/ ત્રાસ / બળાત્કારના કેસોમાં આપણને રમઝાનની વાર્તાની ઝાંખી થાય ચે. તેમાંના ઘણાખરા સ્થળાંતર કરનાર તરીકે જોખમી જીવન જીવે છે, પૂરતી આજીવિકા મેળવવા સંઘર્ષ કરે છે. આજીવિકા મેળવવા અથવા ઊભી કરવાનાં કોઈ પ્રયાસમાં એક નિયમ કે બીજા નિયમનો ભંગ થાય છે અને આવો પ્રયાસ ન કરાય, તો તેમાંથી કેટલાક નાના ગુનાની દુનિયામાં ધકેલાઈ જાય છે એવું અહેવાલમાં જણાવ્યું છે. પી.યુ.ડી. આર. એ ૧૯૮૯ એન ૧૯૯૪ વચ્ચેના ગાળામાં કસ્ટડીમાં બળાત્કાર થયાના શોધી કાઢેલા દસ કેસમાં પણ આપણે ભોગ બનનારનાં તેવાં જ સામાજિક આર્થિક દશ્ય જોવા મળે છે. ઑટોરિક્ષા ડ્રાઈવર બાંગ્લાદેશી દેશાગતની પત્ની, ડી. ટી.સી. ડ્રાઈવરની પત્ની, નેપાળી દેશાગત કારખાના કામદારની પત્ની, પુનર્વસવાટ કોલોનીના હિમાચલો દશાગતની પત્ની વગેરે. (કસ્ટડીમાં બળાત્કાર દુર્ઘટનાનાં પરિણામ અંગેનો અહેવાલ, પી. યુ. ડી. આર., દિલ્હી, મે ૧૯૯૪). આ સંબંધમાં ફોજદારી કાર્યવાહી સંહિતામાં કરવાના કેટલાંક સુધારાને આગળ ધપાવવાની તાતી જરૂર છે. એક દસકા માટે આની વિચારણા કરાઈ નથી. પરંતુ હવે કેટલાકને અલગ પાડી તેની વિચારણા કરાઈ રહી છે. આ ખાસ કરીને સ્ત્રી કેદીઓના હકને લગતા છ તે સૂર્યાસ્ત પછી અને સૂર્યોદય પહેલાં ખાસ સંજોગો સિવાય સ્ત્રીની ધરપકડની મના ફરમાવવાને લગતા છે. તે વ્યક્તિની ધરપકડ કર્યાની અને તેણે નોમિનેટ કરેલ કોઈને તેને

ક્યાં રાખી છે અને બળાત્કાર માટે આરોપી વ્યક્તિની દાક્તરી તપાસ અંગેની માહિતી આપવાની જવાબદારી પોલીસ પર નાંખે છે. પ્રસંગોપાત પરિસ્થિતિની તાકીદ પિછાણવામાં આવે છે અને જેમણે જેલમાં પાંચ કરતાં વધારે વર્ષ ગાળ્યાં હતાં તેવી કાચા કામની કેદી સ્ત્રીઓને છોડી મુકવાના મધ્યપ્રદેશ સરકારના ૧૯૯૫માં લીધેલા નિર્ણયના કેસની જેમ પરિસ્થિતિ સુધારવા તદર્થ નિર્ણયો લેવામાં આવે છે.

**તમારી પ્રગતિ ચકાસો-૨**

૧. 'ટાડા'નાં વિશિષ્ટ લક્ષણો કયાં છે ?

.............................................................................................

.............................................................................................

.............................................................................................

૨. એલ.આર. એસ.એ. ના અહેવાલમાં મહત્ત્વનાં તારણો કયાં છે ?

.............................................................................................

.............................................................................................

.............................................................................................

૩. ભારતે ત્રાસ સામેના આંતરરાષ્ટ્રીય કરારને ક્યારે સમર્થન આપ્યું ?

.............................................................................................

.............................................................................................

.............................................................................................

### ત્રાસ એટલે શું ?

સંયુક્ત રાષ્ટ્રસંઘના સામાન્ય સભાનાં ૧૦મી ડિસેમ્બર ૧૯૮૪ના ઠરાવ નં. ૩૯/૪૬ના ત્રાસ અને અન્ય ક્રૂર, અમાનવીય અને માનહાનિના વર્તન અને સજા સામેના કરાર અનુસાર, 'ત્રાસ' એટલે કોઈ વ્યક્તિ પર તેની અથવા ત્રીજી વ્યક્તિ પાસેથી કોઈ માહિતી કે કબૂલાત મેળવવા અથવા તેણે કરેલ મનાતા અથવા કોઈ પ્રકારના ભેદભાવ પર આધારિત કારણસર તને અથવા ત્રીજી વ્યક્તિને ડરાવવા અથવા દબાણ કરવા જેવાં હેતુઓ અંગે ઇરાદાપૂર્વક સખત શારીરિક કે માનસિક દુઃખ અથવા કષ્ટ જાહેર કર્મચારી અથવા સત્તાવાર હેસિયતમાં કામ કરતી બીજી વ્યક્તિએ કરેલ અથવા તેની સંમતિ અથવા મૂક સંમતિથી અથવા તેના કહેવાથી આવાં દુઃખ અથવા કષ્ટ પહોંચાડ્યાં હોય તેમાં,

ક્રૂર અને અસાધારણ શિક્ષામાંથી મુક્તિ બાબતમાં સર્વોચ્ચ અદાલતનું અર્થઘટન, ક્રૂર અને અસાધારણ શિક્ષા સામે ભારતના સંવિધાનમાં કોઈ ખાસ જોગવાઈ નથી. તેથી સર્વોચ્ચ અદાલતે કલમ ૧૪, ૧૯ અને ૨૧ સાથે વાંચ્યા પછી સુરક્ષા આપી છે. સર્વોચ્ચ અદાલતે પ્રચલિત હોય તેવાં સુઘડતાનાં ધોરણો સાથે પુખ્ત, વિકસિત અને પ્રગતિશીલ સમાજને માફક આવે તેવા ત્રાસ અને ક્રૂરતા માટે કહે છે.

## ૧૨.૫ લોકશાહી હક (Democratic Rights)

હવે આપણે આ વિશિષ્ટ નાગરિક સ્વતંત્રતાના પ્રશ્નોથી આગળ જોઈએ. તે ભારતના સંવિધાનના મૂળભૂત હકના વિભાગમાં ઘડેલા પ્રશ્નો છે. તેથી સામાન્ય લોકશાહી હકના પ્રશ્નો કરતાં તે વધારે મુકદમાપાત્ર છે. અહીં મૂળભૂત હકનો સીધોસીધો ભંગ હોય પણ ખરો અને ન પણ હોય, પરંતુ ગમે તે રીતે પરોક્ષ રીતે અસર કરે છે. અહીં આપણે આવા કાયદાનું રૂપ અપાયેલા બધા હુમલાની યાદી બનાવતા નથી, પરંતુ કેન્દ્ર સરકારના વધારે બદનામ કાયદા/ વટહુકમો પ્રત્યે માત્ર અંગુલિનિર્દેશ કરીએ છીએ.

૧૯૮૦ના દસકાના પ્રારંભમાં અને ખાસ કરીને જનતા સરકારના પતન પછી કેટલાંક સૌથી વધુ કડક સમાચાર કાયદા ઘડવામાં આવ્યાં હતાં. રાષ્ટ્રીય સુરક્ષા અધિનિયમ ડિસેમ્બર ૧૯૮૦માં ઘડાયો હતો તે અગાઉ જણાવ્યું છે. તેને પગલે સપ્ટેમ્બર ૧૯૮૧માં આવશ્યક સેવા જાળવણી અધિનિયમ (ESMA) આવ્યો. તેનો આશય ખાસ કરીને કહેવાતી આવશ્યક સેવાઓમાં મજૂરોના અસંતોષ પર નિયંત્રણ મૂકવાનો હતો. અધિનિયમમાં આવી ૧૪ સેવાઓની યાદી આપી છે. હકીકતમાં તે અધિનિયમ બન્યો તે અગાઉ તેને વટહુકમ તરીકે જાહેર કરી દીધો હતો. શ્રમ મંત્રીએ જાહેર કર્યું હતું કે ગરીબ દેશમાં હડતાળ મોજશોખ છે. આવશ્યક સેવાઓ કંઈ કંઈ હતી ? સશસ્ત્ર દળ, ઇસ્પિતાલો, જાહેર સ્વચ્છતા અને સફાઈ, બેંક, રેલવે, વિમાનમથક, તેલક્ષેત્ર, ટંકશાળ, સુરક્ષા-પ્રેસ તથા સંસદ અને વિધાનસભાની ચૂંટણીઓએ બધાને આવશ્યક સેવા જાહેર કરાયાં હતાં. 'સાથે જોડાયેલી કોઈ સેવા'નો અર્થ અલબત્ત,

કોઈ પણ રીતે સગવડભર્યો બને તેમ કાઢી શકાય. અલબત્ત, હડતાળની વ્યાખ્યા 'કામ અટકાવવા', 'કામ ચાલુ રાખવાની ના પાડવી' અથવા 'રોજગાર સ્વીકારવાની ના પાડવી' અને વધુ ખરાબ તો 'અધિક સમય કામ કરવાની ના પાડવી' એમ કર્યો હતો. વધારે મહત્ત્વનું તો એ છે કે, તેમાં 'કોઈ આવશ્યક સેવામાં કામ અટકાવવા અથવા કામને સારું એવું ધીમું પાડે તેવા કોઈ વર્તનનો સમાવેશ કર્યો હતો. એક વિદ્વાનની સાચી ટીકા મુજબ, બંગાળના એક ખેડૂત, બિનવળતર પ્રદભાવે ડાંગર વેચવાની ના પાડી. એશિયાડમાં કામ કરતાં મજૂરે લઘુતમ વેતન ન ચુકવાય તો કામ કરવાની ના પાડી, છત્તીસગઢના એક આદિજાતિ એ અપૂરતા વેતન ઈમારતી લાકડાં પાડવાની ના પાડી. એક શિક્ષકે પોલીસ બાતમીદાર તરીકે રોજગાર સ્વીકારવા ના પાડી, એક પત્રકારે સરકારી વક્તવ્ય અહેવાલ લખવાની ના પાડી. આ બધા માટે ઉત્પાદનમાં અથવા સરકારના રાબેતા મુજબના કાર્યમા અવરોધરૂપ બનવાનો આરોપ આ અધિનિયમ મુજબ લગાવી શકાય. (સુરેશ શર્મા, હડતાળ, પ્રતિબંધ વટહુકમ : કાયદાવિહિન, કાયદો, એ. આર. દેસાઈ, એજન (Op. Cit). તેના પછી સરકારે ટૂંક સમયમાં ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ અને ભારતીય વાણિજ્ય સંઘ અધિનિયમ, ૧૯૨૬માં આકરા સુધારા કરવાનું અને ઈસ્પિતાલ અને અન્ય સંસ્થા (વિવાદની પતાવટ) વિધેયક દાખલ કરવાની દરખાસ્ત કરી. ઔદ્યોગિક વિવાદ અધિનિયમમાં સુધારો કરીને ઈસ્પિતાલ, શૈક્ષણિક સંસ્થાઓ અને આવી બીજી સંસ્થાઓને અધિનિયમના ક્ષેત્રાધિકારમાંથી બહાર રાખવાનું વિચાર્યું હતું. તેને ઉપર્યુક્ત અલગ અધિનિયમથી આવરી લેવા વિચાર્યું હતું. તેણે હડતાલ અને બીજા સ્વરૂપના વિરોધને ગેરકાયદે અને કાયદા હેઠળ શિક્ષાપાત્ર બનાવ્યા. વ્યવસાય સંઘ અધિનિયમના સુધારાએ વ્યવસાય સંઘના રજિસ્ટ્રારને માન્યતા આપવા બાબતમાં વિસ્તૃત સત્તાઓ આપી. ઈસ્પિતાલ અને અન્ય સંસ્થાઓને લગતા વિધેયકે આ સંસ્થાઓની અંદરના વિવાદ હાથ ધરવા અને મધ્યસ્થી થવા અલગ અમલદારશાહી દાખલ કરવાનું વિચાર્યું. તેમના નિર્ણયો સામે અપીલ કરવાની છૂટ ન હતી. જોકે આમાંની ઘણી દરખાસ્તો પક્ષો, વ્યવસાય સંઘો અને વિશાળ લોકસમુદાયનો જોરદાર પ્રતિકાર અને વિરોધના કારણે પડી ભાંગી. બિહાર પ્રેસ વિધેયકનો આશય અભિવ્યક્તિના સ્વાતંત્ર્યના વિસ્તરણ તરીકે સમાચારપત્રોની સ્વતંત્રતા પર સખત નિયંત્રણો લાદવાનો હતો. આવાં વિધેયકો લોકોના ઉહાપોહ અને મોટાપાયે વિરોધને કારણે પાછાં ખેંચવા પડ્યાં હતાં.

## ૧૨.૬ ન્યાયિક કર્મશીલતા અને હકના ભંગ

## (Judicial Activism and the Violation of Eights)

વિચિત્ર લાગશે, પણ જે સંસ્થાને રક્ષણનું કામ સોંપાયું છે તે અતિશય સક્રિય ન્યાયતંત્રના હુકમોથી લોકોના વિભાગ પર વ્યાપક અર્થમાં વ્યાખ્યા કરેલ માનવહક પર તાજેતરમાં કેટલાક હુમલા થયા છે. સૌથી વધારે જામીતા કેસ બે જુદા જુદા હક વચ્ચે તાજેતરમાં ખુલ્લાં સંઘર્ષ થયા છે. દિલ્હીના લોકોનો સ્વચ્છ પર્યાવરણનો હક અને કામદારોનો તેમની આજીવિકાનો હક, જોકે, સ્વચ્છ પર્યાવરણ માટેની માંગ અને ગરીબો અથવા કામદારોના હક વચ્ચે દેખીતી રીતે સંઘર્ષ હોવા છતાં, તાજેતરનં વર્ષોમાં ગરીબોના હક વધારે સામાન્ય તરીકે ઉદ્ભવ્યા છે. દિલ્હીમાં તેણે પરિમાણ પ્રાપ્ત કર્યું અને તે જાહેર વિવાદનો વિષય બની ગયો. સર્વોચ્ચ અદાલતે જુલાઈ ૧૯૯૬ના તેના હુકમમાં ૧૬૮ જોખમી અને હાનિકારક ઉદ્યોગો બંધ કરવાનો હુકમ કર્યો. તેનું તાત્કાલિક પરિણામ એ આવ્યું કે ૫૦,૦૦૦ કામદારો નોકરી વિના રખડતા થઈ ગયા. ઘણા ભૂખે મર્યા, કેટલાકે આપઘાત કર્યો / કરવા પ્રયત્ન કર્યો અને એક તો જાહેરમાં પોતાનું બલિદાન આપ્યું. પ્રશ્ન એ હતો કે કેસની કાર્યવાહીનાં અગિયાર વર્ષોમાંક ામદારો તરફી વાત એક પણ વખત કેમ ન પૂછી ? તેણે બીજી કોઈ પદ્ધતિ કોઈ ગંભીર રીતે અપનાવવાનો પ્રયાસ કેમ ન કર્યો ? તેઓ કામદારોનું શું થશે એવું સ્પષ્ટપણે જણાવતાં બીજા સ્થળ માટે વિગતવાર યોજના રજૂ કરવા લાગણી દુભાવનાર અને નફો કરતા માલિકો પાસે કોઈ સ્પષ્ટ માંગણી કેમ ન કરી ? તેથી એમ લાગ્યું કે, બે પ્રકારનો હક વચ્ચેનો સંઘર્ષ સાચો ન હતો, સાચો સંઘર્ષ તો બે જુદાં જુદાં હિત નફો અને વેતનનો હતો.

## ૧૨.૭ માનવ હકના વ્યાપક પરિપ્રેક્ષ્યમાં સમજ

## (Understanding Human Rights in a Wider Perspective)

પછીના સમયમાં માનવહકની વધેલી જાગૃતિએ માનવ હકના પ્રશ્નો તરીકે ઘણા બીજા મહત્ત્વના પ્રશ્નો ઊભા કર્યાં. જુદી જુદી પ્રતિનિધિ સંસ્થાઓની ચૂંટણી યોજવાનો ઇન્કાર, સમાચારપત્રો, અને અભિવ્યક્તિના સ્વાતંત્ર્યને ટૂંપો મારવાનો પ્રયત્નો, સ્ત્રીઓના હક પર વિશેષ હુમલા, પ્રતિષ્ઠા અને આત્મસંમાન માટે દલિતોનો સંઘર્ષ - આ બધા માનવહક ભંગનાં વિસ્તૃત ક્ષેત્ર છે. બૃહદવિકાસ પરિયોજનાઓ કરીને આદિજાતિઓ અને અન્ય ગ્રામીણ વસ્તીને વિસ્થાપિત કરવાની બાબત માનવહકની ભાષામાં તેમની જમીન અને સંસાધનો પર તેમના હક અંગે વ્યક્ત કરાઈ છે. તેથી હકને વિકાસના સમગ્ર સંસ્કરણમાં જોવો જોઈએ. રાષ્ટ્રની માયાળુ નજરે તળે જુદી જુદી કોમોના લોકોના શાંત અને પ્રતિષ્ઠિત જીવનને સ્થાનિક કોમી અને જૂથની હિંસાથી ભય ઊભો થતો જોવા મળે છે. ઉત્તરપ્રદેશની કુખ્યાત પ્રાંતીય સશસ્ત્ર પોલીસદળે માલિયાણામાં કરેલી મુસ્લિમોની કતલ અથવા પોલીસની નજર

સામે ૧૯૮૪માં દિલ્હીમાં શીખોની કતલ બે અન્યથા સમાન કોમો વચ્ચેની અથડામણ બાબતમાં કોમી સંઘર્ષ હોતો નથી. તે હકીકતના મહત્વના સૂચકો છે. આ દરેકમાં રાજ્ય સંડોવાયું હોય છે.

**તમારી પ્રગતિ ચકાસો-૩**

૧. નીચેની બાબત સાચી છે કે ખોટી તે જણાવો :

(ક) આવશ્યક સેવા નિભાવ અધિનિયમ (ESMA) ૧૯૮૧માં અમલમાં આવ્યો.

(ખ) રાષ્ટ્રીય સલામતી અધિનિયમ ડિસેમ્બર૧૯૮૮ માં અમલમાં આવ્યો.

## ૧૨.૮ સારાંશ (Let us Sum up)

આપણે સાચો બનાવ જોયો. ઝૂંપડપટ્ટીમાં રહેનાર ગરીબ માણસ પોલીસ માટે લક્ષ્યાંક કેવી રીતે બન્યો. તેના પર કિન્નાખોરી કેમ રખાઈ અને તેને કેવી રીતે મારી નાખવામાં આવ્યા તે જોયું. પોલીસ કસ્ટડીમાં મૃત્યુનું પ્રમાણ અને જેલમાં સ્ત્રી કેદીઓએ ભોગવેલી કરુણાંતિકા પણ આપણે જોઈ ગયા. નિયમસંગ્રહો અને જુદી જુદી સમિતિઓની ભલામણ સામે અધિકારીઓએ કરેલા માનવહક ભંગ ઉપરાંત આપણે ન્યાયતંત્રની વિસ્તરતી જતી ભૂમિકા પણ જોઈ. તે ગરીબો માટેની ચિંતા કરતાં ભદ્ર લોકોની વધુ સંભાળ દર્શાવે છે. આ બધાંનો સામાન્ય તંતુ, રાષ્ટ્ર અથવા લોકોનાં જૂથોનાં હિતનું રક્ષણ કરવું અને લોકના ઘણુંખરું ગરીબ અને વંચિત વિભાગના વિશાળ હિતનું સમાધાન કરવાનું છે. એકબાજુએ, નાગરિક સ્વાતંત્ર્ય સંગઠનો વિસ્તરતાં જાય છે. પરંતુ બીજી બાજુએ રાજ્ય અને તેની સંસ્થાઓ હકનો ભંગ કરે છે. જો કે, સક્રિય નાગરિક સમાજ પાસેથી લોકશાહીના આવા વિકાસની અપેક્ષા રાખી શકાય. તેમ છતાં, વૈશ્વીકરણ સાથે નાગરિકોના હકનું ક્ષેત્ર વિસ્તારવાની જરૂર છે. આજની દુનિયામાં સારુ અને જવાબદાર શાસન રાજ્ય અને નાગરિક જૂથો હંમેશાં સર્વાનુમતિ પર આવવા પરસ્પર મંત્રણા કર્યા કરે એ સુનિશ્ચિત કરે છે. આ સુનિશ્ચિત કરવા માટે નાગરિકોને વિશાળ સંખ્યામાં તેમનાં હક અને ફરજ માટે શિક્ષણ આપવું જોઈએ. ભારતના સંવિધાનમાં આલેખેલ મૂળભૂત હકની ખાતરી માટે શિક્ષિત નાગરિકત્વ ઉત્તમ છે. આ પરિયોજનાનાં ફળ આજ સુધી ભોગવ્યાં તેના કરતાં લોકોને વધારે રાજકીય અંતરાલ (Space) ના રૂપમાં આવશે.

## ૧૨.૯ મહત્ત્વના શબ્દો (Key Words)

અટકાયતી : ધરપકડ માટે અટકાયતમાં લીધેલી વ્યક્તિ

કામનો સ્વાધ્યાય : દેશમાં મોટા બંધની જરૂરિયાત વિશએ ભારતની સર્વોચ્ચ અદાલત, મધ્યપ્રદેશ સરકાર, ગુજરાત સરકાર અને નર્મદા બચાવો આંદોલનની દલીલો કાળજીપૂર્વક વિચારો.

## ૧૨.૧૦ 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબ : સ્વાધ્યાય (Answers to Check your Progress : Exercises)

**તમારી પ્રગતિ ચકાસો-૧**

૧. ૧૯૭૦-૭૧

૨. તારકુંડે આયોગે 'સંઘર્ષ' અને મૃત્યુ અંગે તપાસ કરી.

૩. ના, તે મુકદ્દમા પાત્ર નથી.

**તમારી પ્રગતિ ચકાસો - ૨**

૧. 'ટાડા'ના વિશિષ્ટ લક્ષણો આ હતાં : નવાં લક્ષણ અને વિશિષ્ટ લાક્ષણિકતાઓ, નવી અધિક્રમિકતાઓ, ધરપકડ કરાયેલી વ્યક્તિને બે વર્ષ સુધી અટકાયતમાં રાખવી અને તેને જેલમાં રાખવાની મુદત લંબાવવા માટેનાં કારણો ન આપવાં જેવાં લોકોના જીવન અને સ્વતંત્રતા પર નવી નિયંત્રણ લાદવા ધરપકડ કરાયેલાંઓને ન્યાય મેળવવા સામાન્ય અદાલતોનો સંપર્ક સાધવામાંથી પણ અટકાવવામાં આવ્યા હતા.

૨. તેણે એવી ભલામણ કરી કે, માનવહકને જીવન સાથે જોડવા, તેને સ્વતંત્રતા સાથે જોડવાની જરૂર નથી. માનવહકના તત્ત્વજ્ઞાનના અર્થની વ્યાખ્યા આવી કરાઈ હતી.

૩. ભારતે જૂન ૧૯૯૭માં ત્રાસ સામેના કરારને માન્ય રાખ્યા. તેમ છતાં, હજી તેનું સમર્થન કરવાનું બાકી છે.

તમારી પ્રગતિ ચકાસો-૩

૧. (ક) સાચું

(ખ) ખોટું

# એકમ ૧૩ : સામાજિક સંસ્થાઓ તરફથી માનવ હકને ધમકી

(Threats to Human Rights From Social Institutions)

રૂપરેખા :

૧૩.૦ ઉદ્દેશ
૧૩.૧ પ્રાસ્તાવિક
૧૩.૨ સ્ત્રીઓને તેમનાં કુટુંબની અંદર મનાવહક ઈન્કારવા
૧૩.૩ કુટુંબની અંદર હિંસા : સ્ત્રી કર્મશીલોના પ્રતિભાવ
૧૩.૪ કાનૂની સલામતી - રક્ષણ મેળવવાના પ્રશ્નો
૧૩.૫ સ્ત્રીઓ સામે ઘરાઉ હિંસાનું સામુદાયીકરણ
૧૩.૬ મુસ્લિમ એકાંકી સ્ત્રીઓની મુશ્કેલીઓ
૧૩.૭ કાયદા અને રાજકારણનાં કોમીકરણનાં પરિણામ
૧૩.૮ સારાંશ
૧૩.૯ મહત્ત્વના શબ્દો
૧૩.૧૦ 'તમારી પ્રગતિ ચકાસો' ના જવાબ : સ્વાધ્યાય

## ૧૩.૦ ઉદ્દેશ (Objectives)

આ એકમ વાંચ્યા પછી તમે,

- કંઈ સંસ્થાઓ સ્ત્રીઓના હકનો ભંગ કરે છે તે મુકરર કરી શકશો :
- સ્ત્રીઓના હકના તેમના ઘરની અંદર જ કેવી રીતે ભંગ કરવામાં આવે છે તે સમજી શકશો :
- ઘરાઉ હિંસા બાબતમાં પોલીસ કેસ નોંધવાની કેમ ના પાડે છે તે શોધી શકશો :
- સ્ત્રીઓએ વેઠવી પડતી મુશ્કેલીઓ પિછાણી શકશો :
- સમૂહ ઝુંબેશ ચલાવ્યા છતાં, કર્મશીલો સ્ત્રીઓનો અવાજ રજૂ કરાવી શક્યા નથી તે સમજી શકશો:
- મુંબઈ શહેરમાં સ્ત્રીઓના અંગત જીવનને કોમી રાજકારણ કેવી રીતે અસર કરે છે તે સમજી શકશો:
- મુંબઈ શહેરમાં મુસ્લિમ એકાંકી સ્ત્રીઓના વિશિષ્ટ સામાજિક પ્રશ્નો જાણી શકશો : અને
- સ્ત્રીઓ અને બાળકોને કંઈ સામાન્ય મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે તે સમજી શકશો.

## ૧૩.૧ પ્રાસ્તાવિક (Introduction)

હવે તમે જાણી ચુક્યા છો કે હકનો મૂળ વિચાર વ્યક્તિનું બીજાઓનાં ભંગથી કયા તબક્કે રક્ષણ કરવામાં આવે તેની મર્યાદા બતાવવાનું છે. બીજા શબ્દોમાં, વ્યક્તિ અન્ય બીજી વ્યક્તિઓ, રાષ્ટ્ર અથવા અન્ય સામાજિક સંસ્થાઓ દ્વારા થતાં જુદા જુદાં ભંગને અધીન બની શકે તે માર્ગોની મર્યાદા દૂર કરવા માટે છે. આનો અર્થ એટલો કે વ્યક્તિ પ્રથમ સ્થાને સ્વાયત્ત નથી. તેને શરૂ કરવાના હક નથી. તે વ્યક્તિગત સ્વતંત્રતા અથવા સ્વાયતતાના ઇચ્છનીય ક્ષેત્રની મર્યાદા આંકવા માટે છે. ભારતમાં સ્ત્રી આંદોલનનો તર્ક એ રહ્યો છે કે સામાજિક સંસ્થા તરીકે કુટુંબ ખાસ કરીને સ્ત્રીઓના હક સંબંધમાં, માનવહક ભંગનો મુખ્ય સ્રોત બને છે. આ ઉપરાંત, સમુદાય સહિત સામાજિક સંસ્થાઓ ન્યાય અને સમાનતાના ભંગના મુખ્ય સ્રોત છે. આ માળખાની અંદર સ્ત્રીઓ જે જુલમ ભોગવે છે તે ઘણું ખરું અપ્રગટ હોય છે. કેમ કે કુટુંબ અને સમુદાય ક્ષેત્રના કેન્દ્રની બહાર રહે છે અને ખાનગી અધિકારક્ષેત્રમાં ગણાય છે. હવે કુટુંબની અંદર અથવા સમુદાયની અંદર વ્યક્તિઓના હકનો ભંગ કરવા માટે હજારો માર્ગ છે. (અહીં આ શબ્દમાં જ્ઞાતિ, ધર્મ અથવા બીજા કોઈ સ્વરૂપના સમુદાયનો સમાવેશ થાય છે. દાખલા તરીકે જાતીય દુરુપયોગ સામે બાળકોના હક નકારવા અથવા સમુદાયની અંદર વ્યક્તિગત પુરુષને તેમની પસંદગીની સ્ત્રી સાથે પરણવાના હકને નકારવા એ સામાન્ય પ્રકારના બનાવો છે.

## ૧૩.૨ સ્ત્રીઓને તેમનાં કુટુંબની અંદર માનવ હક ઈન્કારવા

(Denial of Human Rights to women Indide Their Families)

માનવહક જૂથે નોધ્યું છે કે "આપણા દેશમાં સ્ત્રીઓ, ખાસ કરીને શ્રમજીવી વર્ગની સ્ત્રીઓ જે શોષણ અને જુલમ" ભોગવે છે તે ઘરની બહારના બનાવોને અધીન હોઈ, તેનું દસ્તાવેજી કરણ પ્રમાણમાં સરળ છે, પરંતુ ઘરની અંદરની સ્થિતિનું દસ્તાવેજીકરણ કરવાનો પ્રયત્ન મુશ્કેલ છે. કારણ કે અહીં ઘણી ખરી બાબતોમાં

જુલમ અપ્રગટ હોય છે. તે ઘરની ચાર દીવાલોમાં બને છે અને તેનું કુટુંબ તરીકે અથવા ખાનગી બાબત તરીકે ગણવામાં આવે છે. કુટુંબની અંદર સ્ત્રીઓના હક પ્રત્યેની બેદરકારીનું કારણ કુટુંબની અંદર સ્ત્રીઓના પ્રશ્નો વ્યક્તિગત બની જાય છે. આ સામાજિક પ્રશ્નનું વૈયક્તિકરણ એ સામાજિક અજ્ઞાનનું આકસ્મિક પરિણામ નથી, પરંતુ સમકાલીન સમાજનું જે શાસન કરે છે તેનો સામાજિક મૂલ્યોનો ભાગ છે. (કુટુંબની અંદર : સ્ત્રીઓના લોકશાહી હક અંગે અહેવાલ, લોકશાહી હક માટે લોકસંઘ (PUDR) દિલ્હી, ૧૯૮૭)

સામાન્ય, વાતચીતની કક્ષાએ હક અન્ય સંક્રામ્ય (Inalienable) તરીકે અને સાર્વત્રિક રીતે લાગુ પાડવા પાત્ર છે. આમાં જીવનનો હક પ્રતિષ્ઠા સાથે જીવનનો હક, કામ કરવાના હક વગેરેનો સમાવેશ તાય છે. તેમ છતાં, સ્ત્રીઓ (અને બાળકો) માટે માનવ હકનીવિભાવના કંઈક અંશે ભ્રામક રહે છે. કેમ કે તે આપેલા ખાનગીનાં ખ્યાલોમાં જડાયેલી (Embedded) રહેછે. સ્ત્રીઓ સામેની હિંસા પણ પુરુષો અને સ્ત્રીઓ વચ્ચે અસમાન સત્તાના સંબંધોનો પ્રાદુર્ભાવ છે અને તે જીવનમાં ઘણાં ક્ષેત્રોમાં પ્રતિબિંબિત થાય છે. ભારતીય સ્ત્રી માટે, ભૃમહત્યા, બાળહત્યા, દહેજ સંબંધી ખૂન, મારપીટ વગેરે રૂપમાં હિંસા થાય છે. હિંસાને પ્રોત્સાહન આપવામાં ઘણા સમાજોમાં સ્ત્રીઓ સામે હિંસા રહે સામાન્ય બાબત છે અને તેને વ્યાપક મંજૂરી મળી રહે છે. આવી મંજૂરીઓ મારફત સ્ત્રીઓ પર નિયંત્રણ રખાય છે અને તેને પરાધીન બનાવાય છે.

## ૧૩.૩ કુટુંબની અંદર હિંસા : સ્ત્રી કર્મશીલોના પ્રતિભાવ (Violence within the Family : Responses from Women's Activists)

સ્ત્રીઓ એ જાતે રજૂ કરેલા કેટલાક અવાજ અને કેટલાક પ્રશ્નો અંગે સ્ત્રીઓનાં આંદોલન પરથી ખાનગી તરીકે જોયેલી બાબતથી આપણે શરૂઆત કરીએ. એક કવિતાનો ઉતારો તેમની સામેની હિંસાની વાત કરે છે.

હું ચંદ્રિકા છું, હું ગાયત્રી છું.<br>
હું ફાતિમા બાનુ, ઉમા છું.<br>
હું આમાંની કોઈક મુખ વગરની સ્ત્રી છું.

દરરોજ મૃત્યુ પામું છું, સવારના સમાચારપત્રોમાં દેખા દઉં છું અને પોલીસ સ્ટેશનમાં ગુના નંબર બનું છું અને પછી અદાલતમાં ધકેલાઉં છું. આઈક્રાય ફોર હેલ્પ નો વન્સ ધેર (હું મદદ માટે બૂમ પાડું છું, ત્યાં કોઈ નથી) માં પ્રકાશિત કાવ્ય સ્ત્રીઓના જીવવા માટેના હકની સલામતી, રક્ષણ માટે સામૂહિક ઝુંબેશ, ચોપાનિયું, વિમોચન, બેંગ્લોર અહિંસા માટેની મંજૂરી હિંસા હોય ત્યારે ઊંચી હોય છે. ભારતમાં ઘરાઉં હિંસાની વ્યાખ્યા પરિણીત સ્ત્રી સામે, તેના શ્વસુર કુટુંબના સભ્યોએ દરરોજની માગણી સાથે કે સિવાય કેટલું શારીરિક કે માનસિક હિંસા તરીકે કાયદેસર રીતે કે સામાજિક રીતે કરી છે. એમ કરી છે. આંતરિક હિંસાને મંજૂરી મળી છે, કારણ કે કુટુંબને એકમ તરીકે આદર્શ ગણ્યો છે. તેમાં સભ્યો પ્રેમ સમર્થન અને દરજ્જો મેળવે છે. તેમ છતાં, ઘરાઉં હિંસાની આ વ્યાક્યા એ હકીકત ભૂલી જાય છે કે કુટુંબની અંદર સ્ત્રીઓ સામેની હિંસા ફક્ત પરિણીત સ્ત્રીઓ પૂરતી સીમિત નથી, પરંતુ રાબેતા મુજબ એકાંકી સ્ત્રીઓ પણ તે અનુભવે છે. કાયદાની સત્તા આવી હિંસા માટે આંખ આડા કાન કરે છે. તે એવું સ્વીકારતી નથી કે કુટુંબ પણ ઘણીવાર તે સહાયપાત્ર માટે દમનનું સ્થળ છે. આવી બાબતમાં હુમલા, કનડગત, બળાત્કાર અને ખૂન સહિતનાં સ્ત્રીઓ સામેના ગુના ઘરમાં થાય છે.

ઘણા કેસોમાં, સ્ત્રીઓ તેમની પોતાની રીતે ઘરાઉં હિંસા સામે સંઘર્ષ ખેલ છે. (બીજા સ્વરૂપની હિંસા સામે કરે છે તેમ) ઘણીવાર કુટુંબની અંદર કરાતા વ્યક્તિગત સંઘર્ષ પૂરતા નથી હોતા. આ તબક્કે બહારની સંસ્થાઓના હસ્તક્ષેપની ભૂમિકા કંઈક પ્રસ્તુતતા ધારણ કરે છે. આ બાબતો ઔપચારિક અને અનૌપચારિક માળખાનું સ્વરૂપ લઈ શકે. અનોપચારિક માળખામાં સ્ત્રી સંગઠનો, આશ્રયગૃહો, પુનઃ સ્થાપન કેન્દ્રો, ઇસ્પિતાલો અને દાક્તરોનો સમાવેશ થાય છે.

ઘણાં શહેરોમાં ઘરાઉં હિંસાનો પ્રશ્ન ભારતીય સ્ત્રી આંદોલનની એક મુખ્ય ઝુંબેશ રહી છે. અહીં આપણે ખાસ કરીને મુંબઈ શહેરમાં હાથ ધરેલી ઝુંબેશોનો ઉલ્લેખ કરીશું. સ્ત્રીઓનો આંદોલનની અંદર પણ ઘરાઉં હિંસાને પરિણીત સ્ત્રી સામે તેના શ્વસુરગૃહના સભ્યોએ દહેજની માગણી સાથે કે સિવાય કરેલી હિંસાનો સમાવેશ કરતી હોવાનું સમજવામાં આવ્યું છે. ૧૯૮૦ના દસકાના પ્રારંભમાં કુટુંબની અંદર સ્ત્રીઓના હકના ભંગને લગતા પ્રશ્નો લોકોના ધ્યાનમાં આવ્યા અને તેની સામે, ખાસ કરીને દહેજ-મૃત્યુના પ્રશ્નોની આસપાસ મોટાં આંદોલન શરૂ થયાં.

૧૯૮૦ના દસકા દરમિયાન મુંબઈ, દિલ્હી અને અન્ય શહેરોનાં જુદાંજુદાં સ્ત્રી જૂથોએ આંતરિક હિંસા સામે કાનૂની અને સામાજિક ઝુંબેશ શરૂ કરી.

૧૯૮૦ના દાયકામાં ભારતનાં રાજ્યો અને તત્કાલીન સરકારનો પ્રતિભાવ, દહેજનો પ્રતિબંધ કરતા કાયદા સંગીન બનાવવાનો અને આંતરિક હિંસાને ગુનો ગણતો નવો કાયદો પસાર કરવાનો હતો. ભારતીય દંડ સંહિતા (IPC) ની કલમ ૪૯૮-કથી આંતરિક હિંસાને ફોજદારી ગુનો ગણવામાં આવ્યો.

ત્યારબાદ ૧૯૮૦ના દસકાના પ્રારંભમાં દેશના જુદા જુદા ભાગોમાં બળાત્કાર વિરોધી ઝુંબેશોને લગતા પ્રયત્નોએ વેગ પકડ્યો. હાથ ધરેલા ઘણાખરા પ્રારંભના કેસ કસ્ટડીમાં બળાત્કારને લગતા હતા. તેમાં મહત્ત્વના કેસ મથુરા બળાત્કાર કેસ અને રમઝા બી બળાત્કાર કેસ છે. ઝુંબેશે કેટલાંક પરિણામ મેળવ્યાં. તેણે જાહેરાત કરી અને તે પ્રશ્ન અંગે જાહેર ચર્ચા ઊભી કરી. આ જાહેર ચર્ચાઓ દરમિયાન, વૈવાહિક બળાત્કાર, એટલે કે લગ્નની અંદર બળાત્કાર અથવા બળજબરીથી સંભોગના પ્રશ્નો બહાર આવ્યા. મુંબઈ અને દિલ્હીમાં આ ઝુંબેશ સાથે હજારો સ્ત્રીઓના જીવનમાં ઘરાઉં હિંસાને હકીકત તરીકે ખુલ્લી પાડવામાં આવી. દાખલા તરીકે, ૧, આ કાયદા દહેજ પ્રતિબંધ અધિનિયમ ૧૯૬૧ના સુધારા છે અને ભારતીય સંહિતાની કલમ ૪૯૮-ક તથા ગુના કાર્યવાહી સંહિતાની કલમ ૧૧૩-ક અને ખની પ્રસ્તાવના છે. વધારે વિગત માટે પરિશિષ્ટ જુઓ.

મુંબઈમાં સ્ત્રીઓ પરના દમન સામેનો ફોરમે તેના 'મુવિંગ, બટ નોટ ક્વાઇટ ધેર' અંગેના અહેવાલમાં શોધી કાઢ્યું કે વૈવાહિક હિંસા અને મૃત્યુ સામેના વિરોધ બળાત્કાર સામેના વિરોધ કરતાં વધારે હતા.

આના માટે અનેક કારણો છે. દાખલા તરીકે ઉપરના પ્રકાશને નોંધ્યું છે કે પોતાનાં મકાનોની અંદર ખૂન થનાર કે માર ખાનાર સ્ત્રીઓની સંખ્યા, જેમના પર બળાત્કાર થયો હતો અથવા ઓછામાં ઓછું કાનૂની તહોમત માટે ઇચ્છા ધરાવતી હતી તેના કરતાં વધારે હતી. બળાત્કારનો ભોગ બનેલ પર લાગેલ લાંછન મારપીટ થયેલી સ્ત્રી પર લાગેલા લાંછન કરતાં વધારે હતું. આ ઉપરાંત, બળાત્કારનો ભોગ બનેલી સ્ત્રીઓ કરતાં ઘરાઉ હિંસાનો ભોગ બનેલી સ્ત્રીઓની ઓળખ માટેની સમજ છે. વ્યક્તિગત રીતે કર્મશીલો (Activist) અથવા સ્ત્રીઓની નજીકના થયેલ હિંસા અનુભવ સાથે સંબંધિત છે. તેમની પોતાની માતાઓ, બહેનો, સખીઓ પણ લગ્નની અંદર હિંસાનો સામનો કરી રહી છે.

પ્રાથમિક રીતે દુઃખી સ્ત્રીઓને લગતા કામ કરવાના હેતુવાળા સ્ત્રી કેન્દ્ર, સ્ત્રી સહાય કેન્દ્રે પણ નોંધ લીધી છે કે "ઘરમાં થતી હિંસા ખરેખર વર્ગ / સમુદાય / ધર્મ / ભાષા રેખાની પાર જાય છે." બીજા શબ્દોમાં સમજ એવી છે કે ઘરાઉં હિંસા લગ્નની અંદર સ્ત્રીઓના હિસ્સાનું દુર્ભાગ્ય છે. (અમ્મુ અબ્રહામ, સ્ત્રી કેન્દ્રના કેસ અભ્યાસ, મુંબઈ, મૈત્રેયી કૃષ્ણા રાજ (સંપા) સ્ત્રીઓ અને હિંસા, એકન્ટ્રી રિપોર્ટ, યુનેસ્કો દ્વારા પુરસ્કૃત અભ્યાસ આર. ઓ ડબલ્યુ એસ / એસ. એન.ડી.ટી. મુંબઈ (૧૯૯૧)

૧૯૮૦ના દસકાનું કેન્દ્રબિંદુ આંતરિક હકભંગ અને હિંસા આસપાસનું મૌન તોડવાનું હતું. કેટલીક સ્ત્રીઓ બીજી સ્ત્રીઓથી તેમને સહન કરવી પડેલી હિંસાના દુઃખ સાથે આગળ આવી. આમ કરવા માટેનો પ્રયાસ સભાનપૂર્વક હતો. આ પ્રક્રિયા મારફત જેમને વેઠવું પડ્યું હોય અને જે નાસી છૂટી હોય તે બધી સ્ત્રીઓ વચ્ચે કડી સ્થાપવાનો હતો.

તમારે એ સમજવું જરૂરી છે કે કુટુંબની અંદરની હિંસાનું સમગ્ર અધિકાર ક્ષેત્ર એટલું સંવેદનશીલ અને પ્રતિબંધિત હોય છે કે આ પ્રશ્નો અંગેની અમારી ઘણીખરી માહિતી તેમની અંદર તેનું દુઃખ વહેંચવા માટે નવી સોબત શોધતી સ્ત્રીઓની વાચા મારફત જ મળી છે. કોઈપણ પ્રકારની ઉદાસીન અને વ્યક્તિલક્ષી માહિતી મેળવવા માટે કોઈ શૈક્ષણિક માર્ગ નથી. એક સ્ત્રીએ આ પ્રક્રિયા અંગે લખ્યું છે કે,

"હું મારા ખાનગી અને દુઃખભર્યા અનુભવો જેમને હું ભાગ્યે જ ઓળખતી હતી તેવી સ્ત્રીઓનાં જૂથ સાથે વહેંચી રહી હતી. તેઓ સ્ત્રીઓના દમન સામે લડત આપવા કટિબદ્ધ હોવાથી, તે મારી સ્થિતિ સમજી શકશે તેવી મને લાગણી હતી. બળાત્કાર અને પત્નીના ખૂન જેવાં પ્રશ્નમાં આપણે સંકળાયેલ હોઈએ ત્યારે તે આપણને સીધે સીધી અસર કરતા નથી. મને લાગ્યું કે આપણા પોતાના અંગત અનુભવો, પ્રશ્નો અને સંઘર્ષ વહેંચવાથી તે જૂથ મજબૂત બનશે અને જોડાણ વધારે મજબૂત બનશે એમ મેં વિચાર્યું. હું વ્યાપક રાજકીય કક્ષાએ મારા અંગત અનુબવ વહેંચવામાં મને શરમ આવતી હોય, તો હું દંભી છું." (ફલેવિયા એગ્નેસ, મારી વાર્તા.... તૂટેલાં જીવનના પુનઃ નિર્માણની અમારી વાર્તા, મજલીસ, મુંબઈ ૧૯૯૦)

હિંસાના અનુજીવીઓ માટે મૌન ભેદવાની પ્રક્રિયા નિઃશંક દુઃખદાયક હતી, પરંતુ નવાં રચેલાં જૂથોએ નજીક જવાનો પ્રયત્ન કર્યો, જેથી સ્ત્રીઓ તેમનો રોષ વ્યક્ત કરી તાકાત મેળવી શકી. તેનો અર્થ એ કે મારપીટ થયેલી સ્ત્રીઓને આશ્રય આપવાં, કેલીકવાર તો સ્ત્રી કર્મશીલોના મકાનમાં આશ્રય આપવો અને તેમને રોજગાર શોધવામાં મદદ કરવી. તો કેટલીકવાર તો તે કાનૂન બહારનાં પગલાં લેવા પડે છે. કામના સ્થળે પતિ સાથે સંઘર્ષ કરવો પડે છે અથવા સ્ત્રીની વસ્તુઓ પાછી મેળવવાની હોય છે.

સ્ત્રીઓની ગતિવિધિથી હંમેશાં હિંસા અને દહેજની માગણી વચ્ચે ભેદ પાડી શકાતા નથી. ભારતીય સ્ત્રી કરવો જોઈએ. તેમ છતાં, સ્ત્રી હિમાયતીઓના કેટલાંક વિભાગને એમ લાગવા માંડ્યું છે કે દહેજનો ભોગ બનનારને ખાસ કક્ષામાં મૂકવામાં ટૂંકી દૃષ્ટિ રહેલી છે. અમે સામાન્ય રીતે બધા સંજોગોમાં સ્ત્રીઓ પરના હિંસા સામે રક્ષણની જરૂરિયાત પિછાણવાનીઅને તેની કાયદેસરતાં નકારવાની બાબતનું સમાપન કરીએ છીએ.

સ્ત્રી હકની ઝુંબેશ ચલાવનાર જે સમજ ધરાવતા લાગે છે તે કરતાં, આ ટીકાકાર સ્ત્રીઓ સામેની હિંસા માટે સુધારાત્મક તરીકે વ્યાપક સમજ વિકસાવવાનો હેતુ રાખે છે. તે પરિણીત સ્ત્રીને સામાન્ય કક્ષાએ વેઠવી પડતી હિંસા અને દહેજને લગતી હિંસા વચ્ચે ભેદ સમજવા માગે છે. તે એવો ખ્યાલનો પણ સમાવેશ કરે છે કે ઘરમાં સ્ત્રીઓ સામેની હિંસા આ બે કક્ષા પૂરતી મર્યાદિત નથી. અગાઉ જણાવી ગયાતે મુજબ ઘરમાં રહેલી એકાંકી સ્ત્રી પણ કુટુંબના બીજા સભ્યોના હાથે હિંસા સહન કરે છે.

**તમારી પ્રગતિ ચકાસો-૧**

૧. સ્ત્રીઓ સામેની ઘરાઉ હિંસાનું દસ્તાવેજીકરણ કેમ મુશ્કેલ છે ?

..........................................................................................

..........................................................................................

..........................................................................................

૨. સ્ત્રીત્વ પર કયા સ્વરૂપની હિંસા આચરવામાં આવે છે ?

..........................................................................................

..........................................................................................

..........................................................................................

૩. હું મદદ માટે બૂમ પાડું છું, ત્યાં કોઈ નથી ? માં પ્રસિદ્ધ થયેલી કવિતા કયો સંદેશો આપે છે ?

..........................................................................................

..........................................................................................

..........................................................................................

૪. જેણે રાષ્ટ્રનું ધ્યાન દોર્યું તેવા કસ્ટડીમાં સ્ત્રીઓ પર બળાત્કારનાં બે કેસનાં નામ આપો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

## ૧૩.૪ કાનૂની સલામતી - રક્ષણ મેળવવાના પ્રશ્નો

## (Problems of Realising Legal Safeguards)

ભારતીય દંડ સંહિતામાં કલમ ૪૯૮-ક ઘરાઉ હિંસાનું અપરાધીકરણ કરે છે. તે ઉમેરવાં છતાં, સ્ત્રીઓને લાગ્યું છે કે ઘરાઉ હિંસાના કેસને દહેજની માગણીઅથવા મિલકતના વિવાદ સાથે જોડવામાં ન આવે ત્યાં સુધી પોલીસ આવા કેસ નોંધવાની ના પાડે છે. પોલીસના મતે, આ કેસની વિશ્વસનીયતા વધારે છે. પરિમામે હુમલાના સંખ્યાબંધ કેસોને ખોટી માગણી સાથે જોડવામાં આવે છે. તે જે કરે છે તનાથી કેસ નબળો પડે છે. તે અંશતઃ જુઠાણાં પર આધારિત હોવાથી અદાલતમાંઆરોપી છૂટી જાય છે.

આવા કેસ કલમ ૪૯૮-ક હેઠળ નોંધવાની પોલીસની ઉદાસીનતા માટે એવું કારણ રજૂ કરવામાં આવે છે કે ઘણીખરી સ્ત્રીઓ આવા કેસ પાછા ખેંચી લે છે. સ્ત્રીઓને આવું દબાણ કરવા માટે અનેક કારણો છે. ઘણા બનાવોમાં પડોશીઓ અને કુટુંબના સભ્યો ગુનેગાર સામે જુબાની આપતા નથી. કેમ કે તેને પતિ-પત્ની વચ્ચેના અંગત પ્રશ્ન તરીકે જોવામાં આવે છે. શ્વસુર કુટુંબ લગ્ન બચાવી લેવાની આશાથી કેસ પાછો ખેંચી લેવા સ્ત્રી પર દબાણ કરે છે. તેમાં બીજી ગણતરીઓ પણ હોય છે. સ્ત્રીઓને લાગે છે કે સંભવિત પરિણામ તરીકે પતિને જેલ થાય અને કેસ સ્ત્રીની તરફેણમાં આવે, તો તે અવ્યક્ત ન્યાયનો હેતુસરે તેને અને બાળકોને તેના પતિ અને તેનું કુટુંબ ભૌતિક મદદ ન કરે. બીજી શબ્દોમાં, કુટુંબની અંદર સ્ત્રીઓના આર્થિક અવલંબનને કારણે કાયદાની સદ્ધરતાનો ઈન્કાર બની જાય.

પોલીસ લગ્નજીવન ટકી રહેવું જોઈએ એવા સામાજિક વલણને અનુસરે છે. ઘરમાં સ્ત્રીઓ સામેની હિંસાના કેસમાં દાખલ થવાની સામાન્ય આનાકાની કુટુંબ ટકાવી રાખવાની ઈચ્છા પર અંશતઃ આધારિત છે. જુદા જુદા વર્ગોની સ્ત્રીઓ સાથેની કામગીરીમાં આના જુદા જુદા આવિર્ભાવ હોઈ શકે. વધારે ગરીબ સ્ત્રીઓ બહુધા ટૂંક સમયમાં પાછી ફરે છે, જ્યારે મધ્યમવર્ગની સ્ત્રીઓને ઘેર પાછા ફરી ઘરમાં ભંગાણ ન થવા દેવાની સલાહ આપવામાં આવે છે. પોલીસ પણ તેમને તેમનું ઘર છોડી દેતો તેમનાં બાળકોની કસ્ટડી ગુમાવશે એવી ધમકી આપી તેમને પીછે હઠ કરાવે છે. સ્ત્રી ઝુંબેશ હસ્તક્ષેપ કેન્દ્રના

કર્મશીલ જણાવે છે કે પોલીસ સ્ત્રીઓને તેમના હક વિશે જણાવતી નથી, ઊલટું કાયદો જાણતી હોય તેવી સ્ત્રીનો વિશ્વાસ પણ તેઓ ડગાવી દે છે.

## ૧૩.૫ સ્ત્રીઓ સામે ઘરાઉં હિંસાનું સામુદાયીકરણ (Communalisation of Domestic Violence Against Women)

સામાન્ય રીતે ઘણાં શહેરોમાં અને ખાસ કરીને મુંબઈમાં ૧૯૯૦ના દસકામાં કોમી અશાંતિની પરિસ્થિતિ હતી. એક બાજુએ ખાસ કરીને બાબરી મસ્જિદ તોડી પાડ્યા પછી, ૧૯૯૨-૯૩માં કોમી રમખાણોમાં હિંસા ફાટી નીકળ્યા પછી સામાન્ય કોમવાદ અને મુસ્લિમો સામેની હિંસાથી તેમનામાં એકાકીપણાની અને ભયની લાગણી વધી હતી. કોમવાદની બીજી અસર તે મુંબઈમાં લઘુમતી સ્ત્રી સાથે સીધી રીતે આધારિત છે. આ તબક્કે એ સમજાવવું મહત્ત્વનું છે કે આંતરિક હિંસાને ધાર્મિક ઓળખ સાથે કોઈ સંબંધ નથી. પુરાવા દર્શાવે છે કે ઘરમાંહિંસાનો ભોગ હિંદુ સ્ત્રીઓની જેમ લઘુમતી સ્ત્રીઓ બને છે. (કલમ ૪૯૮-ક અંગે મજલીસના અભ્યાસ (અપ્રસિદ્ધ) પરથી તેમ છતાં લઘુમતી સ્ત્રીઓ જે રીતે હિંસાથી પીડાય છે તે રાજકીય સ્થિતિને કારણે અલગ હોઈ શકે.

૧૯૯૨-૯૩માં મુંબઈમાં કોમી રમખાણોમાં પોલીસની પક્ષપાતી (Partisan) ભૂમિકામાં આનું મહત્ત્વનું પાસું બહાર આવ્યું છે. મુસ્લિમ સ્ત્રીઓએ રમખાણ દરમિયાન અને તે પછી પોલીસનું પાશવીપણું જોયું છે અને અનુભવ્યું છે. મુસ્લિમો સામેની હિંસાને માફ કરવામાં રાજ્યની સામેલગીરીએ આ કોમને વધુ અલગ પાડી દીધી છે. મુસ્લિમ સ્ત્રીઓમાં કામ કરતાં સ્ત્રી સંગઠન આવાઝ - એ નિસ્વાનના કર્મશીલે જણાવ્યા મુજબ મુંબઈમાં મુસ્લિમ હોવાની વાસ્તવિકતા સ્ત્રીઓ પર ઘણાં અંતરાય મૂકે છે. ફરિયાદી મુસ્લિમ સ્ત્રી હોય તો પોલીસ ઘરાઉં હિંસાના કેસ લેવા માંગતી નથી. તે પુરુષની ધરપકડ કરવા દોડે છે. સ્ત્રીઓને સ્વાભાવિક રીતે લાગે છે કે પોલીસમાં ગયા પછી તેમના પ્રશ્નો ઘણા વધી જાય છે. પોલીસ કાર્ય પદ્ધતિના ભાગરૂપે પડોશીઓને પૂછે છે. તેઓને રમખાણ દરમિયાન ત્રાસ મળવાથી ભયભીત થઈ ગયા હોય છે. રમખાણમાં નિર્દોષ લોકોને પણ છોડ્યા નથી. મુસ્લિમ સ્ત્રીઓ તેમના પતિએ મારઝૂડ કર્યા પછી પણ ફરિયાદ કેમ નથી કરતી તેનું આ બીજું કારણ છે.

કેટલીક લઘુમતી સ્ત્રીઓ તેમના વિકલ્પ વધારવા માટે સહાય, સલાહ અને કાનૂની મદદ માટે સ્ત્રી સંગઠનોનો સંપર્ક સાધે છે. આવા કેસોમાં મુસ્લિમ સ્ત્રીઓને તેમના હિંસાના અનુભવોનું બયાન કરતી વખતે પરાયાપણાનો અનુભવ થાય છે. આના માટે અનેક કારણો છે. એક, મુસ્લિમ સ્ત્રીઓ મહત્ત્વના સ્થાન અને ભૂમિકામાં હોય તેવાં સ્ત્રી હિમાયતી સ્ત્રી જૂથ ઓછાં છે. ભારતનાં ઘણાં ખરાં સ્ત્રી જૂથનું નિયંત્રણ સવર્ણ હિંદુ સ્ત્રીઓ કરે છે. વળી, સ્ત્રી વકીલો સવર્ણ હિંદુ કુટુંબની છે આ એવો સંદર્ભ ઊભો કરે છે, જેમાં હિંદુ રૂઢિપ્રયોગો ભાષા અને વાકછટાનું સાર્વત્રીકરણ કરાય છે.

સામાજિક કર્મશીલોમાં પણ એવો સામાન્ય ખ્યાલ પ્રવર્તે છે કે મુસ્લિમ સ્ત્રીઓ વધારે દબાયેલી અને સહાયપાત્ર હોય છે, કેમ કે ઇસ્લામ મંજૂર કર્યું છે કે તેમને તેમના પતિની ઇચ્છા મુજબ 'તલાક' આપી સકાય છે. મુસ્લિમ પુરુષો અત્યંત લોભી, દ્વિપત્નીત્વવાળા અને હિંસક હોવાથી મુસ્લિમ સ્ત્રીઓના ભાગ્યમાં સહન કરવાનું જ છે. એવી માન્યતા છે. આંતરિક હિંસાથી પીડાતી સ્ત્રીઓ પ્રત્યેની ઉદાસીનતાને આમ કોમવાદી બાબતમાં દર્શાવવામાં આવે છે.

## ૧૩.૬ મુસ્લિમ એકાકી સ્ત્રીઓની મુશ્કેલીઓ (Muslim Single Women's Difficulties)

મુસ્લિમ પરિણીત સ્ત્રીઓ લગ્નની અંદર અપમાનથી પીડાય છે. જ્યારે એકાકી સ્ત્રી માટે નાગરિક સમાજમાં સાચા વિકલ્પોના અભાવે પરિસ્થિતિ કથળે છે. ભારતમાં ગરીબ અને એકાંકી સ્ત્રીઓની સ્થિતિ બદતર છે. દાખલા તરીકે, બીજાં મહાનગરોની જેમ મુંબઈમાં રહેવાની વ્યવસ્થા ઘણાં વિકટ પ્રશ્ન છે. ૧૯૯૨-૯૩ માં મુંબઈમાં થયેલા રમખાણ બાદ મકાન કે જમીન જેવી અસક્યામતોની સાચી સંપત્તિની કિંમતમાં ઘણો વધારો થયો છે. મુસ્લિમ કુટુંબોને લક્ષ્ય બનાવાયાં હતો ત્યારે ઘણાં મુસ્લિમ કુટુંબો 'મુસ્લિમ' વિસ્તારમાં ફરી વસ્યાં હતાં. મુસ્લિમ કુટુંબો કિંમત ચૂકવી શકે તેમ હોવા છતાં, તેમને મધ્યમ વર્ગની આવાસન મંડળીઓમાં મકાન મેળવવાનું ઘણું મુશ્કેલ છે. આ પરિબળોએ પોતાના ખરેખર વિસ્તારમાં રહેવાની (Ghettoisation) પરિસ્થિતિ ઊભી કરી છે.

આવી પરિસ્થિતિમાં એકાકી મુસ્લિમ સ્ત્રી માટે મકાન શોધવાનું ઘણું મુશ્કેલ બની રહે છે. આને લીધે ઘણી મારઝૂડ કરાતી એકાંકી સ્ત્રીઓ તેમના પતિ સામે કેસ કરવા પોલીસ સ્ટેશને જતી નથી, કેમ કે તેમના આ પગલાંથી તે ઘરવિહોણી બની જાય છે.

આ ઉપરાંત, મુસ્લિમ કોમના નેતાઓ સામાન્ય રીતે તેમની સ્ત્રીઓને આજ્ઞાંકિત અને પરંપરાગત ભૂમિકામાં ધકેલી દે છે. રમખાણો પછી મુસ્લિમ આધિપત્યવાળા વિસ્તારોમાં કોમના નેતાઓએ ભાષણ આપ્યાં અને કોમની એકાંકી સ્ત્રીઓને ખાસ કરીને રમખાણ માટે જવાબદારી ઠરાવી. આવાઝ-એ-નિસ્વાનમાં જણાવ્યા અનુસાર, હિજબ (બુરખા) ન પહેરીને અને નમાજ ન પઢીને તેમણે કોમની પ્રતિષ્ઠા નીચી લાવી દીધી છે. એવો આરોપ તેમના પર કરાયો હતો.

આમ, મુસ્લિમો કોમ તરીકે જે સામાન્ય પૂર્વગ્રહ અને દમનનો સામનો કરી રહ્યા છે તે પણ ઘરાઉ હિંસાના કેસ ન નોંધાવવાના સ્ત્રીઓના નિર્ણયને અસર કરે છે. મુસ્લિમ સ્ત્રીઓ અંગે કામ કરતાં કર્મશીલોની ફરિયાદ છે કે મુસ્લિમ સ્ત્રીઓને સરકારી ઇસ્પિતાલોમાં દાખલ થવાની ના પાડવામાં આવે છે, તેમને રેશનકાર્ડ અપાતાં નથી અને તેમનાં બાળકોને શાળામાં પ્રવેશ મળી શકતો નથી. હિંસાનો કેસ કરાવવા માટે તબીબી અહેવાલ આવશ્યક છે. અને આવા કેસોમાં રેશનકાર્ડ ઓળખ માટેની સાબિતી હોવાથી ફોજદારી કેસ કરવા સ્ત્રીઓ માટે આ પરિબળોની વિશિષ્ટ અસર છે. વળી, આ પરિબળો ઘરની અંદર જુલમ વેઠતી સ્ત્રીઓની સહાયપાત્રતા વધારી દે છે. કેમ કે તેને અટપટા કાનૂની માળખામાં અટવાઈ દેવામાં આવે છે.

## ૧૩.૭ કાયદા અને રાજકારણના કોમીકરણનાં પરિણામ (Result of communalisation of Laws and Politics)

આ ફોજદારી કાયદાના કોમીકરણની મુસ્લિમ સ્ત્રીઓ પર ગંભીર અસર પડે છે, કેમ કે તેને તેમનાં કુટુંબ અને કોમે નિયંત્રણના માળખામાં પદ્ધતિસર ધકેલી દીધી છે. કોમી રાજકારણ અને કોમની આર્થિક સીમાંતતા (Marginalisation) સ્ત્રીઓ માટે, ખાસ કરીને હિંસક સ્થિતિમાં સપડાયેલી સ્ત્રીઓ માટેના વિકલ્પો બંધ કરી દે છે.

**તમારી પ્રગતિ ચકાસો-૨**

૧) સાચું છે કે ખોટું તે જણાવો :

(ક) ભારતીય દંડ સંહિતાની કલમ ૪૯૮-ક સ્ત્રીઓમાં અનૈતિક વ્યવહાર દર્શાવે છે.

૨) પોતાનાં કુટુંબના સભ્યો સામે કરેલા કેસ પાછા ખેંચવા કઈ પરિસ્થિતિ સ્ત્રીઓ પર દબાણ લાવે છે ?

..............................................................................

..............................................................................

..............................................................................

૩) મુંબઈની મુસ્લિમ સ્ત્રીઓમાં કામ કરવામાં કયું સ્ત્રી અધિકાર કામ કરી રહ્યું છે ?

..............................................................................

..............................................................................

..............................................................................

૪) મુસ્લિમ એકાકી સ્ત્રીઓને કઈ મુશ્કેલીઓ પડે છે ?

..............................................................................

..............................................................................

..............................................................................

## ૧૩.૮ સારાંશ (Let us Sum up)

ઉપર કરેલી ચર્ચા પરથી આપણે નોંધવું જોઈએ કે સામાજિક સંસ્થાઓની અંદર, ખાસ કરીને કુટુંબની અંદર ખૂબ જ સહાયપાત્ર વ્યક્તિ સામેનાં માનવહકના ભંગ અપ્રગટ હોય છે. પ્રવર્તમાન સામાજિક માપદંડે મંજૂર રાખેલ હોવાથી તેને અપ્રગટ બનાવવામાં આવે છે. અહીં આપણે સ્ત્રીઓ સામેના હકના ભંગ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે ત્યારે તેનો નિર્દેશ કરવાનું મહત્ત્વનું છે કે ફક્ત સ્ત્રીઓ જ સામાજિક રીતે સહાયપાત્ર કક્ષામાં આવતી નથી.સ્ત્રીઓ અને બાળકો બન્નેને સમાન દુઃખ છે. એટલે કે, કુટુંબની અંદર તેમની સામેની કોઈ પણ હિંસાને ખાનગી સમજવામાં આવે છે. તે કાયદાનો અમલ કરનાર સંસ્થાઓના ક્ષેત્રાધિકારની બહાર રહે છે. આપણે અગાઉ દર્શાવ્યું તેમ બાળકો તાત્ત્વિક રીતે અને ખરેખર જાતીય, શારીરિક અને લાગણીની હિંસાનો સામનો કરે છે. આ હિંસા તેમનાં ખુદમાતા પિતા અથવા કુટુંબનાં અન્ય સભ્યો અથવા બહારની વ્યક્તિઓ તરફથી આચરવામાં આવે છે.

કુટુંબે અને કોમે મંજૂર રાખ્યા મુજબ બાળવેશ્યા જેવી બાબતો (કર્ણાટકમાં 'દેવદાસી' પ્રથા અને નેપાળની બાઉદી કોમ, જેવા થોડાક દાખલા છે.) બાળક જાતીય દુર્વ્યવહાર, સમલિંગ જાતીય વ્યવહાર અને ઉપેક્ષા સ્ત્રી કુટુંબ સભ્યોની સુખાકારી અંગે પણ ચિંતા સેવે છે. દુઃખી બાળક અને બેડોળ બાળપણ માતાના માનસિક આરોગ્યને ગંભીર અસર પહોંચાડે છે. આપણે આ વિષયનો બીજાં એકમમાં અભ્યાસ કરીશું. તેમ છતાં, આપણે ચોક્કસ સમજવું જોઈએ કે સ્ત્રીઓ અને બાળકો બન્નેનાં કલ્યાણ અને હક તેમનાં માનસ અને લાગણીની જેમ ગાઢ રીતે જોડાયેલાં છે. આવું વલણ સ્ત્રીઓ પર થતા જાતિ અન્યાયનો જવાબ છે.

સામાજિક માપદંડ અને મંજૂરીઓ સ્ત્રીઓના હકના ભંગને કેવી રીતે વાજબી ઠરાવે છે ?

સામાજિક માપદંડ હકના ભંગને કેવી રીતે મંજૂરી આપે છે તેના દાખલા તરીકે આપણે અહીં જ્ઞાતિની પંચાયતના કેટલાક તાજેતરના બનાવો યાદ કરીએ. નવ પરિણીત યુગલે જ્ઞાતિનાં સગોત્ર લગ્નના માપદંડની અવગણના કરવાને કારણે તેમનાં ઠંડા કલેજે શિરચ્છેદ/ દેહાંત દંડ કર્યો. તમારે યાદ રાખવાનું કે આ બધા બનાવોમાં સમાજને કોઈ પશ્ચાત્તાપ થયોનહિ. ઊલટું પંચાયતે લીધેલાં પગલાંનો બચાવ થયો. પંચાયતે સ્ત્રીઓને ગામમાં નગ્ન ફેરવવાની મંજૂરી આપી હોવાના દાખલા પણ છે. દસકા અગાઉ દેવરાલામાં સતીના કુખ્યાત કેસ દરમિયાન પતિની ભડભડતી ચિતા પર બેસવા માટે સ્ત્રીને ખરેખર પ્રેરીને તેમની રૂઢિને અનુસરવાનાં કોમમાં હકનો ઘણા માણસોએ બચાવ કર્યો હતો.

**કાર્ય સ્વાધ્યાય :**

તમે દરરોજ સમાચાર પત્રો વાંચતા હો ત્યારે તેમાંથી કેટલાક આવાં કેસ શોધી કાઢી આ ભંગના સમર્થનમાં આગળ ધરેલી દલીલોની યાદી બનાવવા પ્રયત્ન કરો. આ ભંગ પણ હકના ભંગ તરીકે વ્યક્ત કરાયા નથી એવું તમને લાગે છે ? તેમ લાગતું હોય, તો વ્યક્તિઓના હક અને સમાજના હક વચ્ચે કોઈ મેળ નથી ?

કુટુંબ અથવા કોમ તેમના સભ્યો - પુરુષો, સ્ત્રીઓ અને બાળકોના હકના ભંગ માટે પ્રત્યક્ષ રીતે જવાબદાર હોય તેવા કોઈ બીજા માર્ગોની યાદી બનાવી, કુટુંબની આવી જ બાબત હોય, તો રાષ્ટ્ર જેવં વિશાળ સમાજ તેના સભ્યોના હકના ભંગ કરી શકે એવું તમને નથી લાગતું ?

## ૧૩.૯ મહત્ત્વના શબ્દો (Key Words)

Natal Family : પિતાનું કુટુંબ અથવા તે જે કુટુંબમાં જન્મ્યો હોય તે કુટુંબ

Marital Family : પરિણીત વ્યક્તિ જયાં પ્રવેશે તે કુટુંબ, આ કુટુંબ તેના શ્વસુર પક્ષનું બનેલું હોય છે.

## ૧૩.૧૦ 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબ : સ્વાધ્યાય
## (Answers toCheck your Progerss : Exercises)

**તમારી પ્રગતિ ચકાસો-૧**

૧) કારણ કે આંતરિક હિંસા અપ્રગટ ગણાય છે અને કુટુંબની ચાર દીવાલોની અંદર બને છે તે ખાનગી છે અને સ્ત્રીઓ પોતે વિચારે છે કે તેઓ છડેચોક બોલી નાખશે તો કુટુંબની પ્રતિષ્ઠા જોખમાશે.

૨) ભ્રૂણહત્યા, બાળહત્યા, દહેજ સંબંધી ખૂન, બળાત્કાર, કસ્ટડીમાં મૃત્યુ અને મારપીટ સ્ત્રીઓ સામેના શારીરિક દુર્વ્યવહાર છે.

૩) સંદેશો એ છે કે સ્ત્રીઓ સામેની હિંસા ઘણીવાર ભૂલી જવાય છે તેના પર દુર્લક્ષ અપાય છે. સ્ત્રીઓ સામેના ગુના અપ્રગટ રહે છે. કારણ કે સ્ત્રીઓની દુર્દશા અંગે ઉદાસીનતા સેવાય છે અથવા ચિંતા હોતી નથી.

૪) હૈદ્રાબાદનો રમીઝા બી બળાત્કાર કેસ અને મજુરા બળાત્કાર કેસ

**તમારી પ્રગતિ ચકાસો-૨**

૧. (ક) ખોટું

૨. જુબાની આપવા પડોશીઓ અને કુટુંબના સભ્યોના ઇન્કાર, ગુનાને અંગત અને કુટુંબની બાબત વિચારવી, પોતાનું લગ્ન જીવન બચાવી લેવું, આજીવિકા રળી આપનાર પોતાના પતિને ગુમાવવાની બીક, પોતાના અને બાળકો માટે અચોક્કસ જીવનને જીવનને નિમંત્રણ આપવું અને કોમ તરફથી સામાજિક મંજૂરીની શક્યતા.

૩. આવાઝ - એ - નિસ્વાન

૪. હા, તે મકાન અને જમીનના ભાવમાં ઊંચી કિંમતનો પ્રશ્ન વિચારે છે અને મુસ્લિમ - પ્રાધાન્યવાળા વિસ્તારોમાં ફરજિયાત રહેવું પડે છે. તેમની બીજી મુશ્કેલી તેમની કોમના નેતાઓ તરફથી રૂઢિચુસ્ત પ્રથાઓને વળગી રહેવાનું સતત દબાણ હોય છે. મુંબઈ શહેરમાં ૧૯૯૨-૯૩માં થયેલી કોમી રમખાણો માટે તે એકાકી હોવા બદલ તેમને ઘણીવાર ઠપકો અપાય છે.

## એકમ ૧૪ અર્ધ રાષ્ટ્રેતર જૂથ (આતંકવાદી, મૂળભૂતવાદી, રાજકીય આત્યંતિક વાદી) (Para Statal Groups (Terrorists, Fundamentaists, Political Extremists)

રૂપરેખા :


૧૪.૧ ઉદ્દેશ
૧૪.૨ પ્રાસ્તાવિક
૧૪.૩ આતંકવાદ, મૂળભૂતવાદ અને આત્યંતિકવાદનો અર્ત
 ૧૪.૩.૧ આતંકવાદ / આતંકવાદી જૂત
 ૧૪.૩.૨ ઉગ્રવાદ, વિદ્રોહ અને આતંકવાદ વચ્ચેનો ભેદ
 ૧૪.૩.૩ ત્રાસવાદી જૂથના પ્રકાર
૧૪.૪ મૂળભૂતવાદ : ચાવીરૂપ લક્ષણો
 ૧૪.૪.૧ મૂળભૂતવાદ અને આંતકવાદના ઉદય માટેના હેતુ અને કારણો
 ૧૪.૪.૨ હેતુઃ પૂર્વ શરતો અને તાકીદનાં પરિબળો
 ૧૪.૪.૩ કારણો
૧૪.૫ માનવહકને ખતરાના પ્રકાર
 ૧૪.૫.૧ ત્રાસવાદી જૂથના ખતરા
 ૧૪.૫.૨ મૂળભૂતવાદી જૂથના ખતરા
 ૧૪.૫.૩ ત્રાસવાદી વિરોધી દળોના ખતરા
૧૪.૬ સારાંશ
૧૪.૭ મહત્ત્વના શબ્દો
૧૪.૮ કેટલાંક ઉપયોગી પુસ્તકો
૧૪.૯ 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબ : સ્વાધ્યાય


### ૧૪.૧ ઉદ્દેશ (Objectives)

પ્રારંભમાં આપણે 'અર્ધ- રાષ્ટ્રેતર' (Para Statal) નો અર્થ સમજવો જોઈએ. રાષ્ટ્ર સિવાયનાં જૂથ, પરંતુ તેની અસરકારકતા રાષ્ટ્ર માટે પડકારરૂપ હોય છે. તેને 'અર્ધરાષ્ટ્ર જૂથ' કહે છે. આ એકમના ઉદ્દેશ આતંકવાદી અને ધાર્મિક મૂળભૂતવાદીઓનાં જૂથ બન્નેની દ્વારા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે માનવહક પર થતી ધમકીને પિછાણવાનો અને સમજવાનો છે. પ્રત્યક્ષ રીતે તેઓ તેમની પ્રવૃત્તિઓ હિંસા અને ધાકધમકીથી ચલાવે છે. અને પરોક્ષ રીતે રાજ્યના પ્રતિ આતંકવાદ સામે પુનઃ સક્રિય હિંસાને પ્રોત્સાહન આપીને અથવા હિંસાને પ્રોત્સાહન આપીને, એટલે કે રાષ્ટ્રે અપનાવેલાં અસાધારણ પગલાં, આ એકમ વાંચ્યાં બાદ તમે.

- આતંકવાદ અને મૂળભૂતવાદના અર્થની વ્યાખ્યા આપી શકશો અને તેમનાં આંતર જોડાણનો નિર્દેશ કરતી વખતે બે વચ્ચેનો ભેદ મુકરર કરી શકશો;
- આતંકવાદના પ્રસરવાનાં (Escalation) કારણો સમજી શકશો :
- બે પ્રકારનાં જૂથે અલગ અલગ અને સંયુક્ત રીતે માનવ હક માટે ઊભી કરેલી ધમકીઓનો પ્રકાર તપાસી શકશો :
- પ્રતિત્રાસવાદ (અથવા રાષ્ટ્રપુરસ્કૃત ત્રાસવાદ) તરીકે વર્ણવેલ છેતે માનવહક સામે ઊભી કરેલી ધમકીઓનું રાષ્ટ્રીય આંતરરાષ્ટ્રીય કક્ષાએ મૂલ્યાંકન કરી શકશો અને
- આતંકવાદ અને મૂળભૂતવાદ સાથે કામગીરી કરવાના પ્રશ્નોનું પૃથક્કરણ કરી શકશો.

### ૧૪.૨ પ્રાસ્તાવિક (Introduction)

હમણાં સુધી માનવહક માટેની ચિંતાનું કેન્દ્ર મુખ્યત્વે રાષ્ટ્ર અને તેની સંસ્થાઓ આ હકનો ભંગ કરે તે પર હતું. માનવહકના રક્ષકના આંતરરાષ્ટ્રીય હિતનું ઉત્પત્તિ સ્થાન વિશ્વયુદ્ધ -૨ દરમિયાન અને તે અગાઉ જર્મનીમાં નાઝી અત્યાચારને લગતું હતું. વાસ્તવમાં, વીસમી સદીમાં આતંકવાદનો તદ્દન આત્યંતિક પ્રકાર એકહથ્થુ સત્તાવાળા રાષ્ટ્રો અને લશ્કરી શાસનને તેના પોતાના લોકો પર આચર્યો હતો. તેનાં દૃષ્ટાંત જર્મનીમાં હિટલર, રશિયામાં સ્ટેલિન, સ્પેનમાં જનરલ ફ્રાન્કો, ચીલીમાં જનરલ પિનોચેરટ, કંબોડિયામાં પોટ પોટ અને પાકિસ્તાનમાં જનરલ યાહ્યાકાનનું શાસન, આપણે એકમ ૧૨માં રાષ્ટ્ર કઈ

રીતે માનહકનો મુખ્ય ભંગ કરનાર બન્યું તેની ચર્ચા કરી છે. એમ્નેસ્ટી ઇન્ટરનેશનલ, હ્યુમન રાઈટ-વોચ, પીપલ્સ યુનિયન ફોર સિવિલ લિબર્ટીઝ (PUCL) અને પીપલ્સ યુનિયન ફોર ડેમોક્રેટિક રાઈટસ જેવાં ઘણાંખરાં માનવહક સંગઠનોએ રાષ્ટ્રોનાં અતિરેક પર લગભગ સંપૂર્ણપણે ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. તેમ છતાં છેલ્લા દસકા દરમિયાન દુનિયાના ઘણા ભાગોમાં અનેક પ્રકારના સંપૂર્ણપણે ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. તેમ છતાં, છેલ્લા દસકા દરમિયાન દુનિયાના ઘણા ભાગોમાં અનેક પ્રકારનાં આંતકવાદી જૂથોએ નિર્દોષ લોકો સામેના અત્યાચારના પ્રમાણ અને તે અંગેના તર્કે આવાં જૂથને પણ આંતરરાષ્ટ્રીય લક્ષનું કેન્દ્ર બનાવ્યાં છે. તેથી માનવહક અંગે વિયેના ઘોષણા અને પગલાં કાર્યક્રમ, ૧૯૯૩ એ આતંકવાદનાં કાર્યો, પદ્ધતિ અને પ્રથાઓનો ગંભીર ધમકી તરીકે તેમાં સમાવેશ કર્યો અને આતંકવાદને નિયંત્રણમાં અને કાબૂમાં લેવા પગલાં લેવા જણાવ્યું.

કેન્યા અને તાન્ઝાનિયામાં ઑગસ્ટ ૧૯૯૮માં અમેરિકા દૂતાવાસ પર કરેલા બૉંબમારાથી ૨૨૪ લોકો માર્યા ગયા હતા. તેણે પશ્ચિમના દેશોને આતંકવાદી જૂથો સામે આંતરરાષ્ટ્રીય સહયોગ રચવાની ફરજ પાડી. તાજેતરમાં સંયુક્ત રાષ્ટ્રસંઘની સલામતી પરિષદે આતંકવાદને નાથવા આંતરરાષ્ટ્રીય પ્રયત્નો કરવાની હાકલ કરી.

હાલનાં ઘણાંખરાં આંતકવાદી જૂથ ધાર્મિક મૂળભૂતવાદીઓ પણ છે. દાખલા તરીકે, સાઉદી અરેબિયાના કરોડપતિ ઓસામા બિન લાદેન, કેન્યા અને તાન્ઝાનિયામાં બોમ્બમારા પાછળનું ભેજું છે અને તેણે તે માટે નાણાં આપ્યાં હોવાનું કહેવાય છે. તે માને છે કે આવાં પગલાં શરિયત અનુસાર છે અને જે લોકો અલ્લાહને ચાહે છે તેમણે તે કર્યાં છે. તેનો વિરોધ કરનાર એવું વિચારે છે કે આ પ્રશ્ન હલ કરવા માટે અસાધારણ પ્રતિ આતંકવાદનાં પગલાં લેવાનું જરૂરી છે. આ સંદર્ભમાં તમે લાદેન અફઘાનિસ્તાનમાં સંતાયો હોવાની શંકાને કારણે અમેરિકાના ક્રુઝ મિસાઈલ હુમલાને યાદ કરો.

ભારતના કાશ્મીર, પંજાબ અને ઇશાન ભાગમાં આતંકવાદી જૂથોના માનવહકના ભંગ સારીરીતે જાણીતા છે. આવી જ ધમકી જમાન-અ-ઇસ્લામી અને તાલિબાન અથવા પંજાબના સંત ભિન્દરાનવાલે જેવાં ધાર્મિક મૂળભૂતવાદે આપી છે. કાયદા મુજબ આતંકવાદીઓને શોધી કાઢવાનું તેમની ધરપકડ કરવાનું કે તેમના પર કામ ચલાવવાનું સહેલું નથી. પરંતુ રાષ્ટ્રના અધિકારીઓનો દૃષ્ટિકોણ વધુ મહત્ત્વનો છે. સલામતી દળો નાગરિકો અને આતંકવાદીઓ વચ્ચેનો ભેદ પાડવા સજ્જ નથી. કેમકે તેમની કામગીરીમાં સ્થાનિક લોકોને સ્વાભાવિક રીતે શંકા હોય છે. આતંકવાદ સાથે કામ પાડવામાં માનવહક માટે સ્વાભાવિક રીતે આંખ બંધ રાખતા હોય તેના મૂળભૂત તર્ક વિકસાવી શકે. આ પાઠના ક્રમમાં આપણે સંબંધિત પ્રશ્નોની ચર્ચા કરીશું.

## ૧૪.૩ આતંકવાદ, મૂળભૂતવાદ અને આત્યાંતિકવાદનો અર્થ (Meaning of Terrorism, Fundamental talism adn Extermism)

આતંકવાદ અને મૂળભૂતવાદ બહુ સ્પષ્ટ વિભાવનાઓ નથી, કોઈ જૂથ કે વ્યક્તિનું આતંકવાદ અથવા મૂળભૂતવાદ તરીકેનું વર્ણન તેનો પ્રકાર નક્કી કરવા ઉપરાંત તે અંગેનો નૈતિક ચુકાદો પણ છે. આવી વ્યક્તિ અવિચારી, ગુનેગાર, ઝનૂની અને અમાનવીય હોવાનું માની લેવામાં આવે છે. આતંકવાદ રાજકીય પૂર્વગ્રહ દર્શાવે છે અને મંત્રણાનાં દ્વારા બંધ કરી દે છે. એક પ્રકારના લોકો જેને આતંકવાદીનું લેબલ લગાવે તેને બીજા પ્રકારના લોકો તેને સ્વાતંત્ર્ય સેનાની અથવા દેશભક્ત તરીકે પણ ગણતા હોય છે. દાખલા તરીકે, શહીદ ભગતસિંઘ ઘણા ખરાં ભારતીયો માટે ખૂબ જ માનનીય સ્વાતંત્ર્ય સેનાની અને ક્રાંતિકારી હતા. તેનાથી ઊલટું ભારતની બ્રિટિશ સરકારે તેને ભયંકર આતંકવાદીનું લેબલ લગાડ્યું. દક્ષિણ આફ્રિકાના શ્વેત શાસકોએ નેલ્સન મંડેલાને આતંકવાદી તરીકે ગણીને જેલમાં પૂર્યા હતા. સમગ્ર પશ્ચિમી દુનિયા હમણાં સુધી યાસીર અરાફતને પેલેસ્ટીન આતંકવાદી નેતા તરીકે ગણતી હતી. આજે તેમાંના ઘણાખરા તેને સ્વાતંત્રતા તેમજ સામાજિક અને રાજકીય ન્યાય માટે લડનાર તેમના લોકોનો લોકપ્રિય નેતા માનવા માંડ્યા છે. આ લેબલ લગાડવામાં આપણે સાવધાન રહેવું જોઈએ. તેથી ઘણાં લેખકો 'આતંકવાદી' શબ્દ વાપરવાનું ટાળે છે અને 'ઉગ્રવાદ' આત્યંતિકવાદી' અથવા 'સશસ્ત્ર લડવૈયા' જેવા શબ્દોનો પ્રયોગ કરે છે. એમ્નેસ્ટી ઇન્ટરનેશનલે તેમને 'વિરોધી જૂથ' તરીકે વર્ણવવાનું પસંદ કર્યું. તેવી જ રીતે 'મૂળભૂતવાદી' શબ્દ વર્ણનાત્મક કરતાં આક્ષેપાત્મક વધારે છે. તેથી કંઈ વ્યક્તિઓ અને જૂથને સાચી રીતે 'આતંકવાદી', 'આત્યંતિકવાદી' અને મૂળભૂતવાદી' છે તે, આપણી ચર્ચામાં આ શબ્દોને કયા અર્થમાં વાપરીશું તે સમજવું જરૂરી છે.

### ૧૪.૩.૧ આતંકવાદ / આંતકવાદી જૂથ

આતંકવાદ રાજકીય હેતુ માટે ભય ઊભો કરવાનું હિંસાનું એક સ્વરૂપ છે. બીજા આત્યંતિકવાદીઓથી

આતંકવાદ અને આતંકવાદીઓનો ભેદ પાડવા માટે કામ કરનાર અને તેમની કામગીરી તપાસાય તે ઉપલબ્ધ ઉત્તમ પદ્ધતિ છે. પ્રખ્યાત સ્કોટિસ વિદ્વાન પૉલ વિલ્કીન્સને ભારપૂર્વક જણાવ્યા મુજબ, આતંકવાદી પ્રવૃત્તિનું મહત્ત્વનું તત્ત્વ આતંકવાદી ઇચ્છે છે તે આપવામાં વ્યાપક લક્ષ્યાંક માટે દબાણ કરવામાં ભય, સખત ભય ઊભો કરવાના પ્રયાસ છે.' તેમાં નીચેનાનો સમાવેશ થાય છે.

(ક) નાગરિકને જાણીબૂજીને લક્ષ્ય બનાવવા.

(ખ) સામાન્ય જનતામાં નીચેના માટે ભય ઊભો કરવો:

(૧) જૂથનાં હુકમ અને ઇચ્છાનું પૂછપરછ કર્યાં સિવાય પાલન કરાવવા.

(૨) મિત્રો અને સમર્થકોને પ્રોત્સાહિત કરવા અને

(૩) રાષ્ટ્ર પ્રતિક્રિયા આપે તેમ ઉશ્કેરવા.

પગલાં લેવમાં નિર્દોષ લોકના આકસ્મિક માર્યા જવા માટે, આતંકવાદનું ચાવીરૂપ તત્ત્વ બિન-લડાયક, એટલે નાગરિકોને જાણીબુજીને ઇજા પહોંચાડવાનું છે. હિંસક કામગીરી કરીને રક્ષણ વિહોણા બિન-લડાયકોનું ખૂન કરવાનું નક્કી કરવું તે ઓછા ખર્ચે વધારે અસર પહોંચાડવાનું કામ છે. ચીની લોકગીતમાં કહે છે કે, 'એકને મારો અને ૧૦,૦૦૦ને ડરાવો, વિમાનને ફૂંકી મારવું અથવા મુંબઈમાં બોમ્બ વિસ્ફોટન અથવા બીજાથી અલગ પાડીને અમુક કોમના બસના ઉતારુઓને મારી નાખવા એ આવાં પગલાંના દાખલા છે.

એમ્નેસ્ટી 'ઇન્ટરનેશનલ અહેવાલના પંજાબમાં આતંકવાદીઓમાં પગલાંના બે દાખલા ઉપયોગી નીવડશે :

૧. પેન્થિક સમિતિ ૧૩ મુદ્દાઓનો કાર્યક્રમ બહાર પાડે છે. તમાં શાળાનાં બાળકો માટે વિશિષ્ટ ગણવેશનો સમાવેશ થાય છે. રાજપુરાની સરકારી માધ્યમિક શાળા (છોકરીઓ માટેની) ના આચાર્યશ્રીમતી નિર્મલકાન્તાના આ હુકમનો તાત્કાલિક અમલ ન કરી શક્યો. કેમ કે ઘણા ખરા વિદ્યાર્થીઓ ગરીબ કુટુંબના હતા અને નવા ગણવેશ તાત્કાલિક સિવડાવવાનું તેમણે પરવડે તેમ ન હતું. તેમણે તેમ કરવા માટે બે અઠવાડિયાંના સમયની અપીલ કરી. તેને બધા વિદ્યાર્થીઓની હાજરીમાં શાળામાં પ્રાર્થના સમયે મારી નાખવામાં આવી. બબ્બર ખાલસા ત્રાસવાદી જૂથે જાહેર કર્યું કે, 'તેમનો હુકમ ન માનવા' બદલ તેને મારી નાખવામાં આવી છે.

૨. 'માતૃભાષામાં કામગીરી' એટલે કે આવા હુકમોમાંથી બીજો હુકમ દરેક કોમ ફક્ત પંજાબી ભાષામાં કરવાનો હતો. પતિયાળાની મોદી કોલેજનાં આચાર્ય ઓ. પી. વિજનને તેના કાર્યાલયમાં મારી નાખ્યાં હતા. ખાલીસ્તાન કમાન્ડો દળે (પંજવાર) મારી નાખવાની જવાબદારી સ્વીકારીને જણાવ્યું કે, 'તેણે પંજાબી ભાષાનાં અમલ કર્યો હતો, પણ તે માત્ર દેખાવ હતો.... તે ગ્રંથાલયમાં હિન્દી સમાચારપત્રો પણ આવવા દેતો હતો.'

બે આચાર્યોને અંગત દુશ્મનાવટને કારણે મારી નાખ્યા ન હતા. પરંતુ હુકમોનું પાલન કરવાની કિંમતની પ્રતીકાત્મક યાદગીરી તરીકે મારી નાખવામાં આવ્યા હતા. ખ્યાતનામ અમેરિકન વિદ્વાન માર્ક જુએગેંન્સમયેરે ધાર્મિક આતંકવાદને 'કામગીરી હિંસા' તરીકે વર્ણવી હતી. તે થિયેટર એટલે કે, 'નાટકના શો' ભજવતા થિયેટરના વિચારને આહ્‌વાન આપે છે.

આતંકવાદી તરંગી વ્યક્તિ નથી પણ ગણતરીબાજ છે. તે એક બાજુએ જનતા અને સરકાર માટે પ્રતીકાત્મક પગલાંની શક્તિ સમજે છે અને બીજી બાજુએ તેના સમર્તકોને વિચારધારા આપે છે.

મોટાભાગનાં આતંકવાદી જૂથ અન્યાયી રાષ્ટ્ર સામે ન્યાયની સ્વતંત્રતા અથવા આઝાદી માટે લડતા હોવાનો દાવો કરે છે. નિરીક્ષણ કરનારાની નજરમાં તેમનાં પગલાંનો અર્થ અને હેતુ આપવા માટે કાયદેસર ઠરાવેલી વિચારધારા જરૂરી છે. તેમ છતાં, તેમની ઘોષણાઓ કરતાં તેમનાં પગલાં જોવાનું યોગ્ય છે. તેમના લક્ષ્યાંક માત્ર રાષ્ટ્રના એજન્ટો એટલે કે, લશ્કર અને પોલીસ હોય ત્યાં સુધી લોકોમાંથી ઘણાને તમને 'આતંકવાદી' કહેવાનું ન ગમે, પણ 'સશસ્ત્ર લડવૈયા', 'ગેરીલા યોદ્ધા' અથવા 'વિદ્રોહી' કહેવાનું પસંદ કરે. તેમ છતાં નિર્દોષ નાગરિકો મુખ્ય લક્ષ્યાંકો હોય ત્યારે, તેમણે 'સશસ્ત્ર લડવૈયા. કહેવામાં પ્રશ્ન ઊભો થાય.

એકેક હુમલો અને ષડયંત્ર પદ્ધતિ આતંકવાદી જૂથની લાક્ષણિકતાઓ છે. તેમ છતાં, તેમનું મુખ્ય હથિયાર નિર્દોષ નાગરિક વસતિમાં આતંક ફેલાવવાનું છે.

લોકશાહી એકત્રિત પગલાં અસરકારક નહિ નીવડે એવું લોકોનું જૂથ માનવા માંડે ત્યારે રાજકીય ઉદ્દેશો માટે પગલાંની પદ્ધતિ તરીકે આતંકવાદનો ઉપયોગ કરી શકાય. પરંતુ આ પદ્ધતિ પગલાંનો મૂળ તર્ક બની જાય. જે સ્થિતિમાં જનતાને તેમના ડર ન લાગે તેનાથી આતંકવાદી વધારે ડરે છે. દાખલા તરીકે પંજાબનાં રાધ્યા નગરમાં સાઈકલ પર શાળાના શિક્ષક જેવી અજાણી વ્યક્તિ જતી હતી. તેના પર આતંકવાદીએ ગોળી છોડી. તે વ્યક્તિને કેમ મારી નાખી તેવું એક મિત્રે પૂછતાં જવાબ આપ્યો કે :

'સમાચાર પત્રોના અહેવાલ એવી છાપ ઊભી કરતાં હતાં કે પોલીસનો હાથ ઉંચો રહ્યો અને ઉગ્રવાદીઓ ભાગી છૂટ્યા. આમ કરીને અમે સંદેશો આપ્યો કે, અમે ક્ષેત્રમાં છીએ અને સક્રિય પણ છીએ.'

**૧૪.૩.૨ ઉગ્રવાદ, વિદ્રોહ અને આતંકવાદ વચ્ચે તફાવત**

ઉગ્રવાદ હિંસક વિરોધ અને પ્રચાર અથવા હિંસક પગલાં લેવા, નાગરિક અનાદર, તોડફોડ, વિધ્વંસ માટે ઉશ્કેરણી વગેરે દર્શાવે છે તેના પરિણામે વિદ્રોહ અથવા આતંકવાદ થાય. તેને પોતાને બેમાંથી એકેય લેબલ ન લાગે. વિદ્રોહ એ શબ્દપ્રયોગ ઘણુંખરું લોક ના સમર્થનવાળા સામાન્ય રીતે હિંસક પગલાંવાળા પ્રાદેશિક બળવા માટે થાય છે. તેમાં તેની સાથે સ્વાયત્તતાની માગ અથવા સ્વાતંત્ર્યની ઘોષણા અને કાયદા અને વ્યવસ્થાતંત્ર અને ન્યાયતંત્રના વિધ્વંસ અથવા નબળી પાડવાની બાબત હોય તેવું વિશિષ્ટતાદર્શક લક્ષણ, અનુભૂતિ થયેલ દમનકારી રાષ્ટ્ર સામે અથવા કોમ કે ધર્મના લોકો સામે સરકારના ભેદભાવ સામે ઉગ્રવાદી પ્રતિકાર માટે લોકોનું મોટા પાયે સમર્થન હોય.

આતંકવાદમાં સામાન્ય માણસોને જાણીબૂઝીને મારી નાખીને સામાન્ય પ્રજા, અમલદારશાહી અને ન્યાયતંત્રમાં ભય ઊભો કરવાનું કેન્દ્ર સ્થાને છે. તેમાં સાર્વજનિક ઉપયોગી વસ્તુઓની તોડફોડ અને અપરહરણ જેવાં પગલાંનો સમાવેશ થાય છે. તેને સામાન્ય રીતે લોકોનું સ્વૈચ્છિક સમર્થન મળતું નથી. વાસ્તવમાં આતંકવાદ નિરાશ તત્ત્વોની પદ્ધતિ છે, કેમ કે તેમના હેતુ માટે લોકોનું સમર્થન જીવતાની શક્તિ નથી અથવા તેમાં તેમનો વિશ્વાસ નથી. આતંકવાદ આચરતાં જૂથ અંતે પરસ્પર લડીને ખતમ થઈ જાય છે અને લોકોના જે વિભાગનું પ્રતિનિધિત્વ કરવાનો દાવો કરે છે. તેને નુકસાન પહોંચાડે છે એવું જોવા મળે છે.

એન.એસ. સક્સેનાએ વિદ્રોહી અને આતંકવાદી વચ્ચે બીજો ભેદ પાડ્યો છે. તેમના મતે, વિદ્રોહી દેશનો નાગરિક છે. તે તેના દેશના સંવિધાન મુજબ રચાયેલી સરકાર સામે ગેરીલા યુદ્ધથી વિદ્રોહ કરે છે. કાશ્મીરમાં કામ કરતાં સંખ્યાબંધ આતંકવાદી જૂથ બહારની છે. તેથી વિદ્રોહી કહી શકાય નહીં. ગઈકાલના વિદ્રોહી આજના આતંકવાદી બની શકે. પ્રારંભમાં શાસન સામે લોકોનાં વેદનાં અને ગુસ્સાને વાચા આપતા લાગતા ઘણા ખરા આતંકવાદીઓ, જ્યારે લોકો તેમનાં કાર્યોમાં રહેલી અમાનવીયતા જુએ અથવા તે જાતે તેનાં ભોગ બને ત્યારે લોકોની સહાનુભૂતિ ગુમાવવા માંડે છે. જો કે, આતંકવાદીઓ વિદ્રોહી બને એવો સંભવ ઓછો છે.

**૧૪.૩.૩ વિચારધારા મુજબ આતંકવાદી જૂથો ત્રાસવાદી જૂથોના પ્રકાર**

(ક) ક્રાંતિકારી ફેરફાર કરવા માટે આતંકવાદી હિંસા આચરનારાં જૂથ, દા.ત. આંધ્રપ્રદેશ અને બિહારમાં નક્સલવાદી જૂથ

(ખ) રાજકીય સ્વાયત્તતા અથવા આત્મનિર્ણય અથવા અલગતા માટે લડતાં જૂથ, દાખલા તરીકે, સંયુક્ત આસામ મુક્તિ મોરચા (ULFA) અગાઉના મિઝો રાષ્ટ્રીય મોરચો (MNF), બે રાષ્ટ્રીય સામાજિક નાગાલેન્ડ પરિષદ જૂથ (NSCN) અને જમ્મુ અને કાશ્મીર મુક્તિ મોરચો (JKLF)

(ગ) ધાર્મિક હેતુ માટે લડતા, અલ્લાહના નામે પવિત્ર યુદ્ધનો દાવો કરનાર જૂથ. તેઓ ધાર્મિક મૂળભૂતવાદી અથવા ધાર્મિક રાષ્ટ્રીયવાદી હોઈ શકે. તાલિબાન, હરકત-ઉલ-અનસાર, ભિન્દરાનવાલે ટાઈગર દળ આના ઉત્કૃષ્ટ દાખલા છે.

(ઘ) આંતરરાષ્ટ્રીય અને સરહદની પારનાં આતંકવાદી જૂથ

દાખલા તરીકે, અમેરિકા અને પાકિસ્તાને અફઘાનિસ્તાનમાં રશિયાના પ્રભુત્વ સામે લડત આપવા તાલિબાન જેવાં આતંકવાદી જૂથોને પુરસ્કૃત કર્યા. પાકિસ્તાન પ્રેરિત સંખ્યાબંધ આતંકવાદી જૂથો ભારતના જમ્મુ અને કાશ્મીર રાજ્યમાં કામ કરી રહ્યાં છે. બીજી રીતે તે આંતરરાષ્ટ્રીય રાજકારણની વિવિધતા છે. આવાં જૂથનો સભ્યો લોભથી લડે છે. અથવા ધાર્મિક કે અન્ય લાગણીઓથી પ્રેરિત હોય છે.

રાજ્ય-પુરસ્કૃત આતંકવાદી જૂથો

રાજ્યો કેટલીકવાર રાજ્ય વિરોધી આતંકવાદીઓ સામે લડવા શરમે આવેલા અને વિભાજિત આતંકવાદીઓ અને બીજા ગુનેગાર તત્ત્વોનાં બનેલાં છૂપાં જૂથ ઊભાં કરે છે. આસામમાં સુલફા (SULFA) (સંયુક્ત આસામ મુક્તિ મોરચા(ULFA) ના શરણે આવેલાં સંવર્ગનો બનેલો, જમ્મુ અને કાશ્મીરમાં કુકા પક્ષનું જૂથ તેના મુખ્ય હેતુ બીજા આતંકવાદીઓ તેમના અગાઉના સાથીઓના લક્ષ્યાંકનો હોય છે.

**સ્થાનિક હિત આતંકવાદી જૂથ**

દલિતો અને ભૂમિહીન શ્રમિકોના ભારતના સામ્યવાદી પક્ષ (માર્ક્સવાદી - ડાબેરી) (CPL-ML) અનુસાર લઘુતમ વેતનના કાયદેસર હક માટે રાજકીય દબાણે બિહારના જમીન માલિકોને સશસ્ત્ર ટુકડી રચવા પ્રેર્યા. રણબીર સેના, લારકિ સેના, ભૂમિ સેના અને સનલાઈટ સેના જેવાં આવાં નાગરિક લશ્કરી દળો (Militia) એ ભૂમિહાર ઠાકુર અથવા યાદવ અને કુર્મિ જમીન માલિકોનું પ્રભુત્વ જાળવી રાખવા દલિતોને નિશાન બનાવ્યા.

## ૧૪.૪ મૂળભૂતવાદ : ચાવીરૂપ લક્ષણો (Fuundamentalism : Key Features)

મૂળભૂતવાદનો શાબ્દિક અર્થ 'મૂળભૂતતા' ને સંપૂર્ણ વળગી રહેવું તે છે. આ શબ્દ ખ્રિસ્તી ધર્મ અને બાઈબલની શાશ્વત ખરાઈની વ્યાખ્યા કરવા રૂઢિચુસ્ત પ્રોટેસ્ટન્ટના જૂથની માન્યતા અને આદેશ માટે વપરાવા લાગ્યો. આવા જૂથ અથવા નેતાને મૂળભૂતવાદી કહેવામાં આવે છે. તેનો ચાવી રૂપ લક્ષણો નીચે મુજબ છે.

**૧. આધુનિકવાદ વિરુદ્ધ**

વિચાર અને વર્તનનાં ઈશ્વરદત્ત મૂળ ધોરણો હળવા બનાવવા અથવા તેમાંથી વિચલિત થયાની માન્યતા સામે વિદ્રોહ તરીકે મૂળભૂતવાદ ઉદ્ભવે છે. દાખલા તરીકે વહાબી જેવા ઇસ્લામ મૂળભૂતવાદીઓએ પયંગબરના જીવનકાળ દરમિયાન અનુસરતાં ઈસ્લામનાં તે લક્ષણો એટલે કે સાતમા સૈકા દરમિયાન અરબી રિવાજો પર આધારિત સુન્નાના પુનઃ સ્થાપના માટે આગ્રહ રાખ્યો. તેમાં આધુનિક, ખાસ કરીને, પશ્ચિમના વિચારો અને ધર્મનિરપેક્ષ વિચારધારાને ધાર્મિક વિશ્વાસ પર ગંભીર ધમકી તરીકે જોવામાં આવે છે. આનો સામનો કરવાનો છે. તેથી, જહોન એમ. રાઉલેએ મૂળભૂતવાદનું 'ઉગ્રવાદી આધુનિક્તા વિરોધી ધાર્મિક સક્રિયતાવાદ' તરીકે વર્ણન કર્યું.

**૨. એક હથ્થુ સત્તાવાદ**

મૂળભૂતવાદી જૂથ ધાર્મિક પુસ્તક અને આચાર સંહિતાના તેના વિશિષ્ટ અર્થઘટનને જ અધિકૃત અર્થઘટન તરીકે ગણે છે અને આમ તે પવિત્ર છે. તેથી એક ધર્મની અંદર ઘણાં સ્પર્ધક મૂળભૂતવાદી જૂથ રહેવાનાં. ખ્રિસ્તી ધર્મ અને ઈસ્લામના ઘણાં સંપ્રદાય અને પેટા-સંપ્રદાય વચ્ચે મૂળભૂતવાદ અંગે સખત સંઘર્ષ રહેવાનો અગ્વાની ભારતીયો મુસ્લિમોમાં દેવબંદ, નાડવાહ, તબલીઘી જમૈયત અને જમૈયત-એ-ઈસ્લામી જેવાં વિવિધ મૂળભૂતવાદી જૂથ છે. તેમ છતાં. દરેક જૂથ આત્મન્યાયપુરઃસર તેનું પોતાનું અર્થઘટન કરી તેને પુર્નજીવિત કરવા માંગે છે.

**૩. સર્વાધિકારવાદ**

મૂળભૂતવાહી આદેશ અનુયાયીઓનો પહેરવેશ અને ખોરાક, વ્યવસાય અને મિલકત, લગ્ન અને છૂટાછેડા, મંજૂર અને નિષિદ્ધ માનવ સંબંધો સહિત દૈનિક જીવનમાં ઘણાંખરાં પાસાંને આવરી લેવાનું વલણ ધરાવે છે. તે વિચલન બદલ દૂરના ભૂતકાળમાં પ્રવર્તતા રિવાજો અનુસાર આચરાતી પ્રથા મુજબ શિક્ષા ફરમાવે છે. દાખલા તરીકે, સ્થાનિક ઈમામ 'ગેરકાયદે લગ્ન' ગણાતા હોય તે માટે તે આદેશ આપીને સ્ત્રીને જાહેરમાં ૧૦૧ વાર પથ્થર મારવાની સજા કરી શકે.

**૪. પુનરુત્થાનવાદ અને પુનર્રચના**

મૂળભૂતવાદ ભૂતકાળની ભવ્યતા અને પ્રથાઓના પુનરુત્થાન ઉપરાંત કલ્પના કરીને નવા નિર્માણનો પણ સમાવેશ કરે છે. કેમ કે વસ્તુતઃ તેનો હેતુ આધુનિક વિચારો અને પ્રશ્નો અંગે કામ પાડવાનો છે. અસગરઅલી એન્જિનિયર દર્શાવે છે કે, મૂળભૂતવાદીઓના ઘણાખરા આદેશ ભિન્ન હોવા ઉપરાંત પયગંબરના ઉપદેશની વિરુદ્ધ પણ છે.

**૫. ઓછો ધાર્મિક અને વધારે રાજકીય હેતુ**

બધા ધર્મો પ્રેમ,નબળા અને લાચારની સંભાળ, સહિષ્ણુતા અને શાંતિના ઉપદેશ આપતાં હોવા છતાં, મૂળભૂતવાદી જૂથોની કાર્યસૂચિના સારમાં વિવિધતાની સહિષ્ણુતા નથી, પણ કટ્ટર આજ્ઞાપાલન છે. ઘણાખરા મૂળભૂતવાદીઓ સમજાવટ નહિ, પરંતુ જબરજસ્તીની ભલામણ કરે છે. તેમનો હેતુ રાજકીય પ્રભુત્વનો છે. જિહાદ્ રાજસત્તા હાથ ધરવી, સાંપ્રદાયિક પ્રભુત્વ જાળવી રાખવું એ પ્રાથમિક ઉદ્દેશ બન્યા છે. માનવતાવાદ કે ધર્મની ભાવના નહીં.

મૂળભૂતવાદી જૂથોનાં આદેશ અને શિક્ષા તાત્ત્વિક રીતે ભયજનક છે. તે ટેક્નિકલ દૃષ્ટિએ આતંકવાદી જૂથના ભાગ ન હોય ત્યારે પણ તે માનવ સ્વાતંત્ર્ય અને પ્રતિષ્ઠાને ધમકી રૂપ છે. જો કે, હાલ ઘણાંખરાં આતંકવાદી જૂથ ધાર્મિક મૂળભૂતવાદીઓ પણ છે. આતંકવાદીની હિંસ ઈશ્વરની સેવામાં પવિત્ર યુદ્ધ માનવામાં આવે છે. ત્યારે માનવહકને અપાતી ધમકી વધુને વધુ ભીષણ બને છે.

**તમારી પ્રગતિ ચકાસો-૧**

નોંધ : તમારા જવાબ માટે નીચેની જગ્યાનો ઉપયોગ કરો.

૧. ઉગ્રવાદ, વિદ્રોહ અને આતંકવાદ વચ્ચેનો તફાવત દર્શાવો.

.......................................................................

.......................................................................

૨. ભારતમાં કામ કરતાં કેટલાંક આતંકવાદી જૂથનાં નામ આપો. અને તેમની વચ્ચેનો તફાવત દર્શાવો.

.......................................................................

.......................................................................

### ૧૪.૪.૧ મૂળભૂતવાદ અને આતંકવાદના ઉદય માટેનાં હેતુ અને કારણો

આતંકવાદી અને મૂળભૂતવાદી જૂથ ઉદ્ભવનો હેતુ અને કારણોના જટિલ માળખાંને લગતો છે. ઇતિહાસ, સંસ્કૃતિ અને સમકાલીન સામાજિક અને રાજકીય સ્થિતિ અનુસાર દરેક કેસમાં તે જુદો હોઈ શકે. હેતુ એટલે તે ગાળા દરમિયાન જે સંજોગોએ આતંકવાદી પ્રવૃત્તિઓ માટે સ્થિતિ ઊભી કરી તે હોઈ શકે. જ્યારે કારણો અમુક વ્યક્તિઓ કે જૂથોએ ત્રાસવાદી વ્યૂહ અને પગલાં પસંદ કરે છે તેના વિષયલક્ષી (મનોવૈજ્ઞાનિક) પરિબળોનો ઉલ્લેખ કરે છે. આતંકવાદીઓ જે ઉદ્દેશ અથવા લક્ષ્યાંક માટે લડતા હોય તેની સાથે ઘણા સંમત થાય, પરંતુ તે બધા આતંકવાદી જૂથમાં જોડાતા નથી. કે આતંકવાદી પગલાં પણ બહાલ રાખતા નથી.

### ૧૪.૪.૨ હેતુ : પૂર્વશરતો અને તાકીદનાં પરિબળો (Precipitant)

માર્થા ક્રેન શો પૂર્વશરતો અને તાકીદનાં પરિબળોનો આ રીતે ભેદ પાડે છે. પૂર્વશરતો લાંબા સમય માટે આતંકવાદનો તખ્તો ઊભો કરે છે, જ્યારે તાકીદનાં પરિબળો, એટલે કે હિંસક પ્રતિકાર અને આતંકવાદી પગલાં તરફ સીધેસીધા લઈ જતાં વિશિષ્ટ તાકીદનાં પરિબળો કે સ્થિતિ.

પૂર્વશરતોમાં રાષ્ટ્રનું દમન, આર્થિક, શોષણ, વ્યાપક બેરોજગાર, લઘુમતીઓ સામે ભેદભાવ, રુશવત, પોતાનું હિત સાધતા રાજકારણીઓ, અમલદારશાહી અને ન્યાયી અદાલતોમાં અવિશ્વાસ એટલે કે, લોકોની ઊંડી ચિંતા અને લાચારી ઊભી કરે તેવાં પરિબળો. આ લાંબો સમય ચાલે છે. આપણે કેટલાક દાખલા વિચારણામાં લઈએ.

ક) રાજા રેઝા શાહે પશ્ચિમની પ્રતિકૃતિમાં ઇરાનનું પુનઃ નિર્માણ કરવાના પ્રયત્નો કર્યા. તેનાથી એવું વાતાવરણ સર્જાયું કે તેમાં આયાતોલ્લાહ ખોમૈનીના ધાર્મિક પુનર્જીવિતતા અને મૂળભૂતવાદે ખાસ ધ્યાન પ્રાપ્ત કર્યું. તેના કારણે આયાતોલાહની નેતાગીરી નીચે ઇરાનમાં ક્રાંતિ ફાટી નીકળવા માટે 'પૂર્વશરત' ઊભી થઈ અને આમાં માર્થા ક્રેન્શોનો શબ્દ 'પૂર્વશરત'નો ઉપયોગ કરવા મજબૂત કેસ બન્યો.

ખ) બીજો સમકાલીન દાખલો વૈશ્વીકરણની ચાલુ પ્રક્રિયાનો છે. વૈશ્વીકરણથી સમાજ આંતરરાષ્ટ્રીય બજાર પર આધાર રાખતાં થઈ જાય છે. તે સમાજમાંથી અર્થતંત્ર અને રાજકારણને જુદા પાડે છે. ગરીબ દેશો બહુરાષ્ટ્રીય નિગમોની શક્તિ આગળ ઝૂકી જાય છે. આનાથી નાના સમુદાય અને ઓછા વિકસિત દેશોમાં અશક્તિકરણ અને અમુક લાચારીની ભાવના ઊભી થાય છે. તેથી આ વિકસતા દેશો અને ખાસ કરીને તે દેશોમાંનાં સીમાંત જૂથો વૈશ્વીકરણ સામે કેમ બળવાખોર વલણ ધરાવે છે તે જોવામાં મુશ્કેલી નથી. સીત્તલે (કેનેડા)માં વિશ્વ આર્થિક નેતા પરિષદના સ્થળે અને ૨૦૦૦ના મધ્યમાં પ્રાગમાં વિશ્વ વેપાર સંસ્થા પરિષદ દરમિયાન જે હિંસક બનાવો બન્યા તે સીમાંત જૂથને લાગેલી વંચિતતાની લાગણીનું પરિણામ હતું.

તાકીદનાં પરિણામ (Precipitants), શાંતિપૂર્વક વિરોધ કરનારા પર પોલીસ ગોળીબાર, કસ્ટડીમાં મૃત્યુ કે કસ્ટડીમાં બળાત્કાર, લોકોને અસર કરતી બાબત પર અદાલતનો પ્રતિકૂળ ચુકાદો જેવાં બનાવો હિંસા ત્વરિત ભડકાવે છે.

આ, આતંકવાદ અથવા હિંસાને નૈતિક રીતે અને રાજકીય રીતે વાજબી ઠરાવતાં સામાજિક પરિબળો સંબંધી છે.

૧) હિંસાના સંસ્કાર : માર્ક જુએર્ગન્સીમેયેર

અંગત અને કોમના સન્માન માટે જે હિંસાને મહત્ત્વના પરિબળ તરીકે જુએ છે, ભલામણ કરે છે અને બહાલ રાખે છે તેવા સંસ્કાર વિચારણામાં લે છે. કોઈકનું આતંકવાદ માટેનું વલણ સામાજિક કલ્પના અને પવિત્ર યુદ્ધની પરંપરા તથા કોમની શહીદીને લગતું હોય છે. દાખલા તરીકે, શિયા મુસ્લિમ અને શીખ કોમમાં ટેડગુરે હિંસાની ધાર્મિક મંજૂરી અંગેની ટેવ અને માન્યતાઓને 'સામાજિક સુગમતા' તરીકે વર્ણવી હતી.

૨) હિંસક લડતની વિચારધારાઓ આવું જ કાર્ય કરે. અલગતાવાદી રાષ્ટ્રીયવાદ શક્તિશાળી છૂટ આપવા પાત્ર કારણ હોઈ શકે. ભારતીય સામ્યવાદી પક્ષ - ડાબેરી (CPI - ML) ના વિભાગે હિમાયત કરેલ 'વર્ગ' દુશ્મનોનો સંહાર' આનો દાખલો છે.

૩) આતંકવાદ અટકાવવાની સરકારની અશક્તિ કે અનિચ્છા ખુદ સહાયક પરિબળ હોઈ શકે. આતંકવાદ હિંસા અંગેના એક સુપ્રસિદ્ધ વિદ્રોહી માર્થા ક્રેન શૉ એ આને 'છૂટ આપવા માત્ર કારણોની કક્ષામાં ખૂબ વિશિષ્ટ પરિબળ' ગણ્યું.

૪) કોમ અથવા ધર્મમાં ભદ્રવર્ગની અરુચિ ઘણીવાર લોકોનાં દુઃખ સામે વધુ મહત્ત્વનું કારણ હોય છે. ક્રેન શોના અવલોકન મુજબ 'લોકોની ઉદાસીનતા અને ભદ્રવર્ગની અરુચિ એકત્ર થાય ત્યાં આતંકવાદ પ્રવર્તતવાનો ઘણો સંભવ છે.'

૫) સીધી ગુના સહાય અને બહારનું સમર્થન એટલે કે, રાજ્ય વિરુદ્ધની હિંસા સામે સરહદપારનું સમર્થન અને વિદેશમાં સ્થાયી થયેલા દેશાગતોની નાણાકીય સહાય પણ મહત્ત્વનું છૂટ આપવાપાત્ર કારણ હોઈ શકે.

૬) પોતાની સત્તા સામેના ઉગ્રવાદી / આતંકવાદીઓને નિયંત્રણમાં રાખવા છૂપાં જૂથોને રાજ્યે પુરસ્કૃત કરવાં તે બીજા પ્રકારનું છૂટ આપવા પાત્ર કારણ છે.

૭) **અદ્યતન (Sophisticated) હથિયારોની ઉપલબ્ધતા :** હથિયારોના ઉત્પાદકો અને વેપારીઓને તેમનું વેચાણ વધારવાનું હોય છે.નાણાં આપનાર અને આંતરરાષ્ટ્રીય ડ્રગ માફિયાની સહાયથી અદ્યતન સાધનો સહેલાઈથી મળી શકે છે. અને તેને આતંકવાદનું છૂટ આપવાપાત્ર કારણ ઊભું કરી શકે છે. ફ્રેડરિક પોરસીથનું ખૂબ વેચાતું પુસ્તક ડૉગ્સ ઓફ વૉર (યુદ્ધના કૂતરા) આવી છૂટછાટનું ઉત્તમ કલ્પિત રૂપાંતર છે.

તાકીદનાં પરિબળોનાં કારણો 'ઓપરેશન બ્લુ સ્ટાર' અને બાબરી મસ્જિદનો ધ્વંસ તાત્કાલિક હિંસક પ્રતિક્રિયા ભડકાવી શકે તેવા બનાવોમાં ગણી શકાય.

### ૧૪.૪.૩ કારણો

૧. આનો સંબંધ જૂથની આતંકવાદી પદ્ધતિની બુદ્ધિગમ્ય પસંદગી સાથે છે. આનો આધાર નીચેનાં અનુમાનો પર હોઈ શકે :

   ૧) કોમમાં ઉદ્દેશ અને માન્યતાઓ અંગે હિસ્સો લીધો હોય તો તેને સફળતા મળવાની જ છે.

   ૨) વિરોધ પક્ષની સાપેક્ષ રાજકીય નિર્બળતા હોય, તો બીજી કોઈ પસંદગી નથી:

   ૩) તે ઓછી ખર્ચાળ પસંદગી નથી :

   ૪) સંગઠનની આંતરિક શિસ્ત જાળવા અને લોકોનો ટેકો મેળવવા માટે તે જરૂરી છે:

૨. અનેક અંગત અને મનોવૈજ્ઞાનિક પરિબળોને કારણે વેર માટે વ્યક્તિગત પ્રેરણા કેસ અભ્યાસો પરથી જણાય છે કે ઘણા યુવાનો ઊંચી કક્ષાની શક્તિ ધરાવતા હોવા છતાં, કશું કામ કરતા નથી. અને પોતાની નીરસ જિંદગીમાંથી ઉત્તેજના શોધે છે અને રાજકીય કે ધાર્મિક કારણો સિવાય આતંકવાદ અપનાવે છે.

**તમારી પ્રગતિ ચકાસો -૨**

૧. આતંકવાદના સામાન્ય હેતુ અને કારણો શોધો

..................................................................

..................................................................

..................................................................

૨. વિદ્રોહ અને આતંકવાદ વિશે લખનાર વિચારકોના નામ જણાવો.

..................................................................

..................................................................

..................................................................

## ૧૪.૫ માનવહકને ખતરાનો પ્રકાર
## (The Nature of Thrat to Human Rights)

### ૧૪.૫.૧ ત્રાસવાદી જૂથના ખતરા

**૧. જીવન અને સલામતીને ધમકી :** આતંકવાદીઓનાં પદ્ધતિ અને તર્કમાં આ ધમકી સ્વાભાવિક છે. તેમાં ઘણુખરું નિર્દોષ માણસોને લક્ષ્ય બનાવવામાં આવે છે. તેનું આશ્ચર્ય છે. પંજાબમાં રેલવે ગાડીમાં

ગોળીબાર કરીને ૧૧૦ ઉતારુઓને મારી નાખવા, ઉંઘતા દેશાગત શ્રમિકો પર ગોળીઓ છોડવી અને મુંબઈમાં ૧૯૯૩માં રામલીલા જોઈ રહેલા લોકો પર બોમ્બ ધડાકા કરવા જેવા બહુ જાણીતા બનાવો છે. આવા દાખલા વ્યાપક અસલામતી જન્માવે છે.

૨. આતંકવાદી જૂથો 'બીજા'ને તિરસ્કૃત દુશ્મન તરીકે ગણે છે. તે રાષ્ટ્રના એજન્ટો ઉપરાંત કોમ અને લોકોના જૂથને પણ દુશ્મન લેખે છે. 'ઉલ્ફા' એ મુસ્લિમોને વિદેશી તરીકે નિશાન બનાવ્યા, ખાલિસ્તાની આતંકવાદીઓએ હિંદુ કોમના લોકોને નિશાન બનાવ્યા. આને પરિણામે એક કોમના લોકોને તેમના જમીન, ઘર અને નોકરી છોડીને બીજા વિસ્તારોમાં સ્થળાંતર કરવાની ફરજ પડે છે. ૭૦૦૦૦ કરતાં વધારે કાશ્મીરી પંડિતો કાશ્મીરમાંથી જતાં રહ્યા હોવાનો અંદાજ છે. ધર્મનું સ્વાતંત્ર્ય અને સાંસ્કૃતિક જૂથના સીધા ખતરાનો સામનો કરવો પડે છે.

૩. શંકાસ્પદ બાતમીદારનું મુક્તિદંડ અને ત્રાસ માટ અપહરણ, નાણાં પડાવી લેવાં અને સ્ત્રીઓ પર બળાત્કાર આતંકવાદી જૂથોની બીજી જાણીતી પ્રવૃત્તિઓ છે. તેથી મિલકત. કુટુંબનો મલાજો, ઘર અને સૌથી વધુ તો વ્યક્તિઓના માન-સન્માન ને ધમકીરૂપ છે.

૪. વાણી અને અભિવ્યક્તિના સ્વાતંત્ર્યને ધમકી એ ત્રાસવાદનું મુખ્ય કારણ છે. વિટ્ટગેન્સ્ટેઈનના અવલોકન મુજબ 'શબ્દો કૃત્ય' છે. વિરુદ્ધ મતને ચૂપ કરવા તેમજ આતંકવાદી જૂથોની તરફેણમાં કહેવું અને પ્રચાર કરવો તે તેમના માટે પ્રાણવાયુ સમાન છે. હિંદસમાચાર જૂથનાં વર્તમાનપત્રોના મુખ્ય તંત્રી લાલા જગત નારાયણનું ખૂન પંજાબના ખાલિસ્તાની આતંકવાદીઓનો ખરેખર તો પ્રથમ સ્પષ્ટ સંદેશો હતો. આકાશવાણીના નિયામકો, પત્રકારો અને સમાચારપત્રોનાં ફેરિયાઓને ચેતવણી અને તમને મારી નાખવાની બાબત તેમનો 'દબાણ સંકેત' લાદવાના શક્તિશાળી માર્ગો છે. તેના પરિણામે માધ્યમોએ તેમનું સ્વાતંત્ર્ય ગુમાવ્યું છે. વી. એન. નારાયણન (મુખ્યતંત્રી, ટ્રિબ્યુન) ના અવલોકન મુજબ ૧૯૮૯-૯૦ દરમિયાન પંજાબમાં 'કાયદાના શાસનનું સ્થાન ઉગ્રવાદી અખબારી યાદીના શાસને લીધું હતું.'

### ૧૪.૫.૨ મૂળભૂતવાદી જૂથના ખતરા

મૂળભૂતવાદી જૂથોની માનવહકને ધમકીમાં ધર્મના અનુયાયીઓમાં ખોરાક અને પહેરવેશ, લગ્ન અને છૂટાછેડા, મિલકત અને વ્યવસાય, માન્યતા અને ઉપાસના તથા વાણી અને અભિવ્યક્તિ જેવા ગાઢ અંગત અને કુટુંબના પ્રશ્નોની વિશાળ શ્રેણીને અને લોકશાહી તથા વિશ્વશાંતિના વિશાળ પ્રશ્નોને આવરી લે છે. આનો ઝોક દૂરના ભૂતકાળનાં પવિત્ર ધોરણો અને સામાજિક રૂઢિઓને સંપૂર્ણ સુસંગત રાખવા પર હોવાથી, સ્ત્રીઓને ખૂબ જ મોટું હિંસક આક્રમણ વેઠવું પડે છે. દાખલા તરીકે તાલિબાન હેઠળના અફઘાનીસ્તાનમાં એક સ્ત્રીને તેના સંબંધી ન હોય એવા પુરુષ સાથે દેશ છોડવાના પ્રયત્ન કરવા બદલ જાહેરમાં લોકો સમક્ષ પથ્થર મારીને મારી નાખવામાં આવી. બીજીને જાહેરમાં તેના બાહુ ખુલ્લો રાખવા બદલ માર મારીને મારી નાખવામાં આવી. સાઉદી અરેબિયામાં સ્ત્રીઓને વાહન હંકારવા માટે કાયદેસર પ્રતિબંધ છે. ત્યાં પિતૃપ્રધાન મૂલ્યનું માળખું ધાર્મિક મૂળભૂતવાદમાં કેન્દ્ર સ્થાને છે.

ધર્મનાં એક સંપ્રદાયનાં સાંપ્રદાયિક મૂલ્યો બળજબરીથી લાદવાં તે ધર્મના બીજા સંપ્રદાય અને પેટા સંપ્રદાયના લોકોના પદ્ધતિ અને પ્રથાનાં મૂલ્ય પર સીધો ખતરો ધરાવે છે. તદ્નુસાર, પાકિસ્તાનમાં સુન્ની મૂળભૂતવાદ જૂથ હેઠળ અહમદિયા, શિયા અને ઈસ્માઈલી મુસ્લિમો હિંસક આક્રમણના લક્ષ્યાંક બન્યા છે.

બીજો ધર્મો અને સંસ્કૃતિના લોકોને રાષ્ટ્રનાં લઘુમતી જૂથોને નાગરિકો તરીકે વર્તન અને તકની સમાનતાનો હક નકારવામાં આવે છે.

આપણા યુગમાં મૂળભૂતવાદી આતંકવાદનાં આંતરરાષ્ટ્રીય પરિમાણ વધુ વ્યાપક ધોરણે માનવહક પર ધમકીરૂપ છે.

અંતમાં, આતંકવાદી અને મૂળભૂતવાદી જૂથ સંયુક્તરાષ્ટ્રના સાર્વત્રિક માનવહક ઘોષણામાં સમાવિષ્ટ નીચેના હક પર સીધી ધમકી છે. ભારતના સંવિધાન પણ આ હકની ખાતરી આપે છે.

૧. વ્યક્તિનાં જીવન, સ્વતંત્રતા અને સલામતીનો હક (કલમ-૩)
૨. ત્રાસ અને ક્રૂરતા, અમાનવીય અને અપમાનજનક વર્તન અથવા શિક્ષા સામે હક (કલમ ૫)
૩. કાયદાનું સમાન રક્ષણ (કલમ ૭)
૪. રાષ્ટ્રીય ટ્રિબ્યુનલ દ્વારા અસરકારક ઉપાયોનો હક (કલમ ૮)
૫. મનસ્વી ધરપકડ અને અટકાયત સામે હક (કલમ ૯)
૬. સાબિત થયેલા ગુના સિવાય શિક્ષા સામે હક (કલમ ૧૧)

૭. વ્યક્તિનાં મલાજા, કુટુંબ, ઘર અને વ્યક્તિના માન પર હુમલા સાથે મનસ્વી હસ્તક્ષેપ સામે હક (કલમ ૧૨)
૮. હેરફેર અને નિવાસના સ્વાતંત્ર્ય હક (કલમ ૧૩)
૯. મિલકતની માલિકી ધરાવવાનો હક (કલમ ૧૭)
૧૦. વિચાર, અંતરાત્મા અને ધર્મના સ્વાતંત્ર્યનો હક (કલમ ૧૯)
૧૧. શાંતિપૂર્વક એકઠા થવા અને મંડળી રચવાના સ્વાતંત્ર્યનો હક (કલમ ૨૨)
૧૨. આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક હક (કલમ ૨૨)
૧૩. સમાજના સાંસ્કૃતિક જીવનમાં મુક્તપણે ભાગ લેવાનો હક

**૧૪.૫.૩ ત્રાસવાદી વિરોધી દળોના ખતરા**

આતંકવાદીઓના ગુનાઓને નિયંત્રણમાં લેવા, ગુનાના નિયંત્રણ માટેની સામાન્ય કાનૂની પદ્ધતિઓ મારફત તે નિયંત્રણમાં લાવી શકાય કે કેમ તે બાબતમાં લોકશાહી સરકારો દ્વિધા અનુભવે છે. પોલીસની ધાકધમકી, ન્યાયાધીશ એના સાક્ષીઓ ગુનેગારોને ધરપકડ કરવા અને શિક્ષા માટે અદાલતોને જોઈતા ઠોસ પુરાવા રજૂ કરવાનું મુશ્કેલ બનાવે છે. એક દાખલો જોઈએ.

ફેબ્રુઆરી ૧૯૮૮માં અંજાલના મલ્કીઆત સિંઘની નેતાગીરી હેઠળના ચાર ખલિસ્તાની આતંકવાદીઓએ તે જ ગામના દલીપસિંઘ અને તેના પુત્ર અવતારસિંઘને ગામની બહાર લઈ ગયા અને અવતારસિંઘને તેના પિતાની હાજરીમાં મારી નાખ્યો. પિતા દલીપસિંઘે પ્રથમ માહિતી અહેવાલ (FIR) રજૂ કર્યો. ઓપરેશન બ્લેક થંડર દરમિયાન જૂન ૧૯૮૮માં મલ્કિયાત સિંઘની ધરપકડ કરવામાં આવી. તેની કબૂલાત વિડિયો ટેપ પર નોંધવામાં આવી. બીજા કેટલાક પુરાવા પણ એકઠા કરવામાં આવ્યા. દલીપસિંઘને તેની જુબાની નોંધવવા માટે અદાલતમાં બોલાવવામાં આવ્યો ત્યારે તેણે એડ્વોકેટને 'આંખમાં આંસુ' સાથે મક્કમતાપૂર્વક જણાવ્યું કે તે જુબાની નહિ આપે. કેમ કે તેમણે મને ચેતવણી આપી કે હું જુબાની આપીશ તો મારા બીજા બે પુત્રોને પણ મારી નાખવામાં આવશે. ત્યારબાદ થોડા સમયમાં તેને અદાલતમાં લઈ જતી પોલીસ જીપ પર આંતકવાદીઓની ટોળકીએ હુમલો કર્યો ત્યારે સામસામેના ગોળીબારમાં મલ્કિયાતસિંઘ માર્યા ગયાના અહેવાલ મળ્યા. અલબત્ત, આનો અર્થ તમે સમજો છો ?

ઘણી ખરી સરકારોએ આતંકવાદી અને ભાંગફોડ પ્રવૃત્તિ (નિવારણ) અધિનિયમ (ટાડા) જેવા ખાસ કાયદા બનાવ્યા છે. અને આતંકવાદ સાથે કામ પાડવા ખાસ અદાલતો સ્થાપી છે. તમારે યાદ રાખવું જોઈએ કે બ્રિટિશ સરકારનો રોલેટ અધિનિયમ આ પ્રકારનો કાયદો હતો. તેની સામે મહાત્મા ગાંધીએ મોટું આંદોલન શરૂ કર્યું હતું. પોલીસ અને અદાલતોને અસાધારણ સત્તા માટેની આવી બધી જોગવાઈઓ કાયદા અનુસાર માનવ હકને નિયંત્રિત કરી શકે. પરંતુ વાસ્તવમાં પોલીસ અધિકારીઓ કાયદા માટે જે તિરસ્કાર ધરાવે છે. તેનાથી ખતરો ઉભો થાય છે. તેથી જ સ્તો કેન્દ્રીય પૂછપરછ સંસ્થા (CIA) ના પૂર્વ નિયામક સ્ટાન્સફિલ્ડ ટર્નરે આતંકવાદ નાથવા અંગે અમેરિકન કાર્યવિશેષ દળ (Task force) ચેતવણી આપતાં જણાવ્યું કે આતંકવાદને પરાસ્ત કરવાના નામે 'આપણે જાતે આતંકવાદી ન બની જઈએ' તે જોવું.

અટકાયતમાં રાખેલાં અને શંકાસ્પદ ગુનેગારો તથા સામાન્ય પ્રજા બન્નેના માનવહક્ને ખતરાના પ્રકાર આપણે જોઈએ.

૧. **શંકાસ્પદ આતંકવાદીઓને ખતમ કરવા** (Liquidation), જોયેલાં આતંકવાદીઓની ધરપકડ કરવી અને તેમને કહેવાતા (બનાવટી) સંઘર્ષમાં ગોળી મારવી તે ઇચ્છવા માટેનો ભયંકર વિકલ્પ અને શિક્ષા માટેની મુશ્કેલ ન્યાયિક પ્રક્રિયા બની રહે છે. ખરેખર ગુનેગાર અને નિર્દોષ માણસ વચ્ચેનો ભેદભાવ પાડવાનું પણ અપ્રસ્તુત બની રહે છે. એક માનવહક સંગઠને પંજાબમાં ન ઓળખાયેલ લગભગ ૨૦૦૦ મૃતદેહોના અગ્નિસંસ્કાર કર્યા હોવાના પુરાવા એકઠા કર્યાનો દાવો કર્યો છે. વાસ્તવમાં જે વ્યક્તિ પુરાવા એકઠી કરી રહી હતી તેને પોલીસ પકડી ગઈ અને ગોળી મારી મારી નાંખ્યો. કાશ્મીરમાં માતાઓનું સંગઠન કોમના 'અદશ્ય થઈ ગયેલાં' દીકરાઓ માટે આંદોલન કરી રહ્યું હતું. તેમાંનો કોઈ આતંકવાદી પ્રવૃત્તિમાં ખરેખર સંડોવાયો હોય તેમ છતાં, તેના પર ગુના માટેના આરોપ મૂકી તપાસ કર્યા સિવાય અને મુકદમો ચલાવ્યા સિવાય ખતમ કરી નાખવો (liquidation) એ માનવહકનો ગંભીર ભંગ છે.
૨. **અટકાયતીઓને ત્રાસ :** શંકાસ્પદ અને અટકાયતમાં રાખેલા ગુનેગારો અને ટેકેદારોને પુરાવા કઢાવવા અને કબૂલાત કરાવવા થર્ડ ડિગ્રીનો ત્રાસ આપવો તે માનવ હકનો બીજો ગંભીર ભંગ છે. આંતરરાષ્ટ્રીય માનવ હક સંગઠનોએ દુનિયાના ૮૦ કરતાં વધારે દેશોમાં મોટા પાયે ત્રાસના બનાવો અંગે અહેવાલ આપ્યો હતો.
૩. **મુકદમો ચલાવ્યા સિવાય અટકાયત :** એકેલાં પંજાબમાં ઘણાં વર્ષો સુધી 'ટાડા' અધિનિયમ હેઠળ ૧૯૯૩માં

૧૪૦૦૦ કરતાં વધારે લોકોને અટકાયતમાં રાખ્યા હોવાનું સત્તાવારી રીતે જણાવવામાં આવ્યું હતું. આમાંથી વધુમાં વધુ એક ટકા લોકો મુકદમો ચલાવ્યા પછી ખરેખર ગુનેગાર સાબિત થયા હતા.

૪. **કોમ્બિંગ પ્રક્રિયા :** શોધ તપાસ કામગીરી માટે આખા ગામનું કોમ્બિંગ કરવાનું આતંકવાકીઓના ખરેખર ભય કરતાં સામાન્ય લોકો માટે ભયરૂપ બની રહે છે. પંજાબમાં ઓપરેશન વૂડરોઝ દરમિયાન સામાન્ય શીખ યુવાનો આવા ભયમાંથી પસાર થયા હતા.

૫. **ખોટી રીતે મારી નાખવું (Mistaken Killing) :** પોલીસની ભારે સપ્તાઈ સામેના ન્યાયી વિરોધ સામે ઓછી સહિષ્ણુતા પણ માનવહકને ખતરારૂપ છે. સલામતી દળોએ બિજ બેહારા(કાશ્મીર)માં ૬૦ કરતાં વધુ બિન-હથિયારી વિરોધ કરનારા (સ્ત્રીઓ અને બાળકો સહિત)ની કતલ કરી નાખી તે આવી ધમકીનો બોલતો પુરાવો છે.

સલામતી દળોના આવા અતિરેક આતંકવાદના બચાવ (Exalation) માટેનું કારણ બન્યું. દાખલા તરીકે પંજાબમાં આતંકવાદી જૂથોમાં જોડાયા તેમાં ઘણા ખરાં 'ઓપરેશન વુડ રોઝ' દરમિયાન સલામતી દળોના અત્યાચાર અને કનડગતને કારણે તેમનાં ગામમાંથી નાસી ગયેલા યુવાન છોકરા હતા.

**તમારી પ્રગતિ ચકાસો-૩**

૧. 'ઓપરેશન વુડરોઝ ક્યાં હાથ ધરાયું હતું ?

..........................................................................................

..........................................................................................

..........................................................................................

૨. પાકિસ્તાનમાં ખતરા હેઠળ રહેલા કયા ઇસ્લામિક પેટા-સંપ્રદાય છે ?

..........................................................................................

..........................................................................................

..........................................................................................

૩. ભારતનાં કયાં રાજ્યોમાં નીચેનાં જૂથ કામ કરે છે ?

(ક) સંયુક્ત ડાબેરી .... મુક્તિ મોરચો (ULFA)

(ખ) MCC

(ગ) JKLF

(ઘ) લોકયુદ્ધ જૂથ (પીપલ્સ વૉર ગ્રુપ્સ)

## ૧૪.૬. સારાંશ (Let us sum up)

આ એકમમાં તમે આતંકવાદ અને મૂળભૂતવાદનો અર્થ અને આતંકવાદી અને મૂળભૂતવાદી જૂથો તરફથી માનવહકને ખતરો તેમજ રાષ્ટ્રે લીધેલાં આતંકવિરોધી પગલાં અંગે શીખી ગયા. આતંકવાદી અને ઉગ્રવાદી અથવા શાસન સામેનાં હિંસક વિરોધી અને સ્વાતંત્ર્ય સેનાની વચ્ચેનો ભેદ પાડવાનું હંમેશાં સરળ નથી. તેમ છતાં, શાસનની નીતિઓ સામે શેરીમાં લડાઈ લઈ જતાં જૂથની આતંકવાદી જૂથ ચોક્કસ જુદું પાડી શકીએ. સામાન્ય લોકોમાં ભય જન્માવવા નિર્દોષ લોકોને જાણી બુજીને લક્ષ્ય બનાવનાર આતંકવાદી જૂથને અલગ પાડ છે. બળવાખોર દેશના એક પ્રદેશના લોકોના જૂથના લોકોનો મોટા પાયે હિંસક પ્રતિકાર દર્શાવે છે. તેમને લોકોનું વ્યાપક સમર્થન હોય પણખરું અથવા ન પણ હોય., મૂળભૂતવાદી જૂથ જૂનાં ધર્મગ્રંથોનાં આચરણમાં ધોરણોનું પ્રભુત્વ સ્થાપવા માગતા હોય તેવાં લઘુમતી આધુનિક વિરોધી ધાર્મિક જૂથનો ઉલ્લેખ કરે છે. આ જૂથ વસ્તુતઃ સંપ્રદાયવાદી, એકહથ્થુવાદી અને સર્વોધિકારીવાદી હોય છે. બન્ને પ્રકારનાં જૂથ એટલે કે મૂળભૂતવાદી અને આતંકવાદી જૂથો વિશાળ સામાન્ય જનતાને જીવનની સલામતી, વિચારો અને અભિવ્યક્તિની સ્વતંત્રતા, ધર્મની અને મિલકત ધરાવવાની અને બીજી સ્વતંત્રતાને ઇન્કારીને માનવહક માટે ગંભીર ખતરા રૂપ બની રહ્યાં છે. આતંકવાદ અને મૂળભૂતવાદનો સામનો કરવા રાષ્ટ્રોએ અપનાવેલાં આત્યંતિક પગલાથી ઓછી ધમકી આવતી નથી. આ પરિબળો સાથે કામ પાડવા માટે સમાજમાં અશાંતિનાં જન્મ અને વૃદ્ધિનું વાતાવરણ પૂરાં પાડતાં કારણો અને શરતોને ગંભીરતાપૂર્વક નિવારવા અને હલ કરવા મોટો પાયા પર પ્રયત્નો કરવાનું જરૂરી છે.

## ૧૪.૭ મહત્ત્વના શબ્દો (Key Words)

૧. એકહથ્થુસત્તાવાદ (Authoritarion) બીજા લોકોના વિચારો અને કાર્યો તેમને જાતે પસંદ કરવા દેવા અને નક્કી કરવા દેવાને બદલે તેને પ્રભાવિત કરવા અને તેનું નિયંત્રણ કરવા માગતાં વ્યક્તિ,

જૂથ અથવા રાષ્ટ્ર.

૨. તરંગી / ઘેલો (Crazy) આવેશમાં પાગલ બનેલ કોઈપણ કાર્ય કરવામાં સુખી હશે.

૩. પિતૃપ્રધાન : કુટુંબ, જાતિ (Tribe) અથવા કોમના પિતા અથવા સૌથી મોટા પુરુષ સત્તા અને નિયંત્રણની પદ્ધતિ. તે આમ રચાયેલ કુટુંબ અથવા સમાજને પણ દર્શાવિ છે. પુરુષ મૂલ્ય પદ્ધતિનું પ્રભુત્વ.

૪. પુનરુત્થાનવાદ (Revivalism) ભૂતકાળમાં જે પ્રથાઓ અનુસરાતી હોવાનું મનાય છે તે પ્રથાઓ ઉપયોગમાં ન લેવાતી હોય તેને પુનર્જીવિત કરવાનું વલણ અથવા ઈચ્છા.

૫. સર્વાધિકારવાદ (Totalitarian) ફક્ત એક રાજકીય પક્ષના અસ્તિત્વવાળી સરકાર પદ્ધતિ અથવા ધાર્મિક જૂથના એક સંપ્રદાયને સહન કરવા સંપ્રદાયની પદ્ધતિ, દેશની બીજી બધી સંસ્થાઓ તેના તાબા હેઠળ હોય છે.

## ૧૪.૮ કેટલાંક ઉપયોગી પુસ્તકો (Some useful bokks)

૧. જુર્ગેન્સ્મેયેર માર્ક, 'ટેરર ઇન માઈન્ડ ઓફ ગોડ' (ઈશ્વરના મનમાં આતંક), ઓક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ, નવી દિલ્હી (પ્રસિદ્ધ થનાર)

૨. કક્કર સુધીર 'ધી કલર્સ ઓફ વાયોલન્સ' (હિંસાના રંગ) પેન્ગવી બુક્સ, નવી દિલ્હી ૧૯૯૫.

૩. પુરી હરીશ કે., પ્રેમજિત સિંઘ જજ અને જે. એસ. સંખોને, 'ટેરેરિઝમ ઇન પંજાબ : અન્ડરસ્ટેન્ડિંગ ગ્રાસરૂટસ રિયાલિટી' (પંજાબમાં આતંકવાદ : તળિયાની વાસ્તવિકતા સમજવી), હર આનંદ પબ્લિશર્સ, દિલ્હી ૧૯૯૯

૪. શુક્લ કે. એસ. (સંપા.) 'ક્લેકટીવ વાયોલન્સ : જેનેસીસ એન્ડ રીસ્પોન્સ' (સામૂહિક હિંસાઃ ઉત્પત્તિ અને પ્રત્યુત્તર), ભારતીય જાહેર વહીવટ સંસ્થા, દિલ્હી, ૧૯૯૮.

## ૧૪.૯ 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબ : સ્વાધ્યાય (Answers to check your progress : Exercises)

**તમારી પ્રગતિ ચકાસો-૧**

૧. **ઉગ્રતાવાદ :** હિંસક વિરોધ અથવા હિંસક પગલાં માટે ઉશ્કેરણી અથવા સવિનય કાનૂનભંગ અથવા ભાંગફોડ દર્શાવે છે. ઉગ્રતાવાદને કારણે વિદ્રોહ અને આતંકવાદ ઊભા થાય ખરા.

**વિદ્રોહ :** રાષ્ટ્ર અથવા સામાજિક કે રાજકીય જૂથના અનુભૂત દમન સામે સામાન્ય રીતે લોકસમર્થિત ઉગ્રતા, આની સાથે દેશના પ્રદેશના ભાગના ત્યાગ (Secession) માટે અપીલ અથવા હાલ દેશની અંદર નવો પ્રાંત રચવા માટેના એલાન (call) હોય છે.

**આતંકવાદ :** આતંકવાદી જૂથ / જૂથો જે વસ્તીના વિભાગનું પ્રતિનિધિત્વ કરતાં હોવાનો દાવો કરતાં હોય તેનાં પર શાસન કરતાં હોવાનું જણાય તે વસ્તીના વિભાગ અથવા રાષ્ટ્રની સંસ્થાઓ સામે અવિચારી દબાણનો ઉપયોગ દર્શાવે છે. અપહરણ, ખૂન, બળાત્કાર, ગુનાહિત આગ અને તેને લગતા ગુના જેવી આતંકવાદી પ્રવૃત્તિઓનો હેતુ સામાન્ય લોકોમાં ભય ઊભો કરવાનો છે.

૨. **ભારતમાં બે પ્રકારનાં આતંકવાદી જૂથ કામ કરે છે :** (ક) તેમના સભ્યો પોતે ભારતીય છે. દાખલા તરીકે ત્રિપુરા કે બિહારમાં કામ કરતાં જૂથ અને (ખ) ભાડૂતી હોય તેવા એટલે કે, તે વિદેશમાં ખાસ કરીને પડોશી દેશના સભ્યો તરફથી નાણાં અને સહાય મેળવે છે. દાખલા તરીકે લશ્કર-એ-તોઈબા અથવા જમ્મુ અને કાશ્મીરનાં હિઝબુલ મુજાહિદીનનો ભાગ અથવા દક્ષિણ ભારતનાં દેવળોમાં બોમ્બ નાખનારા દીનદાર-એ-અંજુમાન.

**તમારી પ્રગતિ ચકાસો-૨**

૧. ખૂબ ગરીબી અને ભૂખ, બેરોજગારજેવાં સામાજિક પરિબળો, લોકોના પ્રશ્નો પર સરકારની લાંબા સમયથી ઉદાસીનતા આતંકવાદનો ઉપદેશ આપતી વિચારધારા, ભદ્રલોકોનો અસંતોષ અને બહારના દેશોની પ્રત્યક્ષ કે પરોક્ષ સહાય. આતંકવાદનો દેખીતી રીતે સામનો કરવા રાષ્ટ્ર પર કેટલાંક જૂથોને પુરસ્કૃત કરી શકે, પરંતુ તેના જ કારણે એ આતંકવાદ વૃદ્ધિ પામે, આતંકવાદના વિકાસને ફાળો આપે તેવા બનાવ પણ બન્યા હોય.

૨. માર્ક જુએર્ગ્રનસ્મેયર, ટેડ ગુર, માર્થા ક્રેન શો મહત્ત્વના વિચારકો છે.

**તમારી પ્રગતિ ચકાસો-૩**

૧. પંજાબ

૨. અહ્મદિયા, શીયા, ઈસ્લામિયા પેટા - સંપ્રદાય

૩. ઉલ્ફા - આસામ

એમસીસી - બિહાર અને ઝારખંડ રાજ્યો

જેકેએલએફ - જમ્મુ અને કાશ્મીર

પીપલ્સ વૉર ગ્રુપ - આંધ્રપ્રદેશ

**Note**

# Note